|| શ્રી આદિનાથાય નમઃ || || શ્રી સંભવનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ||
|| સિરસા વંદે મહાવીરં || નમો લોએ સવ્વસાહુણં ||

# સુશીલતા કોર્સ

[ Level - 4 ]

તમારી દીકરીને
આપવા માટે સર્વશ્રેષ્ઠ
ઉપહાર

Useful for
each woman &
each parents also

# લવ યુ ડોટર

આ છે તમારી દીકરીનું જીવનભરનું સુખ
અને તમારી જીવનભરની હા...શ
ચૂકશો તો ખરેખર પસ્તાશો.

પ્રિયમ્

**The Most Precious Gift for your Daughter**

# લવ યુ ડોટર

તમારી દીકરીને
આપવા માટે
સર્વશ્રેષ્ઠ ઉપહાર

**Useful for**
**each woman**
**&**
**each person also**

## પ્રિયમ્

---

આ છે તમારી દીકરીનું જીવનભરનું સુખ
અને તમારી જીવનભરની હા...શ.
ચૂકશો તો ખરેખર પસ્તાશો.
**Don't miss this**

---


-: પ્રકાશક :-
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદ બેડાવાળા ભવન
હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫
મો. ૯૪૨૬૫૮૫૯૦૪
**Email : ahoshrut.bs@gmail.com**

પુસ્તક નું નામ : લવ યુ ડોટર
લેખક : પ્રિયમ્
પ્રકાશક : શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
ભાષા : ગુજરાતી
વિષય : દીકરી માટે લાઈફ કોર્સ
પ્રકાશન વર્ષ : સંવત્ 2078 ઈ.સ. 2022
પૃષ્ઠ : 384
આવૃતિ : ચોથી
કિંમત : રૂા. 300/-

## ● પ્રાપ્તિ સ્થાન ●

**શાહ બાબુલાલ સરેમલજી**
**શા.સરેમલ જવેરચંદ ફાઇનફેબ(પ્રા.)લી.**
672/11, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા,
અમદાવાદ-380002
ફોન : 22132543

**જ્ઞાનસેતુ પરિવાર**
બી-૭, ગ્રાઉન્ડ ફ્લોર, ઋષભ ડુપ્લેક્ષ,
ઉલ્લાસબેન ઝવેરી ખાખરાવાળાની
ગલીમાં, યોગેશ્વરનગર સોસાયટી
પાસે, પાલડી, અમદાવાદ-૭

**શ્રી કુલીનભાઇ કે. શાહ**
**શ્રી આદિનાથ મેડીસીન**
TU-02, શંખેશ્વર કોમ્પલેક્ષ,
કૈલાશનગર, સુરત
મો. 9574696000

**શ્રી અક્ષયભાઇ**
**અર્હમ એન્ટરપ્રાઇઝ**
20/48, જયમહલ બિલ્ડીંગ, રૂમનં. 7-A,
બીજે માળે, બાદશાહ કોલ્ડ્રીન્કસ પાસે,
લુહાર ચાલ, મુંબઈ -400002
મો. 9594555505 (whatapps)

**For online purchase :**

**Click on the link below**
**https://d-ahoshrutam.dotpe.in/product/20207000/Love-U-Daughter**
**Gujarati / Hindi**

# Love You
# Daughter

**વ્હાલી દીકરી,**

આજે તને આ સ્નેહ ઉપહાર આપતાં

અમે અનેરી લાગણીઓથી ભીંજાઈ રહ્યા છીએ.

સ્કુલ-કૉલેજથી કે ક્લાસ-ટ્યુશનથી

તને જે નથી મળી શક્યું

એ જીવનોપયોગી અમૂલ્ય જ્ઞાન

આ નાનકડા વૉલ્યુમમાં છે.

This is the life Science my daughter !

તારા જીવનપંથનું આ **પાથેય** બનશે

તારા ભાવિને આ **સ્વર્ગ** બનાવશે

તારા બધાં જ સુખોનું આ **રિઝર્વેશન** કરી દેશે.

Read it carefully

& always keep it with you.

તને જ્યારે જ્યારે કોઈ પણ મૂંઝવણ થાય

ત્યારે ફરી આ Book ખોલજે.

**We promise you**

**તને બધાં જ solutions આમાંથી મળી રહેશે.**

with a warm love.

Your

Parents

.............................................

.............................................

# INDEX


| | | |
|---|---|---|
| 1. | THE MOUNTAIN OF THE GIFTS | 1 |
| 2. | DIET | 7 |
| | WHY ? | |
| | WHEN ? | |
| | WHAT ? | |
| | HOW ? | |
| 3. | MAKE-UP | 29 |
| 4. | DRESS | 44 |
| 5. | LOGIC | 68 |
| 6. | MODESTY | 80 |
| 7. | SPEECH | 95 |
| 8. | SILENCE | 102 |
| 9. | SOCIETY | 106 |
| 10. | CHARACTOR | 120 |
| 11. | 11 SECRETS | 126 |
| 12. | EARNING | 170 |
| 13. | ENGAGEMENT | 192 |
| 14. | FAMILY | 212 |
| 15. | HOME | 234 |
| 16. | ART | 238 |
| 17. | WIFEHOOD | 251 |
| 18. | FREEDOM | 288 |
| 19. | EQUALITY | 299 |
| 20. | PARENTING | 307 |
| 21. | FEEDING | 324 |
| 22. | MIS-UNDERSTANDING | 330 |
| 23. | LAW | 336 |
| 24. | CRUELTY | 341 |
| 25. | FOURTH BIRTH | 352 |
| 26. | GOOD-BYE | 358 |

# THE MOUNTAIN OF THE GIFTS

My dear... dearer... dearest daughter !

You don't know, તું મને કેટલી વ્હાલી છે !

દુનિયા કહે છે, દીકરી એટલે વ્હાલનો દરિયો.

I have objection here.

વ્હાલનો દરિયો તો હું છું.

જ્યારે તું મારી સામે આવે ત્યારે.

ખેર, પણ એવો યશ મળે, એવું મારું નસીબ નથી.

એના કરતાં તું તો કેટલી બધી નસીબદાર છે,

જો તો ખરી, ગામે ગામે ને ગલીએ ગલીએ

તારા યશના કેવા તોરણો બંધાયા છે !!!

**દીકરી** એટલે વ્હાલનો દરિયો... **દીકરી** એટલો કાળજાનો કટકો

**દીકરી** એટલે સમજણનું સરોવર... **દીકરી** એટલે ઘરનો ઉજાસ

**દીકરી** એટલે ઘરનો આનંદ... **દીકરી** એટલે ઘરની જાન

**દીકરી** એટલે સ્નેહની પ્રતિમા... **દીકરી** એટલે સવાઈ દીકરો

**દીકરી** એટલે તુલસી ક્યારો... **દીકરી** એટલે ઝાડનો છાયો

**દીકરી** એટલે પ્રેમનું પારણું... **દીકરી** એટલે હેતનો હિંડોળો

**દીકરી** એટલે પ્રજ્વલિત દીપમાળા... **દીકરી** એટલે ઉછળતો ઉલ્લાસ

**દીકરી** એટલે કોયલનો ટહુકાર... **દીકરી** એટલે આનંદની કિલકારી

**દીકરી** એટલે વ્હાલપની વર્ષા... **દીકરી** એટલે શ્રદ્ધાનો સથવારો

**દીકરી** એટલે વિશ્વાસનું વહાણ... **દીકરી** એટલે સૃષ્ટિનો શણગાર

**દીકરી** એટલે ધરતીનો ધબકાર... **દીકરી** એટલે અવનિનો અલંકાર

**દીકરી** એટલે પૃથ્વીનું પાનેતર... **દીકરી** એટલે ઝાલરનો ઝંકાર

**દીકરી** એટલે બાપનું હૈયું... **દીકરી** એટલે બાપના આંસુ.

Wow my doll,

તને તો giftsનો ડુંગર મળી ગયો, બરાબર ને ?

My dear, Really I have no objection here.

I accept -

દીકરી એટલે
નામ માત્રથી મળી જાય શાતા,
દીકરી એટલે બીજી માતા.

**(દિલિપભાઈ રાવલ)**

કદાચ તને ખબર નહીં હોય,
પણ દીકરીની આ દાસ્તાન માત્ર આજની નથી,
સેંકડો-હજારો-લાખો વર્ષ જૂની છે.
તુલસી-રામાયણના શબ્દો છે -

**પુત્રી પવિત્ર કિયેઉ કુલ દોઉ**
**દીકરી તો બંને કુળને પવિત્ર કરે છે.**
**પિયર-કુળને અને સાસર-કુળને.**

તુષારભાઈ શુક્લ યાદ આવે,

**ઉંબર પરનું કોડિયું દીકરી, અંદર બહાર પ્રકાશ**
**દીપશિખા શી દીકરી રેલે, બંને ઘર અજવાસ**
**લીલીછમ લાગણીએ લથબથ, ભીનું ભીનું જીવતર**
**જીવતરને મઘમઘતું કરતું, દીકરી નામે અત્તર**

હર્ષદભાઈ ચંદારાણાએ મારા હૈયાની વાત કહી દીધી છે -

**શૈશવમાં સપનામાં જોયેલી પરી**
**સદેહે અવતરી**
**થઈ દીકરી.**
**દીકરી**
**કંટક વગરનો બાગ**
**પંછીએ છેડેલો રાગ**
**પાનખર વગરની વસંત**
**સુગંધનો સાગર અનંત**

મારી વ્હાલી,

જવા દે આ બધી વાત

આ તો બધાં શબ્દો છે વામણાં

લાગણીના શિખરો ઘણાં ઊંચા હોય છે.

પેલી કવિતામાં કહ્યું છે ને ?

**કાગળના કટકામાં કેમ કરી ચીતરવી**

**રુદિયામાં રણઝણતી વાત**

**કાગળની તે શી વિસાત ?**

આપણે એમ કરીએ,

તારી નહીં, મારી વાત કરીએ.

મારી = દીકરીના પિતાની.

ગોરીસન કિલોરે બહુ મજાની વાત કરી છે -

"અપહરણ કરાયેલા ઊંચા દરજ્જાના આદમી જેવી દીકરીના પિતાની હાલત હોય છે. તે તેના પુત્રો પ્રત્યે રુક્ષ ચહેરો કરી શકે છે. તેમને મારી-ધમકાવી શકે છે. તેમને અવાજ કરીને ભગાડી શકે છે. **પણ જ્યારે તેની દીકરી તેના ખભા પાછળથી ગળાને હાથ વીંટાળીને કહે, 'પપ્પા, મારે તમને એક વાત પૂછવી છે.' ત્યારે એ પિતાની હાલત ગરમ કઢાઈમાં મૂકેલા માખણ જેવી થઈ જાય છે."**

જોજે હં બેટા, મારી મજબૂરીનો Misuse નહીં કરતી.

મારી વ્હાલી,

દુનિયા કહે છે - **રાહ જુએ તે મા છે.**

વાત સાચી છે.

પણ આની સાથેનું જ

એક બીજું સત્ય છે –

**રાહ જોવડાવે તે દીકરી છે.**

Do you know – why ?

Because

**daughter is a wonderous combinations of a mind, brain & heart.**

**Yes my dear,**

That's my experience.

મારી વ્હાલી,

તને ખબર છે, કે માણસને સૌથી વધારે દુ:ખી કોણ કરી શકે છે ?

માથાભારે પડોશી ? ધંધાનો હરીફ ? કટ્ટર દુશ્મન ?

No my dear,

આમાંથી કોઈ જ નહીં.

**માણસને સૌથી વધારે દુ:ખી એ જ કરી શકે, જેના પર એને સૌથી વધારે પ્રેમ હોય છે.**

જેમ કે મારા માટે તું.

I don't say, કે તે મને દુ:ખી કર્યો છે, કે કરવાની છે.

This is the matter of the posibility.

આ તો 'શકે'-ની વાત છે. ?!

તું હજુ અવઢવમાં છે ને ?

આવું કઈ રીતે થઈ શકે ?

I tell you. તું મને કઈ રીતે દુ:ખી કરી શકે.

તું કાંઈ એવું કરે,

જેનાથી તું દુ:ખી થઈ જાય,

તો sure,

હું તારાથી હજારગણો દુ:ખી થઈ જવાનો.

કારણ કે **તું મને ખૂબ જ વ્હાલી છે.**

**મારી જાત કરતાં પણ વધારે.**

**ખૂબ જ વધારે.**

મારી વ્હાલી,

દુશ્મન તો શું દુ:ખી કરી શકે ?

દુશ્મનની સમક્ષ તો માણસ કઠોર થતો હોય છે.

દુ:ખી તો એ જ કરી શકે

જે આંખોની કીકી

ને કાળજાનો કટકો બની ગઈ હોય છે.

**આજે મારે તને કેટલીક એવી વાતો કરવી છે,**

**જે તારી લાઈફ માટે ખૂબ ઈમ્પોર્ટન્ટ છે.**

●

# DIET

# Why ?
# When ?
# What ?
# How ?

You know very well,
હું તને જે કહીશ, એ સાચું જ કહીશ.
તારા સારા માટે જ કહીશ.
મારી વાત માનીશ ને ?

Well,
પહેલી વાત છે ડાયટની.
એના ચાર પાસા છે.
**(1) Why to eat ?**
**(2) When to eat ?**
**(3) What to eat ?**
**(4) How to eat ?**
**Why ? To maintain our body & it's activities.**
My dear,
જો 'Why' clear છે, તો આગળ બધું clear છે.
જો 'Why'માં ગરબડ છે, તો આગળ બધી ગરબડ છે.
જ્યાં Dietનો Main purpose TASTE બની જાય છે.
ત્યાં 'Why' ચૂંથાઈ જાય છે.
નીતિશાસ્ત્રમાં કહ્યું છે -
**इष्टमूलानि शोकानि** - શોકનું મૂળ છે પસંદ - **Choice**
**रसमूलानि व्याधयः** - રોગનું મૂળ છે રસ - **Taste**
**लोभमूलानि पापानि** - પાપોનું મૂળ છે લોભ - **Greed**
**त्रीणि त्यक्त्वा सुखी भव ।** આ ત્રણને છોડી દે અને સુખી થઈ જા.

છગન એક વાર માંદો પડ્યો. ડૉક્ટર પાસે ગયો.
ડૉક્ટરે ચેક-અપ કર્યું. દવા લખી આપી.

છગને પૂછ્યું, "ડૉક્ટર સાહેબ, ખાવા-પીવામાં...?"

ડૉક્ટરે જવાબ આપ્યો, "સાદો ખોરાક બધો લઈ શકાશે."

"અને ડૉક્ટર સાહેબ ખીચડી-કઢી જેવુ ?"

"લઈ શકાશે. વાંધો નહીં."

"અને પૌઆ-ઉપમા લેવાય ?"

"કહ્યું ને ? સાદો ખોરાક બધો લેવાશે."

"હા ડૉક્ટર સાહેબ અને રોટલી-શાક લેવાય ?"

"હા, લેવાશે."

"અને થોડું લીંબુ પાણી અને સેવ-મમરા..."

**"તમારે જે ખાવું હોય એ ખાવ, પણ મારું માથું નહીં ખાવ."**

Do you know my dear,

કોઈ પ્રાણી માંદું પડે એટલે પહેલું કામ શું કરે ?

ખાવાનું બંધ કરી દે.

એટલે એ વહેલામાં વહેલું સાજું થઈ જાય.

How smart ? No ?

માણસ આ બાબતમાં ઘણો પછાત છે.

એ માંદો પડે એટલે એની ખાવા-પીવાની ઉપાધિ વધી જાય છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે -

**अजीर्णे भोजनत्यागी ।**

**અજીર્ણ એટલે હજી જૂનું ભોજન પચ્યું ન હોય એવી સ્થિતિ. આ સ્થિતિમાં નવું ભોજન ન લેવું જોઈએ.**

We are on **'Why ?'**

જો આહાર લેવાનો Purpose દેહનિર્વાહ જ છે,

તો પછી જે આહાર લેવામાં શરીરને નુકસાન થાય,

એ આહાર શી રીતે લઈ શકાય ?

કરોડો લોકો આ Stupidityનો ભોગ બન્યા છે.
જેનો સધો ફાયદો ડૉક્ટર્સ, હૉસ્પિટલ્સ અને મેડિકલ સ્ટોર્સને થાય છે.

Number 2 - **When ?**
નીતિવાક્યામૃતમ્ કહે છે -
**क्षुत्काल एव भोजनकालः ।**
તમને ભૂખ લાગી હોય ત્યારે જ ખાઓ.
જઠરાગ્નિથી ભૂખ લાગે છે.
અગ્નિ વિના ઈંધણ નાખો, તો એનો સડો જ થવાનો છે.
ભૂખ વગર ખાવું એ ભ્રષ્ટાચાર છે.
માણસ સ્વાદ માટે ભૂખ વિના ય ખાય છે.
પણ એને ખબર નથી.
કે **સ્વાદનો જેટલો સંબંધ વાનગી સાથે છે,**
**તેનાથી વધુ સંબંધ ભૂખ સાથે છે.**
મહાભારતમાં કહ્યું છે -
**सम्पन्नतरमेवान्नं दरिद्रा भुञ्जते सदा ।**
**क्षुत् स्वादुतां जनयति, सा चाऽऽढयेषु सुदुर्लभा ॥**
ગરીબો હંમેશા વધુ વૈભવી ભોજન લેતા હોય છે.
ભૂખ સ્વાદિષ્ટતાનું નિર્માણ કરે છે
અને શ્રીમંતોને ભૂખ એ ખૂબ દુર્લભ હોય છે.
Actualy,
**જે માણસને કકડીને ભૂખ લાગતી હોય,**
**એને ટાટા-બિરલા સમજવો જોઈએ.**
**He is the actual rich.**
જો માણસ સવારનો નાસ્તો છોડી દે,
તો જૂનો વધારાનો ખોરાક,

જેને ‘આમ’ કહેવામાં આવે છે,

તે બરાબર પચી જાય, ઘણા રોગોથી બચી જવાય.

અને બપોર સુધીમાં તાજી અને સાચી ભૂખ લાગે.

એ સ્થિતિમાં માણસ જે ભોજન લેશે,

તે ખૂબ જ સ્વાદિષ્ટ લાગશે. બરાબર પચી જશે.

શરીરના પાચકરસો આ સ્થિતિમાં સક્રિય થતાં હોય છે.

પણ

આપણી વૃત્તિ એવી છે,

કે આવી સલાહ કોઈ ડૉક્ટર આપશે,

તો આપણે ડૉક્ટર બદલી નાખશું.

Am I right my dear ?

આ તો મને પૂરો વિશ્વાસ છે,

કે તું મને બદલી નહીં નાખે, એટલે કહું છું.

આયુર્વેદના એક નિષ્ણાત.

એક લાખ શ્લોકોના ગ્રંથો લઈને રાજાની પાસે આવ્યા.

રાજાને જાણવામાં રસ તો હતો,

પણ એની પાસે એટલો Time ન હતો.

Just like us.

રાજાએ કહ્યું, “મને shortમાં બધો સાર આપી દો.”

એક જ શ્લોકમાં. ના ૧/૪ શ્લોકમાં. બસ.”

નિષ્ણાતે સમય માંગ્યો.

ખૂબ મહેનત કરીને ફરી રાજા પાસે હાજર થયાં.

અને સમસ્ત આયુર્વેદનો સાર આપી દીધો.

**‘जीर्णे भोजनमात्रेयः ।’** ।

આત્રેય કહે છે કે -

**“ભોજન ત્યારે જ કરવું, જ્યારે જૂનું ભોજન પચી ગયું હોય.”**

**'When'**ની બાબતમાં હજુ એક વાત -
**આયુર્વેદમાં** આપણા જઠરને 'કમળ' કહ્યું છે. નાભિકમળ.
જેમ સૂરજ ચઢે તેમ કમળ ખીલે
અને જેમ સૂરજ ઢળે તેમ કમળ બીડાતું જાય.
આપણી હોજરીની સ્થિતિ પણ એવી જ છે.
માટે મધ્યાહ્નના સમયે આપણે ભરપેટ જમવું જોઈએ.
સવાર-સાંજે બહુ જ ઓછું.
અને રાતે બિલ્કુલ નહીં.
**अतो नक्तं न भोक्तव्यम् ।**
આધુનિક મેડિકલ સાયન્સે આયુર્વેદની આ માન્યતાને ઘણી રીતે ટેકો આપ્યો છે.
I suggest you a book - **રાતે ખાતાં પહેલાં**
એ બુકથી આ વિષયમાં તને ઘણું નૉલેજ મળી જશે.

Number 3 - **What ?**
આપણે ત્યાં એક સરસ મજાની કહેવત છે -

**તાજું ખાય વખતસર સૂવે,**
**તેનો રોગ ધ્રુસકે રુવે.**

**'તાજું'** આ એક જ શબ્દ
હોટલ, લારી, પેક-ફૂડ, ટીન-ફૂડ, જંક-ફૂડ, બોટલ-ફૂડ
બધાં ઉપર ચોકડી લગાડી દે છે.

છગને એક વાર એના ફૅમિલી ડૉક્ટરને પૂછ્યું,
"બજારું મીઠાઈ-ફરસાણ ખાવામાં તો વાંધો નહીં ને ?"
ડૉક્ટરે બહુ નિખાલસતાથી જવાબ આપ્યો,
"ના રે, એ જ તો મારા જીવનનો આધાર છે."

My dear, I ask you one question.
એક માણસ તારું ભોજન ઝૂંટવી જાય છે.

અને બીજો માણસ તને ખોટું ભોજન જમાડી જાય છે.

Who is worse of them ?

ભૂખ્યા રહેવાથી તો કદાચ આમ-પાચન દ્વારા

તારું આરોગ્ય ખીલી ઉઠશે.

પણ ખોટું ભોજન તો કેટલાં રોગો લાવશે !

તન-મન-ધન બધું જ બગાડી દેશે.

Do you know my dear ?

**There are 5 types of the white poison**

(૧) મેંદો (૨) મીઠું (૩) ખાંડ (૪) સોડા (૫) સાઈટ્રિક ઍસિડ

બહારના ખોરાકમાં આમાંથી શું નથી હોતું ?

મારી વ્હાલી,

**પેટ્રોલમાં કચરો હોય તો ગાડી ખોટકાવા લાગે છે.**

**આહારમાં કચરો હોય તો શરીર ખોટકાવા લાગે છે.**

બજારૂ ખોરાક એટલે શણગારેલો કચરો.

એટ્રેક્ટિવ પ્રેઝન્ટેશન, એડેડ ફ્લેવર્સ,

સુપર માર્કેટિંગ, હોરિબલ ટ્રેડ વોર, રેઈન ઑફ ધ એડ્સ...

& the result... બ્રેઈન-વોશ.

Now you hate your mom's Bhakhari, No ?

U. S. A.માં મેકડોનાલ્ડ કંપની બર્ગરની Add કરવામાં ૫૦ કરોડ ડૉલર ખર્ચે છે.

I ask why ?

જીવન જરૂરિયાતની વસ્તુના saleમાં Addની શું જરૂર હોવી જોઈએ ?

But my dear,

આ વાત તું સમજે છે, એટલી સીધી નથી.

દુનિયાનું એટલી હદે નૈતિક અધઃપતન થયું છે,

કે તેઓ પૈસા ખાતર ઘરાકની હેલ્થ સાથે રમત કરી શકે છે.

તેઓ ઘઉંના સાથે જ ધનેડાં (Insects) દળીને

તને બ્રેડ-પાઉં-બર્ગર ખવડાવી શકે છે.

**તેઓ મરેલો ઉંદર કે ગરોળી કાઢી લઈને**

**આઠ દિવસની વાસી ભાજી તને પીરસી શકે છે.**

તેઓ સાત પૈસાના રંગીન પાણીમાં જંતુનાશકોનું ઝેર ઉમેરીને

તને સત્તર રૂપિયામાં વેંચી શકે છે.

તેઓ હાનિકારક પ્રિઝર્વેટીવ્ઝ અને કલર ફ્લેવર્સ Add કરીને

તને કેન્ડી, ચૉકલેટ્સ, કેક્સ વગેરે વગેરે વગેરે પધરાવી શકે છે.

My daughter,

તું ઘણી વાર વધેલી રોટલી અને શાક લઈને રોડ પર જાય છે,

ગાયને, કૂતરાને કે ગરીબને આપી આવે છે.

ઘરે આપણે કદી ગઈ કાલની રસોઈ જમતાં નથી.

What do you think ?

Food businessમાં કદી આવું થતું હશે ?

Is it possible ?

**ખોરાક સાથે જ્યારે વેપાર જોડાય છે,**

**ત્યારે તંદુરસ્તીનો કચ્ચરઘાણ નીકળી જાય છે.**

Please, don't be fool.

તું માંદી પડીશ, એ તો પછીની વાત છે.

તું મૂર્ખ બનીશ, ત્યારથી જ મને તારા માટે શરમ ઉપજશે.

I remember,

મેં એક Health article વાંચ્યો હતો,

એનું title હતું

**માંદા પડવું એ ગુનો છે અને દવા એ ધતિંગ છે.**

My dear.

તારા માટે દુનિયાનું શ્રેષ્ઠ ભોજન એ છે,

જે તારી મમ્મીએ તારા માટે પ્રેમથી બનાવ્યું છે.

આપણી સંસ્કૃતિએ ભાવના અને વિચારની શક્તિ વિષે
ઘણું ઘણું કહ્યું છે.
મોડર્ન સાયન્સ આ બાબતમાં ઘણા સફળ પ્રયોગો કરી ચૂક્યું છે.
જ્યારે તું કહે છે - બહારનું ખાવાનું ‘સારું’ હોય છે,
ત્યારે સારાપણાના કેટલાં બધાં પાસાઓને
તું Neglect કરતી હોય છે, એની તને ખબર છે ?
કેટલાંય કામદારોના નિસાસા, કંટાળો, દુઃખ અને પીડા
જેમાં ભળેલાં હોય,
કેટકેટલી જીવાતોના મડદાં જેમાં ભળેલાં હોય,
Expiry date-ના સંદર્ભમાં જેમાં અવનવા ગોટાળાઓ હોય,
જેને Food કહેવા કરતાં Food poison કહેવું
Better & correct હોય,
એ જો સારું છે, તો તું ‘ખરાબ’ કોને કહીશ ?
Plese think seriously - **‘What?’**
તીખું-તળેલું-મસાલેદાર ભોજન
વિચારોને તામસી બનાવે છે.
પછી એ વ્યક્તિ વાતે વાતે ગુસ્સે થઈ જાય છે.
સતત શંકા-કુશંકા કરે છે. નાની નાની વાતોમાં લડી પડે છે.
ગુનાખોર અને સંકુચિત મનોવૃત્તિનો ભોગ બને છે.
કંદમૂળ પણ તામસી ખોરાક છે.
આપણી સંસ્કૃતિમાં ખૂબ કડક શબ્દોમા તેનો નિષેધ કરાયો છે.
પુરાણમાં કહ્યું છે -
**पुत्रमांसं वरं भुक्तं न तु मूलकभक्षणम् ।**
મૂળ-વિવિધ કંદમૂળો ખાવા એ દીકરાનું માંસ ખાવા કરતાં પણ વધુ ખરાબ છે.

મારી વ્હાલી, ‘માંસ’ની વાત આવી જ છે,
તો તને એક વાત કહી દઉં,

I know, Today you are pure veg. & you like it.

પણ કાલની આપણને ખબર નથી.

કોઈ પાર્ટી, કોઈ બહેનપણીનો ફોર્સ, કોઈ પ્રલોભન...

ગમે તે થઈ જાય,

તું માંસ કે ઈંડાથી તારા પેટને અભડાવતી નહીં.

એ મડદાંઓને દાટવાનું કબ્રસ્તાન નથી.

મારી વ્હાલી,

May be, તારી સામે એવું Logic આવશે,

કોણે શું ખાવું કે ન ખાવું, એ વ્યક્તિની અંગત બાબત છે.

એમાં કોઈ ધાર્મિક કે સામાજિક બંધન ન હોઈ શકે.

Well,

**માનવને આટલી હદનું આહાર-સ્વાતંત્ર્ય**

**અને પશુ-પંખીને જીવનસ્વાતંત્ર્ય પણ નહીં ?**

Why ?

We battle for human-rights.

પણ હકીકતમાં તો

Each living-being-rights હોવા જોઈએ.

આરોગ્ય અને માનવતા બંને દૃષ્ટિએ માંસ-ઈંડાં વર્જ્ય છે.

એક બુક છે - **સ્માર્ટ ફૂડ,** એમાં આ વાત prove કરેલી છે.

You will like to read it.

My dear, દારૂની વાત કરું એ પહેલા એક ઘટના યાદ આવે છે.

ફિલ્મ-સ્ટાર રાજ કપૂરની.

એક પાર્ટીમાં જાદુગર કે. લાલ સાથે એમની મુલાકાત થઈ.

એમણે કે. લાલને દારૂનો ગ્લાસ ઑફર કર્યો.

કે. લાલે ના પાડતા કહ્યું, “હું નથી પીતો.”

રાજ કપૂરે આગ્રહ કર્યો, “આજે પીવો પડશે.”

ખેંચતાણ વધી. પાર્ટીના બધાં લોકો જોવા લાગ્યા.

રાજ કપૂર માટે હવે આ Prestige-issue બની ગયો.

એમણે કહ્યું, “માત્ર મારા માન ખાતર પી લો.”

કે. લાલે દ્દઢતા-નમ્રતામિશ્રિત ‘ના’ પાડી.

હવે રાજ કપૂરે છેલ્લો દાવ ફેંક્યો.

“તમે આ ગ્લાસ ના પીવો,

તો તમને મારા પિતા પૃથ્વીરાજ કપૂરના સોગંદ છે.”

કે. લાલે એ જ નમ્રતા સાથે જવાબ આપ્યો.

**“મેં મારી સાત પેઢીના સોગંદ લઈને દારૂની પ્રતિજ્ઞા કરી છે.”**

બધાં જ લોકો આભા બની ગયાં.

દારૂનો ગ્લાસ છોડીને રાજ કપૂર કે. લાલને ભેટી પડ્યા.

My dear,

I don’t tell you, કે તું પણ આવું કરજે.

I wish,

તું કદી પણ એવી પાર્ટીમાં ન જ જાય,

તું કદી પણ એવા મિત્રોની સોબત ન જ કરે.

જ્યાં તારા સંસ્કારોની એક ઝાટકે કતલ થઈ જાય.

મારી વ્હાલી,

**માણસનો ખરો આત્મા એના સંસ્કારો જ હોય છે.**

**સંસ્કારોની કતલ થઈ જાય,**

**એટલે હકીકતમાં એક મડદું જ બાકી રહે છે.**

દારૂ, તમાકું, સિગારેટ, હુક્કો અને બીજા કેફી દ્રવ્યો,

આજ સુધીમાં કરોડો માણસોના જીવ લઈ ચૂક્યા છે.

કરોડો કોડભરી નારીઓને વિધવા કરી ચૂક્યા છે.
કરોડો બાળકોને સાવ જ અનાથ કરી ચૂક્યા છે.
**મારી દીકરી,**
**તારાથી બને, તો તું કાંઈ એવું કરી બતાવજે**
**કે આ હોનારતમાંથી દુનિયા કંઈક અંશે પણ મુક્ત થાય.**
પણ તું પોતે જો આ હોનારતમાં સપડાઈ ગઈ
તો મારું માથું શરમથી ઝૂકી જશે.
તારા પપ્પાને ગૌરવ આપવું કે શરમ એ તારા હાથની વાત છે.

I know, drugsનો પ્રચાર વધારવા માટે
આજે જાતજાતની જાળો બિછાવવામાં આવે છે.
તમાકુંથી માંડીને સેન્ડવિચ અને ચૉકલેટ સુધીની વસ્તુમાં
Drugsની ભેળસેળ કરીને
માણસને અજાણપણે Drugsનો બંધાણી બનાવી દેવામાં આવે છે.
બેટા, આ જીવન એવી ફાલતું વસ્તુ માટે
ફેંકી દેવા જેવી ચીજ નથી.
તારા મનને તું ખૂબ જ દૃઢ અને સંયમિત બનાવજે.
જીભની ગુલામીમાંથી તું હંમેશા મુક્ત રહેજે.
One wrong step may give you a great fall.
Always Beware of it my daughter !

સ્વીટુ સ્કૂલમાં 7th standerdમાં ભણતો હતો.
એક દિવસ એ ઘરે હતો, ત્યારે એના બંને હાથ ખેંચાવા લાગ્યા.
એ ચીસો પાડવા લાગ્યો. એની મમ્મી ગભરાઈ ગઈ.
પડોશીઓ ભેગાં થઈ ગયાં.
બધાંએ જોયું કે એના હાથોમાં-એની નસોમાં

સખત તાણ થઈ રહી છે.

સ્વીટુ બોલવા લાગ્યો, ‘‘મને એ ચૉકલેટ આપો. જલદી મને...’’

સ્વીટુએ નામ આપ્યું એ ચૉકલેટ પડોશીનો દીકરો લઈ આવ્યો.

સ્વીટુએ એ ચૉકલેટ ખાધી, પણ કોઈ ફેર ન પડ્યો.

એ કહે, **‘‘મારી સ્કૂલના કેન્ટિનમાંથી આ ચૉકલેટ લઈ આવો.’’**

લાવ્યા.

ચૉકલેટ ખાધી. ટેમ્પરરી રિલીફ થઈ ગઈ.

એક ચૉકલેટે કૂમળા બાળકની આખી જિંદગી બરબાદ કરી દીધી.

એટલે જ આપણી સંસ્કૃતિ કહે છે - **अज्ञातागममज्ञातम् ।**

**અજાણી જગ્યાથી આવેલ વસ્તુ કે અજાણી વસ્તુ કદી ન ખાઓ.**

બેટા,

આજે ઘરે ઘરે વડીલો બાળકોને ખાવા-પીવાની બાબતમાં

ઘણી સલાહ આપતાં હોય છે.

ટેલિવિઝન, એટ્મોસફિયર અને માર્કેટિંગ

બાળકનું એટલી હદે Brain Wash કરી ચૂક્યા હોય છે,

કે બાળકને પોતાના હિતચિંતકો દુશ્મન જેવા લાગે છે.

મારી દીકરી,

તું તારું જીવન બરબાદ કરે, એ પણ મને નહીં ગમે.

અને અમારી ટક-ટક તને દુઃખી કરે, એ પણ મને નહીં ગમે.

મને તો ગમશે સમજુ દીકરી.

સાત્ત્વિક ભોજનનો આનંદ લેતી દીકરી.

સ્વાસ્થ્ય અને સંસ્કારોથી સુસમૃદ્ધ દીકરી.

બેટા, જેમ બહારનું ખાવાનું હાનિકારક છે

તેમ ઘરનું પણ અયોગ્ય ખાવાનું હાનિકારક છે.

For example

**અતિ ઉષ્ણ :** વધારે પડતું ગરમ ભોજન શરીરમાં વાયુનો પ્રકોપ કરે, ખાંસી કરે. **એનાથી અમ્લપિત્ત, રક્તપિત્ત, નબળાઈ અને અતિસાર (ઝાડા) થઈ શકે છે.** ઘણાને એકદમ દઝાડતી ચા પીવાની ટેવ હોય છે. એવી ચા દાંત અને આંતરડાને ખરાબ કરે. **દાંતના ઘણા રોગો બહુ ગરમ વસ્તુ ખાવાથી થતા હોય છે.**

**અતિ ખારું :** એવા ભોજનથી **અતિસાર, સંગ્રહણી અને વીર્યપાતનો રોગ** થાય છે.

**અતિ ખાટું :** એનાથી **આંતરડામાં ચાંદા** પડે છે અને **વીર્યશક્તિ પર ધક્કો** પહોંચે છે.

**અતિ આહાર :** કોઈ પણ ખોરાક વધુ પડતો લેવામાં આવે, તો એ **તંદુરસ્તીનો પહેલો દુશ્મન** બને છે. હંમેશા ભૂખ કરતાં થોડું ઓછું ખાવાથી પાચન બરાબર થાય છે અને આરોગ્ય સારું રહે છે.

**અતિ શીત :** વાયુનો પ્રકોપ કરે. (Ice-cream, cold-drinks etc.)

**'What?'માં** છેલ્લી વાત છે શાકની.

કદાચ તું બોલી ઉઠીશ 'શાક' તો બહુ સારા.

well, આ સંદર્ભમાં એક મજાની વાત છે.

છગન બસમાં મુસાફરી કરતો હતો.

એની બાજુમાં એક Gentleman આવીને બિરાજમાન થયાં.

છગન જોઈ જ રહ્યો.

એક તો ઉનાળો, એમાં બપોરનો સમય

ને એમાં એ ભાઈએ શર્ટ ઉપર ટાઇ ચડાવીને

ઉપર પાછો કોટ પહેર્યો હતો.

થોડી વાર થઈ,

છગનથી રહેવાયું નહીં,

એણે પૂછ્યું, "આટલી ગરમીમાં આ શૂટ ?..."

એ Gentleman બોલ્યાં,

"ઇંગ્લેન્ડમાં તો ઠંડી છે ને ?..."

છગન સમજી ગયો.
કે આને કાંઈ સમજાવવા જેવું નથી.

We are talking about vegitables.
ફોરેનમાં માંસાહારનું પ્રમાણ ખૂબ જ છે.
માંસ એ ફક્ત અમુક જંગલી પ્રાણીઓનો ખોરાક છે.
માનવ શરીર રચના શાકાહારી પ્રાણીઓને જ અનુરૂપ છે.
તેથી ફોરેનના લોકો માંસાહારના ઘણા ઘણા દુષ્પરિણામો ભોગવે છે.
અપચાથી માંડીને કૅન્સર સુધીના.
માટે ત્યાંનાં ડૉક્ટર્સ અને મેડિકલ રિસર્ચ સેન્ટર્સ
શાકાહાર પર ખૂબ જ ભાર મૂકે છે.
એના ફાયદા સમજાવે છે.
ત્યાંના લોકોનો કબજિયાતનો ટ્રાફિક જામ
શાક દ્વારા કંઈક ક્લીયર થતો હોય છે.
**આપણને એની જરૂર નથી.**
**ઉલટુ એનાથી આપણા આંતરડા ઉપર બોજો વધી જાય છે.**
અને પાચનક્રિયા બગડે છે.
તીખાં શાક રક્ત દૂષિત કરે છે.
ક્ષાર-પાણીવાળા શાક હોજરી અને આંતરડાને બગાડે છે.
અતિ ખાટા શાક સાંધા બગાડે છે.
કોહવાયેલા-બગડેલા શાક ઘણી રીતે નુકસાન કરે છે.
પણ આપણને ફોરેન ઉપર ખૂબ જ વિશ્વાસ છે,
કદાચ ભગવાન કરતાં પણ વધારે.
માટે આપણે આંખ મીંચીને એમનું અનુકરણ કરીએ છીએ.
એમાં પાછું આપણું ગૌરવ સમજીએ છીએ.
અને પછી દુઃખી થઈએ

એટલે દોષનો ટોપલો નાંખવા માટેના કારણો શોધી કાઢીએ છીએ.

**મહાભારતની** એક ઘટના છે - યક્ષપ્રશ્ન.

યક્ષ યુધિષ્ઠિરને પ્રશ્ન કરે છે - कोऽरुक् ?

કોણ નીરોગી રહે છે ?

યુધિષ્ઠિર જવાબ આપે છે -

**हितभुक्** જે હિતકારી ભોજન લે.

**मितभुक्** જે પરિમિત ભોજન લે.

**अशाकभुक्** જે શાક ન ખાય.

આ ત્રણ નિયમો પાળે તે નીરોગી રહે છે.

ચાણક્યનીતિમાં કહ્યું છે - **शाकेन रोगा वर्धन्ते ।**

શાકથી રોગો વધે છે.

મજાની વાત તો એ છે કે

આ બધી વાત સારી જગ્યાએ સારા પાણીથી બનાવેલા શાકોની છે.

**શહેરોમાં ગટરોમાં સાવ જ ગંધાતા પાણી અને ગંદકીઓ દ્વારા**

**શાકો ઉગાડવામાં આવતાં હોય છે.**

એ શાકોની અસરો જાણવા માટે કદાચ નવેસરથી

સંશોધન કરવાની જરૂર છે.

મારી વહાલી,

તે કદી રોડ પર ખોદકામ કરતાં કે મકાનોનું બાંધકામ કરતાં મજૂરોને જોયા છે ?

એમના શરીર કેટલા સશક્ત હોય છે !

એમનું એક સદ્‌ભાગ્ય એવું છે, કે શાક એમને પોસાતાં જ નથી.

રોટલી કે રોટલા સાથે ચટણી કે મરચું...

આમાં એમનું આખું ભોજન આવી ગયું.

હું રાજસ્થાનમાં મારવાડ પ્રદેશમાં ગયો હતો,

ત્યાંના લોકોનું શરીર આપણા કરતાં ત્રણ ગણું મજબૂત.

જાડી રોટલી અને છાશ એ તેમનો મુખ્ય ખોરાક.

યા એ લોકો શાક ખાતાં જ નથી અને યા તો ચટણી જેટલું જ શાક ખાય છે.

**મેં માર્ક કર્યું, કે એ લોકોમાં ચશ્માવાળાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.**

મને તરત જ **નીતિવાક્યામૃતમ્નું** એક સૂત્ર યાદ આવી ગયું.

**सर्वे शाका दृष्टिहराः ।**

બધાં શાકો આંખોની રોશનીને ઓછી કરી દે છે.

My dear,

દુનિયા કદાચ સાંભળેલી વાત કહેતી હશે,

હું તને આંખે જોયેલું કહું છું.

આધુનિક વિજ્ઞાન રોગોના ખરા મૂળ પકડી પાડે.

ત્યાં સુધીમાં લોકો એ રોગોનો ભોગ બની જતાં હોય છે.

હેલ્થ કે સ્ટ્રેન્થ બંને દષ્ટિએ શાક સારું નથી.

**शाकेन वर्धते मलम् ।**

શાકથી મળ વધે છે.

ખરીદવાનો ખર્ચ, રાંધવાનો શ્રમ, આંતરડાંઓનો પરિશ્રમ અને મળનું ઉત્પાદન
This is the shak-story.

Number 4 - **How ?**

કોઈએ સરસ વાત કરી છે.

**Eat water, drink food.**

પાણી એટલું ધીમે ધીમે પીવો કે જાણે એને જમતાં હો.

ખોરાક એટલો ચાવીને ખાઓ કે

એને ગળે ઉતારો ત્યારે એ પ્રવાહી જેવો બની ગયો હોય.

બેટા,

**હોજરીમાં દાંત હોતા નથી.**

**દાંતનું પૂરેપૂરું કામ જો દાંત નહીં કરે,**
**તો એક દિવસ હોજરી જવાબ આપી દેશે.**

ટી.વી. જોતાં જોતાં, મોબાઇલ કે લેપટોપ ચલાવતાં ચલાવતાં,
રિડીંગ કરતાં કરતાં ખાવું,
એ હાથે કરીને પાચનતંત્રને ડિસ્ટર્બ કરવાનો રસ્તો છે.
તમારું મન ક્યાંક બીજે છે અને તમે કોઈ બીજું કામ કરી રહ્યા છો,
તો એ કામમાં ગોટાળાં થવાનાં જ છે.
મારી વ્હાલી,
That's possible
કે તારો Interest જોઈને હું કે તારી મમ્મી
તને રોકીએ નહીં.
દાદા કે બા તને ટોકે, તો ય તું અટકે નહીં,
**But,**
**જ્યારે તારું Body જ તારી opposeમાં હશે.**
**ત્યારે તું શું કરીશ ?**
Be wise my daughter.
એક સમયે એક કામ.

**How ?** ના ઘણા બધાં factors છે.

- **ખુલ્લામાં ન ખાવું** : આકાશમાંથી સૂક્ષ્મ જીવાણુઓ, રજકણો વગેરે તો પડતાં જ હોય છે, પણ સમડી જેવા પંખી સાપને પકડીને લઈ જતાં હોય, એ સાપનું ઝેર નીચે પડ્યું હોય અને ભોજનમાં Mix થઈને એ ઝેરે કોઈનો જીવ લીધો હોય, એવી પણ ઘટના બની છે.

- **ટેકો દઈને ન ખાવું** : પાચનતંત્રની સક્રિયતા માટે આ જરૂરી છે. આજે ટેબલ-ખુરશીનું ચલણ વધ્યું છે, તેમ રોગો પણ વધ્યાં છે. સ્વસ્થ, ટટ્ટારપણે પલાંઠી વાળીને શાંત ચિત્તે જમવું એ સારા આરોગ્ય માટે ખૂબ ઉપયોગી છે.
- **શરીર-વસ્ત્રની શુદ્ધિપૂર્વક ખાવું** : હાથ-પગ ગંદા હોય અને વસ્ત્રો મેલાં હોય, એવી સ્થિતિમાં ખાવાથી સ્વાસ્થ્ય કથળે છે.
- **મૌનપણે ખાવું** : બોલતી વખતે આપણા શરીરનો વાયુ ઉર્ધ્વગતિ કરે છે અને ખાતી વખતે નીચે ગતિ કરે છે. માટે ખાતાં-ખાતાં બોલવાથી ખોરાક બરાબર ઉતરી શકતો નથી. ઉધરસ આવે છે. પાચનક્રિયા બગડે છે. કોઈ ખાતાં ખાતાં બોલતું હોય, એ જોવું અને સાંભળવું પણ બેહુદું લાગે છે.

  One more reason,

  શબ્દ એ જ્ઞાન છે.

  એંઠા મોઢે બોલવાથી જ્ઞાનનું અપમાન થાય છે.

  માટે જ આપણી સંસ્કૃતિમાં કહ્યું છે -

  **भुञ्जते केवलं पापं, यो न मौनेन भुञ्जते ।**

  જે મૌનપૂર્વક નથી જમતો,

  તે પાપ જ જમી રહ્યો છે.
- **માતા-પિતા આદિને જમાડીને જમવું** : માતા, પિતા, બાળક, ગર્ભવતી સ્ત્રી, વૃદ્ધ અને રોગી આટલા જણને જમાડીને પછી ભોજન કરવું જોઈએ. ભોજન કર્યા પહેલાં આપણને આશ્રિત નોકર-ચાકરો અને આપણે પાળેલાં

પશુ-પંખીઓ જમ્યા કે નહીં, એ પણ જોવું જોઈએ.

- **તડકામાં ન ખાવું** : સીધાં સૂર્યકિરણોમાં ખાવું એ આરોગ્ય અને નીતિથી વિરુદ્ધ છે.
- **અંધારામાં ન ખાવું** : ભોજન બરાબર દેખાય નહીં એ રીતે ખાવું એ જીવદયાનો ત્યાગ છે અને સ્વાસ્થ્યનો જુગાર છે.
- **ઝાડ નીચે ન ખાવું** : ઝાડમાં જીવ-જંતુથી માંડીને સાપ સુધીના પ્રાણીઓ રહેલા હોઈ શકે. ઉપરથી ડાળી-ડાળખાં કે પંખીઓની ગંદકી પડી શકે. માટે ઝાડ નીચે ન ખાવું જોઈએ.
- **નિર્વસ્ત્રપણે ન ખાવું** : આ દશામાં સ્નાન પણ ઉચિત નથી. આ દશાથી વીર્યશક્તિને ધક્કો પહોંચે છે. મન ક્ષોભિત થાય છે, એકાગ્રતા, યાદશક્તિ અને બુદ્ધિશક્તિ ઘટે છે. માટે આપણી સંસ્કૃતિમાં એવું કહ્યું છે કે સ્નાન કરતી વખતે પણ આંશિક વસ્ત્રો પહેરવા જોઈએ. નિર્વસ્ત્રદશામાં ચોક્કસ પ્રકારનું શારીરિક અને માનસિક પરિવર્તન આવે છે, માટે એ દશામાં લીધેલું ભોજન બરાબર પચતું નથી.
- **ભીના કપડે ન ખાવું** : ભીનાં વસ્ત્રો રક્તપરિભ્રમણ અને શારીરિક ધાતુઓ પર ખાસ અસર કરે છે. માટે તે સમયે શરીર ભોજન કરવાને યોગ્ય હોતું નથી.
- **ખૂબ આસક્તિથી ન ખાવું** : રુચિપૂર્વક ખાવું અને પાગલ બનીને ખાવું એ બંનેમાં ફરક છે. સ્વાદની લોલુપતા મનની સ્વસ્થતાને તો ખોરવે જ છે, ભોજનનું પ્રમાણ પણ જાળવવા

દેતી નથી. પરિણામ... અજીર્ણ અને રોગો.

- **ચંપલ વગેરે પહેરીને ન ખાવું :** ખુલ્લાં પગે ખાવું એ સુપાચન માટે જરૂરી છે.
- **વ્યગ્ર મને ન ખાવું :** ટી.વી. વગેરે જોતાં, ગભરાટમાં, ગુસ્સામાં કે વિચારોના ધમસાણમાં ખાવાથી તે ભોજન બરાબર પચતું નથી.
- **ડાયરેક્ટ જમીન પર બેસી ન ખાવું :** બાજોઠ કે આસન પર બેસીને ખાવું જોઈએ, જેથી શરીરની ઊર્જા ટકી રહે અને જઠરાગ્નિ મંદ ન થઈ જાય.
- **પલંગ વગેરે પર બેસીને ન ખાવું :** ભોજન સમયે શરીરની જે સ્થિતિ હોવી જોઈએ, તે પલંગ વગેરે પર સંભવિત નથી.
- **ફરી ગરમ કરી ન ખાવું :** તાજું ખાઓ અને ૪ કલાક પછી ફરી ગરમ કરીને ખાઓ એમાં એટલો જ ફરક છે જેટલો લાખ રૂપિયા અને ચાર-આનામાં ફરક છે.
- **પરમાત્માનું સ્મરણ કરીને ખાવું:** એનાથી મન શાંત અને પ્રસન્ન બને છે. પરિણામે સમગ્ર પાચનતંત્ર વ્યવસ્થિત થઈ જાય છે.
- **જમણા નાકથી શ્વાસ ચાલતો હોય ત્યારે ખાવું :** નાકની ડાબી બાજુ બંધ કરીને બે-ચાર ઊંડા શ્વાસ લેવાથી જમણી નાડી ચાલું થઈ જાય છે. જેને સૂર્યનાડી કહેવાય છે. યોગ્ય પાચનક્રિયા માટે જમતી વખતે સૂર્યનાડી ચાલું હોય, તે ઉપયોગી છે.
- **ક્રમપૂર્વક ખાવું :** ભોજનમાં ગળપણવાળી કે ઘીવાળી વસ્તુ હોય, તેને સૌ પ્રથમ ખાવી જોઈએ, ખારી, તૂરી કે પ્રવાહી વસ્તુ હોય, તેને વચ્ચે ખાવી જોઈએ, તીખી

અને કડવી વસ્તુ સૌથી છેલ્લે ખાવી જોઈએ.

- **જલપાન યોગ્ય સમયે કરવું** : ભોજનની શરૂઆતમાં પાણી પીવામાં આવે, તો જઠરાગ્નિ મંદ થાય છે = ડાઈજેસ્ટિંગ પાવર ઘટે છે. ભોજનની વચ્ચે પાણી પીવામાં આવે, તે અમૃતની સમાન છે. ભોજનના અંતે પાણી પીવામાં આવે તે ઝેર સમાન છે. માટે ભોજન પહેલાં કે પછી પાણી ન પીવું, ભોજનમાં વચ્ચે પાણી પીવું.

ભોજન પછી થોડા સમય સુધી

શરીર દબાવવું, ભાર ઉપાડવો, બેસવું, દોડવું કે સ્નાન વગેરે કરવું

- આમાંથી કશું પણ ન કરવું જોઈએ.

આ વિષયમાં બહુ સરસ શ્લોક છે.

**भुक्त्वोपविशतः तुन्दं** – જમીને બેસે તો પેટ વધે.

**बलमुत्तानशायिनः ।** – ચત્તા સૂવે તો બળ વધે.

**आयुर्वामशयस्याथ** – ડાબે પડખે સૂવે તો આયુષ્ય વધે.

**मृत्युर्धावति धावतः** – દોડે તો મૃત્યુ દોડતું આવે.

ભોજન કર્યા પછી બે ઘડી (૪૮ મિનિટ) સુધી ડાબે પડખે સૂવું જોઈએ.

અહીં સૂવાનો અર્થ ઊંઘવું એવો નથી.

જાગૃતપણે પડ્યા રહેવાની વાત છે.

**તંદૂલવૈચારિક આગમમાં કહ્યું છે -**

**वामे पासे सुहपरिणामे पण्णत्ते** – ડાબું પડખું સુખ આપે છે.

**दाहिणे पासे दुहपरिणामे पण्णत्ते** – જમણું પડખું દુઃખ આપે છે.

સૂવાને બદલે ૧૦૦ પગલાં જેટલું ચાલી પણ શકાય.

મારી વ્હાલી,

This is the right diet,

This is the food science.

તારી પપ્પાની એક નાનકડી ભેટ

સાચવીને રાખીશ ને ?

●

# MAKE-UP

બેટા, હમણાથી હું જોઈ રહ્યો છું.
કે તારી પર્સનાલિટી-આઉટલુક માટેની સભાનતા વધી ગઈ છે.
બાથરૂમમાં પહેલા એક જ સાબુ રહેતો,
હવે લિક્વિડ શૉપ, શૅમ્પૂ, કન્ડિશ્નર વગેરેની લાઇન દેખાય છે.
અરીસા પાસે તારું મેક-અપ બૉક્સ, સ્કીન કેર અને પરફ્યુમ્સ તો હોય જ છે.
પણ એ બધાંનો ઉપયોગ કરી લીધા પછી પણ
અરીસાની સામે તું ખાસ્સો સમય વીતાવે છે.
શરમા નહીં બેટા,
હું તને ટોંટ પણ નથી મારતો,
અને તારે આવું બધું ન કરવું જોઈએ એવું પણ નથી કહેતો.
આ તો એક ઉંમર સહજ વર્તણૂંક છે.
આ ઉંમરે 'સારા દેખાવા'ની લાગણી વિશેષ થાય.
હું તો તને એ કહેવા માંગું છું,
કે **સારા દેખાવું એટલે શું ?**
તારી કોઈ બહેનપણી ફિલ્મી એક્ટ્રેસને પણ ટક્કર મારે એવી રૂપાળી હોય,
પણ એનો Nature સાવ જ ડચ્ચર હોય,
સાચી-ખોટી નિંદા-કુથલી કર્યા કરવાનો એને શોખ હોય,
નાની વાતમાં ય એને ગુસ્સો આવી જતો હોય,
ગુસ્સામાં એ શું બોલી રહી છે, એનું ભાન એને ન રહેતું હોય,
કોઈના માટે એક રૂપિયો ય ન ખર્ચે એવી એ કંજૂસ હોય,
તો શું એ તને ગમશે ખરી ?
તું એને 'સારી' કહીશ ખરી ?
ના ને ?
બસ, હવે તું 'સારા'ને સમજી રહી છે.
**ખરું સૌંદર્ય સદ્ગુણો છે.**
સદ્ગુણો વિનાનું બાહ્ય-રૂપ ખૂબ જ કદરૂપું બની જાય છે.

તારી જ વાત કરું,
તો તું હસતી, ગાતી, કોઈને મદદ કરતી સારી લાગે છે.
પણ જ્યારે તું ગુસ્સામાં હોય, દલીલ કરતી હોય,
કે પગ પછાડીને ઊંચે અવાજે બોલતી હોય,
ત્યારે જરાય સારી નથી લાગતી.
મારી વ્હાલી,
વાત ફક્ત તારી નથી, બધાંની છે,
માણસ ગુસ્સામાં હોય,
ત્યારે પોતાનો ચહેરો અરીસામાં જોઈ લે,
તો તે જરૂર શરમાઈ જાય.
**માણસ મેક-અપના અભાવમાં કદરૂપો નથી લાગતો,**
**સદ્‌ગુણોના અભાવમાં કદરૂપો લાગે છે.**
તેથી જ,
'સારા' કે 'સુંદર' બનવા માટે
બ્યુટી પાર્લરની નહીં, પણ સદ્‌ગુણ પાર્લરની જરૂર છે.
આપણા દેશની લાખો વર્ષની સંસ્કૃતિમાં
માતા, પિતા અને ગુરુ આ કાર્ય કરતાં રહ્યાં છે.
ભીતરના સૌંદર્યને સોળે કળાએ ખીલવવાનું કાર્ય.
**જરૂર એટલી જ છે,**
**કે આપણને હકીકતમાં શેની જરૂર છે,**
**એ આપણને સમજાઈ જાય.**
I don't Say,
કે તારે બાહ્ય દેખાવ માટે સાવ લાપરવા જ બની જવું,
કે એક પણ સૌંદર્યપ્રસાધનનો ઉપયોગ જ ન કરવો.
મારી વાત તો એ જ છે.
કે આપણા માટે વધુ મહત્ત્વની

અને વધુ ધ્યાન આપવા જેવી કઈ વસ્તુ છે

એ વસ્તુ સાવ જ ભૂલાઈ જાય.

અને નજીવી વસ્તુ સર્વેસર્વા બની જાય.

ત્યારે આપણે જિંદગીનો જુગાર ખેલી નાંખીએ છીએ.

હકીકતમાં મૂર્ખ બનીએ છીએ.

My dear,

આ વિષયમાં એક ખાસ વાત,

ક્યારેક કોઈ ખાસ તહેવાર કે કોઈ ખાસ પ્રસંગે

તું મેક-અપ કરે,

તો એનું મટિરિયલ નેચરલ જ હોય,

એનો ખાસ ખ્યાલ રાખજે.

Natural means જેનો સોર્સ વનસ્પતિ વગેરે હોય,

પશુ-પંખી વગેરે નહીં.

મારી વ્હાલી,

કદાચ તને ખબર નહીં હોય,

વ્હેલ માછલીને મારીને તેને પીસીને **લિપ્સ્ટિક** બનાવાય છે,

તેનો પ્રયોગ વાંદરાઓ પર કરાય છે,

તેમાં તેઓ તડપી તડપીને મરી જાય છે.

મોઢા પર લગાવાતા **લોશન** વગેરેમાં

વાંદરાની આંખ અને વાંદરાના હૃદયને પીસીને નાંખવામાં આવે છે.

તેમાં કાચબાનું તેલ પણ નાંખવામાં આવે છે.

**સેન્ટ્સ, પરફ્યુમ્સ અને ડિઓડોરન્ટ** બનાવવા માટે

હરણ, કસ્તૂરીમૃગ, બીવર વગેરેની કરપીણ હત્યા કરવામાં આવે છે.

**શૅમ્પૂ** ઈંડામાંથી બને છે.

તેનો પ્રયોગ કરવા માટે સસલાંઓ પર ભયંકર અત્યાચાર કરવામાં આવે છે.

જેમાં સસલાંઓ અંધ બને છે અને મરી પણ જાય છે.

સૂવરોને જીવતા શેકીને તેમના વાળમાંથી **મેક-અપ બ્રશ** બનાવાય છે.

બેટા,

મેં પોતે એ ફોટાઓ જોયા છે.

જોયા છે, એમ કહેવા કરતાં એમ કહેવું બહેતર થશે

કે હું એ ફોટાઓ જોઈ ન શક્યો.

એ દિવસે હું જમી ન શક્યો.

મને ખ્યાલ છે કે આ પ્રોડક્ટ્સના પ્રોડક્શન અને રિસર્ચની ફિલ્મ પણ આવે છે.

**જેના હૃદયમાં થોડી પણ માણસાઈ હોય,**

**એ આ ફિલ્મ્સ જોયા પછી એ પ્રોડક્ટ્સનો યુઝ કરવાનો**

**વિચાર સુદ્ધાં ન કરે.**

મારી વ્હાલી,

બીજાને પીડા આપીને... બીજાને રડાવીને...

બીજાને રિબાવી રિબાવીને મારીને

સુંદર દેખાવાની વૃત્તિ કદી માણસની હોઈ શકે ખરી ?

આ તો અમાનુષી અપરાધ છે.

આ તો ડાકણ કે રાક્ષસી જ કરી શકે તેવું કામ છે.

મારી દીકરી,

તું સ્વપ્નમાં પણ એવી નહીં બનતી,

તારે તો ‘દેવી’ બનવાનું છે.

દયા અને કરુણાની દેવી.

**Itself beauty.**

**Natural beauty.**

I tell you a logic.

એક છોકરીએ શૅમ્પૂનો ઉપયોગ કર્યો છે,

દેખાવડી હૅરસ્ટાઇલ કરીને એ કોઈ લગ્નમાં ગઈ છે.

એની સાથે એક મોટો આલબમ છે. ફુલ સાઇઝનો.

એમાં એ શૅમ્પૂનું પ્રોડક્શન વગેરે બતાવ્યું છે.

કઈ રીતે પોલ્ટ્રિફાર્મમાં મરઘીઓની ચાંચો અને પાંખો
ક્રૂરતાથી કાપી નાંખવામાં આવી,
કઈ રીતે એક-એક પાંજરામાં ત્રણ-ચાર ગણી મરઘીઓને
બેરહમીથી પૂરી દેવામાં આવી,
કઈ રીતે એમને કૃત્રિમ પ્રકાશથી ત્રાસ અપાયો,
કઈ રીતે એમને કચરા જેવો હાનિકારક ખોરાક અપાયો,
કઈ રીતે એમના નર-માદા પંખીઓને અલગ રખાયા,
કઈ રીતે એમને જોખમી ઈન્જેક્શનો અપાયા,
કઈ રીતે એમને દિવસ-રાત એમની જ હગારમાં નાહવાની
અને એ જ હગાર ખાવાની ફરજ પડાઈ,
કઈ રીતે એમને કૃત્રિમ પ્રસૂતિ કરાવી કરાવીને
ઈંડાઓનું ઉત્પાદન કરાયું.
કઈ રીતે એમની ફર્ટિલિટી પૂરી થતાં
એમની કરપીણ હત્યા કરાઈ,
ઈંડા, જેને પક્ષીનો ગર્ભ કહેવાય,
એમાંથી કઈ રીતે શૅમ્પૂ બનાવવામાં આવ્યો,
કઈ રીતે સસલાંઓને પકડી લાવવામાં આવ્યા,
કઈ રીતે એમને મશીનોમાં ફીટ કરી દેવામાં આવ્યા,
કઈ રીતે તેઓ એમની આંખો બંધ ન કરી દે,
એ માટે એમની પાંપણોને લિટરલી સીવી દેવામાં આવી,
કઈ રીતે શૅમ્પૂનો એમની આંખોમાં ટેસ્ટિંગ કરાતાં કરાતાં
તેઓ અસહ્ય વેદના ભોગવીને આંધળા થઈ ગયાં,
કઈ રીતે એમને મારી નાખીને રૅબિટ ચિકન તરીકે
હોટેલ્સમાં સર્વ કરાયાં
કે કૂતરા જેવા પ્રાણીઓનું ભોજન બનાવી દેવાયા...
**આ બધી જ પ્રૉસિજર એ આલબમમાં પ્રત્યક્ષ બતાવવામાં આવી છે.**

એ છોકરી એને વીંટળાયેલા લોકોને આ બધું જ બતાડે છે,

અને કહે છે - આ શૅમ્પૂ મેં વાપર્યો છે.

**Tell me my daughter,**

**What will people feel for her ?**

લોકોને એના માટે માન થશે ?

કે પછી નફરત છૂટી જશે ? કોણ એને જોવી પસંદ કરશે ?

આલબમની વાત જવા દે,

જે ક્રૂરતા મરઘીઓ પર, ઈંડાઓ પર અને સસલાંઓ પર કરવામાં આવી,

એ જ ક્રૂરતાનો ભાવ જો એના ચહેરા પર હશે,

કે એની વાણી કે વર્તનમાં એ ક્રૂરતાની છાંટ હશે,

તો એ કોઈને ય 'સારી' લાગશે ખરી ?

This is the fact.

દેખાતું સૌંદર્ય... દેખાવનું પ્રેમાળ સ્મિત... પ્રસ્તુત કરાતી આત્મીયતા.

આ બધું જ છળ છે. પ્રપંચ છે.

**સો બાળકોનું ખૂન કરીને આવેલો ગુંડો**

**એકસો એકમાં બાળકને પ્રેમથી ચૂમી ભરતો હોય,**

**એવું આ નાટક છે.**

મારી વ્હાલી,

આ બધો પર્દાફાશ થાય,

તો દુનિયા જે હીરોઈનો ને મૉડેલોની પાછળ દોડે છે,

તેમના પર થૂંકે પણ નહીં.

This is clearly dual character

બેટા,

તું નક્કી કરી લે, કે તારે કેવા થવું છે ?

તને Transperancy ગમે છે ને ?

પ્રેમ અને કરુણા ગમે છે ને ?

તો તું Totaly એવી જ થા.

**આખા ચહેરા પર Non veg. ચોપડીને**

**Veg. dish ખાનાર વ્યક્તિ**

**દુનિયાને પછી છેતરે છે.**

**પહેલા તો એ પોતે જ મૂર્ખ બનતી હોય છે.**

ફોરેઈનમાં માત્ર ફૂડ પ્રોડક્ટસ પર જ નહીં,

બીજા પણ પ્રોડક્સ પર

Suitable/not-suitable for vegeterians

સૂચના લખવી કમ્પલસરી હોય છે.

આપણે ત્યાં એવું નથી.

સૂચના હોય, એ ય સાચી હોય એ જરૂરી નથી.

કેટલીય પ્રાણીજ વસ્તુઓને

આપણે ત્યાં Non veg.માં ગણવામાં આવી નથી.

શુદ્ધ ઉત્પાદનનું પણ અત્યાચારી રિસર્ચ થયું હોય,

તો તે જાણી શકાતું નથી.

કોડવર્ડ્સનો યુઝ કરીને કન્ટેઈન્સમાં આપણને સરેઆમ છેતરવામાં આવે છે.

મારી વ્હાલી,

**ખાવામાં કે સૌંદર્ય પ્રસધાનોમાં**

**જેટલી ઘરની વસ્તુઓ હશે,**

**એમાં આપણા સદ્ગુણોની રક્ષા છે,**

**એ સિવાય**

**'હત્યારા' બની જવાથી ન જ બચી શકીએ**

**એવું ઓલ્મોસ્ટ એટમોસફિયર છે.**

Do you know my dear ?

Lux જેવા સાબુની Addમાં

જે સેલિબ્રિટીસ દેખાતી હોય છે,

તેઓ કદી Luxથી Bath લેતી નથી હોતી,

They live on the skin.

They are the most concious for it.

They know very well,

Most soaps are not good for the skin.

તેથી તેઓ સાબુની બદલે હળદર વગેરેનો

ઉપયોગ કરે છે.

Why are you laughing ?

I'm not joking,

તું પોતે તપાસ કરી શકે છે.

પણ Luxવાળાએ લાખો રૂપિયાથી તેમનું મોઢું ભરી દીધું હોય છે.

એટલે એમની પાસેથી તને સાચો જવાબ ન મળી શકે.

This is also a froud.

મારી દીકરી, તું સમજદાર છે ને ?

તો સમજી લે.

Soap etc. is not for skin & not for beauty,

But for buisiness, Just to earn money.

મને ઘણી વાર વિચાર આવે છે.

કે **મારી પૌત્રીની પૌત્રી**

**બરાબર એવી રીતે જીવતી હશે,**

**જેવી રીતે મારા દાદીના દાદી જીવતા હતાં.**

**કદાચ ત્યાં સુધીમાં આ બધો જ પર્દાફાશ થઈ જશે**

**અને**

**એક ચક્ર પૂરું થશે.**

પણ તારું શું બેટા ?

તું ઇચ્છે, તો આજે પણ બચી શકે છે.

તું ખાવાની બાબતમાં Health-careના purposeથી

કે સૌંદર્યની બાબતમાં Skin-careના purposeથી

પણ બચી શકે,

**પણ મને તારા માટે ત્યારે ગર્વ થશે,**

**જ્યારે તું પ્રેમ અને કરુણાના Issue પર બચીશ.**

મારી વ્હાલી,

આમ જુઓ તો બચવાની વાત એક જ છે,

છતાં ય બચવા-બચવામાં

આસમાન-જમીનનો ફરક છે.

બેટા,

Now I come to the third point of view.

I don't know.

તને ખબર છે કે નહીં,

પણ કૉલેજમાં ભણતી કેટલીય છોકરીઓને

ઘરેથી કૉલેજની ફીસ અને ટેક્સ્ટ-બુક્સના પૈસા મળે છે.

બસ-ટ્રેનનું ભાડું કે પેટ્રોલના પૈસા મળે છે.

પણ એમના મોંઘા પરફ્યુમ્સ અને મેક-અપના પૈસા આપવા

એ તેમના પિતા માટે શક્ય નથી.

એમનામાંથી કેટલીક છોકરીઓએ

આ ખર્ચો કાઢવા માટે રસ્તો કાઢી લાધી છે.

**ને એ રસ્તો સાવ જ નીચ છે.**

I think you can understand.

કેટલીક છોકરીઓની વૃત્તિ એવી છે,

કે મેક-અપ કરવો છે છોકરાઓને ઈમ્પ્રેસ કરવા માટે,

છોકરાઓને ઈમ્પ્રેસ કરવા છે દુરાચાર માટે,

અને દુરાચાર કરવો છે મેક-અપ વગેરેના બજેટ માટે,

છે ને માથું ફરી જાય એવી દાસ્તાન.

બેટા,

મને ખબર છે,

આ બધું સાંભળતા ય તને એમના પર ઘૃણા થઈ આવી છે.

My point is this -

**કોઈ પણ વસ્તુની જીવનમાં એવી આવશ્યકતા**

**ઊભી થવા ન દેવી**

**કે એ વસ્તુ આપણા પર રાજ કરે.**

**અને આપણા Principals તોડવા માટે**

**આપણને મજબૂર કરી દે,**

આપણને Boundries cross કરવા માટે લાચાર કરી દે,

ને આપણને આપણા Characterથી પતિત કરી દે.

મારી વ્હાલી,

**ચારિત્ર એ આપણો આત્મા છે.**

**That's our self.**

**એનું ખૂન કરીને જે સુખ મળે**

**એ હકીકતમાં મડદાં પરનો શણગાર છે.**

Which is actualy meaningless or horrible.

Always beware of it.

બેટા, આપણી સંસ્કૃતિમાં તો

જે સ્ત્રી ખૂબ જ રૂપાળી હોય,

તે સ્ત્રી પોતાના શીલની રક્ષા માટે

પીઠના ભાગે એવી પોટકી બાંધતી

કે જેનાથી જોનારાને એવું લાગે કે એ કુબ્જા (કુબડી) છે.

આપણને ત્યાં દરેક સ્ત્રી લાજ કાઢતી.

એ બંધન નહીં પણ સુરક્ષા હતી.
આજે વેસ્ટર્ન કલ્ચરના આંધળા અનુકરણમાં
લાજ તો ગઈ,
માથું ઢાંકવાનું પણ ગયું,
કપડાંઓ યા તો ટૂંકાં થતાં ગયાં,
અને યા તો ચુસ્ત થતાં ગયાં.
આ બધી રામાયણમાં એક સમાંતર ઘટના એ બની
કે જે જે ભાગ ઉઘાડો થતો ગયો,
એને સમારવાની-શણગારવાની ઉપાધિઓ વધતી ગઈ.
અરીસાની સામે ઊભા રહેવાનો સમય વધતો ગયો.
**હિસાબ કરાય તો ખબર પડે**
**કે આપણી એક નાનકડી જિંદગીના**
**અમૂલ્ય વર્ષો આ બધી ટાપ-ટીપ પાછળ વેડફાઈ જાય છે.**

છગને છાપું વાંચતા વાંચતા એની પત્નીને કહ્યું,
‘‘હવે એવા ફોન આવશે, કે રિસીવ કરતાની સાથે એકબીજાનો ચહેરો દેખાય.’’
વાઈફ કહે : ‘‘તો તો ફોન ઉપાડતા પહેલા મેક-અપ કરવા દોડવું પડશે.’’

લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે,
કે આ બધું કોના માટે ?
I mean, કોને દેખાડવા માટે ?
ગામ આખા માટે ? આખા શહેર માટે ?
જેનું સૌંદર્ય આખા નગર માટે હોય,
એવી સ્ત્રીને આપણે ત્યાં ‘નગરવધૂ’ કહેવાતી.
જેનો પર્યાય શબ્દ છે વેશ્યા.
**એક કુલીન સ્ત્રીનું સૌંદર્ય માત્ર એના પતિ માટે હોય છે.**

આ સ્વાગ્રહની વાત નથી, સાહજિક વાત છે.
નિર્મળ પ્રેમ, સહજ આત્મીયતા અને સ્વસ્થ દામ્પત્યની
આ એક મહત્ત્વની આધારશિલા છે,
જેને ગુમાવીને આજે
લાખો ઘર ભાંગ્યા છે.
અને લાખો કોડભરી કન્યાઓની કિંમત
ફૂટી કોડીની પણ રહી નથી.
મારી વ્હાલી,
દુનિયા શું કરી રહી છે,
એ તું બે મિનિટ માટે ભૂલી જા,
અને ન્યૂટ્રલી વિચાર કર
કે વેસ્ટર્ન ડ્રેસ પહેરીને, મેક-અપ કરીને,
પરફ્યુમ્સ છાંટીને
જાહેર રસ્તા પર પોતાને પ્રદર્શિત કરીને
કૉલેજના પાંચસો-હજાર છોકરાંઓ
પોતાને ટીકી-ટીકીને જુએ એવું કામ કરીને
પાંચ-પચ્ચીશ છોકરાઓ સાથે
વાતો-મજાક-મશ્કરી કરનારી છોકરી હોય,
એના ચારિત્ર્યની ભૂમિકા કયાં પ્રકારની કહી શકાય ?
બેટા,
**જે બધાંની હોય છે,**
**એ કોઈની નથી હોતી.**
ઝાકઝમાળ અને જીવનમાં ઘણો ફરક હોય છે.

છગન એક વાર ફિલ્મ-સિટીમાં જઈ ચડ્યો.
આમ તો વૉચમૅન એને અંદર જવા ન દેત,

પણ કોઈ પ્રેસ-રિપોર્ટર જતો હતો,
એની સાથે સાથે એ ય ઘુસી ગયો.
રિપોર્ટર એક એક્ટ્રેસને મળ્યો.
ઈન્ટરવ્યૂ ચાલુ થયો,
છગન ત્રણ ફૂટ પાછળથી જોવા લાગ્યો.
સંવાદ ચાલુ હતો ત્યાં એક્ટ્રેસ પાસે કોઈ વ્યક્તિ આવી.
એક્ટ્રેસે રિપોર્ટરને કહ્યું, “આમને મળો, એ મારા પતિ છે.”
રિપોર્ટરે કહ્યું, “તમારા દરેક પતિને મળીને મને ખૂબ જ આનંદ થાય છે.”

અમેરિકન કે યુરોપિયન લેડી
જે એના ચોથા પતિની આઠમી પત્ની છે,
એના જીવનની યાતનાઓને તું જાણી શકે,
તો મારી વાત તને બરાબર સમજાઈ જશે.
આપણે ત્યાં એ સ્થિતિ નથી,
પણ આપણે એ સ્થિતિની દિશામાં આગળ વધી રહ્યા છીએ.
બેટા,
ત્યાં સ્ત્રી જેવી સ્ત્રી
સિગારેટ, દારૂ અને ડ્રગ્સની બંધાણી થઈ જાય,
ચિત્ર-વિચિત્ર રોગોનો ભોગ બની જાય,
અને માનસ-ચિકિત્સકની મુલાકાતો લેતી થઈ જાય,
**એ બધું જ કહેવાતા નારી-સ્વાતંત્ર્યની કિંમત હોય છે.**
**ખૂબ જ ભારે કિંમત.**
**જેના આખરી હપ્તાઓમાં પાગલપણું અને આઘાત પણ હોઈ શકે છે.**

•

# DRESS

મારી વ્હાલી,
જે વાત મેક-અપની છે,
તે જ વાત ડ્રેસમાં પણ લાગુ પડે છે.
ફરક એટલો જ કે ડ્રેસમાં આ મેટર વધુ સિરિયસ થાય છે.
ઑલ્ટરનેક કપડાં, ટૂંકા સ્કર્ટ, બેલી ટોપ, લૉ-વેસ્ટ જિન્સ...
આ બધું આપણા મનમાં અને બીજાના મનમાં
અમુક ખાસ પ્રકારના વિચારો જન્માવે છે.
થોડું સ્પષ્ટ કહું તો
આ બધું આપણા પર અને બીજા પર
માનસિક બળજબરી કરે છે.
**ટૂંકા વસ્ત્રો કે ચુસ્ત વસ્ત્રો દ્વારા દેહપ્રદર્શન કરીને**
**સામેની વ્યક્તિને ઉશ્કેરવાની આ આખી માનસિકતા**
**એ પશ્ચિમની દેન છે.**
બેટા,
હું જોઈ રહ્યો છું,
કે આજની નવી પેઢી પશ્ચિમને રવાડે
ટૂંકા રસ્તે આગળ વધવાની માનસિક તાણનો ભોગ બની છે,
આંધળું અનુકરણ, અયોગ્ય પહેરવેશ,
અનિચ્છનીય છૂટ-છાટો અને લક્ષ્મણરેખાનું ઉલ્લંઘન
એ બધું જ આ 'તાણ'નું પરિણામ છે.
મારી વ્હાલી,
**યૌવનને આંબતી દીકરી**
**જ્યારે વેસ્ટર્ન ડ્રેસ પહેરીને ઘરની બહાર નીકળે,**
**ત્યારે એના પિતા કેવી વ્યથામાંથી પસાર થતાં હોય છે**
**એનો તને અંદાજ આવી શકે તેમ નથી.**
I don't think,
'એ વ્યથા મોત જેવી હોય છે.'

મોત તો કદાચ એના કરતાં ઘણું સસ્તું હશે.
એ વ્યથા એના કરતાં પણ ભારે હોય છે.
Dress-point પર માતા-પિતા સાથે દલીલો કરતી
જમાનાના હવાલા આપતી,
'બધી ફ્રેન્ડ્સ'નું બહાનું રજૂ કરતી,
Fashion કે Comfertના નામે વાત ઉડાવી દેતી છોકરીઓને
આ વ્યથાનો કોઈ જ ખ્યાલ હોતો નથી.
બેટા,
સિંહ જેવો પણ બાપ હોય ને,
એ ય દીકરીના લગ્નના માંડવે વિદાયની વેળા આવે,
ત્યારે સાવ જ ભાંગી પડતો હોય છે.
આવા સમયે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડતાં પિતાઓને
મેં સગી આંખે જોયાં છે.
અનિલભાઈ જોષીની પેલી પંક્તિઓ યાદ આવે -

**દીકરીનો માંડવો જો સૂરજને ઘેર હોત,**
**તો જાણત અંધારું શી ચીજ છે ?**

મારી વ્હાલી,
મેં એવા પિતાને જોયાં છે,
જેમની પાસે બંગલો ને ગાડી છે,
દીકરીઓ ઠરીઠામ છે.
પ્રેમાળ પરિવાર છે ને આરોગ્ય સારું છે,
છતાં ય તેઓ દુઃખી છે,
કારણ કે એમની દીકરી દુઃખી છે.
મારો કહેવાનો આશય એ જ છે,
**કે દીકરીની સાથે આવું સ્નેહાદ્વૈત અનુભવતા અને**
**દીકરીને કેન્દ્રમાં રાખીને જીવતા પિતાની વ્યથા**

**એ દીકરીની પોતાની વ્યથા ન બની જવી જોઈએ ?**

You don't know my dear,

માતા-પિતા સંતાનોની કેટ-કેટલી વાતોમાં

મન મનાવતા હોય છે... કોમ્પ્રોમાઈઝ કરતાં હોય છે.

પણ જે વાત ગંભીર હોય,

જે વાતમાં કોમ્પ્રોમાઈઝ કરવું બિલકુલ યોગ્ય ન હોય,

એ વાતમાં એમને કોમ્પ્રોમાઈઝ કરવાની ફરજ પાડવામાં આવે,

ત્યારે એમના મન પર શું વીતતી હશે ?

બેટા,

અમે તારા દુશ્મન નથી.

તારા દુઃખે દુઃખી થનારા

તારા સુખ માટે ઝંખના કરનારા

અને તારા હિતની જ વાત કરનારા છીએ.

જે એક્ટ્રેસ, મૉડેલ કે ફ્રેન્ડને જોઈને

તું એવો ડ્રેસ પહેરવા માંગે છે,

એમનામાંથી કોઈ

તારા હિતની જવાબદારી લેવાનું નથી.

તારું ભવિષ્ય, તારી સુરક્ષા, તારું સુખ

એની પળે પળ ચિંતા

અમને સતાવે છે, એમને નહીં.

બેટા,

અમે જમાનો જોયો પણ છે,

અને અમે જમાનાને જોઈ પણ રહ્યા છીએ,

ટી.વી. અને છાપાઓમાં કયાં સમાચારો આવે છે

અને આપણી આજુબાજુ શું થઈ રહ્યું છે,

એનો અમને બરાબર ખ્યાલ છે.

આ સ્થિતિમાં તારો અનુચિત પહેરવેશ,
તારું એકલા બહાર જવું
કે રાતે ઘરની બહાર હોવું
એ બધું જ અમારી અડધી કતલ જેવું છે.
તું સમજે છે ને ?
અડધી કતલ.
જેમાં માણસ મરતો પણ નથી.
અને જીવતો પણ નથી.
મારી વ્હાલી,
કદાચ અમે તેને ઓર્થોડોક્સ લાગતા હોઈશું
આજે કયો સમય ચાલી રહ્યો છે,
ને અમે કયાં સમયની વાત કરી રહ્યા છીએ,
એવું લાગતું હશે.
પણ જો તું સૂક્ષ્મદષ્ટિથી જુએ,
તો તને ખ્યાલ આવશે.
કે **જૂના સમયમાં જે મર્યાદાની જરૂર હતી**
**એના કરતાં સોગણી મર્યાદાની જરૂર આજે છે.**
એ સમયે
માણસની નબળી લાગણીઓને ઉશ્કેરે
એવું મીડિયાતંત્ર ન હતું,
ટી.વી., સિનેમા, ઇન્ટરનેટ, મોબાઇલ... કશું જ ન હતું.
આજનું વાતાવરણ ડગલે ને પગલે
સારા માણસને પણ ઉશ્કેરી મૂકે એવું છે,
આ સ્થિતિમાં
સો ગણી મર્યાદાનું પાલન થાય,
તો કદાચ બચી શકાય,

પણ આજની વાસ્તવિકતા એ છે

કે મર્યાદા સોમા ભાગથી ય નીચે જતી રહી છે.

You may ask,

“So what ?

**Indian Government crime beuro answers here.**

આ દેશમાં

**દર ૪ મિનિટે** સ્ત્રી-સંબંધી શારીરિક કે માનસિક ત્રાસ આપવાનો એક ગુનો નોંધાય છે.

**દર ૧૨ મિનિટે** એક છેડ-છાડનો ગુનો નોંધાય છે.

**દર ૨૯ મિનિટે** એક બળાત્કાર નોંધાય છે.

**દર ૫૬ મિનિટે** એક જાતીય શોષણની ફરિયાદ નોંધાય છે.

**દર ૭૭ મિનિટે** એક સ્ત્રીની હત્યા નોંધાય છે.

મારી વ્હાલી,

Mark this - **‘નોંધાય છે.’**

They don’t say - **‘થાય છે.’**

તું આ વાંચે છે, ત્યાં સુધીમાં આ આંકડાઓ વધુ ને વધુ

ભયજનક બની ગયા છે,

**નોંધાયેલા કેસો વધ્યા છે**

**અને**

**૯૦% કેસો તો નોંધાતા જ નથી.**

સમગ્ર વિશ્વમાં ૧૫ થી ૪૪ વર્ષની સ્ત્રીઓના

જેટલા મોત થાય છે,

તેમાં અકસ્માત કે રોગનું કારણ ઓછું છે,

જાતીય સતામણીનું કારણ વધુ છે.

**વિકસિત દેશ હોય કે વિકાસશીલ**

**સ્ત્રીશોષણ બધે જ સામાન્ય છે.**

**સ્ત્રી એક વાર એના મર્યાદાકવચમાંથી બહાર નીકળી**

**એટલે ખલાસ.**

**શિકારીઓ એને શિકાર બનાવવામાં કોઈ જ કસર નહીં છોડે.**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ

વિશ્વના ૧૫ દેશોની ૨૯,૦૦૦ સ્ત્રીઓનો સર્વે કરેલ.

તેના ચોંકાવનારા તારણો આ મુજબ હતાં...

૭૫% સ્ત્રીઓનું શારીરિક/માનસિક/ જાતીય શોષણ કરવામાં આવેલ.

૨૦% સ્ત્રીઓ પર કમ સે કમ એક વાર બળાત્કારનો પ્રયાસ કરવામાં આવેલ.

૭૦%થી વધુ સ્ત્રીઓ છેડતીનો ભોગ બનેલ.

મારી વ્હાલી,

માતા-પિતાને માથાનો દુખાવો થઈ જાય

એટલી બધી છૂટ-છાટો લેતી આજની દીકરીઓ

માતા-પિતાને,

સાંત્વના (!) આપતી હોય છે,

કે 'હું કોઈ એવું કામ નહીં કરું

જેનાથી તમારે શરમાવું પડે.'

**બેટા, પ્રામાણિકપણે આવું વચન આપ્યા પછી પણ**

**આ વચન પાળવું એ લગભગ શક્ય હોતું નથી.**

છતાં કદાચ શક્ય બને.

તો ય 'પોતાના તરફથી જાણી જોઈને લક્ષ્મણરેખા

ઓળંગવામાં નહીં આવે,'

આટલો જ એનો અર્થ થાય છે.

Do you know my dear ?

શહેરોમાં કમ સે કમ ૫% યુવતીઓ

વિકૃત માનસિકતાથી પીડાતા પીછાખોરોથી પરેશાન છે.

આ સ્થિતિમાં શું થાય,

એ વિષે આપણી સંસ્કૃતિમાં સચોટ વાત કરી છે -

**इच्छमणिच्छे दोसा उ ।**

સ્ત્રી જો એ વાસનાલંપટોને વશ થાય,
તો એનું ચારિત્ર, એનો ઘર-સંસાર, એની સુખ-શાંતિ
આ બધાંનો સત્યાનાશ વળી જાય.
ફોટા-ફિલ્મોની ધમકીઓ
એને કાયમ માટે આર્થિક રીતે અને શારીરિક રીતે
બ્લેકમેઈલ કરતી રહે.
અને જો સ્ત્રી એમને વશ ન થાય,
તો એ શિકારીઓ એના પર બળાત્કાર કરે,
શારીરિક હુમલાઓ કરે, એના પર ઍસિડ છાંટી દે,
એની હત્યા કરી દે
કે છેવટે કાંઈ નહીં તો એની બદનામી કરી દે.
મારી વ્હાલી,
**મર્યાદાકવચનો કોઈ જ વિકલ્પ નથી.**
**કાયદો, દંડની જોગવાઈ, પોલીસ, વુમન હેલ્પલાઇન**
**આ બધું જ પાંગળું છે.**
મોટા ભાગના કેસો નોંધાતા નથી,
નોંધાય તો અપરાધીઓ પકડાતાં નથી,
પકડાય તો સહેલાઈથી છૂટી જાય છે,
કદાચ એમને કોઈ નાની-મોટી સજા થઈ પણ જાય,
પણ સ્ત્રીને જે નુકસાન થયું,
એમાં શું ફરક પડશે ?
માણસ કદાચ કૂતરાને મારી પણ નાખે,
તો ય એ કરડ્યો છે એ તો કરડ્યો જ છે,
**એને મારી નાંખવાથી તમને થયેલ 'ઘા' રદબાતલ થઈ જતો નથી.**
મારી દીકરી,
આવા કિસ્સાઓમાં ગુનેગારનો ગુનો સાબિત કરવાનો બાકી હોય છે,

જ્યારે સ્ત્રી તો પોતે ફરિયાદ કરે

ત્યારથી જ જાણે ગુનેગાર થઈ જાય છે.

બધી રીતે શોષાવાનું તો સ્ત્રીને જ.

**This is the cost of the freedom.**

બેટા,

દુનિયાના રસ્તે ઊંધું ઘાલીને દોડવાના બદલે

તું એટલો વિચાર કર

કે આ cost તને પોસાય એવી છે ?

I tell you the truth my daughter !

**આ દુનિયા તું માને છે એટલી સારી નથી.**

**અહીં સારી વ્યક્તિ પણ કાયમ માટે સારી રહી શકતી નથી.**

નિર્દોષ મિત્રતા કઈ ક્ષણે કેવો વળાંક લેશે

અને જીવનમાં કેવો ધરતીકંપ લાવશે એ કહેવું મુશ્કેલ છે.

Dress જ્યારે અનુચિત હોય,

ત્યારે એવી શક્યતા અનેકગણી વધી જાય છે.

That's but natural.

બેટા,

બદલાતા સમયની સાથે

હવે મંદિરોમાં બોર્ડ્સ લાગવા માંડ્યા છે.

''આ ધાર્મિક સ્થાન છે. અહીં અભદ્ર વેષ પહેરીને આવવું નહીં.''

What do you think over this ?

શું આ બોર્ડ્સ બરાબર છે ?

મને તો બરાબર નથી લાગતાં.

Why in temples only ?

રસ્તા પર, માર્કેટમાં, કૉલેજમાં કે જાહેરસ્થળોમાં અભદ્ર વેશ ચાલે ?

હકીકત તો એ છે

કે અનુચિત વેશનો બહિષ્કાર ઘરથી જ ચાલુ થઈ જવો જોઈએ.

**સંસ્કારી વેશની જરૂરિયાત જેટલી બહાર છે,**

**તેટલી જ ઘરે પણ છે.**

બેટા,

મારો એક મિત્ર થોડા સમયથી બહુ ઉદાસ રહેતો હતો,

મેં એને ગયા અઠવાડિયે આગ્રહ કરીને પૂછ્યું,

તો એ રીતસર રડી જ પડ્યો.

હું સ્તબ્ધ થઈ ગયો.

મેં ધીમે ધીમે એની પીઠ પર હાથ ફેરવ્યો.

એના આંસુ લૂછ્યા,

એને પીવા માટે પાણી આપ્યું.

મેં એને ફરી પૂછવાનું માંડી વાળ્યું,

પણ એણે પોતે જ દિલ ખોલીને મને વાત કરી.

એની દીકરીના વસ્ત્રો એવા હતાં,

કે એની પોતાની ય નજર એના પર બગડવા લાગી હતી.

એને વારંવાર એવા વિચારો આવ્યા કરતા હતા,

કે એ એની પત્ની હોય તો સારું.

એક વાર એને એના પર બળાત્કાર કરવાનું પણ

મન થઈ આવ્યું હતું.

બેટા,

**પિતૃત્વની હત્યા એ પિતાની જ હત્યા છે.**

**આજની લાખો કે કરોડો દીકરીઓ**

**અજાણપણે પણ ઓછા-વત્તા અંશે**

**આ હત્યા કરી રહી છે.**

પિતા હોય, ભાઈ હોય, કાકા કે મામા હોય

કે પછી દિયર કે સસરા હોય,

આખરે એ બધાં પણ 'પુરુષ' છે.

પુરુષસહજ વૃત્તિઓ તેમનામાં પડેલી જ હોય છે.

**તેને અનુરૂપ નિમિત્ત મળે**

**એટલે એ વૃત્તિઓ સતેજ ન થાય તો જ નવાઈ.**

છોકરીઓની છેડતી કરનારા છાકટા છોકરાઓને

ડાહ્યા માણસો કહેતાં,

કે તારા ઘરે મા-બહેન છે કે નહીં ?

ભાઈલા તારે બહેન છે વારુ ?

બેટા તારે માડી છે વારુ ?

ઘરમાં તારે છે વહુ વારુ ?

પણ આજે જ્યારે એવા સમાચારો છપાતાં હોય

કે 'સગાં બાપે દીકરી ઉપર...'

'સગાં ભાઈએ બહેન પર...'

'નજીકના સગાંએ...'

ત્યારે ઉપરોક્ત પ્રશ્નો પણ વ્યર્થ લાગે છે.

હૈયાને ચીરીને એક પ્રશ્ન બહાર આવે છે,

Why ?

આખરે શા માટે આવું થાય છે ?

એક પ્રાચીન પ્રાકૃત-કથામાં

બે જ શબ્દમાં આ પ્રશ્નનો જવાબ આપી દીધો છે -

**जुवइ न्व सुसंवुडंगी ।**

કથાના પ્રારંભમાં જ એક નગરીનું વર્ણન આવે છે.

જુદાં જુદાં પાસાઓથી જુદી જુદી ઉપમાઓથી

એ નગરીનું સ્વરૂપ સમજાવતાં સમજાવતાં

લેખક લખે છે -

એ નગરી યુવતીની જેમ સુસંવૃતાંગી છે.

જેમ યુવતીનું શરીર માથાથી પગ સુધી
બરાબર રીતે ઢંકાયેલું જ હોય,
તેમ એ નગરી પણ
કિલ્લા દ્વારા સારી રીતે આવૃત (covered) છે.
**વાત નગરીની છે,**
**પણ એમાં સહજ નારીધર્મને**
**બહુ જ સહજતાથી વરણી લીધો છે.**
Mark કરવાની વસ્તુ એ છે,
કે લેખક એમ નથી લખતાં
કે યુવતીએ સંપૂર્ણ શરીરને યોગ્ય વસ્ત્રોથી
બરાબર ઢાંકીને રાખવું જોઈએ.
લેખક તો એમ કહી રહ્યા છે.
કે જેમ યુવતી, કોઈ પણ યુવતી,
બરાબર ઢંકાયેલી જ હોય,
તેમ તે exampleથી
આ નગરીને પણ તમે સમજો.

જોવી ય ન ગમે
એવી વૃદ્ધાના વસ્ત્રો કદાચ થોડા અસ્ત-વ્યસ્ત થયાં હોય,
તેમાં વાંધો ન આવે એવું બને.
પણ યુવતી ?
એ જો થોડી પણ ઉઘાડી છે,
તો ભયંકર જોખમ છે.
બેટા, આપણી લાખો વર્ષની સંસ્કૃતિ કહે છે,
કે **યુવતીનો પોષાક એના સંપૂર્ણ શરીરને ઢાંકી દે**
**એવો જ હોય,**

You may argue,
સાડીમાં પૂરું શરીર ન ઢંકાતું હોય,
અને અમુક વેસ્ટર્ન ડ્રેસમાં ઢંકાઈ જતું હોય, તો ?
But my daughter,
તું ઢંકાવાનો અર્થ બરાબર સમજી નથી,
જેમાં અંગોની નોંધ સુદ્ધાં ન લઈ શકાય,
એને ઢંકાવું કહેવાય.
વેસ્ટર્ન ડ્રેસનો સીધો અર્થ છે -
છતે વસ્ત્રે નિર્વસ્ત્ર જેવા હોવું.
બેટા,
બધાં ખાવા લાગે, તો ય ઝેર 'ઝેર' તરીકે મટી નથી જતું.
એ તો ઝેર જ છે.
એ મારશે જ.
**ભારતીય પહેરવેશમાં મર્યાદા છે,**
**સંસ્કાર છે, સુશીલતા છે, શરમ છે**
**અને સ્વસ્થ પારિવારિક જીવન છે.**
યૌવનમાં મર્યાદાહીન પહેરવેશ એક જ સ્ત્રીને પોસાય એમ છે,
તે છે વેશ્યા.
એને કોઈ જ જોખમ નથી,
કારણ કે એણે કશું જ ગુમાવવાનું નથી,
કારણ કે એની પાસે 'શીલ' જેવું કશું છે જ નહીં.
એ આપણને ના પોસાય બેટા,
આપણે તો આપણી ખાનદાનીનો વારસો જાળવવાનો છે,
કોઈનું આંધળું અનુકરણ કરતાં પહેલા
તું તારા હૃદયને એક જ પ્રશ્ન કરજે,
**કે આ વસ્ત્રો આપણી પરંપરાને, આપણી સંસ્કૃતિને**

**આપણે દેશને અને આપણા સમાજને શોભે**
**એવા છે ખરાં ?**
મારો એમ કહેવાનો બિલકુલ આશય નથી,
કે વેસ્ટર્ન બધું જ ખરાબ અને ઇન્ડિયન બધું જ સારું.
સારા-નરસા તત્ત્વો તો બધે જ રહેવાનાં.
પશ્ચિમ પાસેથી પણ આપણે અમુક વસ્તુ શીખવા જેવી છે,
એ છે એમની શિસ્ત.
એમની નિયમિતતા.
એમની પોતાની ભાષા માટેની લાગણી,
એમનો દેશ માટેનો પ્રેમ.
એના બદલે આપણે એ શીખીએ છીએ,
જેણે પશ્ચિમને ડિપ્રેશનમાં ધકેલી દીધું છે.
એ બધી બાબતોમાં પશ્ચિમનું અનુકરણ કરીને
આપણે ગૌરવ અનુભવીએ છીએ
એ કદાચ આપણી સૌથી મોટી Tragedy છે.
મારી દીકરી,
આ બાબતમાં હું તને એક Book સૂચવું છું -
**'અમેરિકા જતાં પહેલાં'**
વેસ્ટર્ન કલ્ચર શું છે ?
અને એનું રિઝલ્ટ શું છે ?
એ આ Bookમાં To the point
Clear કરેલ છે.

My daughter,
નવો જમાનો અને સુધારાવાદીઓ
આપણી સંસ્કૃતિ અને પરંપરાને ભાંડતા હોય છે,

એને ગાળો આપવામાં અને એને બદનામ કરવામાં
એમને રીતસર આનંદ આવતો હોય છે.
એમના હાથ એટલા લાંબા છે
કે કૉલેજના અમુક પાઠ્યપુસ્તકોમાં પણ
તેમણે એમનું ઝેર પીરસ્યું છે.
શાસ્ત્રની અને હિતચિંતકોની ઉપેક્ષા કરવાની
તેમણે સ્પષ્ટ સલાહ આપી છે.
તેઓ એક મનગમતી વાત રજૂ કરે છે.
“શાસ્ત્રના કોટેશનનો શો અર્થ છે ?
તમારો અનુભવ શું કહે છે, એના પર ધ્યાન આપો.
તમારી બુદ્ધિ જેને સ્વીકારે, એને અપનાવો.”
Very nice,
પણ મારા ભાઈ !
આ વાત શાસ્ત્રના અનુકરણની બાબતમાં જ લગાડવી ?
કે પછી વેસ્ટર્ન કલ્ચરના અનુકરણની બાબતમાં પણ લગાડવી ?
પશ્ચિમના લોકોને શરીરનું અને ભૌતિક જરૂરિયાતોનું
ઘણું ઈમ્પોર્ટન્સ હોય છે.
એક વાસ્તવિકતાથી તેઓ કદાચ બિલકુલ અજાણ છે,
કે માત્ર શરીરથી જીવી શકાતું નથી.
માટે જ ત્યાં ૧૦માંથી ૭ જણ
સાઈકિયાટ્રિસ્ટ પાસે જવા લાગ્યા છે.
આપણે એમના અનુકરણની લહાયમાં
બહારની ચમક-દમક, બાહ્ય સૌંદર્ય
અને ઝાકઝમાળમાં અંજાવા લાગ્યા છીએ,
**માટે જ આજની સિચ્યુએશન એવી છે**
**કે ટી.વી.ની ૧૦માંથી ૮ જાહેરાતો**

**દેહ સૌંદર્ય, સ્વાદ અને દેખાવ વિશેની હોય છે.**

આનું પરિણામ ચિંતાજનક અને ભયજનક છે.

મારી વ્હાલી,

કદાચ આ બધું સાંભળીને તને ચિંતા થતી હશે,

કે આનો અમલ કરવા જતાં તું બધાંથી એકલી પડી જઈશ.

બધાં વચ્ચે તું કેવી લાગીશ ?

પણ બેટા,

**એવું ન થઈ શકે,**

**કે તું જમાનાથી દોરાય, એના બદલે**

**તું પોતે જમાનાને દોરે ?**

છગન અને મગન

બંને વાતે વળગ્યા હતાં.

મગને છગનને પૂછ્યું, ''સફળ રાજકારણી કોને કહેવાય ?''

છગને તરત જવાબ આપ્યો, ''જે પહેલાથી જાણી શકે

કે ટોળું કઈ દિશામાં જશે

અને

જે દોડીને એની આગળ ચાલી શકે.''

બેટા,

જેમ ખોટા અનુકરણનો કોઈ અર્થ નથી,

એમ ખોટી નેતાગિરીનો પણ કોઈ અર્થ નથી,

હા, સાચું હોય,

તો એ બંને પ્રશંસનીય છે.

મારી વાત આ છે,

**તું જમાનાથી ન બદલાય**

**પણ જમાનો તારાથી બદલાય.**

Yes my daughter,

That’s possible.

તને કદાચ ખબર હશે.

**અમેરિકામાં એક Women club છે.**

**જેની એક Basic identity છે**

**આખું શરીર બરાબર ઢંકાઈ જાય એવો પહેરવેશ.**

મારું આ સ્વપ્ન છે.

તારા જેવી સમજું છોકરીઓ આવું ગ્રુપ બનાવે.

**એન્ટી જિન્સ ગ્રુપ.**

**એન્ટી ટી-શર્ટ ગ્રુપ.**

**નો બૉયફ્રેન્ડ ગ્રુપ.** etc.

બેટા, જો અનુકરણની બાલિશ ભૂમિકાથી આપણે ઉપર ઉઠી શકીએ,

તો આપણો અનુભવ અને આપણી સમજણ તો

આપણને આવું જ કરવાની સલાહ આપે છે.

યાદ રાખજે બેટા,

ગ્રુપની શરૂઆત વ્યક્તિથી થાય છે.

પહેલું પગથિયું એ છે,

કે તારા જીવનમાં આ બધાં સદ્ગુણો આવે.

તારી પોતાની દૃષ્ટિમાં પરિવર્તન આવે.

બહેનપણીએ શું પહેર્યું છે, એનું બધું જ આકર્ષણ ઓગળી જાય,

અને એણે કેટલા અને કયાં પુસ્તકો વાંચ્યા છે

એની સહજ જિજ્ઞાસા ઉઠે.

એની પાસે કેટલા પૈસા છે એનું કોઈ જ ઈમ્પોર્ટન્સ ન રહે,

એની પાસે કેટલું જ્ઞાન છે એ વાત ખૂબ મહત્ત્વની બની જાય.

**એણે પોતાના જલસા માટે કેટલો ખર્ચ કર્યો,**

**એ બધી વાતો શરમજનક બને.**
**અને એણે ગરીબોને કેટલું ડોનેશન આપ્યું,**
**એ વાત એની પ્રેસ્ટિજ બની જાય.**
મને વિશ્વાસ છે બેટા,
તું આ કામ કરી શકીશ.
એ દિવસે મારું આ સ્વપ્ન સાકાર થશે.
અને મારી આંખોમાં હર્ષના આંસુ આવશે.
મને તારા માટે Already ગર્વ છે,
પણ એ દિવસે આ ગર્વના ગુણાકારો થઈ જશે.
That will be the best gift for me my daughter !

Dressની બાબતમાં Another point of view છે **જાતિભેદ.**
Can you imagine ?
કોઈ છોકરો સાડી કે સલવાર કમીઝ પહેરીને બહાર નીકળે
તો એ કેવો લાગે ?
લોકોમાં એ કેટલો હાસ્યાસ્પદ અને નિંદાસ્પદ થાય ?
**તો જેમ છોકરો છોકરીનો ડ્રેસ ન પહેરી શકે,**
**તેમ છોકરી પણ છોકરાનો ડ્રેસ શી રીતે પહેરી શકે ?**
ઉપહાસપાત્રતા અને નિંદાપાત્રતા તો
બંને બાજુ સમાન જ છે,
પણ આપણે એક બાજુ ખોટી રીતે એવો ડ્રેસ સ્વીકારી લીધો છે
ને એનાથી ઘણા બધાં Problems ઊભા થયા છે.

છગન એક લગ્નપ્રસંગે ગયો હતો.
વરઘોડામાં બેન્ડ વાગી રહ્યું હતું.
કોઈ વિચિત્ર રીતે નાચી રહ્યું હતું.

છગને એની બાજુમાં ઊભેલ વ્યક્તિને સહજપણે કહ્યું,
"આ છોકરો તો કેટલી બેહુદી રીતે નાચે છે !"
એ વ્યક્તિ તો ગુસ્સે થઈને કહે,
"મોઢું સંભાળીને બોલો, એ છોકરો નથી, મારી દીકરી છે."
બિચારો છગન, તરત માફી માંગતો બોલ્યો,
"સૉરી, મને ખબર નહીં કે તમે એના પપ્પા છો."
"હું એના પપ્પા નહીં, એની મમ્મી છું."

બેટા,
યુરોપના શહેરોમાં પુરુષો લાંબા લાંબા વાળ
ને ચોટલા સુદ્ધાં રાખવા લાગ્યા છે,
અને સ્ત્રી વાળને એટલા નાના કપાવે છે,
જેને ઓળવાની જ જરૂર ન પડે.
આ બધી વૃત્તિને એક પ્રકારનો માનસિક રોગ ગણવો જોઈએ.
પોતે જે નથી તે થવાની ઘેલછાનો રોગ.
એ લોકોને ખબર નથી
કે માનવના તન અને મન ઉપર
પહેરવેશની કેટલી ઊંડી અસર થતી હોય છે !
એક છોકરી જિન્સ પહેરે,
એટલે એના મનમાં ઊંડે ઊંડે
પુરુષત્વની સંવેદના જાગવા લાગે છે.
પછી બંગડી પહેરતાં કે બિંદી લગાવતા
એને શરમ આવવા લાગે છે.
**આ લાગણીઓને સમાંતર જ**
**શારીરિક રાસાયણિક પરિવર્તનો ચાલુ થઈ જાય છે,**
**આ પરિવર્તન એના સ્ત્રીત્વનું પરિવર્તન હોય છે.**

પછી નાના-મોટા સ્ત્રીરોગો અને વંધ્યત્વ સુધીના દોષો
એ સ્ત્રીને ઘેરી વળે છે,
જેના મૂળમાં પહેરવેશ વગેરેની પસંદગીની ભૂલ હોય છે.
વિદેશમાં બે છોકરાં પરણે કે બે છોકરીઓ પરણે
ને કાયદાએ એને માન્યતા પણ આપવી પડે,
એના મૂળમાં આવી ભૂલો પણ રહેલી હોય છે.
મારી વ્હાલી,
એક સ્ત્રી માટે 'મા' બને ને ?
ત્યારે
એ એના સંતાનને ધવડાવે ત્યારે તો ઠીક,
એ એને અડે તો ય એનું માતૃત્વ સતેજ થઈ જાય,
અને એની છાતીમાંથી દૂધ ઝરવા લાગે,
એનાથી પણ આગળ વધીને
એના સંતાનને માત્ર જુએ કે એને યાદ કરે
તો ય વાત્સલ્યની આ પ્રતિક્રિયા થઈ શકે.
આજે
ઘણી મોડર્ન મમ્મીઓ
ધાવણા બાળકને ઢોરના દૂધને હવાલે કરી દે છે,
એમને કોઈ કારણ પૂછે
તો સાવ સાચો જવાબ આપે છે -
'ધાવણ આવતું નથી.'
જૂના માણસોને આશ્ચર્ય થાય છે,
આવું બની જ શી રીતે શકે ?
સગાં દીકરાને ધવડાવતાં ય ધાવણ ન આવે...???
પણ એનો જવાબ સરળ છે.
આ બધી ક્રિયા-પ્રક્રિયા એક 'મા'ની જ થઈ શકે,

અને ‘મા’

એક સ્ત્રી જ બની શકે. પૂર્ણ સ્ત્રી.

બેટા,

**This is the genetic maths.**

**જિન્સનો ઉમેરો થાય**

**એટલે સ્ત્રીત્વની બાદબાકી થાય છે.**

My daughter,

Now you can see,

**A dress is not only a dress,**

**But much more than it.**

I come to the third point of the view.

આપણા શરીરમાં એક ખાસ પ્રકારનું હોર્મોન હોય છે,

જેનું નામ છે **ટેસ્ટેસ્ટોરમ**

**ચુસ્ત કપડાં પહેરવાથી આ હોર્મોન ડિસ્ટર્બ્ડ થઈ જાય છે.**

જેની અસર Blood circulation

અને Blood pressure પર પડે છે.

તને ખબર હશે,

કે બે પેઢી પહેલાં જે ગોળીઓ ૭૦-૮૦ વર્ષેય ન’તી લેવાતી,

તે ગોળીઓ આજે ૩૦-૪૦ વર્ષની ઉંમરથી

શરૂ થઈ જાય છે.

૩૦ વર્ષે B. P.

અને ૩૫ વર્ષે એટેક

આ પરિસ્થિતિમાં પહેરવેશનો ફાળો પણ નાનો-સૂનો નથી.

આ સિવાય,

ચુસ્ત વસ્ત્રો શારીરિક વિકાસને અવરોધે છે.

આરોગ્યને પણ હાનિ કરે છે.

કેડ પરના ચુસ્ત વસ્ત્રોથી પેટનો ભાગ દબાયેલો રહે છે,

**એનાથી પાચનક્રિયા બરાબર થતી નથી.**

**છાતી પરના ચુસ્ત વસ્ત્રોથી છાતી અને ફેફસા દબાય છે**

**તેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બરાબર થતી નથી.**

મારી વ્હાલી,

સ્ત્રી અને પુરુષ

બંને માટે ચુસ્ત વસ્ત્રોની આ સમસ્યા Common છે.

વિદેશના સંશોધક વિજ્ઞાનીઓ અને ડૉક્ટરો

એમના દર્દીઓને ખુલતા વસ્ત્રો પહેરવાની સલાહ

ક્યારના ય આપવા માંડ્યા છે.

**ધોતિયાથી ધોતિયા સુધીની આ યાત્રામાં**

**અત્યારે કદાચ અમે વચ્ચે ઊભા છીએ.**

આ સંદર્ભમાં તને એક સરસ ઉદાહરણ આપું.

English toilet.

હસજે પછી બેટા, પહેલા સમજી લે.

વિજ્ઞાનીઓએ પ્રમાણિત કર્યું છે

કે શૌચ જવાની

આપણી પારંપારિક મુદ્રા/આસન

એ સર્વ શ્રેષ્ઠ છે.

કારણ કે એ આસનમાં ઉત્સર્ગ-અવયવોને

મળનિકાલ કરવામાં મહત્તમ સરળતા રહે છે.

વાયુનો પ્રચાર પણ અનુકૂલ રીતે થઈ શકે છે.

તને ખબર હશે

આપણા શરીરનું દરેક સરક્યુલેશન વાયુના કારણે થાય છે.

આપણે જેને પ્રેશર કે મોશન કહીએ છીએ,

એ પણ વાયુનું જ કાર્યક્ષેત્ર છે.

પણ આપણને એ શ્રેષ્ઠ મુદ્રા પછાત લાગવા માંડી,

આપણે English - ના રવાડે ચડ્યા

ને ઘેર ઘેર લઈ આવ્યા English toilet.

**એમાં જે મુદ્રાથી શૌચ જવાય**

**એ મુદ્રા તો શૌચની દૃષ્ટિએ C-gradeની મુદ્રા છે.**

પરિણામ ?

કબજિયાત, અપચો, ગેસ અને જાત-જાતના રોગો.

તો હવે શું કરવું ?

Please note this question-mark.

આ પ્રશ્ન એમ નથી કહેતો કે English toiletનું શું કરવું ?

એને તો કોઈ આંચ ન આવવી જોઈએ,

નહીં તો આપણે પછાત થઈ જઈએ.

પ્રશ્ન તો એમ કહે છે,

કે આ કબજિયાત ને ગેસ વગેરેનું શું કરવું ?

ડૉક્ટર આ પ્રશ્નકાર મહાશયોને

ગોળી લખી આપે છે.

એ ગોળીથી બહુ ફરક ન પડે, તો હાઈ-ડોઝ...

**પૈસા ભલે વેડફાય,**

**શરીર ભલે માંદું પડે, જતે દા'ડે ભલે ઑપરેશન્સ કરાવવા પડે,**

**પણ આપણે Modern તરીકે ટકી રહેવું જોઈએ.**

Tell me my daughter,

**હકીકતમાં કોને જડ કહેવા જોઈએ ?**

**જૂના માણસોને કે પછી આવા Modernsને ?**

મારી વ્હાલી,

There is the same story of the dress also.

**શારીરિક દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ,**

**પારિવારિક દૃષ્ટિએ, સુખ-શાંતિની દૃષ્ટિએ**

**બધી જ રીતે વેસ્ટર્ન ડ્રેસ નુકસાનકારક છે.**

છતાં ય આપણે એને પકડી રાખવો હોય,

તો એ ય English toilet જેવું જ થયું ને ?

I know my daughter,

You are Inteligent.

તું કદી એવી જડતાનો ભોગ નહીં બને.

**I'm really proud of you.**

**Love you very much.**

●

# LOGIC

બેટા,

સંતાન જેમ જેમ મોટું થાય છે,

તમે તેમ માતા-પિતા માટેનો તેનો Opinion બદલાતો જાય છે.

ચાર વર્ષનો છોકરો કહે છે - મારા પપ્પા ખૂબ મહાન છે,

છ વર્ષે કહે છે - મારા પપ્પા બધું જ જાણે છે.

આઠ વર્ષે કહે છે - મારા પપ્પા ખૂબ સારા છે.

દશ વર્ષે કહે છે - પપ્પા દરેક વાતની ના પાડે છે.

બાર વર્ષે કહે છે - પપ્પા તો જાણે મારા વિરોધી બની બેઠાં છે.

ચૌદ વર્ષે કહે છે - પપ્પાને ટેકલ કરવા ખૂબ મુશ્કેલ બની જાય છે.

સોળ વર્ષે કહે છે - પપ્પાને કાંઈ ખબર જ પડતી નથી.

અઢાર વર્ષે કહે છે - પપ્પા બેવકુફ જેવા છે.

મારી વ્હાલી,

પણ એના જીવનમાં એક દિવસ એવો આવે છે,

જ્યારે એનું પોતાનું સંતાન

૮... ૧૦.... ૧૨ વર્ષની વયમાંથી પસાર થઈ રહ્યું હોય છે.

ત્યારે એને યાદ આવે છે એ દિવસો

ને એનું અંતર બોલે છે.

**મારા પપ્પા સાચા હતાં.**

**મારા પપ્પા ખરેખર સાચા હતાં.**

એમણે અમને ૩-૪ ભાઈ-બહેનને

કેટલી કુશળતાથી ઉછેર્યા હતા,

અમને પણ એમના માટે કેટલું માન હતું,

જ્યારે મારો દીકરો તો મને Stupid સમજે છે.

ખરેખર, વધતી ઉંમરે

મેં એમના માટે જે વિચાર્યું

એ બધું ખોટું હતું.

**મારા પપ્પા ખરેખર મહાન છે.**

બેટા,

વાત ફક્ત સ્પીચની નથી, ફિલિંગ્સની છે.

Teen-ageમાં આવતાં છોકરાં-છોકરીઓ

માતા-પિતા સાથે દલીલબાજી કરતાં હોય,

એ ઘર ઘરની Story છે.

મમ્મી-પપ્પાને ખોટા પાડવાની એમને મજા આવતી હોય છે.

દલીલબાજીમાં છેલ્લું વાક્ય પોતાનું જ હોય,

એ વાતની તેમને ઘણી કાળજી હોય છે.

મમ્મી-પપ્પાની વાત સાચી છે,

એવું કદાચ એમની સમજમાં આવી જાય,

તો યે એકાદ દલીલ કરી લેવાનો લોભ

તેઓ જતો કરી શકતાં નથી.

મારી વ્હાલી,

આજની નવી પેઢીની આ કદાચ સૌથી મોટી કરુણતા છે.

**હદ ત્યારે આવે છે**

**જ્યારે વડીલોની વાતને વિના વિચારે કાપી નાંખવાની**

**રીતસર એક ટેવ જ પડી જાય છે.**

બેટા,

વાણી કે વિચાર એ વ્યક્તિનું જ એક સ્વરૂપ છે,

જ્યારે આપણે કોઈની વાતને કાપીએ છીએ,

ત્યારે હકીકતમાં આપણે તે વ્યક્તિને કાપીએ છીએ.

વિનય કોને કહેવાય ? એ વિષે

**પુષ્પમાલા** નામના ગ્રંથમાં એક સરસ મજાની ઘટના છે.

વૃક્ષ નીચે ગુરુ અને શિષ્ય બેઠા છે.

શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન લઈ રહ્યો છે.

વૃક્ષની ડાળ પર એક કાગડો આવીને બેસે છે.

ગુરુ શિષ્યને એ કાગડો દેખાડે છે
ને કહે છે - "આ કાગડો ધોળો છે."
શિષ્ય હાથ જોડીને કહે છે -
**"જેમ આપ કહો છો. તેમ જ છે."**

અભ્યાસ આગળ ચાલ્યો.
સાંજ પડી.
શિષ્યે ગુરુને વંદન કરીને પૂછ્યું,
"સવારે આપે કાગડાને ધોળો કહ્યો, એ એમ જ છે.
એમાં કોઈ જ શંકા નથી, પણ હું
મારી બુદ્ધિ અલ્પ હોવાથી એનું રહસ્ય સમજી શકતો નથી.
આપ કૃપા કરીને મને સમજાવશો ?"
ગુરુએ પ્રેમપૂર્વક કહ્યું,
"વત્સ, મન અને આત્માને વાંચવાની મારી શક્તિથી
મેં જોયું હતું,
કે એ કાગડાની ભાવના શુદ્ધ હતી,
એનો આત્મા શુભ હતો,
એ દષ્ટિકોણથી - ભીતરી નિર્મળતાની અપેક્ષાએ
મેં એને ધોળો કહ્યો હતો."
શિષ્યે નતમસ્તક થઈને કહ્યું,
**"જેમ આપે કહ્યું તેમ જ છે."**
ગ્રંથના શબ્દો છે -
**जइ सेयं वायं वए पुज्जा, तह वि य से नवि कूडे ।**
This is વિનય.
Can you imagine ? એ શિષ્ય પાસે કેટલા Options હતાં ?
(૧) અરે, ગુરુજી ! તમારું માથું તો ઠેકાણે છે ને ? કાગડાને ધોળો કહો છો ?

(૨) આપને ગેરસમજ થઈ છે. એ હંસ નથી, કાગડો જ છે. અને કાગડો તો કાળો જ હોય.

(૩) આપની ભૂલ થતી લાગે છે. આપ ફરીથી બરાબર જુઓને !

(૪) શું ? કાગડો ધોળો ? શું વાત કરો છો ? કઈ રીતે ?

(૫) આપ કહો છો, તો માની લઉં છું. બાકી મને તો કાળો જ દેખાય છે.

(૬) ભલે ભલે, આપને જે લાગ્યું તે ખરું.

(૭) જી ગુરુજી, આપ જેમ કહો છો તેમ જ છે.

એ શિષ્યે 7th option chose કર્યો હતો.

**જ્યારે ગુરુની વાતને શિષ્ય પોતાના મન પાસે**
**Aproved કરાવે, ને પછી એ વાત માને,**
**ત્યારે Actualy એ શિષ્ય ગુરુનું નથી માનતો,**
**પોતાના મનનું માને છે.**

મારી વ્હાલી,
I know very well,
Your generation lives on HOW & WHY.
That's good, I like it.
પણ જ્યારે આ બધું વિનયની સીમાઓને cross કરી જાય.
ત્યારે કલંક બની જાય છે.
You may argue
"પણ આ તો Blind faith થઈ ગયો.
જે નથી દેખાતું એ માનવાનું થયું,
અરે, જે દેખાય છે, એનાથી ઉલટું માનવાનું થયું.
How can it be possible.
No, I can't keep blind faith."
તું જે કહી રહી છે,

તેમાં તમારી આખી જનરેશનનું પ્રતિબિંબ છે.

પણ હું તને એ કહેવા માંગું છું,

કે તમારી આ જ જનરેશન

કેટલી કેટલી જગ્યાએ Blind faith રાખે છે.

લોજિક પર જીવતી વ્યક્તિ

ડૉક્ટર પર Blind faith મૂકીને

એનેસ્થેસિયા લઈને બેભાન થઈને

ઑપરેશન ટેબલ પર સૂઈ જાય છે.

વકીલ પર Blind faith મૂકીને

એને પોતાનો case સોંપી દે છે,

વિમાન અને પાયલોટ પર Blind faith મૂકીને

હજારો ફીટ અદ્ધર મુસાફરી કરી લે છે.

Barber પર Blind faith મૂકીને

એના ધારદાર અસ્ત્રા પાસે માથું ઝુકાવી દે છે.

મારી વ્હાલી,

**તમારી સાથે જેને કોઈ જ સંબંધ નથી**

**એવા એ ધંધાદારી માણસો કરતાં તો**

**તમારા માતા, પિતા, દાદા, દાદી વગેરે**

**લાખ ગણા વિશ્વસનીય છે.**

on the spot,

એમની વાત તોડીને,

આપણે કોઈ જ કમાણી કરતાં નથી,

બલ્કે ઘણું બધું ગુમાવીએ છીએ.

મારી વ્હાલી,

તું આજે એક પ્રયોગ કર,

અમુક ચોક્કસ બાબતોમાં તારા જે વિચારો હોય,

જે અભિપ્રાયો હોય,
એ તું એક કાગળમાં લખી દે.
એ કાગળને એક કવરમાં મૂકી દે.
દશ વર્ષ પછી એ કવર તું ખોલજે.
એ કાગળ વાંચજે
અને તારા મનને એક પ્રશ્ન કરજે,
કે તું આ વિચારો અને અભિપ્રાયો સાથે સમ્મત છે ખરી ?
તું મારી વાત સમજી રહી છે ને ?
દશ વર્ષ પછી એ જ બાબતોમાં તારા વિચારો ને અભિપ્રાયો
સાવ જ બદલાઈ ગયા હોય, એ શક્ય છે.
બેટા,
**સમયમાં માત્ર સમય નથી હોતો.**
**નવું જ્ઞાન, નવા અનુભવો, નવી સમજણ...**
**આ બધું પણ હોય છે.**
જે આપણા મનને પ્રૌઢ બનાવે છે.
વધુ વિકસિત બનાવે છે.
ચાલીશ વર્ષની ઉંમરે અમારા મનની જે સ્થિતિ છે
કે સાઈઠ વર્ષની ઉંમરે તારા દાદા-દાદીની જે વિચાર-પ્રૌઢતા છે,
તે તારામાં બાર-તેર વર્ષે ન જ હોય ને ?
અમારું અને તારું મંતવ્ય એક જ હોવું જોઈએ,
એવો અમારો કોઈ જ આગ્રહ નથી,
બલ્કે, હું તો ત્યાં સુધી કહું છું,
કે એવું થવું શક્ય પણ નથી.
હું તો એટલું જ કહું છું મારી વ્હાલી,
કે અમારું મંતવ્ય રજૂ થાય
ને તું તરત એને કાપી નાંખે, એ યોગ્ય ખરું ?

**માણસ જ્યારે સાચી વાતને કાપતો હોય છે.**

**ત્યારે હકીકતમાં એ પોતાની જાતને કાપતો હોય છે.**

બેટા,

એ સાચી વાત પણ જ્યારે

કોઈ હિતેચ્છુ દ્વારા કહેવાઈ હોય,

ત્યારે તેનું મૂલ્ય લાખોગણું વધી જાય છે.

અને એ હિતેચ્છુ પણ

જ્યારે ઘણા ઉપકારો કરનારી વ્યક્તિ હોય,

ત્યારે એ વાતનું મૂલ્ય

દુનિયાભરના સોના, ચાંદી ને હીરાઓથી પણ થઈ શકતું નથી.

તને જ્યારે વડીલોની વાત પર વિશ્વાસ નથી હોતો,

ત્યારે એ અવિશ્વાસ પણ

એ વાતની સત્યતાના અંશે જ હોય છે.

વડીલોની હિતેચ્છુતા અને ઉપકારિતા

- આ બે અંશે તો ત્યારે પણ અવિશ્વાસ નથી જ હોતો.

બરાબર ને બેટા ?

તો હવે મને એટલું જ કહે,

કે આપણા હિતેચ્છુ અને આપણા ઉપકારી પ્રત્યે

આપણું વર્તન કેવું હોવું જોઈએ ?

એમને પ્રસન્નતા આપે એવું ?

કે એમને આઘાત આપે એવું ?

એક વાત હંમેશા યાદ રાખજે બેટા,

કે **ઘર એ કદી પણ સત્યાગ્રહ કરવાની જગ્યા નથી.**

**એ તો પ્રેમ, લાગણી, આત્મીયતા, વિનય**

**અને કૃતજ્ઞતાનું મંદિર છે.**

એક મા માટે કદી એનો દીકરો

સાચો કે ખોટો નથી હોતો.
દીકરો હોય છે.
તું નાની હતી.
ત્યારે કેટલી બધી એવી હરકતો કરતી,
જે બૌદ્ધિક રીતે સાવ જ ખોટી હતી,
ક્યારેક ઘરને કે અમને નુકસાનકારક પણ હતી.
તું કાલી-ઘેલી ભાષામાં
જે ગાંડું-ઘેલું બોલતી
એને અમે કદી પણ તોડવાનો પ્રયાસ નથી કર્યો.
તારી બાલિશ ચેષ્ટાઓ સામે અમે કદી ગુસ્સે નથી થયાં.
મારી વ્હાલી,
તું જેમ આજે અમને ગમે છે,
એમ ત્યારે ય ગમતી
ને એટલે જ તારું બધું જ અમને ગમતું.
જે ગમે એનું બધું જ ગમે.
**દીકરી, તું તો ઘણી સારી છે,**
**પણ આજે દુનિયાના લાખો સંતાનો એવા છે**
**જેમને ખ્યાલ નથી,**
**કે તેઓ જેમની સામે સત્યાગ્રહ કરી રહ્યા છે**
**તેઓ એમના હજાર અસત્યોને ગળી ચૂક્યા છે.**
**તર્ક અને વિતર્ક તો કોર્ટમાં હોય બેટા,**
**ઘર તો તર્પણ, અર્પણ અને સમર્પણનો**
**પુણ્યપ્રયાગ છે.**
**દલીલબાજી ને આક્ષેપબાજી**
**આ પ્રયાગમાં કોર્ટનું કુરુક્ષેત્ર ખડું કરી દે છે,**
**જેના પરિણામમાં ત્રાસ અને વિનાશ સિવાય**
**બીજું કશું જ નથી.**

મારી વ્હાલી,

'સત્ય' એટલે શું ખબર છે ?

આપણને લાગ્યું એ સત્ય - એવું નથી.

જે હોય એ સત્ય - એવું પણ નથી.

વ્યાકરણ આધારિત વ્યુત્પત્તિશાસ્ત્રમાં

સત્યની અદ્ભુત વ્યાખ્યા કરી છે.

**सद्भ्यो हितम् - सत्यम्**

**જે હિતકારક હોય તે સત્ય.**

માટે જ **યોગશાસ્ત્રમાં** કહ્યું છે -

**तत् सत्यमपि नो सत्यमप्रियं चाहितं च यत् ।**

તે સત્ય પણ સત્ય નથી,

જે અપ્રિય કે અહિતકર છે.

મારી વ્હાલી,

વડીલો પ્રત્યે આપણો આદર જળવાઈ રહે, એ હિતકર છે.

ઉપકારી પ્રત્યે આપણી કૃતજ્ઞતા અકબંધ રહે, એ હિતકર છે.

કોઈના હૃદયને આપણાથી ઠેસ ન લાગે, એ હિતકર છે.

ઘરનું વાતાવરણ તંગ ન થઈ જાય, એ હિતકર છે.

બીજાના હૃદયમાં આપણું સ્થાન જળવાઈ રહે, એ હિતકર છે.

You can see my daughter,

Logic is logically false.

દુનિયાના શ્રેષ્ઠ વિચારકોએ કહ્યું છે,

**"વાગ્યુદ્ધમાં હારી જનાર જ જીતતો હોય છે."**

"તમને જો દુશ્મનો જોઈતા હોય,

તો તમે તમારા મિત્રો કરતાં ચઢિયાતા થજો.

પણ જો તમને મિત્રો જોઈતા હોય,

તો તમારા મિત્રોને તમારા પર સરસાઈ મેળવવા દેજો."

તને ખબર છે બેટા ?
માણસ દલીલ કેમ કરે છે ?
પોતાને સારા અને મહાન સાબિત કરવાની
ભીતરી સૂક્ષ્મ વૃત્તિ માણસને દલીલ કરવા પ્રેરે છે.
પણ દલીલ કરનાર
કદી સારો કે મહાન નથી લાગતો,
ઉલટાનો ખરાબ લાગે છે.
હા,
જો એ નિખાલસતાથી કહી શકે,
કે **“હું ઘણી વાર ભૂલ કરતો હોઉં છું.**
**બની શકે કે મારી ભૂલ થતી હોય**
**અને તમે સાચા હો.”**
તો એ Definately સારો અને મહાન લાગે.
હકીકત એ છે મારી વ્હાલી,
કે જે સારો અને મહાન હોય છે,
એ જ આ શબ્દો બોલી શકે છે.

છગન રસ્તા પરથી જતો હતો.
રસ્તામાં એણે એક ટોળું જોયું.
છગને નજીક જઈને જોયું,
તો ટોળાની આગળ એક ગધેડો હતો,
એ ગધેડાની પૂંછડી એક છોકરાએ પકડી હતી.
ને ગધેડો એ છોકરાને ધડાધડ લાતો પર લાતો મારતો હતો.
લોકો થોડા દૂરથી બૂમાબૂમ કરતાં હતાં.
છગન જરા હિંમત કરીને થોડો નજીક ગયો
અને છોકરાને કહેવા લાગ્યો,
“અલ્યા, છોડી દે ગધેડાની પૂંછડી.”

“નહીં છોડું.” છોકરાએ ધડ દઈને જવાબ આપી દીધો.

“આટલો લોહીલુહાણ તો થઈ ગયો છે... કેમ નહીં છોડે ?”

“મારા પપ્પાએ કહ્યું છે.”

“શું કહ્યું છે ?”

“જીવનમાં કદી કાંઈ પકડવું નહીં

અને કાંઈ પકડ્યું હોય, તો એને છોડવું નહીં.”

My dear,

**આગ્રહ એ હંમેશા ગધેડાની પૂંછડી જેવો હોય છે,**

**તમે એને છોડી ન શકો**

**તો તમારા માટે**

**લાતો ખાવાનો એક જ વિકલ્પ બાકી રહે છે.**

**પંચસૂત્રમાં** ‘મુનિ’નું એક મજાનું વિશેષણ કહ્યું છે -

**णिअत्तऽग्गहदुक्खे ।**

આગ્રહ - દુ:ખથી રહિત.

કેટલીક અદ્ભુત વાત.... **આગ્રહ એ પોતે જ દુ:ખ છે.**

**સુખી થવા માટે આગ્રહ કરવો,**

**એ જીવવા માટે ઝેર ખાવા બરાબર છે.**

માત્ર અમારી સાથેના વ્યવહારમાં જ નહીં, બેટા !

તારા જીવનના દરેક વ્યવહારમાં

તું આ વાતને યાદ રાખજે.

એનાથી તારું સમ્માન એટલું વધી જશે,

કે તારે કદી આગ્રહ કે દલીલ કરવાની

જરૂર જ નહીં પડે.

**‘નમે તે સૌને ગમે’**

અને જે ગમે

તેનું બધું ગમે.

•

# MODESTY

**મનુસ્મૃતિમાં** વિનયના ચાર ફળ બતાવ્યા છે.

**अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।**

**चत्वारि तस्य वर्द्धन्ते आयुर्विद्या यशो बलम् ॥ २-१२१ ॥**

જેનો સ્વભાવ નમ્ર છે

અને જે હંમેશા વડીલોનો **વિનય** કરે છે

તેનું **આયુષ્ય** વધે છે. **જ્ઞાન** વધે છે,

**યશ** વધે છે અને **બળ** વધે છે.

બેટા,

જ્યારે વાવાઝોડું આવે ને,

ત્યારે એક વિલક્ષણ ઘટના બને છે.

મોટા-મોટા મજબૂત વૃક્ષો તૂટી જાય છે.

ને નાના નાના કૂમળા છોડો બચી જાય છે.

Do you know why ?

કારણ કે મોટા વૃક્ષો અક્કડ રહે છે.

અને નાના છોડો નમી જાય છે.

મારી વ્હાલી,

I tell you one top secret.

અક્કડતા એ મૂર્ખતા છે. જડતા છે.

**અક્કડતાથી માણસને જે અપેક્ષિત હોય છે.**

**એ ખરેખર તો નમ્રતાથી જ મળી શકે છે.**

કેવી સરસ છે આપણી પરંપરા !!!

રોજ સવારે ઘરના વડીલોને પ્રણામ કરવાની પદ્ધતિ...

પ્રણામ એટલે શું ?

સમર્પણની અભિવ્યક્તિ.

**પાંચ સેકન્ડ માટે ઝૂકીને**

**પછી પાંચ કલાક તડાફડી કરી શકાતી હોય.**

**એ પ્રણામ નથી.**

‘પ્રણામ’ તો કહે છે કે આપ મારા માટે હંમેશા સમ્માનનીય છો.

‘પ્રણામ’ તો કહે છે કે આપ મારા કરતાં વધુ જ્ઞાની છો.

‘પ્રણામ’ તો કહે છે કે આપનું વચન મારા માટે આદરણીય છે.

બેટા,

જ્યાં જુદાં જુદાં મંતવ્યો હોય.

ત્યાં સુખ-શાંતિ પામવા માટે એક જ શરત છે,

કે કોઈ એકના મંતવ્યને માન આપવામાં આવે,

હવે પ્રશ્ન એ છે

કે કોના મંતવ્યને માન આપવું ?

કોણ ખરા અર્થમાં પ્રણામ કરે ?

ઔચિત્ય, સત્ય અને નીતિની દષ્ટિએ વિચારીશ,

તો જવાબ ખૂબ જ સહેલો છે.

You will find my daughter.

**દુનિયાભરનું The art of living,**

**દુનિયાભરનું Life science**

**આપણી સંસ્કૃતિમાં પહેલાથી જ હાજર છે.**

ફરક એટલો છે,

કે દુનિયાની દષ્ટિ માત્ર તાત્કાલિક લાભ અને સ્વાર્થ પર છે,

આપણી સંસ્કૃતિ એ જ કળાને

ઔચિત્ય અને કૃતજ્ઞતાની લાગણીઓથી

પ્રાકૃતિક અને જીવંત બનાવે છે.

બેટા, મુંબઈ - બોરીવલીમાં એક સોસાયટી છે - પુષ્પા પાર્ક.

એમાં એક પરિવાર રહે છે.

માતા-પિતા છે, ૪૦-૪૨ વર્ષના બે પુત્ર છે,

પુત્રવધૂઓ છે, પૌત્રો છે.

આ પરિવારમાં એક વિશેષતા છે.

માતા-પિતા કરતાં કોઈ ઊંચે તો ન જ બેસે.

એમની equal-levelમાં પણ કોઈ ન બેસે.

પિતાજી બહારથી ઘરે આવે

એટલે બંને ભાઈઓ સોફા પરથી ઊભા થઈ જાય.

પિતાજી સોફા પર બેસે

અને બંને ભાઈઓ નીચે જમીન પર બેસી જાય.

પછી તો પુત્રવધૂઓ, પૌત્રો બધાં જ જમીન પર.

મારી વ્હાલી,

I don’t expect you to do so.

I am just showing you the modesty.

New generation will ask.

‘What’s the need to do so ?’

Well,

Very nice question.

My dear,

એક મા એના બાળકને છાતી સરસું ચાંપે એમાં શું ‘જરૂર’ હોય છે ?

એક પ્રેમી એની પ્રેમિકાને સ્નેહથી ચૂમી ભરે એમાં શું ‘જરૂર’ હોય છે ?

લાગણીને ‘જરૂર’ના ગણિત આવડતાં જ નથી.

**ચોક્કસ વ્યક્તિ પ્રત્યે તમારી ચોક્કસ લાગણીઓ હોય છે.**

**અને એ લાગણીઓની ચોક્કસ અભિવ્યક્તિ હોય છે.**

વડીલોએ આપણા પર જે ઉપકારો કર્યા,

એનાથી આપણા હૃદયમાં જે કૃતજ્ઞતાની સંવેદનાઓ જન્મી

એની આ બધી સહજ અભિવ્યક્તિ છે.

એક અજાણી વ્યક્તિ સાથે

કે જેના આપણા પર કોઈ જ ઉપકાર નથી,

એવી વ્યક્તિ સાથે
આપણે જે રીતે વર્તીએ,
બરાબર એ જ રીતે જો વડીલોની સાથે પણ વર્તીએ,
તો એનો અર્થ એ જ થયો ને,
કે આપણા માટે એ બંને સરખા જ છે.

It means,
આપણા પર જાણે વડીલોનો કોઈ ઉપકાર જ નથી.

બેટા,
આને અપલાપ, અપહ્નવ કે નિહ્નવ કહેવાય.
એક માણસને કોઈની પાસેથી 1 Lac Rs. લીધાં હોય,
અને પેલો માંગે, ત્યારે એ અજાણ બની જાય,
ને પોતે Rs. લીધાનો જ ઈન્કાર કરી દે,
એના જેવી આ ઘટના છે.

This is a type of theft my daughter !

This is a type of curruption.

More horrible curruption.

Honesty **એને કહેવાય**
**કે આપણા ઉપકારી સાથેના દરેક વ્યવહારમાં**
**એમના ઉપકારોની સભાનતા... કૃતજ્ઞતા...**
**સહજ રીતે ઉભરી આવે.**

પુષ્પા પાર્કના એ familyના એ બંને ભાઈઓને
નીચે બેસવામાં loss શું થાય છે ?
એમને તો આનંદ થાય છે... કૃતજ્ઞતાની અભિવ્યક્તિનો.
એમના માતા-પિતાને આનંદ થાય છે,
પુત્રોનો વિનય જોઈને.

આખા ઘરમાં આનંદના વાઈબ્રેશન્સ સ્પ્રેડ થઈ જાય છે.

આખું વાતાવરણ જ ફરી જાય છે.

પ્રફુલ્લિત... ખુશનુમા... સુપ્રસન્ન...

My dear, science says,

આવા વાતાવરણમાં રોગો ન થાય,

રોગપ્રતિકારક શક્તિ વધે,

મનની શક્તિઓ પણ વધે,

કદાચ કોઈ રોગ થાય, તો ય હાય-વોય ન થાય.

જલ્દી મટી જાય.

આપણી સંસ્કૃતિમાં આને આશિષ કે દુઆ કહી છે.

આથી ઉલટું,

કૃતજ્ઞતાની સંવેદના નહીં હોય,

નમ્રતા ને વિનય નહીં હોય,

ઉદ્ધતતા ને અક્કડતા હશે,

તો માતા-પિતાના હૃદયમાં કાયમી અજંપો રહેશે.

એમની વેદનાના વાદળો

આખા ઘરને ઘેરી વળશે.

આપણી પરંપરા આને ‘હાય’ કહે છે.

બેટા,

આ ‘હાય’ ખૂબ ખરાબ.

સંત તુલસીદાસ કહે છે -

**तुलसी हाय गरीब की, कबहु न खाली जाय ।**

**मूआ ढोर के चाम से, लोहा भसम हो जाय ॥**

કદાચ સાયન્સ એક દિવસ આના સાયન્ટિફિક એક્સ્પ્લેનેશન્સ આપી દેશે.

પણ આપણે ત્યાં સુધી કેમ રાહ જોવી જોઈએ ?

એક બાજુ આનંદ છે ને બીજી બાજુ અજંપો છે,
એવું તો આપણો અનુભવ જ કહે છે ને ?

મુંબઈના ચોપાટીના કિનારે
એક વિદેશી વૃદ્ધ યુગલ બેઠું હતું.
એ સમયે એક કાર આવીને ત્યાં ઊભી રહી,
બે બાળકો એમાંથી નીચે ઉતર્યા.
કારમાં બેઠેલાં દાદા-દાદીનો હાથ પકડીને
એમણે એમને નીચે ઉતાર્યા.
બંને જણ પડાપડી કરવા લાગ્યા.
"હું દાદા-દાદીને દોરીને લઈ જઈશ..." "હું લઈ જઈશ."
એમના મમ્મી-પપ્પા કારમાંથી બહાર આવ્યા.
એમણે કહ્યું, "બેટા, તમને ન ફાવે.
અમે એમનો હાથ પકડીએ છીએ..."
"ના, મને ફાવશે..."
બાળકો એમની જિદ પૂરી કરવા લાગ્યા.
આ દશ્ય જોઈને પેલા વિદેશી દંપતિ
હિબકા ભરી ભરીને રડવા જ લાગ્યા.
આમ તો આમાં રડવા જેવું કશું હતું જ નહીં.
લોકોનું ધ્યાન એમની તરફ ગયું.
એક જણે એમને કારણ પૂછ્યું.
એમણે જવાબ આપ્યો
કે **"અમારા ત્રણ પુત્રો છે,**
**પણ એમને અમારી સાથે કોઈ સંબંધ જ નથી.**
**એક સ્પેનમાં રહે છે, બીજો ફ્રાન્સમાં રહે છે.**

**અને ત્રીજો ન્યુયોર્કમાં રહે છે.**

**તેઓ કદી અમારી ખબર પણ પૂછતાં નથી.**

**અમને અમારી એકલવાયી જિંદગી નરક જેવી લાગે છે.**

**આ Indian family જોઈને**

**અમને...''**

My dear, This is India.

સારે જહાં સે અચ્છા...

New generation પાસે Logic છે.

કે અમારે અમારી જિંદગી અમારી રીતે કેમ નહીં જીવવાની ?

અમારે Parentsની Underમાં જ રહેવાનું ?

અમારે એમની સેવામાં અમારા મોજ-શોખની આહૂતિ આપી દેવાની ?

But they don't know my daughter,

**કે જો એમના Parents એમની જિંદગી એમની રીતે જ**

**જીવ્યા હોત ને,**

**તો યા તો એમનો જન્મ જ ન થયો હોત.**

**ને યા તો તેઓ અનાથની જેમ મોટા થયા હોત.**

Point no. 2 - Underમાં રહેવાનું.

એ તો ઉલટું સારું છે.

ધોમધમતા તાપમાં છત્રછાયા મળે એનાથી રૂડું બીજું શું ?

**દુનિયાની કોઈ સ્કૂલ, કૉલેજ કે યુનિવર્સિટી**

**જે જીવનોપયોગી શિક્ષણ નથી આપી શકતી,**

**તે માતા-પિતા અને દાદા-દાદી સહજ રીતે આપતા હોય છે.**

આજે ભારતમાં લાખો પરિવારો એવા છે,

જેમાં પરંપરાગત ડોશીમાનું વૈદુ

ક્લિનિક્સ અને હૉસ્પિટલની હાડમારીઓને

સરળતાથી હટાવી રહ્યું છે.
મુગ્ધાવસ્થા અને યુવાવસ્થાની અપરિપક્વતા
અને વડીલોની છત્રછાયાનો અભાવ
આ બે વિષમતાઓએ પશ્ચિમના દેશોમાં
સમસ્યાઓની હારમાળાઓ સર્જી છે.
ડ્રગ્સથી માંડીને ખૂના-મરકી સુધીની
ત્યાંની મોટા ભાગની સમસ્યાઓના મૂળમાં
આ જ વિષમતાઓ રહેલી છે.
ભારતના લાખો વર્ષોનો ઈતિહાસ કહે છે કે
**વડીલોના બહુમુખી વ્યક્તિત્વે**
**આશ્રિતોને અદ્‌ભુત સુરક્ષાકવચ પૂરું પાડ્યું છે.**
તેમણે પોલીસનું કામ કર્યું છે.
કોર્ટનું કામ કર્યું છે.
યુનિવર્સિટીનું કામ કર્યું છે.
ડૉક્ટરનું કામ કર્યું છે.
પ્રસૂતિગૃહનું કામ કર્યું છે.
બેબી સીટરનું કામ કર્યું છે.
નર્સનું કામ કર્યું છે.
હોમ ગાર્ડનું કામ કર્યું છે.
આ લિસ્ટ તો ઘણું લાંબું છે...
આજે પણ ભારતમાં
જ્યાં જ્યાં ભારત જીવી રહ્યું છે,
ત્યાં ત્યાં વડીલો આ કાર્યો કરી જ રહ્યા છે.
એ પણ અનેકગણી સારી રીતે.
પૂર્ણ પ્રેમાળ અને નિઃસ્વાર્થભાવે.

**આ સ્નેહછત્રને ફગાવીને**

**માણસે હકીકતમાં એના સેંકડો સુખોને ફગાવી દીધાં છે.**

વડીલોની ગેરહાજરીમાં

તે તે કાર્ય માટે તે તે ધંધાદારી વ્યક્તિના પનારે પડીને

માણસ શારીરિક રીતે, માનસિક રીતે અને આર્થિક રીતે

કેટલો દુઃખી થયો છે,

તે આપણે આપણી આજુબાજુ જોઈ જ રહ્યા છીએ.

મારી વ્હાલી,

વડીલો જ્યારે શરીરથી સાવ જ લાચાર થઈ જાય,

ને કોઈ જ કામ ન કરી શકે ને,

ત્યારે પણ તેઓ એક મહાન કામ કરી રહ્યા હોય છે.

Do you know what is it ?

**દુનિયાની કોઈ મા પોતાના દીકરાને**

**આશીર્વાદ આપતી વખતે એવું નથી કહેતી,**

**કે બેટા, મને સુખી કરજે.**

**એ એમ જ કહે છે -**

**બેટા, સુખી થજે.**

દીકરો એને પગે લાગે કે ન લાગે.

માનું અંતર સતત એના પર શુભેચ્છા વરસાવ્યા જ કરે છે.

આ અમૃતવર્ષા પુત્રના માટે

અને સમસ્ત પરિવાર માટે

જીવન-સંજીવની બની રહે છે.

ભાવના અને વિચારોની શક્તિ વિશે

વૈજ્ઞાનિકોએ જે સંશોધનો કર્યા છે.

તેમના તારણો Blessingsના આ principalને prove કરે છે.

I suggest you a book - સંસ્કાર ABCD

એમાં આ વિષયના સાયન્ટિફિક રિસર્ચની વાત છે.

મારી વ્હાલી,

ભારતીય સમાજજીવન

એ સમાજજીવનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

યૌવનમાં પોતાના માતા-પિતાને હડધૂત કરનાર

અને એમનાથી છૂટ્ટો થઈ જનાર

પોતાના ઘડપણમાં પોતાના પુત્રો પાસે અપેક્ષા રાખી શકે ખરો ?

રાખે તો એની અપેક્ષા પૂરી થાય ખરી ?

પશ્ચિમી જીવન પદ્ધતિ

સ્વાર્થી, સ્વકેન્દ્રિત અને લગભગ ઉદ્ધત પ્રકારની છે.

આ રીતે જ સુખી થઈ શકાય

એવી ભ્રમણાનો તેઓ ભોગ બન્યા છે.

તેમને ખબર નથી,

કે **જે વસ્તુ સમાજના હિતમાં ન હોય,**

**તે વ્યક્તિના હિતમાં પણ ન જ હોય.**

કારણ કે વ્યક્તિ પણ સમાજનો જ એક અંશ છે.

નીતિવાક્યામૃતમ્નું એક દિવ્ય સૂત્ર છે -

**वृक्षपातनेन फलावाप्तिः सकृदेव ।**

**વૃક્ષને પાડીને ફળની પ્રાપ્તિ**

**ફક્ત એક જ વાર થઈ શકે છે.**

બેટા, શાંતિથી આ સૂત્ર પર વિચાર કરજે.

જીવનના ઘણા રહસ્યો આ સૂત્રમાં છુપાયેલાં છે.

Let's come to the last point - મોજમજા.

તો એનું સીધું સમાધાન એ છે,

કે **મોજ-મજા એ મનની વ્યાખ્યા પર આધારિત હોય છે.**

તમારું મન જેને મોજ-મજા માને
એ તમારા માટે મોજ-મજા છે.
ઉનાળાના વૅકેશનમાં ખુલ્લા મેદાનમાં
ભર તડકે ચાર કલાક સુધી
પરસેવે રેબઝેબ શરીરે દોડાદોડ કરીને
હાંફી જતી વ્યક્તિ પણ એને 'મોજ-મજા' માને છે.
I'm talking about the cricket.
We saw in the chowpaty-example.
દાદા-દાદીની સેવા એ બાળકો માટે
એક મોજ-મજાની વસ્તુ હતી.
એક મા એના સંતાન માટે જેટલી ઘસાય,
જેટલી અડધી-અડધી થાય,
એ બધું જ એની મોજ-મજા જ હોય છે ને ?
My dear,
There are 2 types of the fun.
(૧) સાત્ત્વિક (૨) તામસિક
આપણા સંસ્કારોને શોભે એવી મોજ-મજા
એ સાત્ત્વિક મોજ-મજા છે.
એનાથી ઉલટી હોય એ તામસિક મોજ-મજા છે.
**તામસિક મોજ-મજા**
**એ એવી વાનગી જેવી છે, જેમાં ઝેર ભેળવેલું છે.**
**એ ખાતાં આનંદ આવે એ શક્ય છે.**
**પણ પછી એ મોતની વેદના આપે છે.**

પુષ્પા પાર્કના એ પરિવારના બાળકોએ
પોતાના પિતામાં જે વિનય જોયો

એ વગર ઉપદેશે અપનાવી લીધો છે.

એ હવે સહજ જીવન શૈલી બનશે

અને Modestyની આ Cycle આગળ ચાલશે.

લાખો વર્ષોની આ સ્વસ્થ અને મસ્ત પરંપરા પર

આજે જાતજાતના માધ્યમો દ્વારા

Western attacks થઈ રહ્યા છે.

**જેમ જેમ પરંપરા તૂટે છે**

**તેમ તેમ લોકોની પરેશાનીઓ વધતી જાય છે.**

આપણા જીવનમાં

આ પરંપરાને તૂટવા દેવી

કે અતૂટ રાખવી એ આપણા હાથની વાત છે.

પરંપરાએ વિનયનું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવ્યું છે.

- **त्रिसन्ध्यं नमनक्रिया** : માતા-પિતા-વડીલો-ઉપકારીઓને દિવસમાં ત્રણ વાર પ્રણામ કરવા.
- **चेतस्यारोपितस्य तु** : તેઓ હાજર ન હોય, તો તેમને મનથી યાદ કરીને પ્રણામ કરવા.
- **अभ्युत्थानादियोगश्च** : તેઓ આવે ત્યારે આદરથી ઊભા થઈ જવું, તેમને બેસાડીને તેમના કરતા નીચા આસને બેસવું.
- **तदन्ते निर्भृतासनम्** : તેઓની પાસે એવી રીતે આદરપૂર્વક બેસવું કે તેમની આમાન્યા જળવાય.
- **वचनप्रतिपत्ति** : તેમની વાતનો ઉલ્લાસપૂર્વક સ્વીકાર કરવો.
- **नावर्णश्रवणं क्वचित्** : કદી પણ તેમની નિંદા કરવી નહીં, તેમની નિંદા સાંભળવી પણ નહી.
- **त्यागश्च तदनिष्टानाम्** : તેમને ન ગમે, તેવું ન કરવું.
- **तदिष्टेषु प्रवर्तनम्** : તેમને ગમે, તેવું કરવું.

- **साराणां यथाशक्ति निवेदनम् :** આપણી પાસે જે વસ્ત્ર, આભૂષણ, ચીજ-વસ્તુ સારી હોય, તે એમને આપવી.
- **नामग्रहश्च नास्थाने** : આપણે ગંદકીવાળી જગ્યાએ હોઈએ ત્યારે તેમનું નામ ન લેવું.
- **परलोकक्रियाणां कारणम्** : તેમને સમાધિ અને સદ્ગતિ મળે તેવી ધર્મ અને અધ્યાત્મની પ્રવૃત્તિમાં તેમને પ્રેમપૂર્વક જોડવા અને જાતે પણ જોડાવું.
- **तदासनाद्यभोगश्च** : એમની ચીજ-વસ્તુઓ પોતે ન વાપરવી.
- **तीर्थे तद्वित्तयोजनम्** : તેમના મૃત્યુ બાદ તેમની સંપત્તિ પુણ્ય-કાર્યમાં આપી દેવી, પણ જાતે ન વાપરવી. જાતે વાપરવાથી 'તેમનું મૃત્યુ થયું તો સારું થયું, કે આ સંપત્તિ મળી' આવો દુષ્ટ વિચાર આવી શકે છે.
- **तद्बिम्बन्याससंस्कारः** : તેમની મૂર્તિ કરાવીને તેનો હંમેશા સત્કાર કરતા રહેવું.

મારી વ્હાલી,

ઉપકારીઓના ઉપકારને સમજે,

એને આમાં કશું જ વધુ પડતું ન લાગે

બલ્કે ઓછું લાગે.

અથર્વવેદ કહે છે -

**पितरो देवाः** - માતા-પિતા એ સાક્ષાત્ દેવતા છે.

તૈત્તિરીયોપનિષદ્માં કહ્યું છે -

**मातृदेवो भव** - માતા એ તારા ઈષ્ટદેવતા હો.

**पितृदेवो भव** - પિતા એ તારા ઈષ્ટદેવતા હો.

સ્કન્દપુરાણનું વચન છે -

**मातापित्रोस्तु यः पादौ, नित्यं प्रक्षालयेत् सुतः ।**

**तस्य भागीरथीस्नान-महन्यहनि जायते ॥**

જે પુત્ર

માતા-પિતાના ચરણનું હંમેશા પ્રક્ષાલન કરે છે

તે પ્રતિદિન ગંગાસ્નાનનું ફળ પામે છે.

My dear,

Do you know, How can I tell you all these things ?

તારે આવી આવી રીતે મારો સત્કાર કરવો જોઈએ,

એવું હું તને કહી શકો ખરો ?

આ તો મારા માટે શરમની વાત થઈ.

But I have other points of view.

**(A)** તારામાં આ સંસ્કારો હશે,

તો તારી After marriage life ખૂબ જ સુખી થઈ જશે,

Just like heaven.

**(B)** તારો યશ થશે, તારું સન્માન વધશે.

**(C)** તારા સંતાનોમાં આ સંસ્કારો સહજ રીતે આવી જશે.

**(D)** મારી લાડલી હંમેશા રાણી અને દેવીની જેમ જીવશે.

Can you understand my daughter ?

All this is for you

& not for me.

**હા, તારા સુખથી હું સુખી થઈ જવાનો,**

**એટલા અંશે આમાં મારો સ્વાર્થ ખરો.**

●

# SPEECH

ઈરાનના તત્ત્વજ્ઞ લુકમાન
એક વૃક્ષ નીચે બેઠાં છે.
કેટલાંક જિજ્ઞાસુઓ આવીને એમને પ્રશ્ન કરે છે,
“આપણા શરીરનું શ્રેષ્ઠ અંગ કયું છે ?”
લુકમાને જવાબ આપ્યો - “જીભ.”
“અને સૌથી ખરાબ અંગ ?” તેમણે બીજો પ્રશ્ન કર્યો.
“જીભ.” લુકમાને એ જ અદાથી જવાબ આપ્યો.
જિજ્ઞાસુઓ એક-બીજાની સામે જોવા લાગ્યાં.
લુકમાને કહ્યું,
**“શ્રેષ્ઠ અંગ જીભ છે,**
**કારણ કે એ મડદાંને પણ બેઠાં કરી શકે છે,**
**સૌથી ખરાબ અંગ પણ જીભ છે,**
**કારણ કે એ જીવતાને પણ ઊભા ને ઊભા ચીરી શકે છે.**

This is a fact my daughter,
The tongue is the instrument
of the greatest good & the greatest evil
that is done in the world.
મહાભારતનું મૂળ શું હતું ?
**‘આંધળાના દીકરા આંધળા’**
આટલું એક જ વાક્ય ને ?
કૌરવોનો યુદ્ધમાં વિનાશ થયો, એ સાચું,
પણ દ્રૌપદીએ ય પોતાના પાંચે પુત્રોને ગુમાવ્યા.
શું ફાયદો થયો દ્રૌપદીને ?
મારી વ્હાલી,
શબ્દ એ શસ્ત્ર કરતાં પણ વધુ ભયંકર થઈ શકે છે.

મહાભારતમાં લખ્યું છે -

**रोहते सायकैर्विद्धं वनं परशुना हतम् ।**

**वाचा दुरुक्तं बीभत्सं न संरोहति वाक्क्षतम् ॥**

કુહાડાઓ અને બાણોથી

છિન્ન-ભિન્ન થઈ ગયેલું જંગલ

ફરીથી ઉગી શકે છે,

પણ

કડવા અને તીખા શબ્દોથી જે ઘા પડી જાય છે,

તે રુઝાઈ શકતાં નથી,

**કેટલા વરસો ગયાં એ ભૂંસવામાં !**

**ક્રોધમાં જે શબ્દ બે-ચાર બોલ્યા.**

My dear, there are eight secrets of a good speech.

(૧) **महुरं** - Speak sweet. મીઠી વાણી એ વશીકરણ મંત્ર છે. જેમ આપણને મીઠું વચન સાંભળવું ગમે છે, તેમ બીજાને પણ એ જ સાંભળવું ગમે છે. બધાંને પ્રિય થવાનો આ સરળ ને સચોટ ઉપાય છે - **બોલવું તો માત્ર ને માત્ર મધુર.**

(૨) **निउणं** - Speak smart. જે વિષે પાકી ખબર હોય, એ જ બોલવું. **જ્યારે તમારી વાત ખોટી પડે છે, ત્યારે હકીકતમાં તમે પોતે ખોટા પડો છો.** એટલું ઝડપથી કે એટલું ધીમેથી ન બોલવું કે સાંભળનારને સમજાય જ નહીં. હસતાં-હસતાં બોલવાથી પણ આપણી વાત બીજાને સમજાતી નથી.

(૩) **थोवं** - Speak slight. ઓછું બોલવું. sweet n smart પણ over થઈ જાય, તો કોઈ પણ કંટાળી જશે. ઓછું બોલે, એનું ગૌરવ અને સન્માન વધે છે, એની વાત બધાં ધ્યાનથી સાંભળે છે. એ વ્યક્તિ ઓછું જાણતી હોય, તો પણ સ્કોલર લાગે છે. **બહુ બોલનાર સ્કોલર હોય તો ય ભોટ લાગે છે.**

(૪) **कज्जावडियं** – Speak for purpose. કામ પૂરતું બોલવું. **નકામું ન બોલવું.** Words are gems, Don't waste those.

(૫) **अगव्वियं** – Speak ego-free. ગમે તેટલી સારી કે ગમે તેટલી સાચી વાતમાં પણ જ્યારે અભિમાનની છાંટ દેખાય, ત્યારે એ વાતનું કોઈ જ ઈમ્પોર્ટન્સ રહેતું નથી. **Ego એ ભલે ઊંચા હોવાની ફિલિંગ છે, પણ એનાથી માણસ હંમેશા નીચો જ લાગતો હોય છે.** ગમે તેટલો મહાન માણસ પણ જ્યારે પોતે પોતાના વખાણ કરે, ત્યારે એ પોતાની મહાનતા ગુમાવી દે છે.

(૬) **अतुच्छं** – હૃદયને સાંકડું અને તુચ્છ બનાવ્યા વિના જે શબ્દો ન બોલી શકાય, તે શબ્દો કદી ન બોલવા. કોઈની નબળી વાત, કોઈની દુઃખતી નસ, કોઈનું મર્મસ્થાન એ કદી પણ બોલવાની વસ્તુ છે જ નહીં. એ તો ગળી જવાની વસ્તુ છે. **કોઈને હલકા ચીતરીને ખરેખર તો આપણે જ હલકા બની જતાં હોઈએ છીએ.**

(૭) **पुव्वि मइ संकलियं** – Think before you speak. વિચારીને બોલવું. જ્યાં સુધી આપણે બોલીએ નહીં, ત્યાં સુધી આપણે માલિક હોઈએ છીએ અને શબ્દો ગુલામ હોય છે. એક વાર આપણે બોલી ગયા એટલે શબ્દો માલિક બની જાય છે અને આપણે ગુલામ થઈ જઈએ છીએ. શાણો માણસ હંમેશા બોલતા પહેલા વિચાર કરે છે, મૂર્ખ બોલ્યા પછી વિચાર કરે છે, કે 'હું શું બોલ્યો ?' **વિચાર્યા વગર બોલવાનો સીધો અર્થ છે - નિશાન તાક્યા વિના તીર ચલાવી દેવું.**

(૮) **धम्मसंजुत्तं** – Speak suitable to religion. આપણા ધર્મને શોભે તેવું બોલવું. ક્રોધમાં કે મજાક-મશ્કરીમાં કદી એવું ન બોલવું, જેનાથી આપણો ધર્મ લાજે. સમજુ ડ્રાઈવર વાંકા-ચૂકા રસ્તે હંમેશા કાર પરનો કેન્ટ્રોલ

વધારી દેતો હોય છે. **સંયોગો અસામાન્ય હોય, ત્યારે વાણી ઉપર વિશેષ કાબૂ રાખવામાં જ સમજદારી છે.**

મારી વ્હાલી,
ક્યાંક એક ઘટના વાંચી હતી.
બહેનના લગ્નને હજી તો અઠવાડિયું જ થયું હતું,
ત્યાં ભાઈ ઉપર ફોન આવ્યો,
"તારી બહેનને પાછી લઈ જા,
અમે બધાં એનાથી કંટાળી ગયા છીએ."
ભાઈ દોડતો આવ્યો.
ખાનગીમાં બહેનને મળ્યો, ને વાત કરી.
"ધંધામાં ખૂબ નુકસાની ગઈ છે.
જ્યોતિષીએ કહ્યું કે તારી બહેન
આખો દિવસ મોઢામાં સોનાની ચેઈન રાખે,
તો બરકત આવે.
પણ મારાથી તને આવું શી રીતે..."
બહેનને તો આંખમાં પાણી જ આવી ગયા,
"મારા ભઈલા, તારા માટે ચેઈન તો શું ?
સાંકળ પણ મોઢામાં રાખવા તૈયાર છું."
વેવાઈને ભાઈએ માંડ માંડ મનાવી લીધાં...
"અઠવાડિયું જુઓ, પછી ચોક્કસ લઈ જઈશ..."
અઠવાડિયા પછી ફોન કર્યો,
"કેમ છે હવે ? લેવા આવું ?"
"ના રે ના, **તારી બહેન તો દેવી છે દેવી,**
**એણે તો આ ઘરને સ્વર્ગ બનાવી દીધું છે."**

આખું સાસરું આ વાતે એકમત હતું.

My dear,

કેટલીક સ્ત્રીઓ પોતાના સંસારની કબર

પોતાની જીભથી ખોદતી હોય છે.

અમેરિકામાં એક શ્રીમંત ઑફ થઈ ગયો.

એણે એની મિલકત એની પત્નીને આપી તો ખરી

પણ એના માટે willમાં એક શરત રાખી હતી -

''મારી દર વાર્ષિક શ્રદ્ધાંજલિએ

એણે શહેરના તમામ વર્તમાનપત્રોમાં જાહેરખબર આપવી

કે - **'જો મેં મારી જીભ ટૂંકી રાખી હોત,**

**તો મારા પતિ ઘણું લાંબું જીવ્યા હોત.'**

What did she achieve my daughter ?

જૂના સમયમાં ચૂલા સળગાવવા માટે

ફૂંકણીનો ઉપયોગ થતો હતો.

નિરંકુશ વાણી એ એવી ફૂંકણી છે,

જે આખા ઘર-સંસારને સળગાવી દે છે.

ટોલ્સ્ટોયની ડાયરીમાં એક પાના પર લખેલું હતું -

**'એક દિવસ પણ મારી પત્નીએ**

**મને મીઠા શબ્દો કહ્યા હોત,**

**તો એના સ્મરણથી હું જીવનભર**

**આનંદ માણી શક્યો હોત.**

છગનને એક દિવસ શાંતિની ખૂબ જ જરૂર હતી,

પણ એની પત્ની લેવા-દેવા વગર

બસ બોલે જ જતી હતી...

“મને એક વાતનો જવાબ આપો ને ?
ડૉક્ટરોમાં Eye specialist હોય છે.
Ear specialist અને Teeth specialist હોય છે.
Heart specialist અને Skin specialist હોય છે,
તેમ Tongue specialist કેમ નથી હોતા ?”
છગને ઠંડે કલેજે જવાબ આપ્યો,
“જીભની Treatment શક્ય જ નથી,
એના ડૉક્ટરને અપયશ જ મળે.”

●

# SILENCE

બેટા,

બોલ બોલ કરતી આ દુનિયાને ખબર નથી,

કે મૌનમાં કેટલો આનંદ છે !

શેક્સપિયરે લખ્યું છે -

**Silence is the perfectest herald of joy,**

**I were but little happy,**

**If I could say how much.**

મારી વ્હાલી,

મૌન એ આત્માની માતૃભાષા છે.

એમાં આત્માને જેટલી સુવિધા અને અનુકૂળતા રહે છે,

એટલી બીજે ક્યાંય રહેતી નથી.

માણસ પોતાની ભૂલો ઢાંકવા માટે

કે પોતાની અધુરપ છુપાવવા માટે પણ

બોલ-બોલ કરતો હોય છે,

પણ એક વાત એ ભૂલી જાય છે,

કે વાચાળપણું એ પણ એક પ્રકારની

ભૂલ અને અધુરપ જ છે,

નીતિશાસ્ત્રમાં લખ્યું છે -

**मौखर्यं लाघवकरं** - બોલ બોલ કરવાની ટેવથી નામોશી થાય છે.

**मौनमुन्नतिकारणम्** - મૌનથી ઉન્નતિ થાય છે.

**मुखरं नूपुरं पादे** - ઝાંઝર બોલકણું છે, તેથી પગમાં પહેરાય છે.

**कण्ठे हारो विराजते** - હાર મૌન છે, તેથી ગળામાં શોભે છે.

મારી લાડલી,

રમણ મહર્ષિએ સાચું જ કહ્યું છે

**“મૌન એ સર્વોત્તમ ભાષા છે.’**

મૂર્ખ માણસ

જે અવસરે ઉછળી પડે છે. તૂટી પડે છે.

બેફામ શબ્દોનો મારો ચલાવે છે.

એવા અવસરે

શાણો માણસ ખાસ મૌન રહે છે.

મારી વ્હાલી,

**એવી નબળી પળોમાં મૌન રાખવું,**

**એ સામા માણસને ખરીદી લેવા બરાબર છે.**

મૌનનો Max. benifit એ સમયે થતો હોય છે.

દુનિયાની કોઈ પણ વ્યક્તિ

ખૂબ જ સરળતાથી સમજી જાય છે,

કે એવા સમયે મૌન રાખી શકનાર માણસ

કેટલો મહાન હશે !

એક હિન્દી કહેવત છે -

**एक चुप सौ को हरावे ।**

ચાણક્ય તો આના કરતાં પણ

આગળની વાત કરે છે -

**मौने च कलहो नास्ति ।**

મૌન હોય, તો યુદ્ધ કે વિવાદની શક્યતા જ રહેતી નથી.

બેટા,

દુનિયા કહે છે,

કે એક સ્ત્રી માટે ચૂપ રહેવું ખૂબ મુશ્કેલ છે.

શેક્સપિયરે એક નાટકીય-સંવાદમાં લખ્યું છે.

**Don’t you know ? I’m a woman.**

**When I think, I must speak.**

પણ મને શ્રદ્ધા છે,

તું આ વાતને ખોટી પાડી બતાવીશ.

My dear,

તારા સંપર્કમાં આવનારી સ્ત્રીને

તું સરળતાથી સ્વીકારી શકે,

એ માટે તું એ વાતને હંમેશા યાદ રાખજે.

અને અણગમતા શબ્દોને લાઇટલી લેજે.

પણ જ્યારે

તારી પોતાની બાબત હોય,

ત્યારે એ વાતનું કોઈ જ વજૂદ રહેવા ન દેતી

**Let Silence be your power my daughter.**

**Love you very much.**

●

# SOCIETY

બેટા,

સમાજમાં હજુ પણ કેટલીક એવી વ્યક્તિઓ હોય છે.

જે રામાયણના ધોબીનો રોલ કરતી હોય છે.

સાવ નિર્દોષ સ્ત્રીને પણ તેઓ વગોવી શકતા હોય,

તો પછી જે છોકરી છૂટછાટપૂર્વક વર્તતી હોય,

તેના માટે તો શું ન થઈ શકે ???

જે છોકરીનું એક વાર નામ બગડે,

પછી તેને સારો છોકરો મળવો મુશ્કેલ થઈ જાય છે.

**सत्या वा यदि वा मिथ्या, प्रसिद्धिर्जयिनी नृणाम् ।**

**પ્રસિદ્ધિ સાચી હોય કે ખોટી,**

**એની ચોક્કસ અસર જરૂર હોય છે.**

મારી વ્હાલી,

વાત માત્ર 'ધોબી'એ નથી અટકતી.

આપણી આજુ-બાજુ રાવણો અને દુઃશાસનો પણ છે.

આજનું મીડિયા

પૂરી શક્તિથી આવા માણસોને પકવવા માટે

જાણે મરણિયું બન્યું છે.

જ્યારે એક દુર્ઘટના ઘટે છે,

ત્યારે એમાં સ્ત્રીના પક્ષે બીજા પણ કારણો

ભાગ ભજવતા હોય છે.

જેમ કે એનું વર્તન, એનો વ્યવહાર, એનો પોશાક,

વાતચીતની છૂટછાટ, પુરુષ-સંપર્કો,

હરવા-ફરવાની વધુ પડતી છૂટછાટ

વગેરે વગેરે.

સ્કૂલ-કૉલેજોમાં કેટલાંક છાકટા યુવાનો હોય છે.

જેમની પહેલી પસંદ આવી કન્યાઓ હોય છે.

તેઓ તેમને લગ્નનું વચન આપે છે,
પછી એમની સાથે સંબંધ કરે છે
ને પછી શેરડીના કૂચાની જેમ
એને તરછોડી દે છે.
છોકરી સામાજિક રીતે બદનામ થઈ જાય છે
અને જીવનભરનું દુઃખ એના માથે આવી પડે છે.
પેલો છોકરો શ્રીમંત ઘરનો હોય,
કે કમાતો હોય,
તો એને પોતાની દીકરી પરણાવવા માટે
લોકો તૈયાર હોય છે,
પણ જે કન્યા વગોવાઈ
એને પરણનાર કોઈ જ મળતું નથી.
મારી વ્હાલી,
આ બાબત જ એટલી ગંભીર છે,
કે આમાં
એ છોકરો વંઠેલ કે છાકટો નથી,
એ સારો છે,
એ મર્યાદાશીલ છે,
He is just a friend.
આવી બધી વાતો બિલકુલ અર્થહીન બની જાય છે.
**તું અત્યારે એવા Time-Periodમાંથી Pass થઈ રહી છે**
**કે આ સમયે**
**તે કરેલી નાની પણ ભૂલ**
**તને અને મને જીવનભરનું રુદન આપી શકે છે.**
Will you believe my daughter ?
છોકરાની વાત તો દૂરની છે,

આ ઉંમરે સમાનવયની છોકરીઓ સાથેનું પણ
વધુ પડતું મળવું કે એકાંતમાં મળવું
એ સારું નથી જ.
આજે પણ જાપાનીઝ માતા
પોતાની દીકરીને લગ્નદિને એક શીખ આપે છે.
કે **તું ભલે Young છે,**
**પણ તું યુવતીઓની ટોળીમાં નહીં બેસતી,**
**પણ વૃદ્ધાઓ પાસે જ બેસવાની ટેવ રાખજે.**
બેટા,
સ્ત્રી કોઈ કારણસર ઘરની બહાર જાય,
તો એની માતા જેવી સ્ત્રીઓની સાથે જ જાય.
એવું આપણી સંસ્કૃતિમાં કહ્યું છે.
**મર્યાદાથી છટકવું ખૂબ સહેલું છે,**
**પણ મર્યાદાથી છટકવાના પરિણામથી છટકવું,**
**એ સહેલું નથી.**
સંસ્કૃતિ પર હસનારા,
એની છડે ચોક મશ્કરી ઉડાવનારા,
અને મર્યાદા ફગાવી દેવા માટે સ્ત્રીને ઉશ્કેરનારા તત્ત્વો
એક પણ સ્ત્રીને એના દુષ્પરિણામથી
બચાવી શક્યા છે ખરા ?
'શક્યા' આ તો ઘણા સારા શબ્દો છે બેટા,
બાકી,
ભૂખ્યા વરૂઓની વચ્ચે ભીંસાતી, પીસાતી અને રહેંસાતી
કૂમળી કન્યાઓની
એ તત્ત્વોને કશી જ દરકાર હોતી નથી.
હોત,

તો તેઓ એવો ધંધો જ ન કરતા હોત.

મારી વ્હાલી,

તારી મર્યાદા કોઈને પસંદ ન પડે,

ને એ લોકો તને મણિબહેન કહે

એટલા માત્રથી તારે તારી લાઈફ-સ્ટાઈલમાં ચેન્જ કરી દેવો,

એ જરૂરી નથી.

તારે તારું રિમોટ એમના હાથમાં શા માટે આપી દેવું જોઈએ ?

**એક મણિબહેન મેડોના બન્યા બાદ**

**જે દુઃખો ભોગવતી હોય છે,**

**એની એમને ખબર હોતી નથી,**

**અને ખબર હોય,**

**તો એની એમને ફિકર હોતી નથી.**

Use your own brain my daughter,

છોકરી એવી કોમેન્ટ્સને મન પર લે,

અને એનો ડ્રેસ, એનું બિહેવિયર - બધું ચેન્જ કરી દે,

એટલે પછી એ લોકો જ

એને ‘ચાલુ’નો ઈલ્કાબ આપી દેતા હોય છે.

બેટા,

**આપણો પહેરવેશ અને આપણી વર્તણૂંક**

**સમાજમાં એક ચોક્કસ ઈમેજ ઊભી કરે છે.**

આમાં છૂટછાટ લેતી છોકરી

અંગત જીવનમાં-ખાનગીમાં

અનિચ્છનીય છૂટ-છાટો લેતી હશે.

એવી સહજ કલ્પના લોકોને થતી હોય છે.

આ સ્થિતિમાં

એ છોકરીની બદનામી થાય

અને છાટકા છોકરાઓ દ્વારા એને ફસાવવાનો પ્રયાસ થાય.

આ બંને સહજ છે.

બની શકે કે એ છોકરી અંગત જીવનમાં સારી પણ હોય,

પણ એના કોઈ પ્રમાણપત્રો હોતા નથી.

As a result,

She has to suffer.

She has to fight a horrible life-war.

મારી વ્હાલી,

સમાજની અપેક્ષા છે

કે તમે તમારી મર્યાદામાં રહો.

પૂર્ણ મર્યાદામાં.

અને એમાં કશું ખોટું નથી.

**મર્યાદા એ સમાજના પણ હિતમાં છે,**

**વ્યક્તિના પોતાના પણ હિતમાં છે.**

**અને**

**વ્યક્તિના પરિવારના પણ હિતમાં છે.**

બેટા,

સમાજને કદી વખોડતી નહીં,

આપણી પરંપરાની સમાજ-વ્યવસ્થા

માનવસ્વભાવને અને સુખી જીવનને

ખૂબ જ અનુકૂળ છે.

આજે ગામડાંનો ભણેલો વર્ગ શહેરમાં જાય

ત્યારે સમાજ-જ્ઞાતિથી અળગા થવા માટે

હવાતિયા મારે છે.

પણ જ્યારે પ્રશ્ન ત્યાં જ આવીને ઊભો રહે

ત્યારે એ સમાજને શોધે છે.

આજે પણ એવા અઢળક સમાજો છે,

જેઓ આરોગ્ય, શૈક્ષણિક, સુરક્ષા, ન્યાય વગેરે

ઘણી બધી બાબતોમાં

સરકારી કે ખાનગી સંસ્થાઓ કરતાં

અનેકગણી સારી સેવાઓ આપે છે,

એ પણ નિ:સ્વાર્થભાવે.

આ સેવાઓના લોભથી સમાજને અપનાવવો,

એવું હું નથી કહેતો,

આ તો સમાજના યોગદાનોની વાત છે.

મારી વ્હાલી,

**હકીકતમાં તો સમાજની શરમ**

**માનવને દાનવ થતાં રોકે છે,**

**અને**

**વ્યક્તિગત-સમષ્ટિગત ઘણી બધી હોનારતોથી બચાવી લે છે.**

**આ જ સમાજનું સર્વોત્કૃષ્ટ યોગદાન છે.**

સમાજના અભાવે પેદા થયેલા દાનવોએ

વિદેશમાં કેવો હાહાકાર મચાવ્યો છે !

એ તું જાણીશ

તો ખરેખર ચોંકી જઈશ.

**હકીકતમાં પરિવાર અને સમાજ વિના**

**બે જ વ્યક્તિ સુખેથી જીવી શકે.**

**એક - પાગલ**

**અને બીજો - યોગી.**

બેટા,

એક બાજુ આપણી પાસે

સદીઓની પરંપરાથી આવેલો સ્વસ્થ સમાજ છે
અને બીજી બાજુ નવી વિચારણાઓના પૂર છે.
મને તારા પર વિશ્વાસ છે બેટા,
કે તું એમાં તણાઈ નહીં જાય.
તું કદી પણ છાટકી છોકરીઓની જેમ
Just for fun
Enjoy and forget
મજા ખાતર મજા અને પછી ભૂલી જવાનું,
આવી છીછરી વૃત્તિનો ભોગ નહીં બને.
જે વસ્તુ
ગંભીરતાનો અને જવાબદારીનો વિષય છે
એને તું એ રીતે જ સમજીશ.
Am I right my dear ?
O my wise daughter.

નવી વિચારણાનું એક પૂર આ છે -
Live in relationship.
આધુનિક યુવતીને લગ્ન અને પતિ નથી જોઈતા
She argues -
'Why Responsibility ?'
જવાબદારી ન જોઈએ,
એના કરતાં Live in Relationship શું ખોટી ?
એક છત નીચે પતિ-પત્ની તરીકે સાથે રહી શકાય.
કોઈ રિવાજ/શરતનું પાલન નહીં કરવાનું.
આનું પણ વધુ આધુનિક રૂપ છે -

Marriage live apart arrangement.

અલગ અલગ રહેવાનું.

Weekના થોડા દિવસ સાથે વિતાવવાના.

Long term commitment પણ નહીં.

પણ બેટા,

**આમાં સ્ત્રીનું શોષણ નહીં થાય**

**એની ખાતરી છે ?**

સંતાન નહીં થાય ?

સંતાનનું ભાવી શું ?

મારી વ્હાલી,

આ પદ્ધતિથી વિદેશમાં

પરિવાર, સમાજ, દેશ - બધું જ ખાડે ગયું છે.

આપઘાતો વધ્યા છે,

પાગલપણું અને માનસિક બીમારીઓ વધ્યા છે

અને અપરાધો પણ ખૂબ ખૂબ વધ્યા છે.

બેટા,

છોડ ઉખેડાયા કરે, તો મૂળ ઊંડા ન જાય,

ન ફળ-ફૂલ આવે,

ન છોડ સ્વસ્થ રહે,

એ જલદીથી સૂકાઈ જાય.

એક વાત હંમેશા યાદ રાખજે,

કે **માનવસ્વભાવ મશીનની જેમ**

**નવા પાત્રો સાથે સેટ થવા**

**અને જૂનાને ભૂલવા ટેવાયો નથી.**

વિદેશમાં સ્વસ્થ અને ટકાઉ લગ્નજીવનની અછત

સૌથી વધુ કોને પીડે છે, ખબર છે ?

એ છે સ્ત્રી.
૬૦-૬૫ વર્ષની ઉંમરે ય એ મજૂરી કરે છે.
ફરજિયાત ઘર-ખર્ચ આપે છે
અને સતત અસલામતી અનુભવે છે.
પુરુષ એને જ્યારે કાઢી મૂકે
ત્યારે એણે નીકળી જવું પડે.
નીકળીને જવું ક્યાં ?
એ પ્રશ્નનો એની પાસે કોઈ જ જવાબ નથી.
કદાચ
એની જિંદગી પૂરી થઈ જાય,
તો ય આ સવાલનો જવાબ મળતો નથી.
કારણ કે
એ જ્યાં પણ જાય
ત્યાં અસલામતીની તલવાર
એના પર લટકતી જ રહેતી હોય છે.
આધુનિક નારીને ખબર નથી,
કે પરાવલંબી હોવું
એ જેમ પુરુષ માટે કલંકરૂપ છે
એમ સ્વાવલંબી હોવું
એ સ્ત્રી માટે કલંકરૂપ છે.
બીજા શબ્દોમાં કહું,
તો **એક સ્ત્રી માટે**
**પરાવલંબન એ જ ખરા અર્થમાં સ્વાવલંબન હોય છે.**
જૉબ કરતો માણસ
બૉસને આધીન રહે છે,
અને તેના દ્વારા આર્થિક લાભ મેળવે છે.

તેમ સ્ત્રી પણ પતિને આધીન રહીને
શીલની સુરક્ષાનો લાભ મેળવતી જ હોય છે.
જૉબ કરતાં માણસને
જેમ ‘આધીનતા’ નથી દેખાતી હોતી,
પણ ‘લાભ’ જ દેખાતો હોય છે,
બરાબર તે જ રીતે આ બાબતમાં પણ સમજવું જોઈએ,
મારી વ્હાલી,
તે અવાર-નવાર એવા News જાણ્યા હશે,
કે કૉલેજની છોકરીને કોઈ નરાધમોએ આંતરી,
એનો બૉયફ્રેન્ડ ભાગી ગયો.
ને એ બિચારી એમનો શિકાર બની ગઈ.
Why did he run away ?
Yes my daughter,
find out the answer.
કારણ કે એ બૉયફ્રેન્ડને
એ છોકરીની જવાબદારી જેવો કોઈ અહેસાસ જ ન હતો.
**આની સામે**
**એવા thousands of examples છે,**
**જેમાં પતિએ પત્નીની સુરક્ષા માટે**
**પોતાની જાનની પણ બાજી લગાવી દીધી હોય**
**કે પોતાનો જાન સુદ્ધાં આપી દીધો હોય.**
લગ્ન એ બંધન નથી બેટા.
એ બંધન છે, તો નરાધમો માટે,
એ એમને સ્ત્રીનું શોષણ કરતા અટકાવે છે.
સ્ત્રી માટે તો લગ્ન એ સુરક્ષા છે.
પૂર્ણ સુરક્ષા.

પતિ પોતાનો જાન પણ જેના માટે આપી દેવા તૈયાર હોય,
એના પર એ થોડો-ઘણો આધિપત્યનો ભાવ રાખે,
તો એમાં ખોટું શું છે ?
**એવું હોય,**
**તો ય સ્ત્રી જ પ્લસમાં છે.**
પતિને પરમેશ્વર માનવાની આપણી સંસ્કૃતિ
જેમને સમજાતી નથી.
તેમનું અણસમજનું ક્ષેત્ર ઘણું મોટું છે.
ખોટા ગુમાનમાં
તેઓ લાખોગણી ગુલામી સ્વીકારી લેતા હોય છે.
મારી વ્હાલી,
**લગ્ન એ મહત્ત્વપૂર્ણ અર્થસભર સંબંધ છે,**
**એને સફળ બનાવી શકાય છે.**

તને કદાચ ખબર નહીં હોય,
લગ્ન એ તો જ્યોતિષશાસ્ત્રનો મુહૂર્ત-સંબંધી શબ્દ છે.
આપણે જેને 'લગ્ન' કહીએ છીએ,
એના માટેનો ખરો શબ્દ છે **'વિવાહ.'**
**वि + वह्** ધાતુથી આ શબ્દ બન્યો છે.
જેનો અર્થ છે વિશેષથી વહન કરવું - ઉપાડવું.
આ સંદર્ભમાં પતિ માટેનો સમાનાર્થી શબ્દ છે - **વિવોઢા**,
જેનો અર્થ છે વિશેષથી વહન કરનાર.
**એક પુરુષ એક સ્ત્રીની**
**બધી જ જવાબદારીઓને પોતાના માથે લઈ લે**
**એનું નામ છે વિવાહ.**
આધુનિક સ્ત્રી જેને સ્વતંત્રતા સમજે છે,

એની કિંમત એ આ બધી જ જવાબદારીઓને
માથે લઈને ચૂકવે છે.
જે જવાબદારીને ઉપાડવી
એના માટે હકીકતમાં શક્ય જ નથી હોતી.
બેટા,
**લગ્નજીવન એ સ્ત્રીનું સ્વર્ગ છે.**
સાધ્વી/સંન્યાસિનીને બાદ કરીએ
તો અપરિણીતા સ્ત્રી
નરકની યાતનાઓ ભોગવતી હોય છે.
વિદેશમાં આના લાખો ઉદાહરણો છે.
'આ ભાર કોણ ઉપાડે ?'
એવી મેન્ટાલિટીથી ત્યાંના પુરષો પરણતા નથી.
પ્રેમના ભાવાવેશમાં
ક્યારેક કોઈ એની ગર્લફ્રેન્ડને
મૅરેજ માટે પ્રપોઝ કરી દે
ત્યારે એ છોકરી હર્ષની કીકિયારીઓ કરી મૂકે છે.
કેટકેટલી ઉદાસીઓનું પ્રતિક હોય આ હર્ષ.
તું સમજી રહી છે ને બેટા ?
આપણે ત્યાં વિચિત્ર પરિસ્થિતિએ
પગ-પેસારો કરવાનું શરૂ કરી દીધું છે.
લગ્નેચ્છુક પુરુષો હોવા છતાં
પશ્ચિમની આંધળી દોટમાં
એવી દલીલો કરનારી સ્ત્રીઓ દેખા દે છે.
કે 'લગ્નની શું જરૂર છે ?'
પણ આ પ્રશ્નનો ખરો જવાબ તેમને મળી જાય.

ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે.

એક સુખી અને સ્વસ્થ લગ્નજીવન

શરૂ કરવાની લાયકાત

તે સ્ત્રીઓ ગુમાવી ચૂકી હોય છે.

●

# CHARACTOR

બેટા,

**ઊંચું ચારિત્ર એ સફળ લગ્નજીવનનું સોપાન છે.**

જે કન્યાને આ વાત મોડે મોડે સમજાય છે

તે કન્યા

માતા-પિતા માટે ડુંગરો બનીને રહે છે.

હત્યા... કોઈ કેનાલમાં ભૂસકો... કોઈ ફ્લેટથી કૂદકો...

ગાડીના પાટે આપઘાત... ફાંસો... ઝેરી દવા...

આ બધું જ મોટા ભાગે

સ્ત્રી-પુરુષના ચારિત્રના પ્રશ્નોને કારણે ઉદ્‌ભવતું હોય છે.

મારી વ્હાલી,

એક સૂત્ર તું જીવનમાં હંમેશા યાદ રાખજે

**If Wealth is lost, nothing is lost.**

**If Health is lost, something is lost.**

**But,**

**If charactor is lost, everything is lost.**

બેટા,

આજના સમયમાં કેટલીક એવી યુવતીઓ હોય છે

જેમને 'મહત્ત્વાકાંક્ષા' નામનો રોગ થયો હોય છે.

તેમને ઝટપટ મંઝિલ જોઈએ છે,

ઘણા બધાં રૂપિયા, પ્રસિદ્ધિ અને સ્ટેટસ જોઈએ છે,

અને

ચારિત્રના મૂલ્યો કરતાં

એમને મનમાં ઘરબાયેલા એશ-આરામ, કારકિર્દી, સગવડ

ને પૈસાનું મૂલ્ય વધારે હોય છે.

કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પડે

એવી એમની જીવનની ફિલસૂફી હોય છે.

તેઓ બહુ સહજતાથી વિચારે છે -
Give & take એમાં ખોટું શું છે ?
દાદરો ચઢીને ઉપર જવું
એના કરતાં આ સેક્સ-એસ્કેલેટર શું ખોટું ?
My dear,
They don't know, what's not wrong here.
ખોટા રસ્તે મળેલી સફળતા કે સંપત્તિ
હંમેશા ટૂંકા ગાળાની હોય છે.
કારકિર્દી પાછળ દોડતાં
કદાચ ગાડી અને બંગલો મળી જાય છે,
પણ પરિવારથી... શાંતિથી... સ્વસ્થતાથી
અને સાચા સુખથી વિખૂટા પડી જવાય છે.
મારી વ્હાલી,
**સફળ અને પૈસાદારની વ્યાખ્યા**
**રોજ બદલાય છે**
સૌથી વધુ સંપત્તિ ધરાવનારાઓના લિસ્ટમાં
દર વર્ષે ફેરફાર થાય છે.
આજે ફિલ્મોમાં સુપરસ્ટાર કોઈ એક છે,
તો કાલે કોઈ બીજો છે.
**જે આ બધી રેસમાં ઉતરે છે.**
**એને જીવનભર દોડ્યા જ કરવું પડે છે,**
**એ પણ કેટકેટલા અનિચ્છનીય સમાધાનો સાથે.**
તો એવી રેસમાં ઉતરવા કરતાં
સારા અને સાચા બનવું, એ જ વધુ સારું નહીં ?
ખરી રીતે તો આને જ સફળતા કહેવી જોઈએ.
અને આને જ સંપત્તિ કહેવી જોઈએ.

**शीलं हि विदुषां धनम् ।**

શીલ એ જ વિદ્વાનોનું ધન છે.

જેઓ સમજદાર છે.

તેમને તો કેરેક્ટર એ જ વેલ્થ લાગે છે.

Tell me my daughter,

What's the beauty of a woman ?

You may say,

જે ગમે તે સૌંદર્ય,

Well, માણસને શું ગમે ?

શું લિપ્સ્ટિક એ સૌંદર્ય છે ?

No, જો એવું જ હોત,

તો લિપ્સ્ટિક લગાડવાથી દરેક વ્યક્તિ સુંદર બની જતી હોત.

શું પફ પાઉડર, બ્યુટી ક્રીમ, ફેસિયલ કે આઇબ્રો ટ્રીટ એ સૌંદર્ય છે ?

ના, જો એવું જ હોત,

તો રેગ્યુલર આ બધું યુઝ કરનાર સાથે

કોઈ ડાયવોર્સ ન લેતું હોત.

શું જ્વેલરી અને વેસ્ટર્ન ડ્રેસ એ સૌંદર્ય છે ?

ના, જો એવું જ હોત,

તો વેસ્ટર્ન કન્ટ્રિસમાં આટલા બધાં મર્ડર્સ

અને આટલી બધી હૈયાહોળીઓ ન હોત.

આપણે ફરીને ત્યાં જ આવીને ઊભા છીએ,

What's beauty ?

એવું કયું તત્ત્વ છે, જેની ગેરહાજરી

સુંદરને પણ અસુંદર બનાવી દે છે ?

એવી કઈ વસ્તુ છે,

જે નારીના સોળ શણગાર કરતાં પણ ચડિયાતી છે.

એવું શું હોઈ શકે,

જે નારીને ખરા અર્થમાં શણગારે છે ?

My dear,

એ છે શીલ અને લજ્જા.

બૃહત્કલ્પ આગમમાં કહ્યું છે -

**ण भूसणं भूसयते शरीरं**

**विभूसणं सील हिरी य इत्थीए ।**

**હકીકતમાં**

**આભૂષણ શરીરને નથી શણગારતું.**

**શીલ અને લજ્જા શણગારે છે.**

**સ્ત્રીનું ખરું આભૂષણ આ જ છે -**

**શીલ અને લજ્જા.**

મન, વાણી અને દેહની પવિત્રતા એ શીલ છે

અને

સહજ શરમ એ લજ્જા છે.

જે સ્ત્રી પાસે આ બે શણગાર નથી

એ દુનિયાભરના શણગારો કરે

તો ય ખરા અર્થમાં એ કદરૂપી જ રહેશે.

મારી વ્હાલી,

તું જે સમયમાં જીવી રહી છે.

એ સમયમાં સંસ્કૃતિ પર વિકૃતિનું આક્રમણ થયું છે.

શીલ અને લજ્જાના ફુરચે ફુરચા ઉડાવી દેવાની

જાણે સ્પર્ધા ચાલી છે.

ને એની સાથે સાથે જ

દુનિયા એના દુષ્પરિણામોને ભોગવી રહી છે.

મારી વ્હાલી,

આપણી સાંસ્કૃતિક જીવનશૈલીમાં

શીલ અને લજ્જા જીવતાં હતાં,

સૌંદર્ય અને શણગાર જીવતા હતાં

અને સચોટ શબ્દોમાં કહું,

તો સ્ત્રીત્વ જીવતું હતું.

બેટા,

**૧૦માંથી ૧૦ જાય તો ૦ બાકી રહે છે.**

**પણ**

**જો સ્ત્રીમાંથી સ્ત્રીત્વ જતું રહે,**

**તો હોનારત બાકી રહે છે.**

એક કડવું સત્ય એ છે

કે આધુનિક લોકો જેને નારી-સ્વાતંત્ર્ય કહેતા હોય છે,

એ actualy નારીની સ્મશાનયાત્રા હોય છે.

ને પછી કહેવાતો વિકાસ

એ મડદાંના શણગારથી વધુ કશું જ રહેતો નથી.

સ્ત્રીત્વની હિંસામાં

મને વર્તમાન સમયનો સૌથી મોટો અપરાધ દેખાઈ રહ્યો છે.

જેનાથી કદાચ આપણો સમગ્ર સમાજ

સર્વનાશના ખપ્પરમાં હોમાઈ જશે.

મારી વ્હાલી,

**'સ્ત્રીત્વ' એ જ સમાજજીવનની સંજીવની છે.**

**એ જીવશે**

**તો સમાજ જીવી જશે.**

•

# 11

# SECRETS

My dear,

I tell you 11 secrets to protect our charactor.

**(૧) એકાંત ત્યાગ :**

શીલ માટે Most dangerous છે એકાંત.

આપણી ભીતરના પશુઓ બહાર આવવા માટે

એકાંતની રાહ જોતા હોય છે.

**એકાંતમાં મનને પવિત્ર રાખવાનો પ્રયાસ કરવો**

**એ કોલસાના કોઠારમાં જઈને**

**ચોકખા-ચટ રહેવાનો પ્રયાસ કરવા બરાબર છે.**

That's almost difficult or impossible.

મારી વ્હાલી,

બાઈબલમાં તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે

કે જ્યારે પરસ્ત્રી અને પરપુરુષ એકાંતમાં બેસે છે,

ત્યારે એ બંને વચ્ચે શેતાન આવીને બેસે છે.

આપણી સંસ્કૃતિ કહે છે -

**अग्निकुण्डसमा नारी,** - નારી એ અગ્નિકુંડ સમાન છે.

**घृतकुण्डसमो नरः ।** - નર એ ઘીના કુંડ સમાન છે.

**संसर्गेण विलीयेत,** - સંસર્ગ થાય એટલે એ પીગળે જ.

**तस्मात् सङ्गं विवर्जयेत् ॥** - માટે સંગનો ત્યાગ કરવો.

ધમ્મિલ-ચરિત્ર નામના ગ્રંથમાં તો

ત્યાં સુધી કહ્યું છે કે -

**आस्तां परपुमान् यूना** પરપુરુષની વાત તો જવા દો, પણ પોતાના

**पित्रा भ्रात्रा सुतेन वा ।** યુવાન પિતા-ભાઈ-પુત્ર પણ

**एकाकिना सहैकान्ते** એકલા હોય, ત્યારે તેમની સાથે એકાંતમાં

**न स्थातव्यं कुलस्त्रिया ॥** કુલીન સ્ત્રીએ ન રહેવું જોઈએ.

મારી વ્હાલી,

સત્ય એ સત્ય છે,

'એમાં શું થઈ ગયું ?' એવી લાખ દલીલો પણ

સત્યને અસત્ય કરી શકતી નથી.

સત્ય એ સૂરજ છે.

એની સામે ધૂળ ઉડાડો

તો ય એ તો 'એ' જ રહે છે.

માટે જ પુરુષને ઉદ્દેશીને પણ

પ્રાચીન શાસ્ત્રોએ સ્પષ્ટ કહ્યું છે કે.

| | |
|---|---|
| **मात्रा स्वस्रा दुहित्रा वा** | સગી માતા, બહેન કે દીકરી |
| **न विविक्ताऽऽसनो भवेत् ।** | સાથે પણ એકાંતમાં ન બેસવું. |
| **बलवानिन्द्रियग्रामो** | ઈન્દ્રિયો એટલી બધી બળવાન છે |
| **विद्वांसमपि कर्षति ।** | કે સમજદારને પણ |
| (મનુસ્મૃતિ ૨-૨૧૫) | ખોટે રસ્તે તાણી જાય છે. |

This is the fact my daughter.

પવિત્રથી ય પવિત્ર સંબંધોને

એકાંત રફે-દફે કરી શકે છે,

તો પછી બીજી વ્યક્તિઓ સાથેનું એકાંત તો

કેટલું ખતરનાક કહેવાય !

કદાચ 'ખતરનાક' શબ્દ એના માટે ઓછો પડે.

મહાકવિ કાલિદાસને

એક વાર રાજાએ પૂછ્યું,

'સૌથી ખરાબ શું છે ?'

કાલિદાસ વિચારમાં પડી ગયા,

જવાબ આપવા માટે સમય માંગ્યો.

ઘરે આવ્યા. ચિંતામાં ગરકાવ થઈ ગયા.

રાજાનો સવાલ. જવાબ શોધી લાવ્યા વિના છૂટકો નહીં.

પિતાજીને ચિંતામાં જોઈને દીકરીએ આગ્રહ કરીને કારણ પૂછ્યું.

કાલિદાસે વાત કરી.

દીકરી કશું ન બોલી.

રાત પડી.

કાલિદાસ એમના કક્ષમાં એકલા હતાં.

એમની દીકરી સોળે શણગાર સજીને ત્યાં આવી.

સોળે કળાએ ખીલેલી મોહકતા.

ફાટ ફાટ થતું એનું રૂપ

અને એમાં ય એકાંત.

કાલિદાસ મૂઢ બની ગયાં.

દીકરીને બાથમાં લઈ લેવા એ દોડ્યા.

એ જ સમયે દીવો બુઝાવી દેવાયો.

દીકરી દોડીને ત્યાંથી જતી રહી.

સવાર પડી.

કાલિદાસ પોતાનો ચહેરો ઢાંકીને

આંસુની ધારા વહાવતા હતાં.

ત્યાં દીકરી આવી.

પિતાજીને પ્રણામ કરીને બોલી,

"રડો નહીં પિતાજી !

કશું જ થયું નથી.

આ તો મેં ફક્ત આપના સવાલનો જવાબ શોધી આપ્યો છે.

**સૌથી ખરાબ છે એકાંત.**

**કારણ કે એ સારી વ્યક્તિને પણ ખરાબ બનાવી દે છે."**

મારી વ્હાલી, પુરુષ કે સ્ત્રીનું
કોઈ પુરુષ સાથેનું એકાંત પણ ખરાબ છે.
કોઈ સ્ત્રી સાથેનું એકાંત પણ ખરાબ છે.
અને
વ્યક્તિ સાવ એકલી જ હોય,
એ એકાંત પણ ખરાબ છે.
પવિત્રતાને જોખમમાં મૂકીને
પછી એને સાચવવાનો પ્રયાસ કરવો
એના કરતાં લાખગણું બહેતર એ છે
કે પવિત્રતાને જોખમમાં જ ન મૂકવી.
બેટા,
**અમુક નિયમોમાં તમે બાંધ-છોડ ન જ કરો**
**તો શીલપાલન સહેલામાં સહેલું છે**
**અને નહીં તો**
**એના જેવું અઘરું બીજું કશું જ નથી.**

**(૨) સાત્ત્વિક વાંચન :**

વાંચન એવું જ કરવું
કે જે આપણા સંસ્કારને શોભે
અને આપણી પવિત્રતાને પોષે.
આજના News papers, Magazines, Novels etc.
મોટા ભાગે સંસ્કાર અને પવિત્રતાના enemies હોય છે.
મારી વ્હાલી,
વાંચવું એવું, જેને આપણે સભ્ય લોકોમાં જાહેર કરી શકીએ.
અથવા
જેને કોઈ જાહેર કરે

તો આપણે બિલકુલ શરમાવું ન પડે.

બેટા,

આપણું ગૌરવ તો એ ભૂમિકા સુધી પહોંચવામાં છે,

કે જેમાં આપણા બધા જ વિચારો

જાહેર થઈ જાય,

તો ય આપણા સન્માનને કોઈ આંચ ન આવે,

બલ્કે આપણું સન્માન વધી જાય.

પણ એ ભૂમિકા ક્યારે મળે ?

જ્યારે આપણી બધી પ્રવૃત્તિ સારી હોય.

**સારી પ્રવૃત્તિ એ સારા વિચારોની**

**એક માત્ર આધારશિલા છે.**

આજે પણ એવા સેંકડો પુસ્તકો મળે છે,

જે આપણા સદ્ગુણોનું જતન કરે,

આપણા દોષોને દૂર કરે,

જીવન જીવવાની આપણને નવી જ ઊર્જા આપે

અને આપણા આત્માનો ખરો વિકાસ સાધી આપે.

My dear,

Good books are the nector on the earth &

bad books are the most dangerous poison.

Always beware of those.

નબળું વાંચન મનને અસ્થિર અને ચંચળ બનાવે છે.

પ્રસન્નતાને ચોરી લે છે.

નકારાત્મક વિચારોને જન્મ આપે છે.

અને પરિણામે જીવનના દરેક ક્ષેત્રમાં માણસને પાછો પાડે છે.

ત્યાં સુધી,

કે એનું શરીર પણ માંદુ પડે છે.

My dear,

Nagetive is nagetive.

Actually

આપણે જે લેખકનું લખાણ વાંચીએ છીએ

તેને આપણું ઘડતર કરવાનું કામ સોંપીએ છીએ.

**આપણે જેમ જેમ વાંચતા જઈએ છીએ,**

**તેમ તેમ પુસ્તક અનુસાર ઘડાતા જઈએ છીએ.**

જે તે વાંચવું,

તે એક રીતે પોતાની જાતનો જુગાર રમવા બરાબર છે,

જેમાં હાર નિશ્ચિત છે.

વાંચવાની પ્રેરણાઓ અને ઝુંબેશો

આપણે ત્યાં ઘણી ચાલે છે,

પણ માત્ર ‘વાંચવું’ એ પૂરતું નથી.

Important matter એ છે,

કે તમે શું વાંચો છો ? કેવું વાંચો છો ?

**પુસ્તકો શ્રેષ્ઠ મિત્ર છે,**

**આ વાત Half truth છે.**

**Full truth એ છે.**

**કે સારા પુસ્તકો શ્રેષ્ઠ મિત્ર છે.**

અને

આમાં ‘સારા’ની વ્યાખ્યા ખાસ સમજવા જેવી છે.

It doesn’t mean - આપણને ગમે તે સારું.

It doesn’t mean - આપણી ફ્રેન્ડને ગમે તે સારું.

It doesn’t mean - Best seller હોય તે સારું.

It doesn’t mean - જેનું Super marketing હોય તે સારું.

My dear,

I give you a simple & perfect defination.

**જે આપણને 'સારા' બનાવી દે,**

**તે સારું.**

જે આવું ન હોય,

એ કાં તો નકામું છે અને કાં તો ખરાબ છે.

એ કાં તો આપણને નકામાં બનાવશે, ને કાં તો ખરાબ બનાવશે.

My dear,

So read the best

& be the best.

(૩) **સાત્ત્વિક શ્રવણ :**

સારું સાંભળવું.

સારું જ સાંભળવું.

'સારા'ની ડેફિનેશન હમણા જે કહી તે જ.

મારી દીકરી,

ઢંગ-ધડા વગરના મ્યુઝિક્સ જેમને આનંદ આપે છે.

તેઓ

યા તો પોતે ઢંગ-ધડા વગરના હોય છે,

ને યા તો ઢંગ-ધડા વગરના થઈ જાય છે.

જે મ્યુઝિક કોઈ પણ ડાહ્યા માણસનું માથું દુખાડી દે,

એ મ્યુઝિક જેને ગમે... ફાવે...

એને કેવો માણસ ગણવો જોઈએ ?

કાનમાં ઈયર-ફોન નાખીને ફરતા લોકોનો

આજે તોટો નથી,

પણ લાખ રૂપિયાનો પ્રશ્ન આ છે -

What do you hear ?

My dear,

Perhaps you don't know,
ભારતના શાસ્ત્રીય સંગીતના
દરેક રાગમાં અમુક ખાસ ક્ષમતા છે.
ઋતુમાં ફેરફાર કરવાની capacity,
વાતાવરણ બદલી દેવાની capacity,
મનને પ્રફુલ્લિત કરી દેવાની capacity,
તનને નીરોગી કરી દેવાની capacity.
**એક એક રાગ**
**કયા કયા રોગોને મટાડી શકે છે,**
**એનું આખું લિસ્ટ મેં જોયેલું છે.**
શાસ્ત્રીય રાગોનો ચિકિત્સા તરીકે ઉપયોગ પણ
ચાલુ થઈ ચૂક્યો છે.
મારી વ્હાલી,
જેમ શાસ્ત્રીય પદ્ધતિસરના રાગો... પદ્ધતિસરનું સંગીત
રોગોને મટાડી શકે છે અને મનને પ્રસન્ન કરી શકે છે.
તેમ
એ પદ્ધતિ સાથે જેને કોઈ જ લેવા-દેવા નથી,
એવું સંગીત રોગોને પેદા કરી શકે છે,
અને માનસિક સ્થિતિને ડિસ્ટર્બ્ડ પણ કરી શકે છે.
ઘરનું બધું આઉટ ઑફ ડેટ... નકામું... નીરસ... શરમજનક
અને બહારનું બધું સરસ અને સુંદર
આવી ગેરસમજનો જેઓ ભોગ બન્યા છે,
તેમને ખબર નથી
કે વિદેશી રિસર્ચો જ
શાસ્ત્રીય અને અશાસ્ત્રીય સંગીતની
આ અસરોને પ્રમાણિત કરી રહ્યા છે.

બેટા,

I know,

New generation આજે Western Musicની પાછળ પાગલ છે.

પણ એને ખબર નથી,

કે વિદેશમાં આજે પાગલખાનાઓ ઉભરાય છે.

તેમાં આ ઢંગ-ધડા વગરના નાચ-ગાન

અને વલ્ગર શબ્દોવાળા ગીતોનો પણ ફાળો છે જ.

આ વસ્તુ જ એટલી વિકૃત છે.

કે એ વિકૃત માનસને જન્મ આપે છે

અને પછી મનોચિકિત્સકોના ક્લીનિક્સ ઉભરાવા લાગે છે,

ગુનાઓ વધે છે

અને શરમજનક નીચ કૃત્યો પણ વધવા લાગે છે.

**Music હોય, Speech હોય કે Live - face to face talk હોય.**

**એમાં Spirituality હોવી ખૂબ જ જરૂરી છે.**

તું એનો આગ્રહ રાખીશ.

તો ઘણી હોનારતોમાંથી બચી જઈશ.

મારી વ્હાલી,

આમાંથી ઘણી બધી વસ્તુઓ એવી છે,

જે સારા Friend-Circleથી

ખૂબ સરળ થઈ જાય છે.

જેવી તારી બહેનપણીઓ હશે,

એવી જ તું થઈશ.

સાત્ત્વિક વાંચનની બાબતમાં મેં જે કહ્યું,

તે બધું જ સાત્ત્વિક શ્રવણની બાબતમાં પણ લાગુ પડે છે.

**(૪) સાત્ત્વિક દર્શન :**

As above.

I mean, જે આપણને ‘સારા’ બનાવી દે

તે સાત્ત્વિક દર્શન.

દેશી-વિદેશી ટી.વી. ચૅનલો, સિનેમા, વીડિયો,

ઈન્ટરનેટ અને મોડર્ન ડ્રામા વગેરે

Most of આનાથી બિલકુલ ઊંધું કામ કરે છે.

મારી વ્હાલી,

આજની દુનિયામાં એક બાળક મોટો થાય

ત્યાં સુધીમાં હજારો કે લાખો વાર

ખૂન, ચોરી, બળાત્કારો અને અત્યાચારો જોઈ ચૂક્યો હોય છે.

Can you imagine ?

આ બધાં જ તામસી દશ્યો એના પર કેટલી

ખરાબ અસર પાડતાં હશે ?

અમેરિકાની સ્કૂલ્સમાં હજારો છોકરાઓ ગન લઈને જાય છે,

**ક્યારે કોના મગજની કમાન છટકે**

**ને આડેધડ ગોળીઓ છૂટી જાય**

**એનો ત્યાં કોઈ જ ભરોસો નથી,**

આનું કારણ ટી.વી. છે.

યુરોપની સ્કૂલ્સમાં જ ઍબોર્શન અને બેબીસીટર્સની

વ્યવસ્થાઓ કરવી પડી છે,

તેનું કારણ ટી.વી. છે.

આજના માણસને વધુ ને વધુ એગ્રેસીવ બનાવવામાં

હદ બહારનો ગ્રીડી બનાવવામાં

અને સ્વભાવનો વિચિત્ર બનાવવામાં

ટી.વી.નો ઘણો મોટો હાથ છે.

**અમેરિકનો ટી.વી.ને 'ઈડિયટ બોક્સ' કહે છે.**
**ટી.વી., કોમ્પ્યુટર વગેરેનો ઉપયોગ**
**જેમ જેમ વધે છે,**
**તેમ તેમ માણસની વિચારશક્તિ, કલ્પનાશક્તિ**
**અને સર્જનાત્મક શક્તિ ઘટતી જાય છે.**
In short, એ ઈડિયટ બનતો જાય છે.
**મોટાભાગની દુનિયા**
**જેને જોવામાં પોતાના જીવનના**
**લાખો કલાકોને વેડફી નાખે છે.**
**એના તરફ ખરાં ઈન્ટેલિજન્ટ લોકો**
**નજર સુદ્ધાં કરતાં નથી.**
'એપલ' કંપનીના ફાઉન્ડર સ્ટીવ જોબ્સે
આઈ ફોન, આઈ પેડ વગેરે દ્વારા
કૉમ્યુનિકેશનના ક્ષેત્રે ગજબ પરિવર્તન કર્યું હતું.
તેના ઘરે જનારા એવી કલ્પના કરીને જતાં,
કે તેની દીવાલો ટચ-સ્ક્રીનવાળી હશે
ને ટાઇલ્સો આઈ પોડની બનેલી હશે,
પણ તેના ઘરની સાદાઈ જોઈને
તેઓ સ્તબ્ધ થઈ જતાં હતાં.
**સ્ટીવ જોબ્સના સંતાનોએ**
**કદી પણ તે સાધનોનો ઉપયોગ કર્યો ન હતો.**
એની કંપનીના રિસર્ચ ડિપાર્ટમેન્ટના
મોટા મોટા એન્જિનિયરો
એમના બાળકોને એવી સ્કૂલમાં ભણવા મૂકતા,
જ્યાં કોમ્પ્યુટર હોય જ નહીં.
આ બધાં સાધનોના ભયસ્થાનોને

તેઓ બરાબર સમજતાં હતાં.
ટી.વી.નું-ઈન્ટરનેટનું સૌથી મોટું ભયસ્થાન છે
કેરેક્ટરનું સત્યાનાશ.
જાહેર રસ્તા પર જે દૃશ્યને જોતાંની સાથે
એક સજ્જન માણસ શરમ સાથે
આંખો ઢાળી દે,
એ જ દૃશ્યોને એ જ માણસ
પરિવાર સાથે ઠંડે કલેજે જોતો રહે
એવી સાવ જ કઢંગી પરિસ્થિતિનું નિર્માણ
ટી.વી.એ કર્યું છે.
**માણસપાત્રનું મન સંવેદનશીલ છે,**
**એ દૃશ્યને ઝીલે છે.**
**ને એની ચોક્કસ અસરને અનુભવે જ છે.**
આ અસર
જ્યારે માનસિક વ્યભિચારનું સ્વરૂપ ધારણ કરે
ત્યારે માણસ પોતાની અમૂલ્ય સંપત્તિ-
પોતાનું કેરેક્ટર ગુમાવી ચૂક્યો હોય છે.
મારી વ્હાલી,
મનની પવિત્રતા માટે
આંખની પવિત્રતા ખૂબ જ જરૂરી છે.
જે દૃશ્યો આ પવિત્રતાના ફુરચે ફુરચા ઉડાડી દે,
એ દૃશ્યોના વાહક
તમામ સાધનોના ફુરચે ફુરચા ઉડાવી દેવામાં જ
ખરું શાણપણ રહેલું છે.
'એ સાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો,'
આવી સૂફિયાણી વાતોનો મને કોઈ જ અર્થ લાગતો નથી.

જ્યાં ક્ષણે ક્ષણે પડી જવાની શક્યતા છે,
એવી જગ્યાએ જઈને સાવધાની રાખવી
એવું કહેવા કરતાં
એવી જગ્યાએ ન જ જવું,
એમ કહેવું જ બહેતર છે.
'મન' ખૂબ જ ચંચળ છે.
નબળા તરફ ઢળી પડવાનો એનો સ્વભાવ છે.
સ્માર્ટ ફોન ખિસ્સામાં જ હોય
અને બે જ સેકન્ડમાં
ગંદવાડ દેખાડવાની ક્ષમતા ધરાવતો હોય,
આ સ્થિતિ જ વિવેકને ઓગાળી નાંખે તેવી છે.
કોણ બચી શકે ?
Better છે - સ્માર્ટ ફોન રાખવો જ નહીં.
સ્માર્ટ ફોન બ્રેઈન-કૅન્સર લાવે છે
એ હકીકત એટલી હોરિબલ નથી,
જેટલી હોરિબલ આ હકીકત છે,
કે આ બધાં સાધનો કેરેક્ટરનું કૅન્સર લાવે છે.
**એક વાર હિંમત કરીને**
**ટી.વી. ફોડી નાખવું સહેલુ છે.**
**પણ આપણી સભ્યતાને લજવે એવું દશ્ય આવતાં**
**ચૅનલ ચૅન્જ કરી દેવી અઘરી છે.**
સ્માર્ટ ફોન કાઢી નાંખવો એ સહેલું છે,
પણ એનો વિવેકપૂર્વકનો ઉપયોગ
એ Almost impossible છે.
થિયેટરમાં ગટર-ફ્લો ચાલુ થઈ જાય
ત્યારે બંધ આંખે પરમાત્માનું ધ્યાન કરવું મુશ્કેલ છે,

પણ 'હું કદી થિયેટરમાં જતી જ નથી.'
આવી 'ટેક' ટકાવી રાખવી એ સહેલું છે.

My dear,
મેં એક બુકમાં વાંચ્યું હતું,
**સ્ટાર ટી.વી.નો માલિક રૂપર્ટ મરડોક**
**પોતાના સંતાનોને કદી સ્ટાર ટી.વી. જોવા દેતો નથી.**
આવી વાતો ઘણી વાર
મારું લોહી ઉકળાવી દેતી હોય છે.

Suppose
તું કોઈ ડૉક્ટર પાસે ગઈ છે.
ડૉક્ટરની દીકરીને પણ Same problem થયો છે.
Case બધી રીતે same હોવા છતાં
એ ડૉક્ટર તને જુદી દવા આપે
અને પોતાની દીકરીને જુદી દવા આપે,
તો એ ડૉક્ટર તેને કેવો લાગશે ?
એણે આપેલી દવા તને કેવી લાગશે ?

Now you can realise star T. V.
**હવે તને સમજાશે,**
**કે એ બધાં પોતાના સ્વાર્થ ખાતર**
**આપણને મૂર્ખ બનાવી રહ્યા છે.**
**આપણને અનેક રીતે લૂંટી રહ્યા છે.**
બેટા,
આજે ઘણાં પેરન્ટ્સ એવા હોય છે,
જેઓ પોતે ટી.વી. સાથે ચીટકીને બેઠાં હોય છે
અને સંતાનોને ધમકાવે છે.
જતો રહે અંદરના રૂમમાં.

તારી એક્ઝામ છે./તારું હોમવર્ક બાકી છે.

કેવું લાગશે સંતાનને ?

કેવું થશે ઘરનું વાતાવરણ ?

કેવાં બનશે પારિવારિક સંબંધો ?

ઈડિયટ બૉક્સ ખરેખર ઈડિયટ છે.

આજે માણસ

રડતાં બાળકને ટી.વી. સાથે બેસાડી દે છે.

ચૅનલ કે ટી. વી. જેવા શબ્દો

હજી સંતાનને આવડતાં ન હતાં,

ત્યારથી ડીસ એન્ટિના લગાડી દે છે.

પણ પછી એ જ સંતાન

જ્યારે રાતના બાર વાગે

એ ડીસ એન્ટિનાનો પૂરેપૂરો ઉપયોગ કરતો થઈ જાય.

ત્યારે એના પગ તળેથી ધરતી સરકી જાય છે.

**સંતાનનું શરીર સાફ થઈ જાય**

**ને મન ઉકરડાંથી ભરાઈ જાય**

**એમાં માત્ર સંતાનનો જ દોષ નથી હોતો.**

મારી વ્હાલી,

તારા સંતાનને

બધી રીતે નિસ્તેજ બનાવવો

કે બધી રીતે તેજસ્વી બનાવવો

એ તારા હાથની વાત છે.

સૌથી વધારે જરૂરી એ છે,

કે તારું પોતાનું તેજ safe હોય

Totaly safe.

બેટા,

રશિયાની એક છોકરી.

નામ તો અત્યારે યાદ નથી,

પણ ઘટના બરાબર યાદ છે.

એક દિવસ એની બહેનના જીવનને

કેટલાંક નરપિશાચોએ પીંખી નાંખ્યું.

એ દિવસે એ છોકરી ખૂબ રડી.

એણે મનોમંથન કર્યું કે આવું કેમ થયું ?

આના માટે ખરેખર કોણ જવાબદાર ?

જવાબ મળ્યો - T.V.

**એ છોકરીએ T.V. સામે જંગ છેડ્યો.**

**હજારો લોકોને એણે T.V.ના દૂષણમાંથી**

**હંમેશ માટે મુક્ત કરી દીધાં.**

મારી વ્હાલી,

આપણા કોઈ સ્વજન સાથે એવું કંઈ થાય,

તો આપણને T.V. પ્રત્યે નફરત છૂટી જશે.

કદાચ ગુનેગાર એમ કહે,

એ અમુક સિરિયલ/મૂવી જોઈને મને જે આવેશ આવ્યો,

એમાં મેં આ અપરાધ કર્યો છે.

તો આપણને એ સિરિયલ/મૂવી પર

એના હીરો-હીરોઈન પર

કેટલો ગુસ્સો આવશે !

**ગઈ કાલ સુધી એ કદાચ આપણને ગમતાં હોય,**

**તો ય આજે આપણે એમના પર થૂંકશું,**

**એ આપણને હત્યારા લાગશે.**

**નીચ અને અધમ લાગશે.**

કદાચ પેલી છોકરીની જેમ

આપણે T.V. - Cinema સામે આંદોલન ન કરીએ

તો ય

કમ સે કમ

આપણે તો આ ગંદવાડથી મુક્ત થઈ જ જઈશું.

તો લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે,

કે આજની તારીખમાં આ જ ગંદવાડ

લાખો છોકરીઓના જીવનને બરબાદ કરી જ રહ્યો છે,

એમના માટે આપણને કોઈ જ લાગણી નહીં ?

એ બધાં આપણા સ્વજન નહીં ?

શું કહે છે આપણા દેશપ્રેમના સંસ્કાર ?

**'બધાં ભારતીયો મારા ભાઈ-બહેન છે.'**

**આ વાત માત્ર પાઠ્યપુસ્તકોની જ પ્રતિજ્ઞા ?**

**કે આપણી પણ પ્રતિજ્ઞા ?**

મારી વ્હાલી,

શું આપણે એવા સ્વાર્થી છીએ ?

કે જે વસ્તુ લાખો નારીઓનું જીવન ઉજાડી દેતી હોય,

એમાં આપણે આપણું મનોરંજન શોધીએ,

અને તાળીઓ વગાડીને એનું સ્વાગત કરીએ ?

બેટા,

તને ખબર નથી,

આજનો માણસ સુખ માટે ટી.વી. ને મૂવીના

ચક્કરમાં પડે છે.

Wife force કરી કરીને

સિનેમાનો પ્રોગ્રામ ગોઠવડાવે છે.

ત્રણ કલાક સુધી પતિ-પત્ની એ દશ્યોને જુએ છે.

પતિને હીરોઇન ગમી જાય છે.

પત્નીને હીરો ગમે છે.

હવે જે ગમી છે, તે કદી મળવાની નથી

અને મળી છે, તે કદી ગમવાની નથી.

Result ?

રામાયણ અને મહાભારત.

When love is thin, faults are thik.

નાની નાની વાતે ઝઘડા,

વગર કારણે ઝઘડા.

ગૃહક્લેશ, માનસિક ત્રાસ, મારપીટ,

કોર્ટ-કેસ, છૂટાછેડા... આપઘાત.

કરોડો ઘરની સુખ-શાંતિને સળગાવી દેવાનું કામ

આ ગંદવાડે કર્યું છે.

લાખો છૂટાછેડાઓના મૂળમાં આ ગંદવાડ છે.

જ્યારે જ્યારે કોઈ સજ્જન

આ ગંદવાડને સાફ કરવા માટે આગળ આવે,

ત્યારે ત્યારે

કેટલાંક ફરેલ માથાવાળા અભિવ્યક્તિ - સ્વાતંત્ર્યને નામે

એનો વિરોધ કરે છે,

"મારે શું જોવું ? એ મારે નક્કી કરવાનું છે."

આવી અલ્લડ વાતો કરે છે,

**તેમને ખબર નથી હોતી**

**કે તેઓ ખૂનીઓ અને બળાત્કારીઓને**

**પેદા કરવાનું પાપ કરી રહ્યા છે,**

**જે તાત્ત્વિક દૃષ્ટિએ**

**ખૂન અને બળાત્કાર કરવા કરતાં પણ**

**વધુ હિચકારું કૃત્ય છે.**

મારી વ્હાલી,

વ્યક્તિ અને સમષ્ટિ

બંનેનું સુખકારક અને હિતકારક

સાત્ત્વિક દર્શન જ છે.

એ છે પરમાત્માનું દર્શન.

સત્સંગનું દર્શન.

કુદરતના પ્રેરણાદાયી દશ્યોનું દર્શન.

બેટા,

તારા સંગથી તારી બે-પાંચ બહેનપણી પણ

ટી.વી., મૂવી, નેટ ને મોબાઈલથી મુક્ત થઈ જશે,

તો મને તારા માટે ગૌરવ થશે.

કમ સે કમ

તું પોતે આ બધી ગંદકીઓથી દૂર રહીશ,

તો એ પણ મારા માટે એક અણમોલ ભેટ હશે.

જીવનભરના હાશકારાની

અને એક ઊંડા આત્મસંતોષની.

છગન પોલીસ ચોકીમાં ફરિયાદ લખાવવા ગયો.

ચોરી થયેલ વસ્તુઓનું

લાંબુ-લચક લિસ્ટ લખતાં લખતાં પોલીસ થાકી ગયો.

એણે ટૂંકમાં લખાવવા કહ્યું,

છગન કહે, T.V. સિવાય બીજું બધું ચોરાઈ ગયું છે.

પોલીસે સહજ પ્રશ્ન કર્યો -

T.V. કેમ ન ચોરાઈ ગયું ?

છગન કહે - એ તો હું જોતો હતો.

વાત માત્ર છગનની નથી,
દુનિયાભરની છે.
T.V. પર કોન્સન્ટ્રેટ થવાને કારણે
કેટકેટલી જગ્યા પરથી તેનું ધ્યાન હટી ગયું છે,
તેનો એને ખ્યાલ જ નથી,
એ ખરેખર લૂંટાઈ રહી છે,
એ પરિણામોને ભોગવે છે,
ક્યારેક કદાચ એના કારણોને સમજે પણ છે,
પણ ગુટખાના વ્યસનીની જેમ
એને છોડી શકતી નથી.
એન્ટરટેઈનમેન્ટના નામે
આવી હોરિબલ ટ્રેજેડીનો ભોગ
આજની મોટાભાગની દુનિયા બની છે.
અને અવનવા સાધનોના પ્રવેશથી
આ ટ્રેજેડી વધતી જ જાય છે.
**લાખો લોકો જેમને Like કરતાં હોય છે.**
**તેઓ કદી Like Comment કરવા બેસતાં નથી.**
સાધારણ લોકો જ્યારે આ મૂર્ખામી કરી રહ્યાં હોય છે,
ત્યારે અસાધારણ લોકો પોતાના કામમાં વ્યસ્ત હોય છે.
**Uplift yourself my daughter,**
**ભીતરનો સહજ આનંદ**
**અને સાત્ત્વિકતાની સહજ સંવેદના**
**જે સુખ આપી શકે છે,**
**તે દુનિયાભરની ચૅનલ્સ કે મૂવી વગેરે**
**આપી શકે તેમ નથી.**

**(૫) સાત્ત્વિક ભોજન :**

તમાકું, ગાંજો, અફીણ, દારૂ જેવા નશીલા પદાર્થોથી માંડીને
ચા-કૉફી જેવા કૅફી પદાર્થોમાં વિકારક તત્ત્વો હોવાથી
તેઓ શરીરની સર્વ ધાતુઓને વિકારી કરે છે.
એટલું જ નહીં
પણ તેમનું સૂક્ષ્મ તત્ત્વ છેક મન સુધી પણ પહોંચે છે
અને મન અને આત્માને પણ વિકારી કરે છે.
આ પદાર્થો એક પ્રકારના ઝેર છે.
આ પદાર્થોને ખાનારા
કદી પણ શારીરિક, માનસિક કે આત્મિક આરોગ્યને
પામી શકતા નથી.
શુદ્ધ આહાર પણ વધુ પડતો ખાવો
કે બરાબર ચાવ્યા વિનાનો ખાવો
એ ઝેરનું ઉત્પાદન કરવા બરાબર છે.
ખાંડ-ઘી-તેલ-મસાલાનો વધુ પડતો ઉપયોગ
શારીરિક અને માનસિક સ્વસ્થતા માટે જોખમરૂપ બને છે.
**ભારે મિષ્ટાન્ન અને તળેલી વસ્તુઓ**
**સ્ફૂર્તિલા શરીર અને સ્વસ્થ-પવિત્ર મનના દુશ્મનો છે.**
સાત્ત્વિક ભોજન અંગે શરૂઆતમાં જે વાતો કહી
તે બધી જ અહીં પણ ધ્યાનમાં લેવા જેવી છે.
That's the way to protect our character.

**(૬) સાત્ત્વિક વેશ :**

I told you so many points
about good dress.
My dear,
તો પણ આ એટલી Important matter છે,

કે હજુ પણ આ બાબતમાં કંઈક કહેવા માંગું છું.
એક છોકરી ઘરથી કૉલેજ સુધી જાય,
ત્યાં સુધીમાં રોજ કેટલાંક છોકરાઓ
એની સામે કોમેન્ટ્સ કરે,
સીટી વગાડે.
છોકરીએ પપ્પાને ફરિયાદ કરી.
પપ્પાએ પોલીસ ઇન્સ્પેક્ટરને ફરિયાદ કરી.
ઇન્સ્પેક્ટરે પોતાના માણસોને
સાદા કપડાંમાં On the way ઊભા રાખી દીધાં.
એ માણસોએ તે છોકરાઓને પકડી લીધાં.
પોલીસ સ્ટેશનમાં તેમને હાજર કરાયા.
ઇન્સ્પેક્ટરે તેમને સખત ચેતવણી આપી
અને દંડ વસૂલ કરીને છોડી દીધાં.
બીજા દિવસે ફરી એ જ સ્થિતિ ઊભી થઈ.
ઇન્સ્પેક્ટરે એ છોકરીના પપ્પાને કહ્યું કે,
"તમારી દીકરી જે કપડાં પહેરીને
કૉલેજમાં જાય છે,
તે જ કપડાંમાં તેને અહીં બોલાવો."
છોકરી આવી.
ઇન્સ્પેક્ટરે એને જોઈ
અને જોતાની સાથે એમને કારણ સમજાઈ ગયું.
છોકરીના પપ્પાને એમણે કહી દીધું,
કે, **"તમારી દીકરી કૉલેજમાં જાય છે ?**
**કે 'ફૅશન શૉ'માં ?**
**જો એ આવો જ ડ્રેસ પહેરીને કૉલેજ જવાની હોય,**
**તો પછી જે પણ ઘટના ઘટે**
**એના માટે ફરિયાદ કરવાનો કોઈ જ અર્થ નથી રહેતો."**

મારી વ્હાલી,

બળાત્કારના આવા જ એક કેસમાં

જજે યુવતીને દોષિત ઠેરવી હતી અને તેને દંડ કર્યો હતો.

જજે કહ્યું હતું,

**કે "જો આ યુવકની જગ્યાએ હું હોત,**

**તો કદાચ હું પણ આવું જ કરી બેઠો હોત."**

બેટા,

વાત માત્ર દોષારોપણની નથી,

Characterની છે.

જાહેરસ્થાનોમાં આડેધડ મશીનગન ચલાવતા આતંકવાદી

અને

વાસના-ઉત્તેજક ડ્રેસ પહેરનાર છોકરી

આ બે વચ્ચે હકીકતમાં કોઈ જ ફરક નથી.

કદાચ

એ આતંકવાદી કરતાં પણ વધુ દોષિત

અને વધુ ભયંકર છે એ છોકરી.

જે સ્વજનોથી માંડીને

સમગ્ર સમાજની આંખોમાં વાસનાનું ઝેર નોતરે છે.

ને એમની ભાવ-હત્યા કરે છે.

હત્યાથી માત્ર વ્યક્તિ મરે છે,

ભાવહત્યાથી સમગ્ર સંસ્કૃતિ મરે છે,

એ સંસ્કૃતિ

જે કરોડોની સુખ-શાંતિ હતી.

**Shameless dress**

**એ માત્ર પોતાના જ characterનું Risk નથી,**

**આખા સમાજના characterનું Risk છે.**

આ એક અક્ષમ્ય અપરાધ છે
જેના દંડની જોગવાઈ કુદરતના કાયદામાં છે જ.

**(૭) સાત્ત્વિક લજ્જા :**

લજ્જા બે પ્રકારની હોય છે.
પહેલી - ખોટી લજ્જા.
જે લજ્જા તમને મર્યાદાસભર વર્તન કરતાં
ને મર્યાદાસભર વેશ પહેરતા શરમાવે
એ ખોટી લજ્જા છે.
આજે ઘણા સારા ઘરની સારી છોકરીઓને
આ લજ્જા સતાવે છે.
બધી છોકરીઓ Dressથી લઈને
Behaviour સુધીમાં જાત-જાતની છૂટછાટ લેતી હોય
અને હું જો બધી બાબતમાં Limitમાં રહીશ
તો હું કેવી લાગીશ ?
બધાં મારી કેવી મજાક ઉડાવશે ?
કદાચ મને ચીડવશે...
આ બધી ખોટી લજ્જા છે.
**શું આખું ગામ ચોરોનું હોય.**
**તો એક પ્રામાણિકે શરમાઈને ચોર બની જવું ?**
**કે ગૌરવપૂર્વક પોતાની પ્રામાણિકતાને સાચવી રાખવી ?**
બની શકે
કે ચોરો એની મજાક ઉડાવે,
એને 'ભગત' કહીને એની મશ્કરી કરે,
પણ પ્રામાણિક માણસ બરાબર સમજે છે,
કે આ એક જાતનો
પોતાની ચોરીનો બચાવ છે.

એક જાતની ઈર્ષ્યા છે.

બીજાના સદ્ગુણ પ્રત્યેની અસહિષ્ણુતા છે.

**કોઈની ચડવણીથી આપણે સંપત્તિને છોડી દેતા નથી,**

**તો સદ્ગુણોને કેમ છોડી દેવા જોઈએ ?**

**એ તો સંપત્તિ કરતાં પણ લાખોગણા મૂલ્યવાન છે.**

ખોટી લજ્જાને આપણા શાસ્ત્રોમાં

કુદાક્ષિણ્ય કહ્યું છે.

જેના કારણે સારી વ્યક્તિનું જીવન પણ

ખાના-ખરાબ થઈ જાય છે.

**My dear,**

**When a little voice inside you says No.**

**Firmly say No.**

અ શરમનો વિષય જ નથી

આ તો નિશ્ચલતા અને નિર્ભયતાનો વિષય છે.

આવી બાબતમાં કોઈની પણ શેહ-શરમમાં

તણાવું ન જોઈએ.

એ શેહ-શરમ એ ખોટી લજ્જા છે.

મારી વ્હાલી,

ક્યારેક તે રસ્તા પરથી જતાં હાથીને જોયો હશે,

કૂતરાઓ ગમે તેટલું ભસે

હાથી એની રીતે ચાલતો રહેશે,

જાણે કાંઈ બન્યું જ નથી.

**हाथी चले बज़ार,**

**कुत्ता भौके हज़ार ।**

કૂતરાને કોઈ જ જાતની દાદ આપવાની

એને કોઈ જ જરૂર નથી.

કારણ કે એ કૂતરાં છે ને એ હાથી છે.

દુર્જનો ભલે ભસે બેટા,
તું હાથી બની રહેજે.
આંખ આડા કાન કરજે, ઉપેક્ષા કરજે,
પણ ખોટી શરમમાં તણાઈને
તારા સદ્‌ગુણોને નહીં છોડતી.

બીજી લજ્જા છે **સાત્ત્વિક લજ્જા** -
સાચી લજ્જા.
જે આપણને ખોટું કામ કરતાં રોકે,
જે આપણને આપણી સભ્યતાઓમાં સુરક્ષિત રાખે.
બેટા,
**સાચી લજ્જા એ આપણી જીવન-મૂડી છે.**
એ આપણું સર્વસ્વ છે,
જે ફ્રેન્ડ, જે બુક, જે ચૅનલ, જે સાઇટ, જે એટમોસફિયર
આ લજ્જાને તોડી દે,
એનાથી તું હંમેશા ૧૦૦ ફૂટ દૂર રહેજે.
બૃહત્કલ્પ આગમમાં કહ્યું છે -
**लज्जाविणासे व स किं ण कुज्जा ?**
એક વાર આ લજ્જાનો વિનાશ થઈ ગયો,
પછી એ વ્યક્તિ કયું ખોટું કામ નહીં કરે ?
મારી વ્હાલી,
દુનિયા જેને Bold કહેતી હોય છે,
તેના જીવનમાં આ સાચી શરમનું
પૂરેપૂરું દેવાળું નીકળી ચૂક્યું હોય છે.
તેના જીવનમાં તમામે તમામ
નિમ્ન સંભાવનાઓ ખુલ્લી હોય છે.

મને ઘણી વાર એવું લાગે છે.

કે આજના લોકો

શબ્દ-છળમાં ફસાઈ ગયાં છે.

જો દરેક વસ્તુ કે વ્યક્તિ માટે

સાચા શબ્દોનો ઉપયોગ ચાલુ થઈ જાય

તો કેટકેટલી Misunderstanding દૂર થઈ જાય !

બેટા,

**લજ્જા એ સ્ત્રીનું ભૂષણ છે,**

**એથી પણ આગળ વધીને**

**લજ્જા એ સ્ત્રીનું સ્વરૂપ છે.**

**લજ્જા જાય**

**એટલે સ્ત્રી 'સ્ત્રી' તરીકે મટી જાય છે.**

**ચાણક્યનીતિમાં** કહ્યું છે -

**असन्तुष्टा द्विजा नष्टा :** - અસંતુષ્ટ દ્વિજો નાશ પામે છે.

**सन्तुष्टाश्च महीभुजः ।** - સંતુષ્ટ રાજાઓ નાશ પામે છે.

**सलज्जा गणिका नष्टा,** - શરમાળ વેશ્યાઓ નાશ પામે છે.

**निर्लज्जाश्च कुलाङ्गनाः ॥८-१७॥** - નિર્લજ્જ કુલીન સ્ત્રીઓ નાશ પામે છે.

**બૃહદ્ધર્મપુરાણ**માં કહ્યું છે -

**गृहेषु तनया भूषा,** - સંતાનો ઘરની શોભા છે.

**भूषा संसत्सु पण्डिताः ॥** - વિદ્વાનો સભાની શોભા છે.

**सुबुद्धिः पुंसु भूषा स्यात्,** - સદ્બુદ્ધિ પુરુષોની શોભા છે.

**स्त्रीषु भूषा सलज्जता ॥४-३०॥** - લજ્જા સ્ત્રીઓની શોભા છે.

**अपण्डितो मृतो विप्रो,** - જે વિપ્રમાં વિદ્વત્તા નથી, તે મડદાં જેવો છે.

**मृतो यज्ञो ह्यदक्षिणः ।** - જે યજ્ઞમાં દક્ષિણા નથી, તે મડદાં જેવો છે.

**मृता सभा सुधीहीना,** - જે સભામાં વિદ્વાન નથી, તે મડદાં જેવી છે.

**मृता नारी गतत्रपा** - જે સ્ત્રીમાં લજ્જા નથી, તે મડદાં જેવી છે.

**॥४-३१॥**

માટે જ નીતિશાસ્ત્રોમાં

સ્ત્રીને નદીકાંઠે નાહવા-ધોવા ન જવાની સલાહ આપી છે.

કારણ કે તેવું કરવાથી

લજ્જાનું નામો-નિશાન રહેતું નથી.

**હિતશિક્ષા-છત્રીશીમાં** કહ્યું છે -

**નાવણ ધોવણ નદીકિનારે જાતાં નિર્લજ્જ થઈએ રે.**

મારી વ્હાલી,

જે વાત નદીકિનારાને લાગું પડે છે

તે જ વાત સ્વિમિંગ પૂલ, વૉટર પાર્ક, ટેનિસ ક્લબ,

અને બીજા પણ તેવા સ્થાનોને લાગુ પડે છે.

**આ એવા સ્થાનો છે,**

**જ્યાં લજ્જા લૂંટાઈ જાય છે.**

**I mean**

**'સ્ત્રી' લૂંટાઈ જાય છે.**

Always beware of those.

**(૮) સાત્ત્વિક પ્રાર્થના :**

સંસ્કૃતમાં प्र + अर्थ् ધાતુથી

પ્રાર્થના શબ્દ બન્યો છે.

જેનો અર્થ થાય છે પ્રકૃષ્ટ યાચના.

યાચનામાં તુચ્છ વસ્તુઓની માંગણી હોય છે.

પ્રકૃષ્ટ યાચનામાં શ્રેષ્ઠ વસ્તુઓની માંગણી હોય છે.

**સૌંદર્ય કે સંપત્તિની માંગણી એ યાચના છે.**

**સદ્‌ગુણો કે સત્કાર્યોની માંગણી એ પ્રાર્થના છે.**

રોજ સવાર-સાંજ

કમ સે કમ દશ મિનિટ માટે

સાત્ત્વિક પ્રાર્થના કરવી જોઈએ.

પ્રાર્થના એ સાત્ત્વિક જ હોય છે,

પણ કેટલાંક મુગ્ધ લોકો

પ્રાર્થનાને દુન્યવી માંગણીથી કલુષિત કરી દેતાં હોય છે.

માટે ‘સાત્ત્વિક પ્રાર્થના’ એમ કહ્યું છે.

My dear,

**પ્રાર્થના એક દિવ્ય ઊર્જા છે.**

**એક અપૂર્વ શક્તિ છે.**

**ઊંડા ધ્યાનમાં ઉતરી ગયેલું મન જેટલું શાંત હોય છે,**

**એટલું જ**

**પ્રાર્થના વખતે પણ શાંત હોય છે.**

સ્ટ્રેસ, ટેન્શન, ડિપ્રેશન, એન્ગર, ગ્રીડ

આ બધાંથી મનનું જળ ડહોળાય છે,

પ્રસાર માધ્યમો એને વધુ કલુષિત કરે છે.

જ્યારે પ્રાર્થના

એને સ્વચ્છ અને શાંત કરી દે છે.

**પ્રાર્થના**

**એ શારીરિક, માનસિક અને પારિવારિક આરોગ્યની**

**સંજીવની છે.**

સમૂહ પ્રાર્થના અને સમૂહ ભોજન

એ પરિવારને લાંબા સમય સુધી જોડતી સાંકળ છે.

બહારના વિકટ સંયોગોમાં પણ

આપણી પવિત્રતાને અને આપણા ચારિત્રને
જાળવી રાખવાની શક્તિ
પ્રાર્થના આપે છે.
બને તો સમૂહમાં, નહીં તો એકલા,
પ્રાર્થના is must.
Really must.

(૯) **સાત્ત્વિક સમર્પણ :**

આપણી જાતને યોગ્ય વ્યક્તિઓના તાબામાં રાખવી
એ સાત્ત્વિક સમર્પણ છે.
એ વ્યક્તિ પિતા કે પતિ હોઈ શકે,
સાસુ કે જેઠાણી પણ હોઈ શકે.
આપણું વ્યક્તિત્વ, આપણો વિનય, આપણી નમ્રતા.
આ બધું એવું જ હોય
કે તેઓ આપણને સહજતાથી આપણી ભૂલ કહી શકે
અને આપણે એનો આનંદપૂર્વક સ્વીકાર કરીને
સહજ અમલ કરી શકીએ.
**ઉપદેશમાલામાં** કહ્યું છે -
**इगदिवसम्मि बहुआ सुहा असुहा जीवपरिणामा ।**
એક વ્યક્તિને એક દિવસમાં
અનેક સારા અને ખરાબ વિચારો આવતાં હોય છે.
સારી વ્યક્તિ દરેક સમયે સારી જ હોય
એવો કોઈ નિયમ નથી.
કઈ વ્યક્તિને કયા સમયે કેવો વિચાર આવે
અને એ વિચારને આધીન થઈને

એ વ્યક્તિ શું કરી નાંખે,
એનો હકીકતમાં કોઈ જ ભરોસો નથી.
આ સ્થિતિમાં આપણા ચારિત્રની સુરક્ષા
સાત્ત્વિક સમર્પણથી જ થઈ શકે એમ છે.
**સમર્પણ એ ગુલામી નથી,**
**સુરક્ષા છે,**
સાત્ત્વિક સમર્પણનું બીજું નામ છે વૃદ્ધોપજીવન.
વડીલોના આશ્રિત થઈને રહેવું.
વડીલોને આશ્રય બનાવીને રહેવું.
જે કરીએ તે તેમને પૂછીને કરવું.
તેમનું માર્ગદર્શન લેવું.
તેઓ કડવા શબ્દોમાં કહે,
તો પણ સહર્ષ સ્વીકાર કરવો.

છગન એક દુકાનમાં સેલ્સમેનની નોકરીએ લાગ્યો.
મગન એ જ દુકાનમાં ખરીદી કરવા ગયો.
શેઠે છગનને ‘એ બેવકુફ !’ એમ કહીને
કોઈ વસ્તુ લાવવા કહી.
છગને હસતાં હસતાં વસ્તુ આપી.
સાંજે મગને છગનને ફોન કર્યો.
‘તારા શેઠે તને બેવકુફ કહ્યું,
ને તે સાંભળી લીધું ?’
છગને જવાબ આપ્યો -
“સાંભળી જ લઉં ને.
હું કાંઈ બેવકુફ થોડો છું ?”

મારી વ્હાલી,

**જો સંપત્તિ માટે સમર્પણ રાખી શકાય છે,**

**તો શીલ માટે કેમ ન રાખી શકાય ?**

શેઠની સામે પડતો નોકર આર્થિક લાભ ગુમાવી દે છે,

મૂર્ખ તરીકે જાહેર થાય છે

અને પોતાના પરિવારમાં-સમાજમાં

અપમાન પામે છે,

બરાબર એ જ રીતે

વડીલોની સામે થનાર વ્યક્તિ

સાત્ત્વિક સુખ-શાંતિનો લાભ ગુમાવી દે છે,

ખરા અર્થમાં મૂર્ખામી કરે છે,

અને છેવટે અપમાનિત જ થાય છે.

બેટા,

**Art of earning કરતાં પણ**

**Art of dedicating એ ખૂબ જ important છે.**

બની શકે

કે વડીલોનો Nature... એમની Style

આપણને match ન થાય.

So what ?

આપણે એમને Match થઈ જવું.

આ જ તો સાત્ત્વિક સમર્પણ છે.

મારી લાડલી,

આપણી lifeમાં આપણે બધે જ

આપણી choice કે wish નથી જોતાં,

પણ Plus-Minus જોઈએ છીએ.

I mean લાભ-નુકસાન.

લોકલ ટ્રેનોની હાડમારીઓ વેઠીને
રોજ ૫૦-૧૦૦ કિ.મી.નો પ્રવાસ કરતાં મુંબઈગરાઓ
જે કામ કરે છે
એ શું એમની choice છે ?
શું એ એમનું Fun છે ?
But they saw their benifit in that activity.
જો કોઈ એમ કહે,
કે "આ શું ?
મારે રોજ આવા ઢસરડા જ કરવાનાં ?
મજૂરી કરવાની ?
આમથી આમ ભટકવાનું ?
માથે કામનો ભાર રાખવાનો ?
શેઠની વેઠ કરવાની ?
ન જોઈએ મારે આ નોકરી."
તો એનું પરિણામ શું આવે ?
એનો પરિવાર યા ભીખ માંગે
યા ભૂખે મરે.
મારી દીકરી,
આવો શોર્ટ ટેમ્પર અને શોર્ટ વિઝનવાળો માણસ
વિશ્વનો મહાન - સૌથી મહાન મૂર્ખ ગણાય.
કેટલીક અલ્લડ છોકરીઓ આવી મૂર્ખામી કરે છે
અને પોતાના ચારિત્રની
ને છેવટે પોતાના આખા ય ઘર-સંસારની
કબર ખોદી નાખે છે.

**स्थेयं वृद्धानुवृत्त्या च**

**જીવનના આ સંગ્રામમાં**

**વડીલો એ આપણું કવચ છે.**
**કવચ જરાક ખૂંચે**
**કે જરા ઘસરકો કરી દે**
**એ શક્ય છે.**
**પણ એટલા માત્રથી એને ફેંકી ન દેવાય.**
**એ દૂર થાય**
**એટલે શસ્ત્રોના મરણતોલ પ્રહારો**
**આપણને પીંખી નાખ્યા વિના ન રહે.**
બની શકે
કે શેઠને આધીન રહેવામાં
ક્યારેક શેઠને વધુ લાભ થતો હોય.
વડીલો પ્રત્યે સમર્પિત રહેવામાં
આપણા પક્ષે જ વધુ લાભ છે.
કારણ કે આ સમર્પણ
આપણને જે ચારિત્રનો ઉપહાર ધરે છે
જે સુખ-શાંતિનું સ્વર્ગ આપે છે
એનું મૂલ્યાંકન કરવું શક્ય જ નથી.
**આગમો**માં કહ્યું છે -
**एवायरियं उवचिट्ठएज्जा**
**अणंतनाणोवगओ वि संतो** ॥ દશવૈકાલિક સૂત્ર ॥
શિષ્ય કદાચ અસીમ જ્ઞાન પામી જાય,
તો ય એણે ગુરુના પ્રત્યે
પૂર્ણ સમર્પિત બની રહેવું જોઈએ.
કારણ કે સમર્પણમાં જ ચારિત્રની સુરક્ષા છે.
મારી વ્હાલી,
સંસારમાં વડીલો એ ગુરુજનો હોય છે.
આપણે કદાચ તેમનાથી વધારે સમજદાર,

વધારે શિક્ષિત
અને વધારે આવડતવાળા હોઈએ,
તો પણ તેમના પ્રત્યેનું સમર્પણ
એ જ આપણા હિતમાં છે.
**જો આપણે નાના થઈને પણ**
**તેમને સમર્પિત ન થઈ શકીએ**
**તો તેઓ મોટા થઈને આપણને સમર્પિત થઈ જાય**
**એવી આશા રાખવાનો સવાલ જ ક્યાં આવે છે ?**
પરિણામ ?
ખેંચતાણ... વ્યર્થ વાદવિવાદ... ગૃહક્લેશ... તંગ વાતાવરણ...
સુખનું સત્યાનાશ.
અને વહેલા કે મોડા ચારિત્રનો પણ નાશ.
**બેટા,**
**વડીલો એ છત્ર છે,**
**છત્રનો લાભ તમને ત્યારે જ મળે,**
**જ્યારે તમે એની નીચે રહો.**
**છત્રની ઉપર ચડવાનો પ્રયાસ એ બેવકુફી છે.**
'ભલે અમારે તડકો ખમવો પડે,
ભલે વરસાદમાં પલળીને માંદા પડવું પડે,
અમે કોઈની Underમાં નહીં રહીએ.'
આવા સ્વાભિમાન(!)ને તું શું કહીશ ?
બની શકે કે છત્રીમાં ક્યાંક કાણું હોય,
એના કોઈ સળિયામાં કાટ લાગ્યો હોય,
કદાચ એવું કશું ન હોય,
તો ય
છત્રીને સતત અદ્ધર હાથે પકડી રાખવી પડે
એ કષ્ટ તો ખરું જ.

પણ આખી દુનિયાએ એનો Plus point જ જોયો છે,
એને અપનાવી છે,
ને એની નીચે ઊભા રહેવું ખુશીથી સ્વીકાર્યું છે.

**Smart you are my daughter.**
**હું જે કહેવા માંગું છું,**
**તે તું સમજી ગઈ હોઈશ.**

**(૧૦) સાત્ત્વિક કાર્યશીલતા :**

આપણે ત્યાં એક કહેવત છે -
**નવરો બેઠો નખ્ખોદ વાળે.**
આને મળતી એક વિદેશી કહેવત પણ છે -
**An empty mind is devil's workshop.**
આપણી ભીતરના દોષો એ devil છે.
જ્યારે આપણે ફુરસદમાં હોઈએ છીએ,
નવરાં હોઈએ છીએ
ત્યારે તેઓ બહાર નીકળે છે
ને પોતાનું કામ શરૂ કરી દે છે.
એ દોષો કામે લાગે
એટલે આપણું કામ તમામ થઈ જાય છે.
એમનાથી બચવાનો એક જ ઉપાય છે.
Always be buisy in good activities.
જેઓ કામ કરતાં રહેતા નથી,
તેમના શરીર પર ચરબીના થર બાઝે છે
અને મન પર મેલના થર બાઝે છે.
આ બંને થર
સ્વસ્થ જીવનને ખેદાનમેદાન કરી નાંખે છે.
મારી વ્હાલી,

આપણે અત્યારે એવા સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ,
જેમાં માણસ ઊર્જાના ખોટા વિકલ્પોમાં
ખરાબ રીતે ફસાઈ ગયો છે.
આમ એ બાઈક અને કાર વગર
ક્યાંય જઈ શકતો નથી
અને આમ રોજ સવારે બગીચામાં
ગોળ ગોળ ફરે છે.
આમ એ કપડાં ધોવાના મશીન પર નભે છે
અને આમ જિમ્નેશિયમમાં જઈને કસરતો કરે છે.
આ રીતે ડબલ ઊર્જા વેડફાય છે.
પર્યાવરણ રફે-દફે થાય છે. રોગો વધે છે.
ખર્ચા વધે છે.
મોંઘવારી માઝા મૂકે છે.
ને સરવાળે
માણસ હેરાન-પરેશાન થઈ જાય છે.
મારી લાડલી,
જિમ્નેશિયમના બધાં જ મશીનો અને સાધનો પર
Micro Research કરવામાં આવે
તો ખ્યાલ આવે
કે તે બધી જ વસ્તુઓ
આપણે ત્યાં જુદાં જુદાં રૂપે હતી જ.
પથ્થરની ઘંટી રૂપે... વલોણાના રવૈયા રૂપે...
કપડાં ધોવાના ધોકા રૂપે... ઝાડું કે પોતા રૂપે...
રોટલી વણવાના વેલણ રૂપે... ચટણી વાટવાના પથ્થર રૂપે...
પાણીના બેડા રૂપે... ગાયને દોહવાની પદ્ધતિ રૂપે...
સાંબેલા રૂપે... ખાંડણિયા રૂપે...
ચૂલો ફૂંકવાની ફૂંકણી રૂપે... રોટલા ટીપવાની પદ્ધતિ રૂપે... વગેરે વગેરે...

આ બધી વસ્તુઓના યાંત્રિક વિકલ્પો જ અપનાવવા,
ને પછી શરીરને જરૂરી કસરતો પૂરી પાડવા માટે
જીમમાં જઈને બીજા યાંત્રિક વિકલ્પોનો ઉપયોગ કરવો
અને એમાં પોતાની આધુનિકતા સમજવી
એ આજના વિશ્વની બહુ મોટી ગેરસમજ છે.
આ રીતે આર્થિકતંત્ર, સામાજિકતંત્ર
કે શારીરિકતંત્ર લાંબું ચાલી જ ન શકે.
**આજે અમેરિકાની ૯૦% પ્રજા દેવાદાર છે.**
**એમાં આ Wrong sytemનો**
**બહુ મોટો ફાળો છે.**
એક દિવસ એવો જરૂર આવશે
જે દિવસે ટ્રક અને ટ્રેક્ટરનું સ્થાન
ફરી બળદગાડું લઈ લેશે.
પણ આ તો વૈશ્વિક સ્તરની વાત છે,
આપણા જીવનમાં વ્યક્તિગત સ્તરે
એ દિવસ આજે પણ આવી શકે છે.
મારી વ્હાલી,
**આજે અર્થતંત્રના પ્રશ્નો કે ઊર્જાસ્રોતોના પ્રશ્નો વિકટ છે.**
**પણ એથી પણ વિકટ છે ચારિત્રનો પ્રશ્ન.**
યંત્રો અને નોકરોને બધું જ કામ સોંપીને
નવરી પડેલ વ્યક્તિ ચારિત્રનું નખ્ખોદ વાળે છે.
આ એવી સ્થિતિ છે જેમાં શરીર તો તૂટે છે
ઘરની સુખ-શાંતિ પણ તૂટે છે.
પૈસા તો ખૂટે છે,
પારિવારિક પ્રેમ પણ ખૂટે છે.
છૂટા-છેડાની નોબતો વાગવા લાગે છે.
ને બાળકો સાવ જ રઝળી પડે છે.

શેઠાણી થઈને T. V. સામે બેઠા રહેવાથી

કે Shoping અને Party celebrations કર્યા કરવાથી

આપણે સુખી થઈ ગયા છીએ એવું માનવું

એ નરી ભ્રમણા છે.

Ultimately આ દુ:ખનો રસ્તો છે.

**સુખનો રસ્તો છે સાત્ત્વિક કાર્યશીલતા.**

**પૂરતાં અને સાચી દિશાના શ્રમનો**

**બીજો કોઈ જ વિકલ્પ નથી.**

My dear,

ગુજરાતનો એક પ્રદેશ છે - કાઠિયાવાડ.

એમાં કાઠી સમાજ વસે છે.

આ સમાજમાં જ્યારે દીકરીને વળાવવાની હોય

ત્યારે માતા દીકરીને એક ખાસ શીખ આપે છે -

**"બેટા,**

**રોજ સૂરજ વંદના કર્યા પછી**

**તું બે હથેળીઓને જોજે અને એક પ્રશ્ન કરજે**

**કે તારી આ બે હથેળી ગઈ કાલ જેવી જ છે ?**

**કે વધુ ઘસાયેલી છે ?**

**જો ગઈ કાલ જેવી જ હોય**

**તો ગઈ કાલ કરતાં આજે થોડું વધુ કામ કરજે."**

મારી વ્હાલી,

શારીરિક રોગોના ઉપચારો

માનસિક મૂંઝવણોના સમાધાનો

સાસુ-દેરાણી-જેઠાણી-નણંદ સાથેના મધુર સંબંધો

અને તંદુરસ્ત ચારિત્રનો ઉપાય

આ બધું જ

એ કાઠી 'મા'ની આ એક જ શીખમાં સમાઈ જાય છે.

"મારે શા માટે ઘસાવાનું ?"
આ પ્રશ્નનો જવાબ છે - ઉજળા રહેવા માટે.
**જે ઘસાય છે, તે ઉજળા રહે છે.**
**જે પડી રહે છે, તે કાટ ખાઈ જાય છે.**

સ્કૂલમાં વિજ્ઞાનના શિક્ષકે પ્રશ્ન કર્યો,
"આજે ઘણા બધાં યંત્રોની શોધ કરવામાં આવે છે.
તમે મોટા થઈને કયા યંત્રની શોધ કરશો ?
બોલ પિંટુ."
"હું એવા યંત્રની શોધ કરીશ,
જેનું બટન દબાવો અને હોમવર્ક થઈ જાય."
"ભારે આળસું છે તું તો. અને તું ચિંટુ ?"
"હું એવા યંત્રની શોધ કરીશ
જે પિંટુએ શોધેલા યંત્રનું બટન દબાવી આપે."

એકને હોમવર્ક જ નથી કરવું.
ને બીજાને
બટન દબાવવા જેટલી ય તસ્દી લેવી નથી.
**आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।**
**नास्त्युद्यमसमो बन्धुं कृत्वा यं नावसीदति ।**
આળસ એ મનુષ્યોના શરીરમાં રહેલો મહા-શત્રુ છે.
ઉદ્યમ સમાન કોઈ સ્વજન નથી.
જેનાથી મનુષ્ય સુખી થાય છે.
બેટા,
**જ્યાં કામની વહેંચણી હોય તે ઑફિસ છે.**
**જ્યાં કામની સમજણ હોય એ પરિવાર છે.**
કારકુની પદ્ધતિથી ઘરમાં બધાંનાં મન ઝડપભેર ઊંચા થાય છે.

આ ઉચાટ છેક વિભક્ત કુટુંબ સુધી લઈ જાય છે,
ને વાત ત્યાં પણ અટકતી નથી.
વિભક્ત થયા પછી પણ આ વિષાણુઓ દેખા દે છે.
પતિ અને બાળકો સાથે,
શિસ્તના નામે.
શિસ્ત સારી છે
પણ તેના નામે મન સાથે છળ થાય
અને પરસ્પરનું અંતર વધતું જ જાય
એ તો સારું નહીં જ ને ?
**બધું જ ધાર્યું થઈ જાય**
**પણ પરિણામે આપણે દુઃખી દુઃખી થઈ જઈએ**
**તો એ ધાર્યું થવાનો શું અર્થ ?**
મારી વ્હાલી,
સાત્ત્વિક કાર્યશીલતા
એ શરીર અને મનનું અમૃત છે.
સંયુક્ત અને સ્વસ્થ પરિવારની આ સંજીવની છે.
character માટે આ oxygen છે.

**(૧૧) સાત્ત્વિક તિતિક્ષા :**

શરીર અને મનના સ્તરે
સમ્યક્ સહન કરવાની વૃત્તિ.
પોચી ગાદી, સુંવાળા વસ્ત્રો, સેન્ટ્સ અને પરફ્યુમ્સ
A. C. અને Coolers, સિઝનલ ફ્રૂટ્સ...
In short
**બધી જ રીતે બધી જ અનુકૂળતા ભોગવવી**
**અને**
**માનસિક સ્તરે કોઈનું ય કશું ય**

**સાંભળવાની બિલકુલ તૈયારી ન હોવી**
**આવી સ્થિતિ એ મોટું જોખમ છે.**
એક Levelની Luxury જેમના માટે જરૂરિયાત બની જાય છે.
તેઓ પરિવર્તિત સંયોગોમાં
યા તો આપઘાત કરી લે છે
ને યા તો એમનું શેષ જીવન નરક બની જાય છે.
જીવનમાં કર્કશતાને વેઠવાની અને પ્રતિકૂળતાને સહેવાની ટેવ હોવી
એ ખૂબ જ આવશ્યક છે.
**"બધું જ અનુકૂળ હોય, તો હું સુખી."**
**આવી જેની સુખની વ્યાખ્યા છે,**
**એની Most of life દુઃખમાં પસાર થતી હોય છે.**
કારણ કે 'બધું જ અનુકૂળ હોય'
એવી પરિસ્થિતિ યા તો આવતી જ નથી
ને ક્યારેક આવી જાય
તો ટકતી નથી.
મારી વ્હાલી,
આપણી કુશળતા અને આપણી મહાનતા તો એમાં છે.
કે તમામ પ્રતિકૂળ સંયોગોની વચ્ચે ય
શારીરિક રોગની સાથે સાથે ય
કોઈના કડવા શબ્દોને સાંભળતા સાંભળતા ય
આપણે સુખી જ હોઈએ.
**હકીકતમાં કષ્ટ બહાર હોતું જ નથી.**
**કષ્ટ એ જ છે**
**જેને આપણે મન પર લઈએ છીએ.**
જેને આ રહસ્યની જાણ નથી,
એ દેખીતી રીતે કષ્ટોથી દૂર ભાગતો હોય છે.
પણ ખરા અર્થમાં
એ કષ્ટો તરફ જ જતો હોય છે.

ટોલ્સ્ટોયે મજાની વાત કરી છે –

**If you want to be happy, be.**

આપણા આનંદને કોઈને આધીન બનાવવો
એ જ મોટું Ignorance છે.
મારી વ્હાલી,
ફાડી નાંખવું... તોડી નાંખવું... કાપી નાંખવું
છોડી દેવું... નીકળી જવું
આ બધું તો એક મૂર્ખ પણ કરી શકે છે.
**ખરી ને સારી વાત તો છે**
**ટકી રહેવું અને નિભાવવું.**
**આ જ ઈચ્છનીય છે.**
બેટા,
જેની પાસે સાત્ત્વિક તિતિક્ષા નથી
એ એક ભવમાં ઘણા ભવ કરે છે,
અને એમાં એના સાચા સુખનો
એના ચારિત્રનો
ખરેખર કચ્ચરઘાણ નીકળી જાય છે.

**My dear,**
**જીવનમાં કદાચ તું બીજું બધું જ ભૂલી જાય,**
**તો ય આ 11 secrets ને યાદ રાખજે,**
**આ જ્ઞાન જ તારી ખરી શોભા બનશે.**
**તારું ગૌરવ બનશે**
**અને તારું સ્વર્ગ બનશે.**
Give me promise my dear,
Love you so much.

•

# EARNING

વ્હાલી દીકરી,

કમાણી કરવા વિશે સ્ત્રીઓના વ્યક્તિગત અભિપ્રાયો લેવામાં આવે,
તો કદાચ સેંકડોની સંખ્યામાં જુદાં-જુદાં અભિપ્રાયો મળે.
પણ આપણે સૌ પ્રથમ
મધ્યસ્થ વિચારણા કરવી છે.
જરૂરિયાતવાળા પરિવારમાં
સ્ત્રી-પુરુષ અને બાળકો પણ કમાણી કરવામાં જોડાય
એ સંયોગની વાત છે.
પણ વગર જરૂરતે માત્ર આર્થિક સ્વાતંત્ર્યના ખ્યાલને સંતોષવા
કે બચત માટે
કે ઊંચા જીવનધોરણ માટે સ્ત્રી કામે જાય,
તો એક જરૂરતવાળા પરિવારનો નિર્વાહ અટકી જાય.
કારણ કે શિક્ષિતો માટે કામગીરીની તકો ઓછી છે.
તકો કરતાં કામ કરનારાઓ ખૂબ વધારે છે.
**જો શિક્ષિત સ્ત્રીની બદલે**
**એક શિક્ષિત બેકાર પુરુષ કામ કરે**
**તો એનો પરિવાર સુખરૂપ નિર્વાહ કરી શકશે.**
કદાચ કામગીરીની બહોળી તકો હોય
તો ય સ્ત્રી બહાર જાય
ત્યારે પરિવારની શી દશા થશે ?
પતિ કામ-ધંધેથી થાક્યો-પાક્યો ઘરે આવ્યો છે.
ઘરની સ્થિતિ અસ્ત-વ્યસ્ત છે.
બે-ત્રણ કામો પેન્ડિંગ પડ્યા છે.
ભૂખ કકડીને લાગી છે
પણ રસોઈના કોઈ ઠેકાણા નથી.
પતિને બધી ખબર છે,

કે જેમ પોતે થાકી-પાકીને આવ્યો છે,

તેમ પત્ની પણ થાકી-પાકીને આવી છે કે આવવાની છે.

છતાં ય

પતિની જે જે અપેક્ષાઓ તૂટી છે તે તૂટી જ છે.

પરિણામ ?

Home-war.

નજીવા કારણે કે વિના કારણે ગુસ્સો,

તીખાં અને કડવા શબ્દો,

અજંપો અને અશાંતિ,

પરસ્પર સતત દોષારોપણ,

તંગ વાતાવરણ.

**મારી વ્હાલી,**

**ઘરમાં પગારના બે ચૅક આવે**

**એ બધાંને સારું લાગે છે,**

**પણ એ બીજા ચૅકની કિંમત**

**ઘરને પોસાતી નથી.**

બાળક સ્કૂલમાંથી ઘરે આવે

એટલે એને ‘મા’નો ખોળો જોઈતો હોય છે.

એને કોઈ ટીચરની કે સ્ટુડન્ટની કમ્પ્લેઈન કરવી છે.

એને એણે કરેલા કોઈ પરાક્રમની વાત કરવી છે.

એને કંઈક વાગી ગયું છે, તો એને ‘મા’ પાસે રડવું છે.

એને સહાનુભૂતિ અને હૂંફની જરૂર છે,

પણ ઘર જે કારણથી ઘર હતું

એ કારણ જ ગેરહાજર છે.

બાળક મૂંઝાય છે... ખાલીપો અનુભવે છે...

થોડો નર્વસ થાય છે... થોડો ગુસ્સે થાય છે...

ધીમે ધીમે એનો સ્વભાવ
ચીડિયો અને વિચિત્ર બનતો જાય છે.
હવે એ નાની નાની વાતમાં ઉકળી જાય છે.
કોઈનું કાંઈ માનતો નથી.
એની સંવેદનશીલતા બુઠ્ઠી થતી જાય છે
અને કઠોરતા વધતી જાય છે.
બેટા,
**પરિવાર એ બીજા ચૅકની કિંમત છે.**
**સુખ-શાંતિ અને આનંદ એ બીજા ચૅકની કિંમત છે.**
**સ્વસ્થ અને પ્રેમાળ સંતાન એ બીજા ચૅકની કિંમત છે.**
**સતત સૌહાર્દભર્યું વાતાવરણ એ બીજા ચૅકની કિંમત છે.**
પહેલા આ બધી કિંમત ચૂકવવી પડે છે,
ને પછી બીજો ચૅક મળે છે.
વાત ફક્ત બીજા માટે પોતાના કૅરિયરનો
અને કમાણીનો ભોગ આપવાની નથી.
સ્ત્રી પોતે આ બેવડી ભૂમિકા ભજવવામાં
જે દુઃખ વેઠે છે, તેને એ જ સમજી શકે છે.
એ ગમે તેટલી કાર્યનિષ્ઠાથી
ઘર અને વ્યવસાયને સાચવવા જાય.
તો ય બધાં અસંતુષ્ટ રહે છે.
**વ્યવસાયમાં બૉસની અપેક્ષા પૂરી કરવાની**
**અને ઘરમાં પરિવારની**
**આ બેવડી જવાબદારીમાં સ્ત્રી રહેંસાય છે.**
જાણે પોતાની પાછળ
કોઈ જંગલી જાનવર પડી ગયો હોય
તેમ નાસતાં-ભાગતાં રહેવું

સતત ટેન્શનનો ભાર માથે રાખવો

અને સતત બધાંના અસંતોષ વચ્ચે જીવવું

આ સ્ત્રી ઉપરનો એક અત્યાચાર નહીં

તો બીજું શું છે ?

My dear,

**વ્યવસાયમાં સ્ત્રી જેમ જેમ સફળ બને છે,**

**તેમ તેમ અંગત જીવનમાં તેની સમસ્યાઓ વધતી જાય છે.**

એક પત્ની તરીકે અને એક મા તરીકે

જ્યારે તે નિષ્ફળ જાય છે,

ત્યારે બહારની સફળતાનો કોઈ જ અર્થ રહેતો નથી.

વ્યવસાયમાં સફળ થયેલી સ્ત્રી

સહજપણે એવું ઈચ્છે છે કે

એના પતિદેવ ઘર અને બાળકોની સંભાળ રાખી લે.

બીજી બાજુ પતિ સહજ પુરુષ સ્વભાવને કારણે

પત્નીની વ્યવસાયિક સફળતાથી

ઈગો હર્ટ અનુભવે છે.

પરિણામે પત્ની સાથેનું એનું અંતર

અને ઘર્ષણ બંને વધતાં જાય છે.

બેટા,

Never say - આવું ન થવું જોઈએ.

એનો કોઈ અર્થ નથી.

જે છે એ છે.

તમે એને સાવ જ ખોટું સાબિત કરી દો

તો ય એ છે.

**स्वभावो ह्यपर्यनुयोज्यः ।**

Nature એ એવી વસ્તુ છે

જેને તમે Why ? કહી શકતા નથી.
Fire hot છે તો છે.
Why hot ? એનો કોઈ જ જવાબ નથી,
હકીકતમાં આવો સવાલ જ ન પૂછી શકાય.
સ્વભાવને ફક્ત સમજવાનો હોય છે
અને
સમજીને યોગ્ય વર્તન કરવાનું હોય છે,
સ્ત્રીની વ્યવસાયિક કારકિર્દી
એ જેમ પુરુષના Natureને suit નથી કરતી
એમ સ્ત્રીના પોતાના Natureને પણ suit નથી કરતી.
આ એવી Duty છે
જેમાં સ્ત્રીને ખબર પણ ન પડે
એ રીતે એના પ્રકૃતિદત્ત સ્ત્રી-તત્ત્વો લુપ્ત થતાં જાય છે.
અને પૌરુષી લક્ષણો એના વર્તનમાં વ્યાપી જાય છે.
બેટા,
**સ્ત્રીની Out door dutyથી એને કેટલા પૈસા મળે છે,**
**એ વાતનું કોઈ જ વજૂદ નથી રહેતું**
**કારણ કે એ Duty જ એને Self-cost પર મળતી હોય છે.**
I mean,
એ Dutyની cost રૂપે એણે પોતાની જાત
પોતાનું સ્ત્રીત્વ આપી દેવાનું હોય છે.
મારી વ્હાલી,
કોઈ આપણને કરોડો રૂપિયા આપી દે
એ શરતે
કે આપણે મરી જવાનું
તો આપણે એ શરત મંજૂર કરશું ખરાં ?

જો આપણું Existence જ ન રહેવાનું હોય,
તો શું કરવાનું એ કરોડો રૂપિયાનું ?
**સ્ત્રીનું અસ્તિત્વ**
**એ જ પરિવારનું અસ્તિત્વ છે.**
**સ્ત્રી નાબૂદ થાય એટલે આખો પરિવાર**
**નાબૂદ થયા વિના રહેતો નથી.**
**न गृहं गृहमित्याहुः गृहिणी गृहमुच्यते ।**
**ઘર એ ઘર નથી, ગૃહિણી એ ઘર છે.**
સમસ્ત રાષ્ટ્રનો કોઈ પાયો હોય
તો એ ગૃહિણી છે.
હિટલરને આ સત્ય સારી રીતે સમજાયું હતું.
એણે સત્તા પર આવતાની સાથે જ
સ્ત્રીઓને નોકરીમાંથી રજા આપી હતી
અને કહ્યું હતું કે
**તમે તમારા પતિને ખૂબ પ્રેમ આપો.**
**તમારા સંતાનનું તમે શ્રેષ્ઠ ઘડતર કરો.**
**આ જ તમારી સૌથી મોટી દેશ-સેવા છે.**
જર્મનીને વિશ્વમાં સર્વોચ્ચ સ્થાને પહોંચાડવા માટે
તમારી આ જ સેવાની જરૂર છે.
બેટા,
સ્ત્રી એ કાંઈ ટી.વી. સૅટ નથી,
જે જરૂર મુજબ
તરત ચૅનલ બદલી શકે,
ઘરમાં બહાર કરતાં જુદાં ગુણની જરૂર હોય છે,
અંદર-બહારની આ ખેંચતાણ

છેવટે
યા કજિયામાં પરિણમે છે.
યા ડિપ્રેશનમાં Convert થાય છે.
મારી વ્હાલી,
એક-બે વર્ષનું બાળક
ઘોડિયાઘરમાં આયા દ્વારા માર મારી મારીને
પરાણે સૂવાડી દેવાતું હોય,
પાંચ વર્ષનું બાળક સતત એકલવાયપણાને અનુભવતું હોય,
આઠ વર્ષના બાળકની મા ફ્રીઝ હોય
અને બાપ ટી.વી. હોય,
દશ વર્ષના બાળકે આજ સુધી
કદી પણ પ્રેમ અને હૂંફનો અનુભવ જ ન કર્યો હોય,
બાર વર્ષનું બાળક દુનિયા આખીને ધિક્કારવા લાગ્યું હોય,
આ સ્થિતિએ અમેરિકા જેવા દેશોમાં
ચૌદ વર્ષના હત્યારા અને આતંકવાદીઓ પેદા કર્યા છે.
સ્કૂલોમાં ગોળીબારો થવા
અને હત્યાકાંડ સર્જાવો એ ત્યાંની
એક નિયમિત ઘટના છે.
**મારી વ્હાલી,**
**ઘોડિયાઘરની આયા**
**કે ઘરના નોકર-નોકરાણી**
**કદી 'મા'નું સ્થાન ન લઈ શકે.**
'મા'નો પ્રેમ... વાત્સલ્ય... હૂંફ... આત્મીયતા
એ બાળક માટે ઑક્સિજન હોય છે.
વિદેશમાં કરોડો બાળપણ
આ ઑક્સિજનના અભાવે ગૂંગળાઈને મરી રહ્યા છે.

સ્ત્રીનું કર્તવ્ય ઉત્તમ ગૃહિણી બનવાનું છે.
આ સિવાયની એની બધી જ Duties,
જેના કદાચ International level પર વખાણ થતાં હોય,
તો પણ,
એ બધું Wrong number પરની Talk જેવું છે.
એ Talk ગમે તેટલી Smart હોય,
ગમે તેટલી Inteligent હોય,
Actually એનો કોઈ જ Meaning નથી.
ગીતાના શબ્દો યાદ આવે -
**परधर्मो भयावहः** પરધર્મ ભય લાવનાર છે.
નારી નારીધર્મ છોડીને પુરુષધર્મ અપનાવવા જાય
એ ખરેખર Danger છે.
મારી લાડલી,
**સંપત્તિનું સર્જન સુખ માટે થતું હોય છે,**
**જો આવા સર્જન પાછળ**
**સુખ જ રહેંસાઈ જતું હોય,**
**તો પછી એ સર્જન કરવાનો શું Purpose રહેશે ?**
**આ તો જીવવા માટે ઝેર ખાવાની ઘટના છે.**
જૉબ કે બિઝનેસ કરતી નારી
પોતાની બધી જ શક્તિ લગાડીને
આ બધાં જ છેડાંઓને મેળવવા માટે પ્રયાસ કરે,
એટલે એટલી બધી ખેંચતાણ થાય
કે એનું સીધું Result
શારીરિક રોગો અને માનસિક તાણ રૂપે મળે.
બૅક પૅઈનથી માંડીને ડાયાબિટીસ સુધી
બી.પી.થી માંડીને ઍટેક સુધી

ટૅન્શનથી માંડીને ડિપ્રેશન સુધી.

હવે ?

દવા... ટ્રીટમેન્ટ... ખર્ચા...

**પૈસા ખાતર આ બધી ઉપાધિઓ ઊભી કરી.**

**હવે એ ઉપાધિઓને સુલજાવવા માટે**

**બધાં જ પૈસા વેરી દેવાના.**

કદાચ ઉપરથી દેવું પણ કરી દેવાનું.

**सुधीर्हि सर्वं परिणामरम्यं**

**विचार्य गृह्णाति, चिरस्थितीह ।**

બુદ્ધિમત્તા એમાં છે

કે આપણે લાંબો વિચાર કરીએ,

માત્ર 'સારું' ન જોઈએ

પણ Resultમાં સારું જોઈએ.

દેખીતી રીતે સારી વસ્તુનું પણ જો Result ભયંકર હોય,

તો એ વસ્તુને સારી કહેવાય

કે ખરાબ કરતાં ય વધારે ખરાબ કહેવાય ?

**એક દુશ્મન જ્યારે દોસ્તના રૂપે મળે છે,**

**ત્યારે એ પહેલા કરતાં પણ**

**વધારે ખતરનાક બની જાય છે.**

બેટા,

છેલ્લા લાખો વર્ષમાં ન આવ્યો હોય,

એવો કલ્ચરલ ઍટેક આજના સમયમાં આવ્યો છે.

ભલભલા સારા માણસને પણ

સાવ નીચ કક્ષાએ મૂકી દે

એવો એટમોસફિયર આજે ક્રિયેટ થયો છે.

પરિણામે માણસ જ્યાં જાય
ત્યાં એની વાસનાપૂર્તિનું સાધન ગોતે છે.
એ જાહેર રસ્તા હોઈ શકે.
રિક્ષા, બસ કે ટ્રેન હોઈ શકે.
દુકાન કે ઑફિસ હોઈ શકે.
ઘર અને પરિવારના સુરક્ષાચક્રમાંથી નીકળીને
નારી જ્યાં પણ જાય છે,
ત્યાં એની સુરક્ષાની કોઈ જ ગેરંટી હોતી નથી.
ગિરદીનો લાભ ઉઠાવનારાઓથી માંડીને
એકાંતનો લાભ ઉઠાવનારા સુધીના
બધાંની વચ્ચે નારી એકલી હોય છે.
**વાસનાભૂખ્યા વરૂઓની વચ્ચે**
**એ એકલી નારીની સુરક્ષાનું શું ?**
**આ પ્રશ્નનો**
**નારીવિકાસવાદીઓ અને નારી સ્વાતંત્ર્યવાદીઓ પાસે**
**કોઈ જ જવાબ નથી.**
દુર્ઘટનાઓનો દોર ભયજનક રીતે વધી રહ્યો છે.
નારી તૂટતી જાય છે.
પરિવારો ભાંગતા જાય છે.
મારી વ્હાલી,
જ્યારે ટી.વી., ઇન્ટરનેટ, મોબાઇલ, સિનેમા,
વલ્ગર ન્યૂઝ પેપર્સ-આમાંથી કશું જ ન હતું,
ત્યારે પણ એક નારી કોઈ પુરુષ સાથે વાત કરવામાં
સખત સંકોચ અનુભવતી,
એને પોતાના અંગો તો શું,
પોતાનો ચહેરો સુદ્ધાં દેખાડવામાં પાપ સમજતી,

આ હતી આપણી સ્વર્ણિમ સંસ્કૃતિ
જેમાં જાતીય ગંદકીઓ, બળાત્કારો, છૂટાછેડાઓ
વગેરેની સંભાવના લગભગ શૂન્ય હતી.
આજે એક બાજુ
મીડિયા દ્વારા વાસનાને ભડકે બાળવામાં આવે છે
અને બીજી બાજુ
નારીને સેંકડો-હજારો પુરુષોની વચ્ચે
મર્યાદાહીન વેશમાં ઊભી કરી દેવાની હિમાયતો ચાલે છે.
**પેટ્રોલનો વરસાદ કરીને**
**ફાયર ગન ચલાવવા જેવી આ પરિસ્થિતિ છે.**
**જેનું પરિણામ**
**દુનિયા આખી જાણે છે.**
મારી વ્હાલી,
દુનિયા આપણા હાથમાં નથી,
આપણી જાત આપણા હાથમાં છે,
આપણી સાથે કદાચ બીજો કોઈ જ દુર્વ્યવહાર ન થાય,
તો ય
કમ સે કમ હજારો માણસો
આપણા ઉપર નજર બગાડવાના
એટલું તો નિશ્ચિત છે.
શું આ ય આપણને મંજૂર છે ?
આ એવી સ્થિતિ છે
જેમાં વેશ્યા રાજી થાય
ને ખાનદાન નારી આઘાત અને વજ્રાઘાત અનુભવે.
**ધૂળ પડી એ રૂપિયામાં**
**જે આપણી ખાનદાનીને... આપણા ચારિત્રને... આપણા સંસ્કારને**

**આપણા અંતરાત્માના અવાજને... આપણી લજ્જાને**
**સાવ જ ચૂંથીને રફે-દફે કરી દે.**

બેટા,
એક મહત્ત્વની વાત એ છે
કે નારી આર્થિક બાબત માટે માત્ર એના પતિને જ
આધીન હોવી જોઈએ.
આજની નારીને આમાં ગુલામી લાગી
એટલે એ જાતે પૈસો કમાવા ગઈ.
આમાં એને બૉસની આધીનતા સ્વીકારવી પડી.
પતિ સિવાયની વ્યક્તિને પરાધીન હોવું,
એનાથી મોટું જોખમ બીજું કયું હોઈ શકે ?
કોઈ જ જાતના સંબંધ વિના પણ
નારીનું શોષણ કરનારા પુરુષોનો તોટો ન હોય
એ સમયે
બૉસ તરીકે રહેલો પુરુષ
આ આર્થિક સંબંધનો ગેરલાભ નહીં ઊઠાવે ?
એને રાજી રાખવો
એ નારીની નોકરીનો એક ભાગ નહીં બની જાય ?
More clear કહું,
તો એ એની નોકરીનો આધાર નહીં બની જાય ?
બેટા,
સત્ય ઘણું કડવું છે,
સત્ય દીવા જેટલું ચોખ્ખું છે,
પણ દુનિયા પોતે જ આંખ આડા કાન કરીને
પોતે જ પોતાની આંખમાં ધૂળ નાંખીને
મોતના રસ્તે દોડવા માંડી છે.

આ સ્થિતિમાં જે થાય

એ થઈ જ રહ્યું છે.

**મારી દીકરી,**

**તારે સમજણના રસ્તે ચાલવાનું છે.**

**આંખ આડા કાન કરવા**

**'પડશે એવા દેવાશે' કરવું**

**'હવે તો એવું બધું ચાલે' કરવું**

**આ બધો સમજણનો રસ્તો પણ નથી**

**અને સુખનો રસ્તો પણ નથી.**

થોડા દિવસો પહેલા

સુરતમાં એક ઘટના ઘટી.

વીસ વર્ષની એક કન્યાએ

અગિયારમા માળથી ઝંપલાવીને આપઘાત કર્યો.

Why ?

એ જ્યાં નોકરી કરવા જતી હતી,

ત્યાં કામ કરતા એક યુવક સાથે

એને પ્રેમ થઈ ગયો હતો.

એના પિતાએ એને બે Options આપ્યા હતાં.

યા આ સંબંધ છોડી દેવો.

યા ચાર વર્ષ રાહ જોવી.

એણે ત્રીજો વિકલ્પ પસંદ કર્યો.

બેટા,

આપણો સ્વભાવ એવો છે,

કે જે નજીક હોય, એના પ્રત્યે આપણે ઢળવા લાગીએ.

આને પ્રેમ ન કહેવાય.

પ્રેમ તો ઊંડી સમજણ છે.

આ તો હોય છે ક્ષણિક આવેગ.
એ બહુ જલદી ઓસરી જાય છે.
**પછી જુદી જ્ઞાતિ-જુદો સમાજ-**
**જુદાં સંસ્કાર-જુદી રીતભાત-જુદાં રિવાજ**
**આ બધી જુદાઈ**
**ધીમે ધીમે બંનેને જુદાં કરતી જાય છે.**
અને છૂટાછેડાની નોબત આવીને ઊભી રહે છે.
પછી 2nd hand બનેલી એ નારી
બીજી વાર જ્યાં પરણે
ત્યાં એણે સમાધાન જ કરવાનું હોય છે.
સુરતના એ પિતાનો કોઈ જ દોષ ન હતો,
હું તો કહું છું,
કે એ કન્યાનો પણ કોઈ દોષ ન હતો,
એ જે સ્થિતિમાં હતી
ત્યાં આવું થવું સહજ જ હતું.
**બધો જ દોષ આ Systemનો હતો.**
જ્યાં વાસનાના ઘોડાપૂરોમાં
જુવાન સ્ત્રી એકલી ઘરની બહાર નીકળે,
પુરુષો વચ્ચે મુસાફરી કરે,
તેમની સાથે કામ કરે,
તેમની સાથે હળે-મળે,
કોણ બચે ?
આ સ્થિતિમાં જે સ્ત્રી કે પુરુષ
પૂરેપૂરા બચી જાય,
જેમનું મન સુદ્ધાં ન બગડે,
એમને આ સમયના ભગવાન માનવા જોઈએ.

**નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન ।**

**ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન ॥**

Let me say my daughter,

ભગવાનને ય અભડાવી દે

એવો આ ટાઈમ છે.

આજે નારીને પહેલા કરતાં ય Double coverની

અને Double Securityની જરૂર છે,

ત્યારે એ More open

અને More insecured બની છે.

એ જોઈને સમજદાર લોકોનું હૈયું ચિરાઈ જાય છે.

તેઓ આ બાબતમાં કાંઈ પણ બોલવા જાય,

તો એમને વિકાસવિરોધી ગણવામાં આવે.

પછાત અને જુનવાણી ગણવામાં આવે

ને નારીવાદી સંસ્થાઓ જ તેમના વિરોધમાં સરઘસ કાઢે

એને અજ્ઞાન અને કરુણતાની

એક સીમા ગણવી જોઈએ.

મારી વ્હાલી,

નારીને ઘરની જરૂર હોય છે

અને ઘરને નારીની જરૂર હોય છે.

**ઘરની રાણી,**

**જ્યારે કોઈની નોકરાણી થવા ઘરની બહાર નીકળે છે**

**ત્યારે તે પોતે ય હેરાન-પરેશાન થઈ જાય છે**

**અને આખું ઘર પણ હેરાન-પરેશાન થઈ જાય છે.**

**ઋગ્વેદની** એક ઋચામાં

લગ્ન વખતે કન્યાને આપવાના આશીર્વાદ લખેલા છે -

**"તારા ઘરની રાણી થઈને રાજ કરજે."**

સફળ અને સુખી સ્ત્રીના
ઘણા બધાં રહસ્યો આ એક જ વાક્યમાં
સમાઈ ગયાં છે.
બેટા,
સાર એટલો જ છે
**કે એક સ્ત્રી જ્યારે કમાતી હોય છે,**
**ત્યારે અનેકગણું ગુમાવતી હોય છે.**
In other words
**Earning Woman**
**is like a Burning Woman.**
આપણી સંસ્કૃતિમાં
સ્ત્રીને આર્થિક સ્વતંત્રતા હતી જ.
પતિ એની કમાણી
પત્નીના હાથમાં મૂકી દેતો.
બહારગામ જવાનું થાય
ત્યારે પતિ પત્ની પૈસા માંગતો.
પત્ની પૂછતી ય ખરી
''કેમ આટલા બધા રૂપિયા ?''
**પતિની કમાણીને**
**પોતાની જ કમાણી સમજીને**
**ઘરની રાણી થઈને રહેતી**
**આજે ય કરોડો ગૃહિણીઓ છે.**
**આ Burning Woman**
**એમને જોઈ શકે**
**તો ખરેખર**
**એમની ઈર્ષ્યા કરતી થઈ જાય.**

આમાં છેલ્લો પ્રશ્ન એ હોઈ શકે
કે આજની મોંઘવારીમાં
બે જણે કામ કર્યા વગર છૂટકો જ નથી,
તો એનું સરળ સમાધાન એ છે,
કે આ રીતે - બધી રીતે દુઃખી થઈને
કેરેક્ટરનું રિસ્ક લઈને
કમાવાનો પ્રયાસ કરવો
એના કરતાં સાદાઈ અને સંતોષપૂર્વક જીવવાનો પ્રયાસ કરવો
એ લાખગણો બહેતર છે.
આ કળા આવડી જાય, તો મોંઘવારી કદી નડતી નથી.
વિદેશીઓ અહીંયા જ થાપ ખાઈ ગયા છે.
પહેલા એમણે જીવનધોરણો ખૂબ જ ઊંચા અપનાવી લીધાં
પછી માત્ર બે જણ નહીં
ઘર આખું કામે લાગે છે,
ને તો ય પૂરું પડતું નથી, ઉપરથી બધાં લોનમાં ફસાઈ ગયા છે.
હું તો કહીશ
કે આ પૂરેપૂરી મૂર્ખામી છે.
આ આખી સિસ્ટમ જ ખોટી છે,
**Always remember my daughter,**
**જેમની આપણા કરતાં અડધી જ કમાણી છે,**
**તેઓ પણ જીવે છે,**
**જેમની તેમના કરતાં પણ અડધી જ કમાણી છે,**
**તેઓ પણ જીવે છે.**
**મહાભારતના વિદુરજી યાદ આવે -**
**सहस्त्रिणोऽपि जीवन्ति,** હજાર રૂપિયાવાળા ય જીવે છે.
**जीवन्ति शतिनोऽपि हि ।** ને સો રૂપિયાવાળા ય જીવે છે.

| | |
|---|---|
| **धृतराष्ट्र ! विमुञ्चेच्छां,** | હે ધૃતરાષ્ટ્ર ! તમે તૃષ્ણાને છોડી દો. |
| **न कथञ्चिन्न जीव्यते ॥** | કોઈ રીતે નથી જીવાતું એવું નથી. |

ઈચ્છા અને તૃષ્ણા
ઘણા પ્રકારની હોઈ શકે... અમુક જ સીટી... અમુક જ એરિયા...
અમુક પ્રકારનું જ ઘર... અમુક જ કપડાં...
અમુક જ ઘરેણાં... અમુક જ ફર્નિચર...
અમુક જ રાચરચીલું... અમુક ખાસ સગવડો...
**મારી વ્હાલી,**
**માણસ કદી સિચ્યુએશન્સથી દુઃખી હોતો જ નથી.**
**એ દુઃખી હોય છે**
**એની ઈચ્છાઓ અને તૃષ્ણાઓથી**
**અને એના આગ્રહોથી.**
તૃષ્ણા એ એવી રાક્ષસી છે,
જે માણસના બધા જ સુખોને ગળી જાય છે.
તૃષ્ણા ન હોય
તો પરિવાર સાથે બેસીને
આનંદથી રોટલો ને મરચું ખાતો
મજૂર પણ સુખી છે.
તૃષ્ણા હોય
તો મોટો ઉદ્યોગપતિ પણ દુઃખી છે.
ભર્તૃહરિએ સાચું જ કહ્યું છે -
**स तु भवतु दरिद्रो यस्य तृष्णा विशाला**
ગરીબ એ છે જેને તૃષ્ણા ઘણી છે,
શેક્સપિયરે બીજા છેડાની વાત કરી છે.
**A poor & content is rich**

**& rich enough.**

My dear,

**પહેલા ઈચ્છા કરવી**

**ને પછી એ ઈચ્છા પૂરી કરવા માટે**

**જાત ઘસી નાંખવી,**

**એના કરતાં ઈચ્છાથી મુક્ત થઈ જવું**

**એ જ સારું નથી લાગતું ?**

પંચસૂત્રમાં સુખનું આ જ રહસ્ય જણાવ્યું છે -

**अणिच्छेच्छा इच्छा**

ઈચ્છા એક જ કરો કે મને કોઈ જ ઈચ્છા ન રહે.

**Desire to be desireless.**

બેટા,

આ બધાં જીવનસૂત્રો છે.

જીવનભર યાદ રાખવા જેવા.

જીવનમાં ડગલે ને પગલે લાગુ કરવા જેવા.

ઈચ્છાઓના પહાડ નીચે કચડાઈ મરવા કરતાં

ઈચ્છાઓને ફગાવી દેવી

એ જ શ્રેયસ્કર છે.

પેલી કવિતા યાદ આવે -

**કેટલા હળવા ફૂલ જેવા થઈ ગયા,**

**એક ઈચ્છાને મેં ફંગોળી પછી.**

Yes my daughter,

**Desire is Weight,**

**Desire is Death.**

સંસારમાં કેટલીક મૂર્ખ નારીઓ હોય છે.

જેઓ નિત-નવી માંગણી કરીને

પતિના હાલ-હવાલ કરી નાખે છે.
તેમને ખબર નથી હોતી
કે તેઓ જે ડાળ ઉપર બેઠી છે
તેને જ કાપી રહી છે.
ગજા ઉપરાંતનું કામ અને ટેન્શન
પતિને માંદલો બનાવે... ઉદાસ અને ચીડિયો બનાવે...
અને અકાળે ઘરડો બનાવે...
આ બધી જ
પત્નીને થયેલી એક પ્રકારની
કઠોર સજાઓ જ છે ને ?

છગન ને મગન બંને ભેગા થયાં.
બે ય સાવ ઉદાસ હતાં.
દીવેલ પીધાં જેવા બંનેના ચહેરા હતા.
છગને મગનને પૂછ્યું,
“તું કેમ ઉદાસ છે ?”
મગન કહે, “મારી પત્નીની આંખમાં રેતીની કણી ઘુસી ગઈ.
ટ્રીટમેન્ટમાં ૫૦૦૦ની ઉઠી.”
છગન કહે, “તારે તો સસ્તામાં પતી ગયું,
મારી પત્નીની આંખમાં તો પડોશણનો નેકલેસ ઘુસી ગયો.
૫ લાખની ઉઠી.”

My dear,
ઈચ્છાઓને પૂરી કરવા માટે
કમાનાર પર દબાણ કરવું કે જાતે કમાવા જવું
એ નારી માટે શોભાસ્પદ નથી.

**નારીનું તો કર્તવ્ય એ જ છે**

**કે પતિ જેટલા રૂપિયા લાવે**

**એમાંથી કુશળતાપૂર્વક ઘર ચલાવવું.**

That's possible my daughter.

આ જ સારું છે

અને આ જ ઇચ્છનીય છે.

●

# ENGAGEMENT

એક સમય એવો હતો
જ્યારે વડીલો પોતે લગ્નનું નક્કી કરી આવતાં.
અને છેક લગ્નના દિવસ સુધી
વર-કન્યાએ એક બીજાને જોયાં સુદ્ધાં ન હોય.
કોઈ વળી બહાદુરી કરીને
છુપી રીતે દૂરથી જોઈ આવે,
કે કોની સાથે મારું ગોઠવાયું છે,
તો એ પણ એક મોટી ઉપલબ્ધિ ગણાતી.
Laugh my daughter, laugh... No problem.
વડીલો જ ગોઠવતાં.
અને ગોઠવતાં પહેલાં બધું જ જોતા...
**कुलं च शीलं च सनाथता च** - કુલ... શીલ... સનાથતા...
**विद्या च वित्तं च वपुर्वयश्च ।** - જ્ઞાન... સંપત્તિ... શરીર... ઉંમર
**वरे गुणाः सप्त विलोकनीया-** - આ સાત ગુણો વરમાં જોવા.
**स्ततः पर भाग्यवशा हि कन्या॥** - પછી તો જેવું કન્યાનું ભાગ્ય...
વડીલો સંસ્કારો અને રૂઢિઓ જોતા,
રીતરિવાજો અને આજીવિકાનું સાધન જોતા,
કુટુંબના સભ્યો અને સાસુ-સસરાનું વર્તન પણ જોતાં.
આ બધું જોઈને તેઓ લગ્ન નક્કી કરતાં.
અને તેમનું ડિસિજન ફાઈનલ ગણાતું.
છોકરા-છોકરીને પૂછવાનો ય રિવાજ ન હતો
અને તેમને કોઈ ચૂં-ચા કરવાનો પણ અવકાશ ન હતો.
કદાચ આજની જરનેશનને આ ‘જુલમ’ લાગશે.
પણ બેટા,
Mark કરવાની વસ્તુ એ છે
કે તે સમયના લગ્નો પૂરે પૂરા ટકાઉ હતા.

For life time.

**એક વાર સંતાનો પરણ્યા એટલે વાત પૂરી.**

**જીવનભરની નિરાંત.**

**સ્વસ્થ પારિવારિક જીવનના મૂળિયાં**

**સતત ને સતત ઊંડા ઉતરતા જ જાય,**

**એ વૃક્ષ વધુ ને વધુ ઘટાદાર બનતું જાય,**

**ને એના પર મધુરા ફળો આવે.**

આજનું ચિત્ર ઘણી રીતે જુદું પડે છે.

પહેલું તો

પૂરી પુખ્તતા વિના, પૂરતા જ્ઞાન અને અનુભવ વિના

થોડી ઘણી મિત્રતા કે કહેવાતા પ્રેમના ક્ષણિક આવેગોમાં,

પૈસો કે સ્કીન જોઈને

છોકરા-છોકરીઓ જાતે પસંદગી કરે છે

એ જ ખોટું પગલું ભરાઈ જાય છે.

પ્રેમ કરતાં યુવક-યુવતીઓનું

પરસ્પર પ્રત્યેનું વર્તન જુદું હોય છે,

પણ જ્યારે તેઓ સાથે રહેવા લાગે,

ત્યારે પરિસ્થિતિ બદલાઈ જાય છે.

બદલાયેલી પરિસ્થિતિ

પસંદગીની આખી ય પ્રક્રિયાને ખોટી ઠેરવી દે છે.

મારી વ્હાલી,

કોઈ આપણને પસંદ કરે

એ માટે આકર્ષક દેખાવાનો પ્રયાસ,

સારા વસ્ત્રો અને મેક-અપનો શો કરવાનો પ્રયાસ

એ બધું મોટું Risk લેવા જેવી વાત છે.

કારણ કે શો એ કદી જીવન નથી હોતું

અને જીવન એ કદી શો નથી હોતો.

પ્રેમ કરતાં યુવક યુવતીઓ
એક બીજાને ગમે
તેવું દેખાડવાનો પ્રયાસ કરે છે,
પણ એ તેમનો
મૂળભૂત સ્વભાવ નથી હોતો.
માટે એ ટકી શકતો નથી.
**સમય જતાં ખરી ઓળખાણ થાય**
**ને સાચો ચહેરો બહાર આવે,**
**ત્યારે રાઈના ભાવ**
**રાતે વીતી ગયા હોય છે.**
**કદાચ કોઈ કન્યા ખરેખર રૂપાળી હોય,**
**એ રૂપ જોઈને કોઈ એને પરણે.**
**ને પછી કદાચ કોઈ રોગ કે અકસ્માતથી**
**એનું રૂપ મુરઝાઈ જાય**
**ત્યારે એનો વર શું કરશે ?**
**એના લગ્ન એ કન્યા સાથે નહીં,**
**પણ એના રૂપ સાથે જ થયા હતાં.**
**એ જ રીતે**
**પૈસાની રેલમછેલ જોઈને પરણેલી કન્યા**
**કોઈ કારણસર પતિ 'ખાલી' થઈ જાય,**
**ત્યારે શું કરશે ?**
**એનો સંબંધ તો પૈસા સાથે જ બંધાયો હતો.**
My dear.
All this is a stupid measurement.
આજે લાખો Love marriages
Divorceમાં Convert થાય છે.

તેનું Secret આ છે.

પહેલાના સમયમાં થતાં લગ્નોનો આધાર

વડીલો પ્રત્યેનો સમર્પણ ભાવ હતો,

માટે એ લગ્નો ટકાઉ અને સફળ નીવડતા.

આજે લગ્નો જરા-તરામાં તૂટી જાય એવા

અને નિષ્ફળ નીવડે છે,

તેનું કારણ એ છે કે

**આજના લગ્નોનો આધાર વર-કન્યાનું પોતાનું મન છે,**

**અને મન જેવું ચંચળ બીજું કશું જ નથી.**

Weather you look beauty or wealth or your choice.

After all you are following your mind.

only your mind.

છગને મગનને કહ્યું,

‘‘તું તો જોઈ જોઈને પરણ્યો’તો ને ?

આ ચાર મહિનામાં તો છૂટાછેડાની નોબત વાગવા લાગી.’’

મગને ઠાવકાઈથી કહ્યું,

‘‘મારો ચશ્માનો નંબર ખોટો હતો.’’

This is the fact my daughter,

નવયૌવનનો આવેગ... અપરિપક્વ અવસ્થા...

બાહ્ય દેખાવનું અંજામણ...

આ બધું ખોટા નંબરના ચશ્મા છે.

એનાથી કોઈ સાચું જોઈ શકે

એ શક્ય જ નથી.

**એક વાત હંમેશા ખ્યાલમાં રાખજે**

**કે આ ઉંમરનું ગમવું એ પ્રેમ નથી જ.**

ઈલેક્ટ્રિસિટીમાં જેમ નેગેટિવ-પોઝિટિવ એકબીજા તરફ ખેંચાય

તેવું આ સહજ વિજાતીય આકર્ષણ હોય છે.

આને પ્રેમ કહેનારા actual પ્રેમને સમજ્યા જ નથી હોતાં.

આ આકર્ષણ

નિષ્ફળ પ્રેમલગ્નમાં પરિણમે

ત્યારે Mostly

કન્યાએ જ શોષાવું પડે છે.

I don't say

કે આ બાબતમાં તારે અમારો જ નિર્ણય માન્ય રાખવો.

હું તો માત્ર તને વાસ્તવિકતા કહી રહ્યો છું.

**મારી વ્હાલી,**

**આ બધી વાત એટલા માટે જ છે,**

**કે તારી એક નાનકડી ભૂલ**

**તારા અને અમારા માટે**

**જીવનભરની સજા ન બની જાય.**

આપણું જીવન આગ નહીં

પણ બાગ બને.

તું હંમેશા સુખી રહે

અને તારા સુખથી અમે સુખી રહીએ.

આ સિવાય

આધિપત્યનો કે આગ્રહનો

અમારો કોઈ જ ઈરાદો નથી.

બેટા,

ગયા વર્ષે

મુંબઈના એક બહુ મોટા વેપારીએ

દીકરીના લગ્ન ગોઠવ્યા.

ખુદ મુખ્યપ્રધાન પણ જેના ઘરે

વગર બોલાવે આવે

એટલું મોટું એ નામ હતું.

એકની એક દીકરી હતી.

કરોડો કરોડો રૂપિયા

પપ્પાએ એના લગ્નમાં લગાવી દીધા હતાં,

**પણ લગ્નના આગલા દિવસે જ**

**એ દીકરી ગાયબ થઈ ગઈ.**

શોધાશોધ કરી કરીને આખો પરિવાર થાકી ગયો.

લગ્ન મોકુફ રહ્યા,

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો ફોક થયાં.

સગાં-સંબંધી-આમંત્રિત મહેમાનો

બધાંને જવાબ આપવો ભારે પડી ગયો.

કોઈને મોઢું બતાડવું પણ મુશ્કેલ થઈ ગયું.

મારી વ્હાલી,

Can you imagine ?

એ પપ્પાના હૃદયને કેટલો આઘાત લાગ્યો હશે ?

**કાળજાના કટકા જેવી**

**ને આંખોના તારા જેવી**

**લાડલી દીકરીની પાછળ બાવીસ-બાવીસ વર્ષો સુધી**

**અડધા-અડધા થઈ ગયેલા બાપને**

**દીકરી આવી લપડાક લગાવીને જતી રહે**

**એ કેટલી મર્મવેધક ઘટના છે !**

આજે અગણિત મા-બાપો એવા છે.

જેમને દીકરી જીવનભરનું દુઃખ આપીને ગઈ છે.

**અગણિત પિતાઓએ**

**દીકરીએ ઉઠાવેલા ગલત કદમથી**

**શરમિંદા થઈને આપઘાત કર્યો છે.**

થોડા સમય પહેલા

કાંકરિયાના તળાવમાંથી એક મડદું કાઢવામાં આવ્યું,

એની Death-note મળી આવી

એમાં આ જ કારણ લખેલું હતું.

તને કદાચ ખબર નહીં હોય બેટા,

હજી તો દીકરી ઢીંગલીથી રમતી હોય ને,

ત્યારથી એના પિતાને

એના માટે સારો વર શોધવાની

એના માટે સ્વર્ગ જેવું ઘર શોધવાની

ચિંતા સતાવતી હોય છે.

**રાત અને દિવસ**

**મારી દીકરી કેમ સુખી થાય**

**એ જ વિચારધારામાં તણાતા પિતાની**

**આ લાગણીની કોઈ જ કિંમત નહીં ?**

New generationની પાસે

આ common logic હોય છે.

‘‘અમારે આખી Life Spend કરવાની છે.

આ બાબતમાં

અમારી જ choiceનું Importance હોવું જોઈએ.’’

Well,

પણ એ choice પર

Mostly આખી લાઈફ સ્પેન્ડ ન થતી હોય,

કે સારી રીતે સ્પેન્ડ ન થતી હોય
તો શું કરવાનું ?
બેટા,
આ હું નથી કહેતો.
આજનું સૂક્ષ્મ સર્વેક્ષણ કહે છે.
**કૉલેજના બટકબોલા કે દેખાવડા છોકરા સાથે**
**જિદ્દ કરીને કે ભાગી જઈને**
**પરણી જનાર આજની કન્યાઓને**
**જ્યારે સંસ્કારભેદની સચ્ચાઈનો સામનો કરવાનો આવે**
**ત્યારે પળે પળે આંખે પાણી આવી જતાં હોય છે.**
જીવનના જે સુખ માટે
હિતેચ્છુઓ અને ઉપકારીઓની
લાગણીઓને ઠુકરાવી,
સામાજિક નીતિને કચડી,
ધર્મસંસ્કારોને અભરાઈએ ચડાવી દીધાં,
એ સુખ જ જો સ્વપ્ન બની જતું હોય,
તો પછી આટ-આટલા અપરાધો શા માટે ?
હાથે કરીને દુઃખી થવા માટે ?
મારી વ્હાલી,
'મા-બાપ તમારા દુશ્મન છે'
આવું યુવા-પેઢીના મગજમાં ઠસાવતી
ફિલ્મી લવ-સ્ટોરીઓ પણ
આ હોનારતો માટે જવાબદાર છે.
કદાચ
**આજની દુનિયાનું સર્વોત્કૃષ્ટ દુશ્મન**
**આજનું પ્રસારતંત્ર છે.**

**જે કરોડોની આંખમાં, કાનમાં અને મનમાં**
**ઝેર રેડી રહ્યું છે.**
માણસને ખબર પણ ન પડે
એ રીતે મીડિયા એનું Brain wash કરે જાય છે.
પછી એ માણસને
મિત્ર દુશ્મન લાગે છે
ને દુશ્મન મિત્ર લાગે છે.
સાચી વાત ખોટી લાગે છે
ને ખોટી વાત સાચી લાગે છે.
યાદ આવે મહાભારત -
**न कालो दण्डमुद्यम्य, शिरः कृन्तति कस्यचित् ।**
**कालस्य बलमेतावद्, विपरीतार्थदर्शनम् ॥**
આપણે કહીએ છીએ - કાલ રુઠ્યો.
આનો અર્થ શું છે ?
કાળ કાંઈ શસ્ત્ર લઈને
કોઈનું માથું નથી કાપી નાંખતો.
કાળનું બળ તો આટલું જ છે,
કે એ માણસને બધું ઊંધું દેખાડે છે.
**એક વાર એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય**
**એટલે કાળનું કામ પૂરું.**
પછી તો માણસ પોતે જ
પોતાની બરબાદી નોંતરી દે છે.
બેટા,
થોડા સમય પહેલા
મુંબઈના એક પ્રતિષ્ઠિત સમાજની દીકરી
કૉલેજથી બારોબાર એના બૉયફ્રેન્ડ સાથે ભાગી ગઈ.

રાતોરાત લગ્ન થઈ ગયા.
માતા-પિતાની જાણે અડધી કતલ થઈ ગઈ.
થોડા દિવસ તો એ છોકરાએ એને રાખી,
પછી એ ફરવાના બહાને એને દુબઈ લઈ ગયો.
ક્યાંક એને મૂકીને ફરાર થઈ ગયો.
**એની રાહ જોઈ જોઈને એ છોકરી થાકી**
**ત્યારે એને કહેવામાં આવ્યું**
**કે એને ૧૭ લાખ રૂપિયામાં વેંચવામાં આવી છે.**
એના માથે જાણે આકાશ તૂટી પડ્યું.
રડી રડીને એની આંખો સૂઝી ગઈ.
એને માર-પીટ કરીને વેશ્યા બનાવવામાં આવી.
રાક્ષસ જેવા માણસો એના પર
કાળી યાતના ગુજારવા લાગ્યા.
એ એક જાતની જેલમાં હતી.
ત્રાસ અસહ્ય બન્યો,
ને એક દિવસ એ લાગ જોઈને ભાગી,
ગુંડાઓ એને પકડી પાડે
એ પહેલા એ ફક્ત એક કૉલ કરવામાં સફળ થઈ.
**“મમ્મી, I’m very sorry.**
**મેં જે ભૂલ કરી એની ખૂબ સજા હું ભોગવી ચૂકી છું.**
**હવે મારાથી વધુ સહન થાય તેમ નથી.**
**આ આપણી છેલ્લી મુલાકાત છે.**
**હવે હું સુસાઈડ કરી રહી છું.**
**I’m realy very sorry.**”

બેટા,
ઘરે લસણ પણ ન ખાનાર કન્યાને

જ્યારે માછલાંનો ટોપલો લઈને ફરવું પડે
ત્યારે એ કહેવાતો Love
Life timeનું Death બની જાય છે.
**પિયરમાં એક કીડીને પણ ન મારનાર કન્યાને**
**જ્યારે એનો પતિ**
**જબરદસ્તી મટન શૉપમાં બેસાડીને**
**પોતે જ્યાં-ત્યાં ભટક્યા કરે,**
**ત્યારે એ કન્યા પાસે**
**આપઘાત કરવાનો એક જ માર્ગ બાકી રહે છે.**
હમણા મુંબઈ પાસે થાણામાં
બરાબર આવી જ એક ઘટના ઘટી છે.
મારી વ્હાલી,
થોડી જુદી જ્ઞાતિ હોય,
એનો પણ સંસ્કારભેદ
પરણેતરને સેટ થવામાં નવ નેજે પાણી ઉતરાવી દેતો હોય,
તો પછી સાવ જ ઉત્તર-દક્ષિણ જેવો ભેદ હોય
એની તો શું વાત કરવી ?
એક બાજુ લાખો લગ્નજીવનોની સમસ્યા છે.
ને બીજી બાજુ
આપણી સંસ્કૃતિનું એક જ વાક્ય
બધું જ સમાધાન આપી દે છે -
**कुलशीलसमैः सार्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः** ॥ યોગશાસ્ત્રમ્ ॥
**લગ્ન એની જ સાથે કરવાં**
**જેમનું કુળ આપણી સમાન હોય,**
**જેમના રીતરિવાજ-સંસ્કારો-ધર્મ અને ચારિત્ર**
**પણ આપણી સમાન હોય.**

અને જેમનું ગોત્ર જુદું હોય.
(જેથી દૂરના ભાઈ-બહેનના ભૂલથી લગ્ન ન થઈ જાય.)

શ્રાદ્ધવિધિ ગ્રંથમાં કહ્યું છે -

**समानकुलसदाचारादिशीलरुपवयोविद्याविभव-**
**वेषभाषाप्रतिष्ठादिगुणैरेव सार्द्धम् ।**
**कुलशीलादिवैषम्ये हि मिथोऽवहीलना**
**कुटुम्बकलहकलङ्काद्यापत्तिः ॥**

કુલ સમાન હોય, સદાચાર વગેરે સમાન હોય,
સ્વભાવ અને ચારિત્ર સમાન હોય,
રૂપ, ઉંમર અને વિદ્યા સમાન હોય,
વૈભવ, વેશ અને ભાષા સમાન હોય,
અને પ્રતિષ્ઠા વગેરે પણ સમાન હોય,
એની જ સાથે લગ્ન કરવા,
જો આ બધાંમાં સમાનતા ન હોય,
તો પરસ્પર અવગણના-અપમાન થાય,
પારિવારિક ઝઘડા થાય
અને આર્થિક બાબતમાં કે જાતીય વગેરે બાબતમાં
કલંક પણ લગાડવામાં આવે.

બેટા,
આંતરજ્ઞાતીયથી માંડીને આંતરરાષ્ટ્રીય સુધીના લગ્નોને
પ્રોત્સાહન આપતા તત્ત્વોને ખબર નથી
કે તેઓ સુખી અને સ્વસ્થ જીવનનું
ધનોતપનોત કાઢી રહ્યા છે.
ઉપરછલ્લીએ ઉમદા અને ઉદાર દેખાતી આ પ્રવૃત્તિનું

ભીતરી ચિત્ર કેટલું બિહામણું હોય છે
એની તપાસ કરવામાં આવે
તો ખરેખર ચીસ પડી જાય.
મારી વ્હાલી,
ફિલ્મ એ ફિલ્મ છે.
અને જીવન એ જીવન છે.
**ફિલ્મમાંથી બોધપાઠો લઈને**
**જીવનમાં એને લાગુ કરવા**
**એ પ્લાસ્ટિકની વાનગીઓને**
**ચાવીને ગળે ઉતારવા જેવી ચેષ્ટા છે.**
**જેના પરિણામમાં દુ:ખ સિવાય બીજું કશું જ નથી.**

જાતે જીવનસાથીની પસંદગી કરવા જવામાં
એક બહુ મોટી કરુણતા એ સર્જાઈ છે
કે અપેક્ષાઓનો પહાડ લઈને બેઠેલા મૂરતિયાઓ
૨૫-૫૦-૧૦૦-૧૫૦-૨૦૦ સુધી ય
મિટિંગો કરતાં થયા છે.
આટઆટલી મિટિંગ્સ પછી પણ કાંઈ ફિટિંગ થઈ જ જાય
એવું Fix નહીં.
થાય, તો કેટલું ટકે એનો ભરોસો નહીં.
એક કન્યાને મળ્યા પછી
એ મૂરતિયો એને ધારી ધારીને જુએ,
એને એકલામાં મળે,
એને ચિત્ર-વિચિત્ર પ્રશ્નો પૂછે,
આ બધી જ બેહુદીની હદ વટાવી જાય
એવી પ્રવૃત્તિ છે.

**અને આ બધી જ પ્રોસિજર પૂરી થયા પછી**
**છેલ્લી વાત ‘No’ની આવે,**
**એટલે એ કન્યા**
**માનસિક સ્તરે વિધવા થવાની લાગણી અનુભવે.**
**એના આ આઘાતની કોણે પરવા કરી છે ?**

મારી વ્હાલી,
આ મિટિંગ જ એવી છે,
જેમાં દરેક જણ પોતાને
બધી રીતે શ્રેષ્ઠ દેખાડવા માટે પ્રયાસ કરે છે.
શિષ્ટાચાર અને સૌજન્ય દાખવવા માટે
બંને પક્ષો પરસ્પર સ્પર્ધામાં ઉતરી પડે છે.
આ સ્પર્ધામાં સચ્ચાઈ કે સહજતા નહીં
પણ સારા લાગવાની/સારા કહેવડાવવાની
પ્રબળ આંતરિક ઈચ્છા જ હોય છે.
**આ રીતે જોતા**
**એ આખી ય મિટિંગ**
**એક જાતનો માયા-પ્રપંચ જ બની જાય છે.**
**એવી મિટિંગનો શો અર્થ ?**
મિટિંગના નામે
એકલામાં Boundry-line cross કરીને
પછી એ કન્યાને રઝળતી મૂકી દેનારા
ને ફરી
નવી મિટિંગોમાં બિઝી થઈ જનારા છોકરાંઓ
આ મિટિંગ સિસ્ટમને જ
સાવ ખોટી પ્રુવ કરી રહ્યા છે.

કેટલું જૂઠું ને કેટલું બિહામણું છે
આ બદલાયેલું ચિત્ર !
સાચી સિસ્ટમ એ જ હતી.
જેમાં વડીલો જ અંદરખાનેથી
કુલ-શીલ-સંસ્કાર વગેરે બધી બાબતોને
નિશ્ચિતરૂપે જાણી લેતા,
અને પછી ઠીક લાગે તો પોતે જ જઈને લગ્ન નક્કી કરી દેતાં.
આ સિસ્ટમ
સમસ્ત સમાજને સતત સારા રહેવાની
પ્રેરણા આપતી રહેતી.
ખોટું કામ કરતાં લોકો ડરતાં.
સંસ્કારો જળવાઈ રહેતા
અને પરસ્પર સંસ્કારી પાત્ર મળવાથી
એક સુખી જીવનના શ્રીગણેશ થઈ જતાં.
વડીલો એ આપણા દુશ્મન નથી બેટા,
એમના જેવા હિતેચ્છુ
આપણા માટે બીજા કોઈ જ નથી.
**આજની જનરેશન એમના જ્ઞાનનો, એમના અનુભવનો**
**અને એમની હિતેચ્છુતાનો લાભ લેવાને બદલે**
**એમનો વિરોધ કરતી**
**ને એમનો સામનો કરતી થઈ ગઈ છે,**
**એ આ જનરેશનનું બહુ મોટું કમનસીબ છે.**

મારી વ્હાલી,
આપણે ત્યાં સુથારનો દીકરો સુથાર બનતો.
લુહારનો દીકરો લુહાર બનતો.

કુંભારનો દીકરો કુંભાર બનતો.
મજબૂત જ્ઞાતિવ્યવસ્થાના કારણે
આવનારી પેઢીઓમાં આનુવંશિક ગુણધર્મો
બરાબર ઉતરી આવતા.
દરેકને પોતપોતાના વેપાર-ઉદ્યોગની કુશળતા
જન્મજાત મળી જતી.
એ કુશળતાનો સમાજ અને દેશને લાભ મળતો.
રોજગારના અવકાશો બધાં માટે
તૈયાર જ રહેતા,
બાર-ચૌદ વર્ષનો દીકરો તો કમાવા ય લાગતો.
આજે જે મોંઘવારી, બેકારી અને મંદીમાં
આખો દેશ ભીંસાઈ રહ્યો છે,
એમાં આ જ્ઞાતિવ્યવસ્થા અને લગ્નવ્યવસ્થાની
અવગણનાનો પણ બહુ મોટો ફાળો છે.
**એક બાજુ આ વ્યવસ્થાઓને**
**તોડી પાડવી**
**અને બીજી બાજુ બેકારી ભથ્થા જેવી વ્યવસ્થા કરવી**
**આ બધું હાસ્યાસ્પદ તો છે જ.**
**ગંભીરતાથી વિચાર કરવા જેવું પણ છે.**

મારી વ્હાલી,
આપણી પ્રાચીન વર્ણવ્યવસ્થામાં
રોજગારની સુરક્ષા હતી
તેમ સદ્ગુણો અને સ્વાસ્થ્યની પણ સુરક્ષા હતી.
લાંચ અને ભ્રષ્ટાચારમાં આજે આખો દેશ
ખરાબ રીતે સપડાઈ ગયો છે

અને છેલ્લા હજાર વર્ષમાં ન હતાં
એવા ચિત્ર-વિચિત્ર રોગોએ ભરડો લીધો છે,
એનું એક કારણ
આ પ્રાચીન સુવ્યવસ્થિત પરંપરામાં કરેલી
દખલગિરી પણ છે.
**પ્રાચીનનો કોઈ દુરાગ્રહ નથી,**
**હોવો પણ ન જોઈએ.**
**પણ આધુનિકતા એ જો એક જોખમી અખતરો જ**
**બની રહેતો હોય.**
**સુખી અને સ્વસ્થ જીવન માટે**
**એક અભિશાપ જ બની રહેતો હોય**
**સપ્તરંગી પડદાં પાછળનું ચિત્ર સાવ કાળું ધબ્બ હોય,**
**તો શું કરવાનું ?**
એક સજ્જન માટે
હથોડા લઈને એને તોડી પાડવા સિવાય
બીજો કોઈ વિકલ્પ જ ન હોઈ શકે.
બેટા,
**આંતરજ્ઞાતીય વિવાહ કરવા**
**એ બીજી જ્ઞાતિની કન્યાની**
**એક જાતની કતલ કરવા બરાબર છે.**
કારણ કે એક બહારની કન્યા
જે જ્ઞાતિમાં પરણી જાય છે,
તે જ્ઞાતિની અંદરની એક કન્યા રઝળી પડે છે.
આંતરજ્ઞાતીય વિવાહ
એ પોતાના ભાવિ સંતાન સાથે કરેલો
ઘોર અન્યાય છે.

કારણ કે એ સંતાન વર્ણસંકર બનશે.
એના શરીરનો બાંધો, એનું આરોગ્ય,
એનો વિલ પાવર, એની બ્રાઈટનેસ,
એની મેમરી, એનું કેરેક્ટર,
એની સ્કિલ્સ
આ બધાં સાથે ખેલેલો આ જુગાર છે.
**દુનિયાભરની હોસ્પિટલો, યુનિવર્સિટીઓ**
**અને પુસ્તકો ભેગા થઈને પણ**
**ન પૂરી શકે**
**એવી આ ખોટ છે.**
મારી વ્હાલી,
આ સમગ્ર ચિત્રનો સાર એ જ છે
કે પોતાના મૅરેજનું ડિસિજન
પોતાના હાથમાં રાખવામાં સાર નથી.
કદાચ વડીલો પૂછે,
કે તારા માટે કેવો છોકરો/છોકરી જોઉં,
ત્યારે સ્માર્ટ-એટ્રેક્ટિવ-રિચ-ડિગ્રીધારી
આવી કોઈ પણ choice કહ્યા વિના
શાણી વ્યક્તિએ પોતાની જ્ઞાતિનું પણ
સુશીલ અને સંસ્કારી પાત્ર જ
પસંદ કરવા માટે કહેવું જોઈએ,
કારણ કે જો જીવનને ખરેખર સુખી કરવું હોય,
તો બીજા બધાં જ માપદંડો ખોટા છે.
બેટા,
**જીવનનો ખરો ખેલ જ્યારે ચાલુ થાય છે**
**ત્યારે ફેર સ્કીન કે ફેર લુક કામ નથી આવતા,**

ત્યારે વૉક સ્ટાઈલ કે ટૉક સ્ટાઈલ પણ કામ નથી આવતા,

એ સમયે મ્યુઝિયમ પીસ જેવા પાત્રો

પોતાનું પોત પ્રકાશે છે

અને માણસને દુઃખી દુઃખી કરી દે છે.

I suggest you a book -

તમે સગાઈ કરો તે પહેલા

There are 8 live stories.

That may be a complete engagement guide.

●

# FAMILY

Purposely my daughter !

I don't say Joint family.

Because

**Family itself means Joint family.**

When you asks some-one for a pot,

No one gives you a broken pot.

Because actually that's not a pot.

By the Same Way,

**Broken family is not a family.**

My dear,

લગ્નનો અર્થ

માત્ર પતિ સાથે જ નહીં

પણ પૂરા કુંટુંબ સાથેનું જોડાણ છે.

કેટલીક છોકરીઓ એવી હોય છે,

જેમને પતિ અને પુત્ર સિવાયની દુનિયા

સાવ જ Meaningless લાગે છે.

એમની દૃષ્ટિમાં વડીલો

એ એક બોજાથી વિશેષ કશું જ નથી હોતા.

યા તેઓ પહેલાથી જ Demand કરે છે.

'મને સેપરેટ ફ્લેટ જોઈએ.'

ને યા તો

અડધી અડધી રાત સુધી

સાચી-ખોટી વાતોથી

પતિનું માથું ખાઈ ખાઈને

પરિવારને ભાંગી નાખે છે.

પણ આવું કરવું

એ હકીકતમાં પોતાના જ પગ ઉપર

કુહાડો મારવા જેવું છે.
**સંયુક્ત પરિવાર એ ઘેઘુર વડલો છે.**
**એના વિના સંસારનો તડકો વધુ લાગે છે.**
એ એક છત્ર છે બેટા.
કદી પણ છત્રભંગ ન થવા દેતી.

એક ડૉક્ટર Children specialist છે.
વર્ષોથી practice કરે છે.
એમણે પોતાનો experience લખ્યો છે.
‘‘પહેલા મારે ત્યાં પેશન્ટની સાથે
એના મમ્મી અને દાદી આવતાં.
મમ્મીને માતૃસહજ લાગણીથી બાળકની બહુ જ ચિંતા થતી હોય,
ત્યારે એના સાસુ એને સમજાવે,
કે ‘નાની ઉંમરમાં આવું બધું તો થાય,
દાંત આવતા હોય તો ઝાડા ય થાય,
પવન લાગી જાય તો શરદી ય થાય,
ને ઋતુ બદલાય એટલે તાવ પણ આવે.
ક્યારેક સ્થળ બદલાય એટલે સુસ્તી જેવું લાગે.
એમાં આટલી ચિંતા કરવાની જરૂર નથી.
**તું એક કામ કર,**
**ઘરે જઈને આરામ કર.**
**મને આમ પણ ઊંઘ ઓછી આવે છે.**
**રાતે મુન્નો ઉઠશે તો હું સંભાળી લઈશ.**
**ઉજાગરાથી તારી તબિયત બગડશે**
**તો નાહક મુશ્કેલી થશે.’**
સંયુક્ત પરિવારની આ મધુરતાને હું માણી રહેતો.
પણ હવે ચિત્ર બદલાયું છે.

બાળક સાથે એના મમ્મી-પપ્પા આવે છે.
મમ્મી ખૂબ ચિંતા કરતી હોય
તો પપ્પા એને કહે છે -
'ડૉક્ટર સાહેબ કહે છે ને, સારું થઈ જશે.
બહુ વેવલાવેડા નહીં કરવાના.'
પત્નીને ધમકાવીને પતિ ઑફિસે જતો રહે છે.
પત્ની અમારું માથું ખાય...
'ડૉ. સાહેબ, મારા દીકરાને શું થયું છે ?
એને સારું તો થઈ જશે ને ?
એનું નિદાન તો બરાબર થયું છે ને...'
નથી એની પાસે અનુભવ.
નથી એની પાસે અનુભવી.
ચિંતામાં ને ચિંતામાં
અમારા પર અવિશ્વાસ મૂકીને
એ બાળકને લઈને
બીજી હૉસ્પિટલમાં લઈ જાય.
ચાલુ સારવાર અધૂરી રહે
એટલે બાળકને સ્વસ્થ થવામાં વિલંબ થાય."

આચારાંગ-વૃત્તિમાં લખ્યું છે -
**एकं हि चक्षुरमलं सहजो विवेक-**
**स्तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।**
**एतदद्वयं भुवि न यस्य स तत्त्वतोऽन्ध-**
**स्तस्यापमार्गचलने ननु कोऽपराधः ? ॥**

એક નિર્મળ નેત્ર છે સહજ વિવેક
અને બીજું છે વિવેકીની સોબત.

જેની પાસે આ બે નથી
તે હકીકતમાં અંધ છે
એ ખોટું પગલું ભરે
એમાં એનો શો વાંક ?

My dear,
Bambooની ઝાડી હોય ને ?
એમાં એક વિશેષતા હોય છે.
કદાચ કોઈ Bamboo નીચેથી તૂટી જાય,
તો પણ એ પડી ન જાય
કારણ કે આજુબાજુના Bambooનો
એને Support હોય છે.
**वेणुर्विलूनमूलोऽपि वंशगहने मही नैति ।**
જીવન એક War છે બેટા,
આમાં નવા-જૂનીની કોઈ જ નવાઈ નથી.
સારા-નરસા પ્રસંગો, કષ્ટો, તકલીફો
આ બધું એક પછી એક
આવતું જ રહેવાનું
એમ જ સમજીને ચાલવામાં શાણપણ છે.
આ સ્થિતિમાં સાથે કોણ ?
હિંમત આપનાર અને પડખે રહેનાર કોણ ?
"અમે છીએ ને ? શું ચિંતા કરો છો ?"
આમ કહેનાર કોણ ?
**પરિસ્થિતિને કારણે જ્યારે આપણે ભાંગી પડ્યા હોઈએ**
**ત્યારે સંયુક્ત પરિવાર આપણને Strong support આપે છે.**
My dear,

Unity is strengh.
પાંચ આંગળી ભેગી થાય
ત્યારે મુઠ્ઠી બને છે.
Joint family is the biggest & perfect social security.
કદાચ બહારનું કોઈ જ કષ્ટ ન હોય,
ત્યારે પણ
પતિ ઑફિસે ગયા હોય
ને જુવાન સ્ત્રી ઘરમાં એકલી હોય
એ જ મોટી Insecurity નહીં ?
બેટા,
આજે દુનિયામાં એવા ઢગલાબંધ પતિઓ છે.
જેમના મનમાં
પત્ની પ્રત્યે શંકાનો કીડો સળવળ્યા કરે છે.
જૂના કૉલેજ-મિત્રો... સેલફોન... ફેસબુક...
ઘરમાં એકલી સ્ત્રી...
પછી ?
ઝઘડા... સામસામે દલીલબાજી... તું તું - મૈં મૈં
ને સુખ-શાંતિનું સત્યાનાશ.
**દુનિયામાં આજે હજારો પતિઓ એવા છે.**
**જેમણે ધંધાદારી જાસૂસોને**
**પત્નીની જાસૂસી કરવાનું કામ સોંપ્યું છે.**
હજારો પત્નીઓ પતિની ય જાસૂસી કરાવે છે.
સેલફોન કંપની પાસે રેગ્યુલર એવી ડિમાન્ડ્સ આવે છે.
‘આ નંબર ઉપર જેટલા calls આવે
એની TAP મારે જોઈએ છે.’
**કદાચ પત્ની સાચી અને સારી પણ હોય,**

**તો ય એની સચ્ચાઈનું સાક્ષી કોણ ?**

**કદાચ કોઈનું મન ચંચળ બન્યું હોય,**

**તો ય જેની શરમ એને રોકે**

**એવું ઘરમાં કોણ ?**

મારી વ્હાલી,

સંયુક્ત પરિવારમાં સુરક્ષિત પત્ની માટે

પતિને જે વિશ્વાસ હોય છે,

તેનો સોમા ભાગનો વિશ્વાસ પણ

એકલી પત્ની માટે નથી હોતો,

અને તે સહજ પણ છે,

ચારે બાજુનું વાતાવરણ... આસપાસમાં બનતી ઘટનાઓ...

એકાંત અને અનુકૂળતાની લપસણી ભૂમિ...

અને ચંચળ મન.

આ બધું જાણતો પતિ

કોઈ નબળી સંભાવના કરે

એમાં એનો કોઈ જ દોષ નથી.

**બેટા,**

**સુખી દામ્પત્યજીવનનું મૂળ વિશ્વાસ છે.**

**વિભક્ત પરિવારમાં**

**આ વિશ્વાસનો શ્વાસ સતત અદ્ધર હોય છે.**

પરિણામે પરસ્પરનો પ્રેમ સતત ઘટતો જાય છે

અને જીવન એક સહરાનું રણ બનીને રહી જાય છે.

**એકલી સ્ત્રી**

**કદાચ બધી રીતે સારી હોય**

**તો ય એને Soft target બનાવીને**

**કોણ ક્યારે શું કરી નાંખે એનો શું ભરોસો ?**

સાસુ-સસરા-નણંદ-દેરાણી-જેઠાણી
આ બધાંની વચ્ચે રહેલી નારી સામે
કોઈ આંખ ઉઠાવીને જોતા પણ વિચાર કરે
એ સહજ છે.
આ સ્થિતિમાં નારી પોતે પણ નિશ્ચિંત રહે છે.
એનું મન શાંત અને પ્રસન્ન રહે છે.
પરિણામે નવા રોગોથી ય મુક્તિ મળે છે.
ઘરમાં તનાવ છવાતો નથી
અને સ્વસ્થ નારી દ્વારા સ્વસ્થ પરિવાર કિલ્લોલ કરે છે.
જુવાનીના જોશમાં જ્યારે
**પતિ - પત્નીનું પરસ્પર ઘર્ષણ થાય.**
**પત્ની કે બાળકોની મારપીટ જેવો પ્રસંગ બને**
**ત્યારે સાસુ-સસરા**
**સત્તાવાહી રીતે એ જોશને શાંત કરી દેતા હોય છે.**
આવેશ ઓસરી જાય પછી તો
બધાં શાંત પડી જતા હોય છે અને પસ્તાતા હોય છે.
પણ પછી પસ્તાવાનો શું અર્થ ?
સાર્થક તો પહેલાથી જ શાંતિ હોય તે છે
અને તે સંયુક્ત પરિવારમાં જ શક્ય બને તેમ છે.

સુરતનો એક પરિવાર
પતિ જમવા બેઠો છે. પત્ની પીરસી રહી છે.
એક કોળિયો લેતાની સાથે પતિ તાડૂક્યો.
“દાળમાં મીઠું જ નથી.
અમે આટલી મહેનત કરીને કમાઈએ,
ને તમે સરખા દાળ-ભાત પણ જમાડી શકતા નથી ?”

**ત્યાં તો સાસુએ ઠંડી શક્તિથી દીકરાને કહી દીધું,**

**“ધીરુ, આજે દાળ મેં બનાવી છે.**

**બોલ, કહેવું છે કાંઈ ?”**

વાત પૂરી.

ધીરુભાઈ ધીરા પડી ગયાં.

સંયુક્ત પરિવાર બાળકોનો હૂંફ આપે છે.

સંવાદ અને સૌહાર્દ આપે છે.

બાળક જુએ છે કે મમ્મી-પપ્પા

વડીલોનો કેવો વિનય કરે છે !

એમની કેવી કેવી સેવા કરે છે !

દાદા-દાદીની હાજરીમાં મમ્મી-પપ્પાનું બોલવું-ચાલવું

એ કેટલું બધું મર્યાદાસભર થઈ જાય છે. !

કાકા પપ્પા સાથે કેવો શાલીન વ્યવહાર કરે છે !

**દાદીની તબિયત સારી નથી**

**તો આખું ઘર કેવું એમની પાછળ લાગ્યું છે !**

મમ્મીને આજે જરા સુસ્તી હતી

તો કાકીએ કેવા એમને કિચનમાંથી બહાર કાઢીને

સોફા પર સૂવાડી દીધાં !

my dear,

આજે બાળકોને visual education આપવાની હિમાયતો ચાલી છે.

જે School માં Smart boord હોય

તે School forward ગણાય છે.

But let me say

**joint family is the great smart board.**

જેમાંથી બાળકોને મોટા ભાગનું જીવનોપયોગી શિક્ષણ

Not only visual Form માં

પણ Live Form માં મળી રહે છે.

બાળક જેટલું લખી-વાંચીને શીખે છે.

એના કરતાં વધુ જોઈ-સાંભળીને શીખે છે.

**Joint family માં જે શીખવા મળી શકે**

**તે દુનિયાની કોઈ શૈક્ષણિક સંસ્થામાં**

**શીખવાડવું શક્ય જ નથી.**

એક નારી જ્યારે અહંકારની કે સ્વાર્થની ભાવનાથી સેપરેટ થાય છે.

ત્યારે તાત્ત્વિક દૃષ્ટિએ એ એના બાળકોને

વિનય-વિવેકથી, સેવાભાવથી, પરોપકારવૃત્તિથી

અને સહિષ્ણુતાથી સેપરેટ કરી રહી હોય છે.

**જેની કિંમત**

**એ નારીએ પોતે જ ચૂકવવાની હોય છે.**

મારી વ્હાલી

દરેક 'મા'ની એક ઈચ્છા હોય છે.

કે એનો દીકરો કાયમ માટે એનો બની રહે.

એ કદી એની નજરથી દૂર ન થાય.

એ એની સેવા કરે.

એને હૂંફ આપે.

એના પ્રત્યે પૂર્ણ વિનીત બની રહે.

પણ 'મા' માટે આવો ઉપદેશ આપવો

શક્ય હોતો નથી.

કદાચ એ આવો ઉપદેશ પોતાના સંતાનને આપે

તો ય એનો કોઈ અર્થ હોતો નથી.

બાળક તો આચરણની ભાષા સમજે છે.

પોતાના પિતાએ એમના મમ્મીની કેટલી સેવા કરી ?

એમની સમક્ષ કેટલો વિનય કર્યો ?

એમને કેટલી હૂંફ આપી ?

એમણે બીજાનું કેટલું હસતા હસતા સહન કર્યું ?

જો આ Visual education છે, તો ઉપદેશની જરૂર નથી

અને જો એ નથી, તો ઉપદેશનો અર્થ નથી.

મારી લાડલી,

**મા-બાપની સ્વાર્થી વૃત્તિ**

**સંતાનોને એવા જ સંસ્કાર આપે છે.**

વિદેશમાં સંયુક્ત પરિવાર જેવી કોઈ વસ્તુ જ રહી નથી.

તો ત્યાંની નવી પેઢી તદ્દન સ્વકેન્દ્રિત બની ગઈ છે.

કોઈનો વિચાર કરવો... કોઈના માટે કંઈક જતું કરવું...

કોઈનું કંઈક ખમી ખાવું... કોઈની Under માં જીવવું

આ બધું એના માટે Just like impossible થઈ ગયું છે.

This is the result

of breaking a family.

જેની આકરી કિંમત જીવનભર સુધી ચૂકવવી પડે છે.

You may ask my daughter,

કે સાસુનો Nature આપણને set ન થાય તો ?

નણંદનું Behaviour સારું ન હોય તો ?

દેરાણી સાથે આપણું ન જામતું હોય તો ?

I say so what ?

શું એક 'મા'ને એના દીકરાથી છૂટ્ટી પાડી દેવાના આ બધા પૂરતાં કારણો છે ?

Think nutraly my dear.

suppose એ સાસુ તું પોતે છે.

ત્યારે આ બાબતમાં તારો opinion કેવો હશે ?

બેટા,

આજની નવપરિણીત કન્યાઓ
સાસુને સાથે રાખવા તૈયાર નથી.
રાત-દિ બે પાસા ભેગા કરતો પુરુષ
મહિલાઓની આ તકરારે ત્રાસી જાય છે.
Tell me my daughter,
તારો દીકરો તારી old-age માં તારી સેવા કરે
એવું તું ઇચ્છે છે ?
Then understand.
By the same way
પતિના મમ્મી-પપ્પા પણ એવું જ ઇચ્છે છે.
**આ માત્ર એમની ઈચ્છા જ નથી.**
**એમનો અધિકાર પણ છે.**
**જેને છીનવી લેવાનો કોઈને કોઈ જ અધિકાર નથી.**
મારી વ્હાલી,
Age જ્યારે 45-50 ને વટાવે
ત્યારે more than 99 % Ladies નો Nature બદલાતો હોય છે.
That's but natural
આ બધી પરિસ્થિતિ... એની પીડા....
એને જે અનુભવે એ જ સમજી શકે.
**આ સમયે**
**આપણે બીજાને અનુકૂળ થવાનો - હૂંફ આપવાનો -**
**ખમી લેવાનો - ગળી ખાવાનો પ્રયાસ કરવો ?**
કે છૂટ્ટા થવા દ્વારા ઘા ઉપર મીઠું ભભરાવવાનો પ્રયાસ કરવો ?
શું કહે છે આપણી માનવતા ?
એ વ્યક્તિ આપણને set થઈ જાય,
એવો આગ્રહ રાખવો

એ એક જ જાતની નિષ્ઠુરતા જ નહીં ?

બેટા,

હું તો માનવતાથી પણ આગળ વધીને

તને આત્મીયતાની વાત કરવા માંગું છું.

suppose,

door close કરતાં તારી finger એમાં આવી ગઈ.

ઊંડો ઘા પડી ગયો.

ઘા પાક્યો...પીડા ધીમે ધીમે વધતી જ ગઈ...

વાત લબકારા સુધી પહોંચી...

Now the pain is unbarrable.

Who give you such pain ?

Finger no ?

why don't you cut-off it ?

Tell me why not ?

Because it's yours.

Well my dougater,

Now return to the point.

સાસુનો Nature આપણને match ન થાય,

એમની કોઈ બોલવા-ચાલવાની રીતથી આપણને તકલીફ થાય

એટલે એમને cut-off કરી દેવા

આનો શું Meaning ?

That means એમની સાથે

આપણને કોઈ જ જાતની આત્મીયતા નથી.

Finger સાથે આત્મીયતા છે.

'મારા' પણાનો ભાવ છે.

તો માણસ અસહ્ય વેદના આપતી Finger ને પણ

કાપી નથી નાંખતો.

એની સાથે થોડો પણ પ્રતિકૂળ વ્યવહાર કરવાનો

વિચાર સુદ્ધા નથી કરતો.

ઉપરથી એને અનુકૂળ થવાનો જ પ્રયાસ કરે છે.

Can You understand my dear ?

**Real question Natureનો છે જ નહીં,**

Real matchingનો પણ નથી.

દીકરાનો Nature ખરાબ હોય,

તો દુનિયા આખી નભાવી લે છે.

Real question તો છે આત્મીયતાનો.

You may ask

સાસુ સાથે શી રીતે આત્મીયતા હોઈ શકે ?

Well, first you answer me

પતિ સાથે આત્મીયતા ખરી ?

If yes,

than understand,

કે એમાં જ સાસુ સાથેની આત્મીયતા સમાઈ જાય છે.

રેલ્વે સ્ટેશન પરથી બે મહિલાઓ પસાર થતી હતી.

એમાંથી મોટી ઉંમરના એક બહેનને

લુઝ મોશન જેવું થઈ ગયું.

બીજા બહેન એમને નજીકના એક ઘરમાં લઈ ગયાં.

એમના કપડાં પોતાના હાથે પ્રેમથી ધોઈ દીધાં.

એમને આરામ કરાવ્યો.

જોનારાઓને થયું કે નક્કી

એ એની મા હશે.

ધીમે રહીને પૂછ્યું.

એ બહેન હિંદીભાષી હતાં.

Smile સાથે એમણે જવાબ આપ્યો-

**‘यह वो स्त्री है, जिसकी कोंख में**

**९ महिने तक मेरा सुहाग पला था ।’**

I’m talking about આત્મીયતા.

**જો સાસુ સાથે કે સાસરાના બીજા સભ્યો સાથે આત્મીયતા નથી.**

**તો સમજી લેવું કે હકીકતમાં**

**પતિ સાથે પણ આત્મીયતા નથી જ.**

બેટા,

After your marriage

જો તને ખબર પડે

કે તારી મમ્મી સાથે તારા ભાભીનું વર્તન સારું નથી.

કે એ તેમને ધિક્કારની દૃષ્ટિથી જુએ છે.

તો તને કેવું લાગશે ?

તારા ભાભી અડધી અડધી રાત સુધી

તારા ભાઈને જુદા થવા માટે સમજાવી રહ્યા છે.

આવા News તને મળે

ત્યારે તારા હૃદયને કેવો ધક્કો લાગશે ?

**જે દિવસે તને Massage મળે**

**કે તારો ભાઈ મમ્મી-પપ્પાથી અલગ થઈ ગયો છે.**

**તારો એ દિવસ કેવો જશે ?**

બસ my dear,

આ જ બધાં Points of view

આપણી Sideમાં પણ લગાડવા જેવા છે.

એક વાત સમજી લેજે બેટા,

ન્યાય - અન્યાય

તર્ક - વિતર્ક

સાચું - ખોટું

ચાલે - ન ચાલે

આ બધું ગણિત પ્રેમ અને આત્મીયતામાં હોતું જ નથી.

પ્રેમને ગણિત આવડતું જ નથી.

પેલી કવિતા તે સાંભળી હશે -

**રૂપિયા આના પાઈનો તું છોડ સરવાળો હવે,**

**આ તો પ્રેમનો વેપાર છે હંમેશા ખોટ કરશે.**

ખરેખર મારી વ્હાલી,

**પ્રેમના વેપારમાં**

**ખોટ એ જ કમાણી હોય છે.**

તું જ વિચાર કર બેટા.

બીજાની નબળી સ્થિતિમાં

તર્કની ભાષામાં તડાફડી કરતી વ્યક્તિ

પોતાની જરૂર વખતે

ખોળો પાથરીને લાગણીની માંગણી કરે

એ કેવું લાગશે ?

Always remember the example of the finger,

ભલે ઘવાયેલી છે.

પાકેલી છે.

લબકારા મારે છે,

અસહ્ય વેદના આપે છે.

પણ

મારી છે.

વાત Finish.

મારી વ્હાલી,

આત્મીયતા એ અમૃત છે

જે સામી વ્યક્તિને ખરીદી લે છે.

નબળી સ્થિતિમાં સાચવી લીધેલી Finger,

તમને આખી જિંદગી Service આપવાની જ છે.

**સામી વ્યક્તિને તમે અનુકૂળ થાઓ,**

**એમની કોઈ ઇચ્છા કે જરૂરિયાત પૂરી કરી દો,**

**એમનો થોડો Ego હોય**

**તો તમે સામે ચાલીને Fullfill કરી દો**

**એટલે વ્યક્તિ તમારી થઈ જાય છે.**

વહેલા કે મોડા

આ પરિણામ આવશે જ.

‘આત્મીયતા’ તો આનાથી પણ આગળની વાત કરે છે

કે પોતાની વ્યક્તિ માટે આપણે જે કંઈ પણ ભોગ આપીએ

એનાથી આપણને on the spot

આનંદ મળે જ છે.

બેટા,

**આત્મીયતા હંમેશા આનંદમય જ હોય છે.**

**આપણે ત્યાં એક સરસ કહેવત છે -**

**ઘી ઢોળાયું ખીચડીમાં.**

ઢોળાયું, પણ waste નથી થયું.

ખીચડીમાં જ ગયું છે.

Successfull જ છે.

જ્યાં આત્મીયતા છે,

ત્યાં તનથી, મનથી, ધનથી –

જે રીતે પણ ભોગ આપવાનો આવે
ત્યારે આ જ કહેવત લાગુ પડતી હોય છે -
**ઘી ઢોળાયું ખીચડીમાં.**
બેટા,
સાસુ-સસરા-નણંદોના ય અરમાનો હોય છે.
દીકરા અને ભાઈ પાસેથી તેમને પણ અપેક્ષાઓ હોય છે.
પોતે જે ઘરમાં વર્ષોથી રહેતા હોય,
તેના પ્રત્યે તેમને આધિપત્યની લાગણીઓ જાગે
એ પણ સહજ છે.
આમ પણ સ્ત્રીસ્વભાવ લાગણીપ્રધાન હોય છે.
એટલે બૌદ્ધિક રીતે એમનું વર્તન
ઉચિત અને આપણને ફાવે એવું જ હોય
એવો આગ્રહ રાખી શકાય એમ નથી જ.
આ સ્થિતિમાં
જે નારી કજિયા કરી કરીને
વાતાવરણને તંગ કરે
અને પતિને મૂંઝવી દે
તે ખરેખર મૂર્ખ ઠરે છે.
**સમજુ સ્ત્રી હંમેશા પતિના માતા-પિતા**
**અને ભાઈ-બહેન પ્રત્યે**
**આદરની લાગણીથી જુએ છે**
**અને એમને સમજવા પ્રયાસ કરે છે.**
એ બરાબર સમજે છે.
કે તર્કો, દલીલો અને ખેંચતાણોથી
પરિસ્થિતિ બગડે છે.
ને મન ખાટા થાય છે.

અહમ્ છોડીને
પોતે ભૂલ ન કરી હોય તો ય
પ્રેમથી પોતાની ભૂલ સ્વીકારી લેવાથી
વાતાવરણ સ્વર્ગીય બની જાય છે.
આપણે ત્યાં એક લોકગીતમાં
આ આખું ય સાયન્સ
એક જ પંક્તિમાં આપી દીધું છે.
**બહેની બા સાસરિયામાં નીચી નજરે હાલજો.**
**My dear,**
**This is the top secret**
**of a happy married life.**
**સ્વર્ગનું મૂલ્ય આટલું જ છે -**
**નીચી નજર.**

દશવૈકાલિક આગમ કહે છે -
**णीयं सेज्जं गईं ठाणं**
**णीयं च आसणाणि य ।**
**णीयं य पाए वंदिज्जा**
**णीयं कुज्जा य अंजलिं ॥**
શિષ્યે ગુરુ કરતાં નીચી ભૂમિએ સૂવું,
ગુરુની પાછળ ચાલવું, ગુરુથી નીચે રહેવું.
ગુરુથી નીચે બેસવું, નમીને ગુરુચરણોમાં વંદન કરવું
અને નમીને ગુરુની સમક્ષ અંજલિ કરવી.
સાધનાજીવનને સફળ કરવાનું
સમગ્ર રહસ્ય
આ એક જ શ્લોકમાં સમાયેલું છે.

આ જ શ્લોકને
સંસારજીવનમાં પણ
વડીલોના વિનયના સંદર્ભમાં લાગુ કરવામાં આવે
તો લાખો ઘરભંગ થતા
અટકી જાય તેમ છે.
આપણે ત્યાં આ બધી પરંપરા
પરાપૂર્વથી ચાલી જ આવતી હતી,
પણ આજે
માણસે પોતે જ આ જ્ઞાનસ્રોતોની અવગણના કરી છે.
એ ફી દઈ દઈને જે ભણી રહ્યો છે
એ Education
આ જીવનોપયોગી બાબતોમાં અભણ બનાવે તેવું છે.

બેટા,
આજના કાળે મોટા ભાગના લોકોને પજવતો કોઈ પ્રશ્ન હોય,
તો એ આર્થિક પ્રશ્ન છે.
બજાર તૂટતા જાય છે.
રોજગારીની તકો ઓછી થતી જાય છે.
અને દરેકે દરેક ક્ષેત્રોમાં મોંઘવારી વધતી જ જાય છે.
આ સમસ્યાનું વ્યક્તિગત Level પર કોઈ સમાધાન હોય
તો એ છે Joint family.
Naturaly એમાં ખર્ચો ઘણો ઓછો આવે છે.
ઘણી બધી બાબતોમાં તો
ખર્ચ અડધાથી પણ ઓછો થઈ જાય છે.
જુદા થવામાં તો
ભાડા અને મેઈન્ટેનન્સથી માંડીને

રાચરચીલા સુધીના ખર્ચાઓ

ખરેખર કમર તોડી નાખે છે.

**જુદું ઘર, જુદો ધંધો, જુદો વ્યવહાર, જુદી ખરીદી**

**આ બધું જ્યારે પોતાનું પોત પ્રકાશે**

**ત્યારે માણસને પોતાની ભૂલ સમજાય છે.**

પણ પછી

મિયા પડ્યા પણ તંગડી ઊંચી -

આ ન્યાયે

બધી જ હાડમારી વેઠીને પણ

માણસ પોતાના 'અહમ્' ને અકબંધ રાખે છે.

યાદ આવે હિતશિક્ષા છત્રીશી -

**નાતિ સગાંના ઘર છાંડીને એકલડાં નવ વસીએ.**

There are so much benifits

of the joint family.

But I Know

તું કાંઈ એવી સ્વાર્થી નથી

કે આ Benifits માટે જ Joint familyને પસંદ કરે

મારી દીકરી,

એક સન્નારી માટે તો

Joint familyને જ પસંદ કરવા માટે

આ એક જ point enough છે.

કે એક 'મા'ને એના દીકરાથી અલગ કરી દેવી

એ એક નીચ કક્ષાનો અપરાધ છે.

દુનિયાનું કોઈ બહાનું

આ અપરાધને સાચો ઠેરવવા માટે સક્ષમ નથી.

My Dear.

પારિવારિક આત્મીય સંબંધોથી જેઓ છેડાં ફાડી લે છે

તેમને એવા પારકા સાથે

પનારો પાડવાનો વારો આવે છે

જેઓ ધંધાદારી, લોભિયા અને ધૂતારા હોય છે.

જેઓ કદી એ આત્મીય સંબંધોની જગ્યા લઈ શકતાં નથી.

એ ખોટ

હંમેશ માટે ખોટ જ રહે છે.

**I** hope, આ વાત તારા mind માં સજ્જડ રીતે બેસી ગઈ હશે.

**Enioy the joy of the joint family my daughter.**

Love you very much.

●

# HOME

લાડલી દીકરી,

I ask you a question

what's a home ?

તમે ઘર કોને કહો છો ?

જ્યાં ટપાલી પત્ર લાવે એ ઘર ?

જેનું બધાને નામ-ઠેકાણું આપી શકાય એ ઘર ?

No my daughter,

That's not enough.

**ઘર એ છે**

**જ્યાં તમે બધો જ ભાર ઉતારીને**

**'હાશ' કહી નિરાંત અનુભવી શકો.**

બેટા,

ઘર એ ઈંટ, ચૂનો, સિમેન્ટ નથી.

ઘરનો અર્થ છે કુટુંબ... સ્વજનો.

**ઘરનો અર્થ છે સ્નેહ અને સમર્પણની શાળા.**

પૃથ્વી જેમ પર્યાવરણથી ટકે છે.

તેમ ઘર ભાવાવરણથી ટકે છે.

ભાવાવરણ.

જ્યાં આત્મીયતા છે, પોતીકાપણું છે, સમજદારી છે,

ઉદારતા છે, સ્વાર્પણ છે.

Home is sweet and only sweet

where there is every one

we like to meet.

કેટલાંક લોકો એવા હોય છે.

જેમના માટે ઘર પણ એક જાતની દોડધામ

અને ખરી-ખોટી પ્રવૃત્તિઓનો ધસમસતો પ્રવાહ હોય છે.
પરિવાર સાથે બેસવાની
તેમને બિલકુલ ફુરસદ હોતી નથી.
સહુ પોતપોતાની પ્રવૃત્તિમાં મશગૂલ હોય છે.
જેમના માટે ઘર એટલે ફક્ત સૂવાનું.
આમાં, સહવાસ તો છે
પણ સહજીવન નથી.
મારી વ્હાલી,
**સંવાદિતા** એ ઘરની **શોભા** છે
**સમજણ** એ ઘરની **સલામતી** છે.
**પ્રેમ** એ ઘરનો **તુલસીક્યારો** છે
**બાળક** એ ઘરનું **હૃદય** છે.
**સંતોષ** એ ઘરની **સુવાસ** છે
**ગૃહિણી** એ ખુદ **ઘર** છે.
તને આ બધી વાતો કહેતાં કહેતાં
ગૌરાંગભાઈ ઠાકરની પંક્તિઓ યાદ આવે છે.
**"કેવી રીતે મકાન ઘર થશે,**
**દીકરીને એ રીતો હું જણાવું છું."**

છગન ને મગન
ઘણા સમયે ભેગા થયાં.
મગને છગનને કહ્યું,
"અલ્યા, તું તો છ-આઠ મહિના બહાર ફરી આવ્યો.
બહાર બધે ફરવાથી ઘણું જાણવા-શીખવા મળતું હોય છે.
તે શું જાણ્યું ?"

છગને તરત જવાબ આપ્યો,
“એ જ કે ઘર જેવું ઉત્તમ સ્થાન
બીજું કોઈ જ નથી.”

એક કહેવત છે - **ઘરતીનો છેડો ઘર.**
બીજી કહેવત છે -
**ઘર એ ઘર, બીજા બધાં દર.**
શરત એટલી જ
કે આપણી કોઈ ભૂલથી
ઘર પોતે જ દર ન બની જાય.
**ઘરને ‘હાય’ બનાવવું**
**કે ‘હાશ’ બનાવવું**
**એ વાત નારીના હાથમાં હોય છે.**
**સમજુ નારી**
**ઘરને એવું સ્વરૂપ બક્ષે છે**
**જ્યાં આ કાવ્યનો સાક્ષાત્કાર થાય છે.**

**બળ્યો ઝળ્યો હું**
**આવ્યો ઘરે**
**માંડવે મધુમાલતી**

**– મુરલી ઠાકોર**

●

# ART

My daughter

There are so many types of the art.

રાઈટીંગ, એકાઉન્ટિંગ, ડ્રોઇંગ, સ્વિમિંગ,

પ્રોગ્રામિંગ, ડિઝાઈનિંગ, માર્કેટિંગ...etc...etc..

અહીં જે વાત છે

તે Life art ની છે.

બીજાને દુઃખ આપ્યા વિના સુખી થવાનું Art.

બીજાને તડકો આપ્યા વિના છાયો માણવાનું Art.

બીજાને પાછળ કર્યા વિના આગળ રહેવાનું Art.

બીજાને હરાવ્યા વિના જીતતા રહેવાનું Art.

બીજાને અશાંત કર્યા વિના શાંતિ પામવાનું Art.

મારી વહાલી,

**જેને Life art નથી આવડતું**

**એનું બીજું બધું જ Art ફોગટ છે**

બેટા,

એક સ્ત્રી માટે Most important life art હોય

તો એ છે

નવા કુટુંબના સરોવરમાં ભળી જવાની કળા.

પતિના મા-બાપ-બહેન સાથે સ્નેહભર્યા સંબંધ...

પતિ-સાસુ-સસરા ઇચ્છે એવું વર્તન...

પ્રસન્ન મૌન વ્યક્તિત્વ...

આત્મીયતાની મઘમઘતી સુવાસ...

કોઈ પણ વાતમાં પૂર્ણ નિરાગ્રહિતા...

બીજાને મોટા કરવાની ટેવ...

બીજાને યશ આપી દેવાની સહજ વૃત્તિ...

**બીજાના only plus points ઉપર જ દૃષ્ટિ..**

**બીજાના points of view ને સમ્માન આપવાની તૈયારી...**

My dear, this is the life art.

જેને વાતે વાતે ઓછું આવી જતું હોય,

જે પોતાના દુઃખના રોદણા રોવામાંથી જ ઊંચી આવતી ન હોય,

જે પોતાના વખાણની લાંબી લાંબી વાતો કરતી હોય,

સાચી-ખોટી વાતની બાબતમાં જે ખેંચતાણ પર ઉતરી આવતી હોય,

જતું કરવું, ખમી ખાવું, નાના બનવું, બીજા માટે ઘસાવું

આમાંથી કશું જેને ફાવતું ન હોય,

સામાન્ય પરિસ્થિતિમાં પણ જેને ગૃહક્લેશનો મુદ્દો મળી રહેતો હોય,

થોડું કામ કરીને પણ જેને મોટું કામ કર્યાની સભાનતા હોય,

**એવી સ્ત્રી પાસે**

**ચાહે ગમે તેટલી ડિગ્રીઓના સર્ટિફિકેટ હોય,**

**હકીકતમાં એને અભણ ગણવી જોઈએ.**

મારી વ્હાલી,

ખરા Life artને સમજી ન શકનાર લોકો

દલીલ કરતાં હોય છે -

શું અમારે કચડાતા જ રહેવાનું ?

બીજા દબાવે તેમ દબાતા જ રહેવાનું ?

અમારે અમારી જિંદગી આ ઢસરડામાં વેડફી દેવાની ?

શું અમને અમારું સ્વમાન નથી ?

બીજું બધું સહન થઈ જાય

પણ કડવા શબ્દો અને મેણા-ટોણા શી રીતે સહન થાય ?

પણ મારી વાત સાચી છે તો હું એ વાત કેમ જતી કરું ?

કામ મારે કરવાનું છે. તો હું મારી રીતે જ કરું ને ?

બેટા,

આવી દલીલો તો એક મૂર્ખ માણસ પણ કરી શકે છે.

I say clearer-

એક મૂર્ખ માણસ જ આવી દલીલો કરે છે.

સત્ય-અસત્ય અને ન્યાય-અન્યાય

આ બધાં જ points ને માળિયે ચડાવીને

એક હોંશિયાર સેલ્સમેન ઘરાકને સાચવી લે છે,

ને તેના દ્વારા પોતાના Profitના આંકને

વધુ ને વધુ ઊંચો લાવી દે છે.

સેલ્સ - વર્લ્ડમાં મોટા મોટા વર્લ્ડ રેકોર્ડ્સ કરનારાઓએ

એક માત્ર આ જ કુશળતાના આધારે

કરોડો ડોલર્સની કમાણી કરી લીધી છે.

My dear,

we have to earn life-pleasure

અને આ કમાણી

મેં હમણાં કહ્યું તે life art થી જ

થઈ શકે છે.

ઘરાકને જુઠ્ઠો સાબિત કરીને

એની વાત અને ફરિયાદ કઈ રીતે ખોટી છે એ પુરવાર કરીને

પોતે સાવ સાચો છે

એવું ઠસાવવા માટે મરણિયો બનતો સેલ્સમેન

હકીકતમાં ઘરાકને ગુમાવે છે.

અને As a result

પોતાની કમાણી ગુમાવે છે.

મારી વ્હાલી,

ઘર એ દુકાન નથી જ.
સ્વજનો એ ઘરાક નથી જ.
હું તો તને એ કહેવા માંગું છું
**કે જો રૂપિયા જેવી નાચીઝ વસ્તુ માટે પણ**
**જતું કરવું, ખમી ખાવું અને બીજાને મોટા કરવા**
**આ બધું સરળતાથી..હોંશે હોંશે...**
**અને આંતરિક આનંદપૂર્વક થઈ શકતું હોય,**
**તો જીવનના ખરા આનંદને માણવા માટે**
**સ્વસ્થ અને મસ્ત પારિવારિક જીવન માટે**
**અને લાંબા ગાળાના નક્કર સારા પરિણામો માટે**
**આ બધું કેમ ન થઈ શકે ?**
બેટા,
ભસી તો કૂતરો પણ શકે છે
અને લાત તો ગધેડો પણ મારી શકે છે.
આવું કરીને એ કૂતરો અને ગધેડો
અંતે દુઃખી જ થતા હોય છે.
બજારમાં બે પૈસા કમાવા માટે પણ
જો Art જરૂરી છે
તો સમજી લેજે
કે જીવનને આનંદનું ઉપવન બનાવવું હોય
તો સીધે સીધું ધાર્યું કરવા જવું,
પોતાની અપેક્ષાને સર્વોત્કૃષ્ટ ગણી લેવી,
બીજાની વાત કાપવી,
મોટાઈ મેળવવા માટે ધમપછાડા કરવા
એ બિલકુલ ઊંધો રસ્તો છે.

આ રસ્તે ઉપવન નહીં
પણ ઉકરડો આવે છે.
**ધીરજપૂર્વક, લાગણીપૂર્વક, આત્મીયતાપૂર્વક**
**અને હૃદયપૂર્વક આ Art લાગુ કરવામાં આવશે**
**તો ઉપવન ખુદ આવીને**
**આપણને ફૂલોનો ઉપહાર ધરશે.**
એ ફૂલો
જેમની પાંખડીએ પાંખડીએ પ્રસન્નતા હશે.
હિંદીમાં એક સરસ કહેવત છે -
**त्यागे उसके आगे, मांगे उससे भागे**
પ્રતિષ્ઠા એ એવી ચીજ છે
કે જે એનો ત્યાગ કરે
એને એ સામેથી આવીને મળે છે.
જે એની માંગણી કરે છે
એનાથી એ દૂર ભાગી છૂટે છે.
બેટા,
સેલ્સમેનશીપના જે જે સિક્રેટ્સ છે.
તે બધાં આપણે સફળ પારિવારિક જીવન માટે લાગુ કરવા હોય,
તો એના માટે આપણે કોઈ બિઝનેશ-બુક વાંચવાની
કે સેમિનાર અટેન્ડ કરવાની જરૂર નથી.
Logic, modesty અને Speech
આ ૩ points માં આપણે જે સદ્‌ગુણો જોયા
તે સદ્‌ગુણોને હૃદયપૂર્વક Active બનાવવા
એ જ કર્તવ્ય બની રહે છે.
આમાં વધુ સમજવાનું એટલું છે

કે લોહીની સગાઈમાં બેદરકારી પોસાય છે.
મા-દીકરી એક બીજાને ગમે તે કહી લે,
પણ બંને જાણે છે.
કે હૃદયનો પ્રેમ અકબંધ છે.
**અન્યના આંગણે સંબંધોની માવજત કરવી પડે છે.**
**કાળજીથી સંબંધોના ઉછેર થાય**
**એ ખૂબ જરૂરી બની જાય છે.**
સંબંધોના ઉછેરની બાબતમાં
એક great secret એ છે
કે **સંબંધો સાચવવા હોય**
**તો ક્ષત્રિયવૃત્તિ નહીં**
**પણ રણછોડવૃત્તિ જ ઉપયોગી છે.**
ઘરની બહાર પણ યુદ્ધ કરવું સારું નથી જ.
તો પછી ઘરની તો શું વાત કરવી ?
આત્મસમ્માન અને અભિમાન
આ બેની ભેદરેખામાં
ભલભલા થાપ ખાઈ જતાં હોય છે.
આ ગૂંચવાડાને ઉકેલવા કરતાં
બીજાના આત્મસમ્માનને પ્રમોટ કરવાનું
લક્ષ્ય બાંધી લેવાય,
તો આખી દિશા અને દશા જ ફરી જાય.
**કોઈ મને ચાહે ને સમજે, માણસનો એક જ અભિલાષ.**
મારી વ્હાલી,
માર્ક ટ્વેઈને કહ્યું હતું -
**“કોઈ મારી કે મારી કૃતિની પ્રશંસા મને સંભળાવે**

**તો હું આઠ દિવસ સુધી**

**ખાધા વિના ચલાવી શકું.''**

માણસમાત્રની આ ભૂખ હોય છે.

એને સંતોષતા આવડી જાય તો સંબંધો સોહામણા બન્યા વિના ન રહે.

પોતાની ભૂલ ન હોવા છતાં ય સહર્ષ સ્વીકારી લેવી

અને બીજાની ભૂલને ય પોતાના નામે ચડાવી દેવી

એ સામાન્ય માણસના ગજા બહારની વાત હોય છે.

એક મહાન વ્યક્તિ જ આ કામ કરી શકે છે.

અને એ વ્યક્તિને પોતાની મહાનતાનું ફળ

વહેલા કે મોડા મળે જ છે.

**કોઈના સ્વભાવની ઠેસ**

**આપણને લાગે**

**ત્યારે એને મોટા ઘામાં ફેરવી દેવી**

**એ દુઃખી થવાની કળા છે.**

અને આવી ઠેસ લાગે ત્યારે

પોતાની જાતને Take it easy કહીને સંભાળી લેવી,

એ સુખી થવાની કળા છે.

આપણી જીદ દુઃખી થવા માટેની જ હોય,

તો એ માટે

બીજાને દોષ આપવાનો

કોઈ અર્થ જ રહેતો નથી.

My dear,

એક સરસ ઘટના વાંચી હતી.

ઉપાશ્રયમાં ગુરુ બેઠાં છે.

કોઈ માણસ આવીને

એમની પાસે કોઈ સમસ્યા રજુ કરે છે.
ગુરુ પ્રેમપૂર્વક એનું સરસ સમાધાન આપે છે.
એ માણસ આવેશ સાથે ફરી
એ જ સમસ્યા રજુ કરે છે.
ગુરુ એ જ હેત સાથે
એને વધુ સારી રીતે સમાધાન આપે છે.
એ માણસ ફરી ને ફરી
એ જ સમસ્યાને દોહરાવે છે.
**ગુરુ એને પૂર્ણ વાત્સલ્યભાવે**
**સુંદર સમાધાન આપતા જ રહે છે.**
દોઢ કલાક સુધી આ સંવાદ ચાલ્યો.
છેવટે એ માણસ ગયો.
એક શિષ્ય ક્યારના ય આ દૃશ્યને જોઈ રહ્યા હતાં.
આંખમાં ફરિયાદના ભાવ સાથે
એ ગુરુ પાસે આવ્યા.
દિલ ખોલીને ગુરુને વાત કરી,
‘‘આ માણસને આપે આટલું સરસ સમજાવ્યું,
તો ય એ આપનું માથું ખાધા કરે ?
આપને આટલા હેરાન કરે ?’’
ગુરુએ સ્મિત કરીને જવાબ આપ્યો.
‘‘એનો સ્વભાવ એવો હતો
એમાં એ શું કરે ?’’
શિષ્ય કહે,
‘‘પણ આપની સાથે ય આવો વર્તાવ ?’’
ગુરુ શિષ્યની સામે જોઈ રહ્યા,

થોડી ક્ષણો એમ જ વીતી ગઈ.

જાણે વાત બદલતા હોય,

એ રીતે ગુરુએ કહ્યું,

''આપણે રોજ સવારે દેરાસર જઈએ છીએ ને,

ત્યારે એક માણસ પોતાના ઘરમાંથી નીકળીને

આપણને પગે લાગે છે.

તને ખ્યાલ છે ને ?''

''પેલા લંગડા ભાઈ ને ?''

''હા,

એ કેટલાં વાંકા-ચૂકા ચાલતા હોય છે !

તે mark કર્યું હશે ને ?''

''હા,

પણ એ ભાઈ લંગડા છે,

તો એમ જ ચાલે ને ?''

''એ બરાબર,

પણ મારી સામે ય એવી રીતે ચાલે ?

એક મારી સામે સીધા ન ચાલી શકે ?''

''આપ આવું કેમ કહો છો ?

એમનો પગ લંગડો છે તો એ એમ જ ચાલે ને ?''

**''બસ વત્સ,**

**તને આટલી વાત સમજાય છે ને ?**

**તો સમજી લે**

**કે હમણા જે માણસ ગયો.**

**એની જીભ લંગડી હતી.''**

My dear

માણસમાત્ર અધુરો હોય છે.

એની કોઈને કોઈ Limit હોય છે.

કોઈ ને કોઈ બાબતમાં

એનું લંગડાપણું હોય છે.

**એ બાબતમાં એની પાસે**

**પૂર્ણતાની અપેક્ષા રાખવી**

**એ એવી જ નિષ્ઠુરતા છે.**

**જેવી નિષ્ઠુરતા એક લંગડી વ્યક્તિ પાસે**

**એ Normal રીતે ચાલે**

**એવી અપેક્ષા રાખવામાં છે.**

બેટા,

આ અપેક્ષા એક જાતની મૂર્ખતા છે.

કારણ કે એની પૂર્તિ થવી શક્ય જ નથી.

લંગડા માણસ પ્રત્યે

જેમ કોઈ પણ માણસને

સહાનુભૂતિની લાગણી થાય છે.

બરાબર તે જ રીતે

કોઈનો સ્વભાવ ગુસ્સાવાળો હોય,

અહંકારવાળો હોય,

તીખું-કડવું બોલવાનો હોય

કે ઈર્ષ્યા કરવાનો હોય,

આ બધું જ એક પ્રકારનું લંગડાપણું છે,

જે હકીકતમાં બહારના લંગડાપણા કરતાં પણ

વધુ દયાપાત્ર છે.

**આપણી માણસાઈ આપણને**

**એના પ્રત્યે સહાનુભૂતિની લાગણી રાખવાનું જ શીખવે છે.**

પારિવારિક ભાવના અને આત્મીયતા તો
આનાથી પણ આગળ વધીને
સહુને પોતાનામાં સમાવી લેવા
અને લંગડાતા દેહને
પોતાના તરફથી સપોર્ટ આપવાનું શીખવે છે.

જંગલમાં બે વ્યક્તિ છે.
એક અંધ છે. બીજો પંગુ (વિકલાંગ) છે.
જંગલમાં અચાનક આગ લાગી ગઈ છે
ધીમે ધીમે આગ ફેલાઈ રહી છે.
પંગુ જોઈ શકે છે.
પણ ચાલી નથી શકતો.
અંધ ચાલી શકે છે.
પણ જોઈ નથી શકતો.
હવે ?
આમ તો એ બંને આગમાં બળીને રાખ થઈ જાત,
પણ એમણે એક ટેકનીક કરી.
અંધના ખભા પર પંગુ બેસી ગયો.
પંગુના ડાયરેક્શન મુજબ અંધ ચાલવા લાગ્યો.
બંને સલામત રીતે
જંગલમાંથી બહાર નીકળીને
શહેરમાં પહોંચી ગયા.
આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં આ વાત કહી છે –
**अंधो य पंगू य वणे समिच्चा**
**ते संपउत्ता णयरे पविट्ठा ॥**

**મારી વહાલી,**

**જીવનની સાર્થકતા**

**એક-બીજાની અધુરપને ભાંડવામાં નહીં**

**પણ એક-બીજાની અધુરપને**

**પૂરી કરવામાં છે.**

This the life - art my daughter

Never forget it.

●

# WIFEHOOD

મહાભારતના વન પર્વની એક ઘટના છે.

એક યક્ષ

યુધિષ્ઠિરને પ્રશ્ન કરે છે -

''સંસારી પુરુષનો ઘનિષ્ઠ અને સાચો મિત્ર કોણ ?''

યુધિષ્ઠિર જવાબ આપે છે -

''પત્ની.''

Yes my daughter,

she is a nearest true friend.

જે આવી હોય.

તે જ ખરા અર્થમાં પત્ની છે.

બાકી તો ઉપાધિ છે.

સાચી મિત્ર કોને કહેવાય ?

જેનામાં સ્વાર્થનો છાંટો ન હોય.

જે પૂર્ણ હિતકામી હોય.

જેને પોતાની - વ્યક્તિગત આકાંક્ષા ન હોય.

જે તમારા સુખમાં જ પોતાનું સુખ માને.

જે બધી રીતે તમારું ભલું જ ઇચ્છે.

**જે પોતે ઘસાઈને તમારું સારું કરવા પ્રયાસ કરે**

**અને આ બધું જ કર્યા પછી ય**

**જેને આ બધું પોતાના માટે જ કર્યું હોય**

**એવો અહેસાસ થાય.**

મારી વ્હાલી,

સુખ માટે રડીને... રઝળીને... રોક્કળ કરીને જે મળે છે

એ હકીકતમાં સુખ નથી હોતું,

સુખની ભ્રમણા હોય છે.

તું ક્યારે પણ નિરીક્ષણ કરજે
એવી વ્યક્તિ તને Almost દુઃખી જ દેખાશે.
બેટા,
**આપણે જેમને પોતાના માન્યા હોય ને**
**એમના માટે ઘસાવાનો**
**એમની અનુકૂળતા માટે પ્રતિકૂળતા વેઠવાનો**
**જે આનંદ હોય છે.**
**એની સામે કહેવાતા સુખો**
**માત્ર એક સાધન કે સગવડ બનીને રહી જાય છે.**
એ આનંદ નથી બેટા,
જડ વસ્તુઓ કદી આનંદ ન બની શકે.
આનંદ તો ચૈતન્યની અભિવ્યક્તિ છે.

છગનની પત્નીએ પ્રશ્ન કર્યો.
"આજ-કાલ તમારા મિત્રો કેમ બહુ ઓછા આવે છે ?"
છગન કહે,
"વાત ફેલાશે તો અત્યારે આવે છે
એટલા પણ નહીં આવે."
"કઈ વાત ?"
"ધંધામાં બહુ મોટી નુકશાની ગઈ છે.
કદાચ દેવાળું કાઢવું પડશે."
"એમ ?
તો તો હું ય જાઉં છું મારે પિયર,
મારા પપ્પા સાચું જ કહેતા'તા
કે આની સાથે મેરેજ કરવા જેવા નથી."

સંસારમાં કેટલીક નારીઓ આવી હોય છે.

સ્વકેન્દ્રિત... સ્વાર્થાન્ધ... સ્વાર્થ માટે ઘર્ષણ કરનાર

સ્વાર્થ તૂટતા તડ ને ફડ કરનારી

આવી નારીઓ ઘરને નરક બનાવી દે છે.

આ નરક ફક્ત એમના હસબન્ડ માટે જ નથી હોતું.

એમના પોતાના માટે પણ હોય છે.

unfortunately આપણે ત્યાં

ઉપયોગી સ્ત્રી-શિક્ષણના નામે શૂન્યાવકાશ છે.

પ્રી-સ્કુલથી માંડીને યુનિવર્સિટી સુધીના સિલેબસમાં

જીવન-જરૂરી સ્ત્રી-શિક્ષણ છે જ નહીં.

આની સજા

સ્ત્રી-સહિત આખે-આખું ઘર ભોગવતું હોય છે.

છગનના દીકરાએ

હોમવર્ક કરતાં કરતાં પ્રશ્ન કર્યો,

“પપ્પા, હસબન્ડ એટલે શું ?”

છગને પહેલા આજુ-બાજુ જોઈ લીધું,

ને પછી ધીમેથી જવાબ આપ્યો,

**“જેનું હસવાનું બંધ થઈ જાય,**

**એ હસબન્ડ.”**

હોમવર્ક આગળ ચાલ્યું,

દીકરાએ બીજો પ્રશ્ન કર્યો.

“પપ્પા, દંપતિ એટલે ?”

છગને એવા જ ધીમા અવાજે જવાબ આપ્યો,

**“જેમાં પતિનો દમ નીકળી જાય**

**એ દંપતિ.”**

My dear

I want to tell you the perfect wifehood.

પાંડવો જ્યારે વનવાસમાં હતાં.

ત્યારે એક વાર શ્રીકૃષ્ણ એમને મળવા ગયાં.

એક બાજુ શ્રીકૃષ્ણ અને પાંડવોની મંત્રણા ચાલી રહી છે

અને બીજી બાજુ સત્યભામા અને દ્રૌપદીનું મિલન થયું છે.

સત્યભામા થોડા સંકોચ સાથે

દ્રૌપદીને એક પ્રશ્ન કરે છે -

"તમે પાંચે પતિને એક સરખી રીતે પ્રિય છો.

તો એના માટેનો કોઈ મંત્ર-તંત્ર

કે કોઈ વ્રત-વિધિ...?"

દ્રૌપદીના ચહેરા પર

એક હળવું હાસ્ય પથરાઈ જાય છે.

સત્યભામા વિસ્મય અને જિજ્ઞાસા સાથે જોઈ રહે છે

ને દ્રૌપદીના હોઠ ફફડે છે.

"પતિ પોતાને આધીન રહે

એવી ઇચ્છા કે પ્રયત્ન જે પત્ની કરે

એનું પતિથી અંતર (Distance) વધે છે.

એના પતિનું મન એના પરથી ઉઠી જાય છે.

ઘરમાં સાપ ભરાયો હોય

અને માણસ જેવો ભયભીત થઈ જાય,

એવો ઉચાટ એને પણ થાય છે.

પતિનો પ્રેમ મેં જીત્યો છે.

તેના કારણો જુદા છે.

હું ઘરના દરવાજા પર વારંવાર ઊભી રહેતી નથી.

પતિ વિના ક્યાંય હરવા-ફરવા જતી નથી,

**પતિના મિત્રોનો હું સત્કાર કરું છું,**

**પણ તેમની સાથે હસી હસીને**

**મજાક-મશ્કરી કરતી નથી.**

હું અહંકાર કે ક્રોધને

મારા પર કબજો જમાવવા દેતી નથી.

સવારે હું વહેલી ઉઠું છું.

અને રાતે બધું ઘરકામ આટોપાઈ જાય

પછી શયનકક્ષમાં જાઉં છું.

**પતિએ મારા પર વિશ્વાસ મુકીને**

**જે વાત કહી હોય.**

**તે વાત હું કદી બીજાને કહેતી નથી.**

કોઈ મારા પતિ વિષે ઘસાતું બોલે,

તો હું એને સાંભળતી નથી

અને પતિના સ્થાનને ખંડિત કરે

એવી કોઈ વાત હું કોઈને કરતી નથી.

| | |
|---|---|
| **नैतादृशं दैवतमस्ति सत्ये !** | હે સત્યભામા ! પતિ જેવા દેવ |
| **सर्वेषु लोकेषु सदेवकेषु ।** | આખી દુનિયામાં કોઈ નથી, |
| **यथा पतिस्तस्य तु सर्वकामा** | એમની કૃપાથી સર્વ ઈચ્છાઓ |
| **लभ्या : प्रसादात्, कुपितश्च हन्यात् ॥** | પૂરી થાય છે અને એમના કોપથી |
| **॥ મહાભારત - વનપર્વ ૨૩૪-૨ ॥** | ઈષ્ટ વિઘાત થાય છે. |

| | |
|---|---|
| **सम्प्रेषितायामथ चैव दास्या –** | પતિ દાસીને કોઈ કામ આપે ત્યારે |
| **मुत्थाय सर्वं स्वयमेव कार्यम् ।** | ઊભા થઈને તે કામ જાતે જ કરવું. |

| | |
|---|---|
| **जानातु कृष्णस्तव भावमेतं,** | સત્યભામા ! શ્રીકૃષ્ણને એ ખ્યાલ આવવો |
| **सर्वात्मना मां भजतीति सत्ये ! ॥** | જોઈએ, કે તમે પૂર્ણપણે એમને ભજો છો. |

| | |
|---|---|
| **महाकुलीनाभिरपापिकाभि :** | જેઓ મહાન કુળની હોય, |
| **स्त्रीभि : सतीभिस्तव सख्यमस्तु ।** | પાપિણી ન હોય, |
| **चण्डाश्च शौनाश्च महाशनाश्च** | એવી સતી સ્ત્રીઓ સાથે તમે મિત્રતા કરજો. |
| **चौराश्च दुष्टाश्चपलाश्च वर्ज्या : ॥** | જેઓ ગુસ્સાવાળી અને હિંસક હોય, ખાઉધરી કે ચોર હોય, દુષ્ટ કે ચંચળ હોય એમનો સંગ તમે કદી ન કરતાં. |

My dear,
for a happy wifehood
management draupdi is very essential.
I know my daughter,
આમાં જ્યાં જ્યાં સમર્પણની વાત આવે છે.
ત્યાં ત્યાં આધુનિક નારીને પૂરે પૂરો વાંધો છે.
આનું અનુસરણ તો બહુ દૂરની વાત છે.
આનું શ્રવણ પણ એને કષ્ટદાયક બનતું હશે.
મારી વ્હાલી,
પ્રાચીન વ્યવસ્થામાં આ રીત પ્રચલિત હતી.
એટલે આપણે આંખ મીંચીને આ જ રીત સ્વીકારી લેવી,
એવો મારો કોઈ આશય નથી.
આ વ્યવસ્થામાં રહેલી વૈજ્ઞાનિકતા અને વ્યવહારુતાને
સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.
પ્રકૃતિએ સ્ત્રીને જે સહજ સ્વભાવ આપ્યો છે,
તે અંતર્મુખ સ્વભાવ છે.

સ્નેહ, સમર્પણ, ત્યાગ, બાંધછોડ અને સહનશીલતા
આ બધાં તેના મહત્ત્વના પાસા છે.
પુરુષને પ્રકૃતિએ બહિર્મુખ સ્વભાવ આપ્યો છે.
તેમાં અહંકાર, મહત્ત્વાકાંક્ષા, જીદ, ગુરુતાગ્રંથિ
અને આધિપત્યની ભાવના હોય છે.
**સ્ત્રી માથું ઉંચકે એ ક્ષણે એનામાં પૌરુષ પ્રગટે છે**
**પુરુષ માથું ટેકવી દે ત્યારે એનામાં સ્ત્રીત્વ પ્રગટે છે.**
આ સ્વભાવવિરુદ્ધ ચેષ્ટા છે
જેનાથી શારીરિક, માનસિક, પારિવારિક
અને સામાજિક સમસ્યાઓ જન્મે છે.
નવી વિચારણાઓના પૂરમાં તર્ક છે.
સામ્યતાનો આગ્રહ છે.
ઉપરછલ્લી દષ્ટિએ બધાંના મગજમાં બેસી જાય
એવી રજૂઆત છે.
I say welcome.
No objection.
શરત એટલી જ,
કે એનાથી બધાનું ભલું થતું હોવું જોઈએ.
એનાથી દુનિયા સુખી થતી હોવી જોઈએ.
પણ એવું તો થયું નથી.
ઉલ્ટુ પરિસ્થિતિ બગડી ગઈ છે.
નિષ્ફળ લગ્નો અને છૂટાછેડાઓનું પ્રમાણ
ભયજનક રીતે વધી રહ્યું છે.
ઘર ઘરમાં ઘર્ષણ, ખેંચતાણ અને ઝગડાં
એક common problem બની રહ્યા છે.

બાળકોને પરિવારમાંથી સંસ્કારોનું શિક્ષણ મળવું જોઈએ.
તેની બદલે તેઓ અશાંતિ શીખી રહ્યા છે.

**તંગ વાતાવરણ,**
**એનાથી તંગ મગજ,**
**એનાથી શારીરિક-માનસિક રોગો,**
**એનાથી વધતા ખર્ચા,**
**અને ઘટતી આવક.**
**પરિણામે**
**અશાંતિ, આવેશ અને અજંપો...**

આધુનિક વિચારોનું આ સાર્વત્રિક પરિણામ છે.
મારી વ્હાલી,
I tell you the top secret
of a married life
પુરુષ અને સ્ત્રીનાં જ મેરેજ ટકી શકે.
બે પુરુષનાં નહીં.
આધુનિક વિચારો
સ્ત્રીને પુરુષ બનવા માટે પ્રેરિત કરે છે.
આધુનિક વિચારોએ એવો menia સર્જ્યો છે.
જેમાં સ્ત્રીની જગ્યા જ નથી બચતી.

**‘સ્ત્રી’ જાણે કચરો હોય.**
**એમ તેઓ વાળી-ઝૂડીને એને સાફ કરી રહ્યા છે.**

ક્યાંક કો’ક સ્ત્રી બચેલી દેખાય,
તો એની મશ્કરી કરવાથી માંડીને
એનો વિરોધ કરવા સુધીની ભૂમિકાએ ઉતરી આવવા સુધી
તેઓ તૈયાર જ હોય છે.

My dear,
બિસ્કીટ ક્રિમવાળા છે.
એટ્રેક્ટીવ છે.
ટેસ્ટફૂલ છે.
જોતાની સાથે મોઢામાં પાણી આવી જાય
તેવા છે.
પણ એને ખાવાથી
ફક્ત બે જ કલાકમાં મોત આવી જાય
તેવું છે.
Tell me,
What will we do ?
તમારો ટેસ્ટ ને તમારી એટ્રેક્ટીવનેસ
તમને મુબારક... એમ જ કહેશું ને આપણે ?
By the same way my daughter
Modernismમાં કંઈક આવી જ વાત બની છે.
you are a woman my dear,
**Always maintain your womanhood.**
**Wifehood can be maintained**
**by womanhood only.**
બહુ મજાની વાત એ છે
કે તીક્ષ્ણ તર્ક અને આગ્રહ પર નભતા
આ modernism ને
જે નારીઓ અપનાવે છે,
તેઓ ઘર સિવાયની ઘણી બધી જગ્યાએ
બધાં જ તર્કોને અને આગ્રહોને છોડીને
સમાધાન કરી શકતી હોય છે

અને સહનશીલ પણ બની શકતી હોય છે.
એમના મનમાં
એવી ગાંઠ બંધાયેલી હોય છે.
કે 'બીજે બધે માથું ટેકવવું પડે તો વાંધો નહીં,
હાથ જોડવા પડે
કે લાચારી બતાવવી પડે તો પણ વાંધો નહીં.
પણ અહીં = ઘરમાં તો
કોઈ હિસાબે...કોઈ કોમ્પ્રોમાઇઝ નહીં.
હરગીઝ નહીં.
તારી ભલી થાય.
શા માટે હાથે કરીને દુઃખી થાય છે ?
**કદાચ એ નારી**
**બહુ સમાધાનવૃત્તિવાળી ન હોય.**
**તો ય**
**જો એ એટલો સંકલ્પ કરે,**
**કે ઘરમાં તો હું નમ્ર અને સહનશીલ જ બનીશ.**
**તો ય એનું જીવન સુખી થઈ જાય.**
પણ કા...શ.

એક બાળકને છાનો રાખવા માટે
કે એને ખુશ રાખવા માટે
નારી એના સ્વભાવને અનુકૂળ થાય છે.
અને પોતે ખુદ
'બાળક' બની જવા સુધીની તૈયારી રાખી શકે છે.
બરાબર તે જ રીતે

**જો લગ્નજીવનને સુખી બનાવવું હોય**
**તો પુરુષના સ્વભાવને અનુકૂળ થવા સિવાય**
**બીજો કોઈ વિકલ્પ જ નથી.**
મારી વ્હાલી,
બાળકપણું એ કાંઈ નારીનો સ્વભાવ નથી.
છતાં એને તે કેળવી શકે છે.
તો પછી પુરુષના અહંકારને અનુકૂળ થવું,
એ તો સ્ત્રીનો પોતાનો સ્વભાવ છે.
પ્રકૃતિએ એનામાં એવા સહજ ગુણો મુક્યા છે.
તો એમને તો એ સુતરાં કેળવી શકે.
હજી વધુ સ્પષ્ટ કહું
તો એમને કેળવવાની જરૂર જ નથી.
નારીએ માત્ર એટલું જ જોવાનું છે
કે આધુનિક વિચારો
એની સહજ પ્રકૃતિને ખલેલ ન પહોંચાડે.
યાદ આવે પેલું ગદ્ય-કાવ્ય-
**'પ્રકૃતિદત્ત અધિકારોને ઉવેખ્યા વગર**
**ગમતું કામ કરવાથી**
**હું થોડી ગુલામડી બની જવાની છું ?**
**પતિ સાથેના હર્યા-ભર્યા સંસારને**
**અધિકારોની ખેંચતાણમાં વિખેરવો નથી.**
**હું નારી**
**નખશિખ નારી.'**

મારી વ્હાલી,
એવી ચેનલ..એવી સિરિયલ..એવી બુક..

એવી સહેલી..એવો ડ્રેસ..એવો વિચાર...
જે તારી ભીતરની
આ ‘નારી’ને ખતમ કરી દે
એનાથી હંમેશા દૂર જ રહેજે.
જ્યાં જ્યાં
ભીતરની નારીનું મૃત્યુ થાય છે.
ત્યાં ત્યાં સુપર વુમન બનવાની લ્હાય જન્મ લે છે.
આ લ્હાય એને
ઘર અને કુટુંબના કેન્દ્રમાંથી નીકાળી દે છે.
પરિણામે એ વ્યક્તિ
બાહ્ય જગતમાં ફંગોળાઈ જાય છે.
ત્યાં એને શું મળ્યું ?
એનો જવાબ એને જીવનભર મળતો નથી.
પણ એટલો ખ્યાલ એને જરૂર આવી જાય છે.
કે શાંત-પ્રસન્ન-સ્નેહસભર ગૃહજીવનની
અધિષ્ઠાત્રી તરીકેનો એનો જે સંતોષ હોત,
જે સુખ અને આનંદ હોત,
એને તેણે ગુમાવી દીધાં છે.
બેટા,
લેવડ-દેવડનું ગણિત
સંબંધોના સૌન્દર્યને નષ્ટ કરી દે છે.
અધિકારનો વિચાર સુદ્ધા પ્રેમમાં બાધક હોય છે.
કદાચ તને ખબર હશે.
પ્રાચીન સમયમાં અમુક ખાસ સમાજમાં
સતી થવાની પ્રથા હતી.

પતિનું મૃત્યુ થાય
ત્યારે પત્ની પોતાની ઈચ્છાથી
પતિની સાથે જીવતી બળી મરતી.
એ પ્રથા સારી હતી કે ખરાબ,
એની વાત મારે નથી કરવી,
હું તો તને એ કહેવા માગું છું.
કે wifehood માં કેટલી હદનો અભેદ
આત્મસાત્ થઈ ગયો હોય
ત્યારે આ વસ્તુ શક્ય બને !
આવી ઘટનાને જોનારાઓએ લખ્યું છે
કે જીવતી બળી રહેલી એ નારીના
ચહેરાની રેખા પણ બદલાતી ન હોય
એટલી એ સ્વસ્થ હોય.
એની એ પ્રસન્નતાને જોનારા લોકો સ્તબ્ધ બની જતાં.
વિશ્વાસ અને વફાદારીનાં આ પવિત્ર સંબંધને
હજારો લોકો નતમસ્તકે વંદી રહેતાં.
આજે પણ ભારતમાં ઠેર ઠેર
સતી માતાના પાળિયા અને સતીમાના મંદિરો છે.
જેઓ સમર્પણના એ કાળજયી સંગીતને રેલાવી રહ્યા છે.
એક સ્પષ્ટતા કરી લઉં મારી દીકરી,
પતિ પાછળ જીવતા બળી મરવું જોઈએ
એવું હું નથી માનતો.
એટલે તું કોઈ ગેરસમજ ન કરતી.
આ વાતો તો અભેદની એ અસ્મિતાના સંદર્ભમાં કહી છે.
**My dear,**
**લગ્નનો અર્થ છે**

**એકમેકમાં ભળી જવાની ઘટના.**

ઉંદર કે વાંદાને જોઈને પણ

ચીસ પડી ઉઠતી ગભરુ નારી

સળગતી ચિતામાં જ્વાળાઓની વચ્ચે

પૂર્ણ સ્વસ્થતા અને પૂર્ણ પ્રસન્નતા સાથે

જીવતે જીવ બળી શકે

એમાં અભેદની અસ્મિતા સિવાય

બીજું કોઈ જ રહસ્ય નથી.

મારી વહાલી,

આપણે ત્યાં ‘મા’નો સ્નેહ સર્વોત્કૃષ્ટ કહેવાય છે.

પણ ‘સતી’ની આ ઘટના જોનારા કવિઓએ

એવા કાવ્યો બનાવ્યા છે કે

‘સમર્પિત પ્રેમ

એ ખરેખર અદ્‌ભુત તત્ત્વ છે.

જન્મ આપનારી મા ફક્ત રડી લે છે.

ને પત્ની

પતિ પાછળ જીવતે જીવ બળી મરે છે.’

બેટા,

થોડા નીચા નમવામાં જે નારીનો ઘમંડ ઘવાય છે

એ નારી

original wifehood ને સમજી જ નથી.

**પોતાનો રસ્તો શોધીને ચાલતી પકડનાર સ્ત્રીને**

**ખબર જ નથી**

કે એક પત્નીને

પોતાનો રસ્તો જ હોતો નથી.

પ્રેમ વહાં દુવિધા નહીં રે...

મારી વ્હાલી,

**જે નારી છૂટાછેડા લેતી હોય છે.**

**એના હકીકતમાં લગ્ન જ થયા હોતા નથી.**

ફોરેનમાં આજે પણ એવા મેરેજ થાય છે,

જેમાં મેરેજ પહેલાં

એવા લેખિત કરાર કરવામાં આવે છે.

કે ‘જો છૂટાછેડા થાય

તો પતિએ પત્નીને આટલા ડૉલર્સ આપવા.’

હસવું આવે છે ને બેટા ?

શું કહીશ તું આવા લગ્નને ?

કેવો હશે એમાં પતિ-પત્નીનો પરસ્પરનો પ્રેમ ?

કેવો હશે એમનો ઘર-સંસાર ?

કેવા હશે એમના સંતાનો ?

I mean

સનાથ કે અનાથ ?

ગામડાની ગલીમાંથી

એક જ્યોતિષી પસાર થઈ રહ્યા છે.

એક ઘરમાં એમની નજર પડી.

ગરીબાઈ છે. ભાંગ્યું ઝૂંપડું છે.

પતિ માંદલો છે.

ખાટલે પડ્યો પડ્યો ખાંસી ખાઈ રહ્યો છે.

પત્ની કંઈક ઘરકામ કરી રહી છે.

જ્યોતિષીએ કહ્યું,

'લાવ બુન, તારો હાથ જોઈ દઉં.'
નીચી નજરે એ નારીએ જવાબ આપ્યો.
''હાથ જોવો હોય તો એમનો જોઈ દો.''
જ્યોતિષીના મનમાં જે ઘોળાતું હતું.
એ હોઠે આવી ગયું...
''એનું ભવિષ્ય તો એનો દેદાર જ કહે છે,
તારો હાથ લાવ,
તારું ભાવિ જોઈ દઉં.''
એ સ્ત્રીએ વળતી જ પળે જવાબ આપ્યો,
**''જે સમયે**
**અમારો હસ્તમેળાપ થયો હતો ને ?**
**એ જ સમયે**
**મારા હાથની બધી જ રેખાઓ**
**એમની રેખાઓમાં ભળી ગઈ હતી.**
**હવે તો જે એમનું ભવિષ્ય એ જ મારું ભવિષ્ય.**
**જોવો હોય તો એમનો હાથ જુઓ.**
**મારો હાથ જોવાનો કોઈ જ અર્થ નથી.''**
This is India my daughter,
This is the cause
why I love India so much.
ભારતને મરણતોલ ફટકાઓ ઘણાં પડી રહ્યા છે,
પણ છતાં Still it's living.
બધે નહીં તો ઘણી જગ્યાએ.
મારી વહાલી,
એક સ્ત્રીનો એક્સીડેન્ટ થઈ ગયો.

હૉસ્પિટલમાં એ એડમીટ થઈ.

ટ્રીટમેન્ટ ચાલુ થઈ.

એ ભાનમાં આવી

ત્યારે બધાંને ખ્યાલ આવ્યો

કે એના માથામાં થયેલી ઈજાને કારણે

એની સ્મૃતિ પૂરેપૂરી જતી રહી છે.

રોજ એનો પતિ

એનું જમવાનું ટિફિન લઈને આવતો.

ઑફિસ ટાઈમ સિવાય તો પતિ હાજર હોય જ.

પણ ઑફિસ ટાઈમે પણ

રોજ એ જાતે ટિફિન લઈને આવે.

એ જોઈને નર્સને બહુ આશ્ચર્ય થતું.

એક દિવસ એણે પૂછી જ લીધું,

‘‘તમે કોઈ માણસને કેમ નથી મોકલી દેતા ?

આમ પણ તમારી Wife ની Memory તો જતી જ રહી છે.

ટિફિન તમે લાવો કે માણસ લાવે

એના માટે તો equal જ છે ને ?’’

એ પતિએ જવાબ આપ્યો.

**‘‘એની સ્મૃતિ જતી રહી છે.**

**એટલે એ મને એના પતિ તરીકે ન ઓળખી શકે, એ સાચું**

**પણ મારી તો સ્મૃતિ છે જ ને,**

**કે એ મારી પત્ની છે.’’**

My dear,

westurn culture માં

પતિ કે પત્ની

એ શરીરની ભૂખ સંતોષવાનું એક સાધન હોય છે.

comodity હોય, job હોય કે marriage હોય,

use & throw culture ત્યાં વ્યાપક છે.

**ભારતમાં**

**તમે 'છો'-નું Importance છે.**

**પશ્ચિમમાં**

**તમે 'ઉપયોગી છો'નું Importance છે.**

**નકામી વ્યક્તિને ત્યાં એક જ second માં**

**ફેંકી દેવામાં આવે છે.**

We have to decide my daughter,

where we have to go ?

To east or to west ?

My dear,

The essense of my knoledge says-

**East or West**

**India is the best.**

રવિશંકર મહારાજ

ગુજરાતના એક ગામડામાં ગયા હતાં.

એક નાનકડા ઘરમાં તેમણે પ્રવેશ કર્યો.

ઓડ જાતિના પતિ-પત્ની એ ઘરમાં રહેતા હતાં.

કોઈ અકસ્માત્‌માં પત્નીના બંને પગ ઢીંચણથી કપાઈ ગયા હતાં.

રવિશંકર મહારાજે તેમને ખબર-અંતર પૂછ્યાં.

પત્ની કહે,

''મારી આ સ્થિતિમાં ય મારા પતિએ

મને કશું જ ઓછું આવવી દીધું નથી.

**મને જાત્રા કરવાની ભાવના થઈ**

**તો મને એમના ખભે બેસાડીને**

**ચાર ધામની જાત્રા કરાવી છે.''**

રવિશંકર મહારાજની આંખોમાં ઝળહળિયાં આવી ગયા.

એમણે પતિની સામે જોયું,

તો એ કહે,

**''શું હું જ એની સેવા કરું છું ?**

**એ મારું કાંઈ નથી કરતી ?**

આ મીઠાં રોટલાં બનાવે છે.

મારી પથારી કરી આપે છે,

કૂવે જઈને મારા કપડાં ય ધોઈ દે છે.

એને પગ નથી

એની કોઈ ખોટ એણે પડવા દીધી નથી.''

ભારતનું આ મધુર દાંપત્ય જોઈને

મહારાજની આંખોમાંથી

રીતસર આંસુ વહી ગયાં.

મારી વ્હાલી,

આજે આપણને એની બિસેન્ટ, જૉન ઑફ આર્ક કે

ફ્લોરેન્સ નાઈટીંગેલનું એટ્રેક્શન થાય છે.

પણ હકીકતમાં આપણે અનુપમા, અંજના, સોનલ, મદાલસા,

સીતાજી અને મયણા માટે

ગૌરવ લેવું જોઈએ.

સ્ત્રીત્વનું ઐશ્વર્ય એમનામાં સોળે કળાએ ખીલી ઉઠેલું.

wifehoodની તેઓ જીવંત પ્રતિમાઓ હતી.

મારી વ્હાલી,

અંગ્રેજોએ પોતાના શાસનકાળમાં

આપણા દેશને ખૂબ ખૂબ લૂંટ્યો.

એક ચોક્કસ સમયમર્યાદામાં

ફકત બંગાળમાંથી

તેમણે ૧૫,૦૦૦ અબજ પાઉન્ડ જેટલા મૂલ્યની

લૂંટ કરી હતી.

Imagine my daughter,

એમના કુલ શાસનકાળમાં

આખા દેશમાંથી એમણે કેટલી લૂંટ કરી હશે !

પણ બેટા,

**હજી પણ જો આપણે આપણી સંસ્કૃતિને**

**અને આપણા સંસ્કારોને સાચવી શકીએ,**

**તો આપણે કશું જ ગુમાવ્યું નથી.**

**આપણી ખરી સંપત્તિ તો આ જ છે.**

We were talking about management draupadi.

દ્રૌપદીએ સત્યભામાને જે વાત કહી

એ માત્ર ‘વાત’ ન હતી.

દ્રૌપદીએ પોતાના જીવનમાં

એનું આચરણ કરીને બતાવેલું.

મહાભારતની એક ઘટના છે.

વનવાસ દરમિયાન

અર્જુન ઇન્દ્ર પાસેથી શસ્ત્રવિદ્યા લેવા માટે પ્રસ્થાન કરે છે.

એમને વિદાય આપતી વખતે દ્રૌપદી કહે છે -

**“હે મહાબાહુ ધનંજય ! આપના જન્મ સમયે**

**માતા કુંતીએ આપની પાસેથી જે અપેક્ષાઓ રાખી હોય,**

**એમની એ બધી જ અપેક્ષાઓને**
**આપ પૂરી કરો.**
**આ ઉપરાંત આપના મનમાં પણ**
**જે કંઈ મનોરથો હોય.**
**તે બધાં પૂર્ણ થાય**
**એવી મારી મંગલકામના છે.''**

Mark my dear,
દ્રૌપદી પોતાની કોઈ જ ઈચ્છાની
કોઈ જ વાત કરતી નથી.
**પતિ પોતાની માતાની અપેક્ષાઓ પૂર્ણ કરે**
**અને પોતાની મનોકામનાઓને પૂરી કરે**
**એમાં દ્રૌપદીનું બધું જ સુખ સમાઈ જાય છે.**
આને કહેવાય
એકમેકમાં ભળી જવાની ઘટના.
આનું નામ wifehood.
નીતિ-શતકમાં આ જ વાત કરી છે -
**સદ્વર્તને ખુશ કરે પિતુ તે જ પુત્ર,**
**તે પત્ની જે હિત ચહે પતિનું પવિત્ર;**
**તે મિત્ર આપદ-સુખે સરખો રહે જે,**
**છે પુણ્યશાળી જગમાં ત્રણ મેળવે જે. (૬૦)**
શ્રીકૃષ્ણની ભાવના હતી કે યુદ્ધ ન થાય,
એ માટે એમણે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન સાથે
વાટાઘાટો કરી,
પણ એ વાટાઘાટો નિષ્ફળ ગઈ.
યુદ્ધના ભણકારા વાગવા લાગ્યા.
હસ્તિનાપુરથી વિદાય લેતા પહેલા

શ્રીકૃષ્ણ કુંતી પાસે આવ્યા.
બધી વાત કરી
અને પૂછ્યું,
“આપના પુત્રોને કોઈ સંદેશ આપવો છે ?”
કુંતીએ જે જવાબ આપ્યો
તે આજે પણ મહાભારતના ઉદ્યોગપર્વના
૧૩૭મા અધ્યાયના વીશમા શ્લોકમાં અંકિત છે -
**“હે પુત્રો ! તમે સહુ દ્રૌપદી જે કહે**
**તેની ઉપર પૂરતું ધ્યાન આપજો**
**અને એની જે કાંઈ ઈચ્છા હોય,**
**એ પ્રમાણે કરજો.”**

**તે પત્ની જે હિત ચહે પતિનું પવિત્ર.**
કુંતીને ખબર હતી
કે દ્રૌપદી ખરા અર્થમાં પત્ની છે.
પૂર્ણ પત્ની.
પુત્રોની સૌથી નાજુક પળોમાં
કુંતી એમને જે સંદેશ આપે છે.
તેમાં દ્રૌપદીનું complete wifehood ઝળકી ઉઠે છે.
એના અભેદનો આ પ્રતિભાવ હતો.
જો કે
એને પ્રતિભાવની કોઈ જ અપેક્ષા ન હતી.
**અભેદમાં કદી અપેક્ષા હોતી જ નથી.**

લક્ષ્મણજીની પત્ની ઉર્મિલા.
એક વાર એ ધ્યાનમાં બેઠી હતી.

કોઈ દેવતા એની સમક્ષ પ્રગટ થયા.

કંઈક વરદાન માંગવા કહ્યું.

ઉર્મિલાને કશું જ જોઈતું નથી.

દેવતાનો આગ્રહ વધતો જાય છે.

છેવટે ઉર્મિલા એક અનોખું વરદાન માંગે છે.

**‘જંગલમાં મારા પતિ**

**એમના મોટાભાઈની સેવા કરતાં કરતાં**

**મને યાદ ન કરી બેસે**

**એવું કરજો’**

પતિને અનુકૂળ થવા માટે

ઉર્મિલાએ વનવાસમાં સાથે જવાનો

આગ્રહ ન રાખ્યો

એ તો હજી કદાચ સમજાય છે.

પણ પતિને અનુકૂળ થવાની

આટલી પરાકાષ્ઠાની વૃત્તિ...!!!

કદાચ એક પત્ની જ એને સમજી શકે.

આનું નામ અભેદ.

**સ્ત્રીને લક્ષ્મી કહેવાય છે.**

**તે આવા ગુણોના કારણે જ.**

દક્ષસ્મૃતિમાં કહ્યું છે -

| | |
|---|---|
| **अनुकूला त्ववाग्दुष्टा,** | જે અનુકૂળ હોય, નિર્દોષ વાણી ધરાવતી હોય, |
| **दक्षा साध्वी पतिव्रता ।** | કુશળ હોય, સતી હોય અને પતિવ્રતા હોય, |
| **एभिरेव गुणैर्युक्ता** | એવા ગુણોવાળી સ્ત્રી લક્ષ્મી જ છે |
| **स्त्रीः श्रीरेव न संशयः ॥** | એમાં કોઈ જ શંકા નથી. |

॥ ૪-૧૨ ॥

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રી.
એક વાર પત્રકારોએ એમનો ઇન્ટરવ્યૂ લીધો.
એમાં એક પ્રશ્ન એ પૂછવામાં આવ્યો
કે 'તમે તમારી કારકિર્દીનો યશ કોને આપો છો ?'
શાસ્ત્રીજીએ જવાબ આપ્યો -
'મારી પત્ની લલિતાને.'
તને કદાચ ખ્યાલ નહીં હોય બેટા,
લલિતાદેવી કદી શાસ્ત્રીજીની ઑફિસમાં ન'તા આવતા.
કદી ચૂંટણી પ્રચાર ન'તા કરતાં.
શાસ્ત્રીજી ચાહત
તો એમને કોઈ 'મંત્રી'નું પદ અપાવી શકત
પણ તેમણે તેવું ય ન'તું કર્યું.
લલિતાદેવી નિરક્ષર હતાં.
એમને ગામઠી હિંદી જ આવડતું હતું.
આમ છતાં
**સ્વતંત્ર ભારતના સર્વશ્રેષ્ઠ પ્રધાનમંત્રીએ**
**પોતાનો સંપૂર્ણ યશ એમને આપી દીધો હતો.**
**કારણ કે નિરક્ષર કહેવાતી એ મહિલાએ**
**આદર્શ પત્નીની ભૂમિકાને શ્રેષ્ઠ રીતે અદા કરીને**
**એમને પારિવારિક જવાબદારીઓથી**
**મુક્ત કરી દીધા હતાં.**
પત્નીએ પોતાનું જે હતું
એ પતિને સમર્પિત કરી દીધું.
પતિએ પોતાનું જે હતું
એ પત્નીને સમર્પિત કરી દીધું.

આજે પણ આપણા દેશમાં
ઠેર ઠેર આવા ઉદાહરણો જોવા મળે છે જ.

જે પત્ની એવું વિચારે
કે હું તો સમર્પણ કરી દઉં,
પણ પછી મને એનો બદલો નહીં મળે તો ?
એ ખરા અર્થમાં પત્ની જ નથી.
**પત્નીનો અર્થ જ સમર્પણ છે.**
**જ્યાં બદલાની થોડી પણ આશા હોય**
**ત્યાં સમર્પણ નથી,**
**સોદો છે.**

શિષ્ય ગુરુ પાસે એક પ્રશ્ન લઈને આવે છે -
‘‘આપે તો કહ્યું હતું,
કે જે પ્રતિષ્ઠાનો ત્યાગ કરે - એનાથી દૂર ભાગે
એની પાછળ પ્રતિષ્ઠા દોડતી આવે.
હું ૨૫ વર્ષથી પ્રતિષ્ઠાથી દૂર ભાગું છું.
પણ હજી સુધી મને પ્રતિષ્ઠા મળી નથી.
આવું કેમ થયું ?’’
ગુરુ સ્મિત કરીને શિષ્યની સામે જોઈ રહ્યા.
અને પ્રેમપૂર્વક બોલ્યા,
**‘‘વત્સ,**
**તું પ્રતિષ્ઠાથી દૂર ભાગે છે**
**એ વાત સાચી.**
**પણ તારી નજર**
**હંમેશા એ જોવામાં લાગી હોય છે**

**કે પ્રતિષ્ઠા પાછળ આવે છે કે નહીં.''**

શિષ્યને પોતાની ભૂલ સમજાઈ

કે હકીકતમાં

એ પ્રતિષ્ઠાથી દૂર ભાગ્યો જ ન હતો.

એને પ્રતિષ્ઠા ન મળી

એનાથી ગુરુની વાત અક્ષરશ : સાચી જ પડી હતી.

મારી વ્હાલી

સોદા અને બદલાની દુર્ગંધ

આપણા સ્વાર્પણ અને સમર્પણને ખરડી ન નાંખે

એ ખૂબ જ જરૂરી છે.

સામી વ્યક્તિ આપણો ગેરલાભ ન ઉઠાવી જાય,

એ વધુ ન કમાઈ જાય,

આપણને નુકશાન ન થઈ જાય,

એ માટે સોદો કરવામાં આવતો હોય છે.

પણ

જ્યારે સામી વ્યક્તિ પણ આપણે પોતે જ હોઈએ

ત્યારે શું ?

**અભેદમાં કશું ગુમાવવાનું નથી બેટા,**

**આમાં તો**

**તમે જેટલા લૂંટાઓ**

**એટલી જ કમાણી છે.**

આજની નારીને સાયન્સમાં એડમિશન લેવાની

જેટલી જરૂર છે

એના કરતાં લાખ ગણી જરૂર

આ અભેદ-સાયન્સ સમજવાની છે.

કારણ કે
આને સમજ્યા વિના એનું જીવન સુખી થાય
એવી કોઈ જ શક્યતા નથી.

છગનની પત્નીએ એક વાર છગન ઉપર કેસ કર્યો.
પત્નીની ધારદાર દલીલોએ
કોર્ટમાં છગનના છોતરાં ઉડાવી દીધાં.
છગનની હાર થઈ.
જજે છગનને ઑર્ડર કર્યો,
‘તમારે તમારો અડધો પગાર
તમારી પત્નીને આપવો પડશે.’
આ સાંભળીને છગન તો ખુશખુશાલ થઈને
નાચવા જ લાગ્યો.
લોકોએ એને કારણ પૂછ્યું
તો એ કહે,
‘હવે મને અડધો પગાર તો મળશે.
પહેલા તો પત્ની જ
પૂરો પગાર લઈ લેતી હતી.’

બેટા.
**જીવનવનમાં માયાવી સુવર્ણમૃગ હોય છે.**
**એક વાતનો હંમેશા ખ્યાલ રાખવો**
**કે આપણે જેને જીવનસાથી રૂપે ચાહીએ.**
**એની અને આપણી વચ્ચે સુવર્ણ ન આવી જાય.**
સુવર્ણમૃગ તો વ્યર્થ ચળકાટ છે મારી વ્હાલી,
એ મેળવવા જતાં
સાચું સુવર્ણ હાથમાંથી સરી જતું હોય છે.

સુવર્ણમૃગની કથા હંમેશા દર્દનાક રહી છે,
એને પામવા જતાં
લક્ષ્મણરેખા ઓળંગવી પડે છે.
અને જીવનમાંથી સુખ અને આનંદ ગુમાવવા પડે છે.
પૈસા અને પૈસાથી મળતી સગવડો પાછળ દોડવું
એ ખૂબ જોખમ ભરેલું છે.
સગવડો જેમ જેમ આદત બને
તેમ તેમ માણસ મશીન બનતો જાય છે.
વધુ-ની એ ઝંખના
એને એકલતામાં લઈ જાય છે.
Western countriesમાં આ જ કારણથી
લોકો ડિપ્રેશનના અને ડ્રગ્સના
ગુલામ બની ગયા છે.

**My dear,**
**સગવડ આપતી એ બધી જ વસ્તુઓ**
**વિના પણ ચાલશે.**
**પૈસા નહીં હોય તો ય ચાલશે.**
**પણ લાગણી વિના, હૂંફ વિના**
**અને પરિવારના પ્રેમ વિના તો નહીં જ ચાલે.**

હકીકત જ્યારે આ જ છે
ત્યારે હક અને અધિકાર માટે લડવાની વાત
સંપત્તિ કે સાધનો માટે કંકાસ કરવાની વાત
સાવ જ વાહિયાત બની જાય છે.
ભારતીય નારીનું સમગ્ર પત્નીત્વ
આ એક જ વાક્યમાં સમાઈ ગયું છે.

**कुलाङ्गनानां पतिरेव देव : ।**

ખાનદાન નારીઓ માટે તો
એમના પતિ એ જ દેવ છે.

બેટા,
આજ પણ આપણે ત્યાં આ wifehood
એકદમ practical અને Active છે.
વિકૃતિઓની ઝપટમાં આવી ગયેલાઓને બાદ કરીએ,
તો આજે પણ આ દેશની નારીઓ
પતિને 'તું' કહીને બોલાવતી નથી.
પતિ જરા દૂર હોય
અને એમનું ધ્યાન દોરવાની જરૂર હોય
તો એ નારી એમના સંતાનના નામે બૂમ મારશે,
અને
જે વાત કહેવાની હોય એ કરી લેશે.
**Point બહુ જ નાનો છે.**
**પણ એમાં ભારતીય સફળ લગ્નજીવનના**
**હિમાલય જેટલા રહસ્યો સમાયેલા છે.**
નારી
આમાં નારી જ રહે છે.
પુરુષ
આમાં પુરુષ જ રહે છે.
અને પરિણામે
એક પ્રસન્ન દાંપત્યને ખીલવાનો
અવસર પ્રાપ્ત થઈ જાય છે.
મારી વ્હાલી,
ઘણાનો પ્રશ્ન એ હોય છે.

કે અમે તો આ સ્વાર્પણ, સમર્પણ,
wifehood બધું જ કરીએ
પણ સામે એવી પાત્રતા ન હોય તો ?
ખોટી જગ્યાએ વધુ પડતો વિનય ન થઈ જાય ?
અને એના કારણે
એ આપણને દબાવે અને અન્યાય કરે
એવું ન થઈ જાય ?
તો બેટા,
આનો જવાબ બહુ સરળ છે,
ખોટા પાત્ર સાથે બંધાવું જ નહીં.
Engagementના pointમાં
વડીલો દ્વારા પસંદગીની જે વાત કરી.
તેમાં આ સવાલનો જવાબ આવી જ જાય છે.
પહેલાં પૈસા કે રૂપના
ખોટા માપદંડોને લઈને ચાલવું
ને પછી
એ પાત્ર સમર્પણને લાયક જ નથી એમ કહેવું
એ હાથે કરીને દુઃખી થવાનો રસ્તો છે.
**વડીલોએ સખતપણે**
**સંસ્કારો અને સદ્‌ગુણોનો જ આગ્રહ રાખવો**
**અને એવું જ પાત્ર પસંદ કરવું**
**એ જ સંતાનોના જીવનભરના સુખોનું રિઝર્વેશન છે.**
મારી વ્હાલી,
દુનિયાનો આ જુનો રિવાજ છે.
જે જે વસ્તુની માંગ થાય,
એનો પૂરવઠો થશે જ.

Demand creats production.

રૂપ અને પૈસાની માંગ હશે

તો લોકો એની પાછળ પડશે

અને સંસ્કારો અને સદ્ગુણોની માંગ હશે

તો એને પામવા માટે પણ પડાપડી થશે.

I Suggest you again

**તમે સગાઈ કરો તે પહેલા.**

આ એન્ગેજમેન્ટ ગાઈડ જો વ્યાપક બની જાય

તો આખા સમાજની શકલ બદલાઈ જાય.

અલબત્ત

આપણું પોતાનું ભવિષ્ય સુધારવું

એ તો આપણા હાથમાં જ છે.

એક સરસ સંસ્કૃત ગ્રંથ છે -

શ્રીચન્દ્રકેવલિચરિત્ર.

એમાં wifehood ના 6 factors બતાવ્યા છે -

**( १ ) अभ्युत्थानमुपागते गुरुपतौ** – **વડીલો કે પતિ આવે ત્યારે ઊભા થવું.**

**( २ ) तद्भाषणे नम्रता** – **તેમની સાથે નમ્રતાથી વાત કરવી.**

**( ३ ) तत्पादार्पितदृष्टिः** - **આપણી નજર તેમના પગ ઉપર રાખવી.**

**( ४ ) आसनविधिस्तस्योपचार्यः स्वयम् ।** - **આપણે સ્વયં તેમને બેસવાની વ્યવસ્થા કરવી.**

**( ५ ) सुप्ते तत्र शयीत** - **તેઓ સૂઈ જાય પછી સૂવું.**

**( ६ ) तत्प्रथमतो मुञ्चेच्च शय्यामपि,** – **તેમની પહેલા પથારી છોડી દેવી.**

**प्रोच्चै : पुत्रि ! निवेदिता : कुलवधू-सिद्धान्तधर्मा अमी ॥** **દીકરી ! ખાનદાન નારીના આ સૈદ્ધાન્તિક સ્વધર્મો છે.**

મારી વહાલી,

પત્નીનું ભાવસૌંદર્ય કેવું હોય.

એનું એક અદ્‌ભુત શબ્દચિત્ર રામાયણમાં છે.

**पथि पथिकवधूभि : सादरं पृच्छ्यमाना....**

જંગલમાં કેડી છે.

કેડી પરથી શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણજી

પસાર થઈ રહ્યા છે.

બીજા પણ કેટલાંક મુસાફરો સાથે થઈ ગયા છે.

તેમની પત્નીઓ ધીમેથી સીતાજીની નજીક આવે છે.

અને આદર સાથે પૂછે છે...

**कुवलयदलनील: कोऽयमार्ये ! तवेति ?**

હે પૂજ્યા !

આ જે આગળ જાય છે...

જેમના શરીરની કાંતિ નીલકમળની પાંખડીઓ જેવી છે

એ આપના શું થાય ?

**स्मितविकसितगण्डं व्रीडविभ्रान्तनेत्रं,**

**मुखमवनमयन्ती स्पष्टमाचष्ट सीता ॥**

આ પ્રશ્ન સાંભળતાની સાથે જ

સીતાજીના ગાલ સ્મિતથી વિકસિત થઈ ગયા,

આંખોમાં શરમ ઉભરાઈ આવી

અને માથું નીચે નમી ગયું.

આ રીતે સીતાજીએ સ્પષ્ટ જવાબ આપ્યો.

**My dear,**

**'He is my husband'**

**આ એક છેડો છે**

**ને સીતાજીનો જવાબ એ બીજો છેડો છે.**

**બંને બાજુની 'પતિ'ની વિભાવનામાં**

**આસમાન-જમીનનો ફરક છે.**

**એક બાજુ રમખાણો સુધીની કરુણતા છે**

**અને**

**બીજી બાજુ પ્રસન્ન અને મધુર દાંપત્ય છે.**

બેટા,

નારીએ નારી બનીને

કશું જ ગુમાવવાનું નથી.

બલ્કે જીતી જવાનું છે.

સીતાજીના સમર્પણે એમની શ્રીરામ કરતાં પણ

વધુ પૂજનીય બનાવી દીધાં એ આપણે સહુ જોઈ જ રહ્યા છીએ.

'સીતા-રામ' - આ રીતે

ભગવાનની ય આગળ એમનું નામ આવી ગયું

એમાં Reason આ જ હતું.

Perfect wifehood.

બેટા,

આ Subjectની એક છેલ્લી વાત.

પતિ જ્યારે બહારગામ હોય

ત્યારે પત્નીએ અમુક વસ્તુઓ ન કરવી જોઈએ.

જેમ કે

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહ્યું છે –

**क्रीडां शरीरसंस्कारं, समाजोत्सवदर्शनम् ।**

**हास्यं परगृहे यानं, त्यजेत् प्रोषितभर्तृका ॥ १-४ ॥**

રમત-ગમત, શરીરનું સમારકામ (મેક-અપ વગેરે),

સમાજના ઉત્સવોનું દર્શન,

હાસ્ય, બીજાના ઘરે જવું,

- આટલી વસ્તુઓ
જેના પતિ બહારગામ ગયા હોય
તે નારીએ ન કરવી જોઈએ.

આ વિધાનની પાછળ રહેલી વૈજ્ઞાનિકતા સમજવા જેવી છે.
**પતિ જ્યારે દૂર છે.**
**એ સમયે જો નારી આ મુજબ વર્તે**
**તો એના પોતાના મનની પવિત્રતા પણ જળવાઈ રહે.**
**અને કોઈનું મન એના પર ન બગડે.**
**આ બંને લાભથી**
**એ નારીનું શીલપાલન સરળ થઈ જાય :**
ત્રીજો લાભ એ પણ છે.
કે પતિની ગેરહાજરીમાં પણ
બની-ઠનીને ફરતી સ્ત્રી જોઈને
કોઈને પણ તેના ચારિત્રમાં શંકા પડી શકે,
ઉપરોક્ત સંયમપાલનથી
એવી બદનામીમાંથી પણ એ બચી શકે.
મારી વ્હાલી,
એક ખાનદાન નારીનું સૌંદર્ય, એનો શણગાર
એ બધું જ એના પતિના માટે હોય છે.
Make-up ના Pointમાં આપણે
આ વાત જોઈ જ ગયા છીએ.
માટે જ જ્યારે નળનો વિયોગ થયો.
ત્યારે દમયંતીએ આવી જ પ્રતિજ્ઞા લીધી હતી.
**विकृती रक्तवासांसि, ताम्बूलं च विलेपनम् ।**
**भूषां च न गृहीष्यामि, नलस्य मिलनावधेः ॥**

જ્યાં સુધી નળનું મિલન નહીં થાય
ત્યાં સુધી
હું દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળેલી વસ્તુઓ નહીં ખાઉં,
રંગીન કપડાં નહીં પહેરું.
પાન નહીં ખાઉં,
મેક-અપ નહીં કરું
અને અલંકારો નહીં પહેરું.

હિતશિક્ષા-છત્રીશીમાં આ જ વાત કહી છે.
**નિજ ભરતાર ગયો દેશાવર**
**તવ શણગાર ન ધરીએજી,**
**જમવા નાતિ વચ્ચે નવ જઈએ**
**દુર્જન દેખી ડરીએજી.**
(ડરીએ = એનાથી ખાસ દૂર જ રહીએ.)

દલપત્ત પિંગલના શબ્દો છે.
**શશિ ! શા શણગાર હવે સજવા ?**
**ગુણવંત પતિ પરદેશ ગયા.**

મારી વ્હાલી,
ખાનદાન નારીની આ એવી વિશેષતા છે
જેનાથી એના પતિનો
એના પરનો પ્રેમ અનેકગણો થઈ જાય છે.
**એક નારી માટે**
**એના પતિના પ્રેમના ગુણાકારોનો સીધો અર્થ**
**એના સુખના ગુણાકારો જ છે.**

'તો પછી અમારા સુખનું શું ?'

એવો પ્રશ્ન

જો આધુનિક નારી કરે,

તો એનો જવાબ આમાં જ આવી જાય છે.

My dear,

**માત્ર આગળ વધવાથી**

**ચેસમાં વિજેતા બની શકાતું નથી.**

**કેટલીક વાર**

**પાછળના બે સ્ટેપ**

**આપણને વધારે આગળ લઈ જાય છે.**

**જીવનની પણ કંઈક આવી જ વાત છે.**

આપણા પૂર્વજો પાસે

આ જીવનવિજ્ઞાનની સૂક્ષ્મ માહિતી હતી.

એમણે એને પ્રાયોગિક રીતે લાગુ પણ કરેલું.

અને તેથી જ

તેઓ સુખી હતાં.

ઘણી રીતે સુખી.

I hope,

હવે તું પણ એવી જ થઈશ.

Love you very much.

•

# FREEDOM

Music teacherએ
છગનના છોકરાને Question કર્યો.
"તને કયાં Instrument નો અવાજ
સૌથી વધારે ગમે છે ?"
એણે ધડ્ દઈને Answer આપી દીધો.
"સ્કુલમાં છુટ્ટીનો Bell વાગે તે."

Every one likes freedom my daughter,
But
ઘણીવાર આઝાદી
એ ફક્ત નામની આઝાદી બની જાય છે.
એક શેઠ જ્યારે નોકરને છુટ્ટી આપી દે,
ત્યારે એ નોકર ખુશ નથી થતો,
કારણ કે છુટ્ટીનો અર્થ
એ બરાબર સમજે છે.
**મારી વ્હાલી,**
**સ્વતંત્રતાનો ઉદ્દેશ્ય પણ**
**હકીકતમાં તો**
**સુખના ઉદ્દેશ્યને પૂરો કરવા માટે હોય છે.**
**જે સ્વતંત્રતા**
**માણસને સુખથી દૂર લઈ જાય.**
**એવી સ્વતંત્રતાનું કોઈ જ મૂલ્ય રહેતું નથી.**
બેટા,
આજે જેનો ખૂબ જ menia ચાલ્યો છે
એ નારી-સ્વાતંત્ર્યની બાબતમાં પણ
કંઈક આવું જ બન્યું છે.

સ્વૈર વિહારને કારણે
આપણી પ્રાચીનતમ વ્યવસ્થાના
મોંઘા સંસ્કારોનું હનન થયું છે.
જેમાં આખરે શોષણ સ્ત્રીનું જ થાય છે.
સ્વતંત્રતાના નામે
સ્વચ્છંદતા આચરનાર સ્ત્રી
છેવટે તો દુઃખી દુઃખી જ થાય છે.
આજની નારીને
ઘુમટામાં બંધન લાગ્યું,
એણે ઘુમટો ફગાવી દીધો.
પણ એ ઘુમટો તો એની સુરક્ષા હતી,
એ એના વિકાસમાં અવરોધક ન હતો.
પણ એના પર નજર બગાડનારાઓ માટે અવરોધક હતો.
જેમ જેમ ઘુમટાઓ ઘટતા ગયા.
તેમ તેમ નારી વધુ ને વધુ પરેશાન થતી ગઈ.
એની સતામણીના આંકડા ભયજનક રીતે વધતા ગયા
**અને આજે સ્થિતિ એ આવી છે,**
**કે ઘરની બહાર નીકળેલી સ્ત્રી**
**દરરોજ થોડી થોડી વધુ અસલામત થતી જાય છે.**
રોજ સૂરજ ઉગે એની પહેલા
હજારો નારી કોઈ નરાધમોના હાથે
ચૂંથાઈ ગઈ હોય છે.
This is the cost of the freedom.
**મારી વ્હાલી,**
ઇન્ડિપેન્ડેન્સ ન જ હોવું જોઈએ એવું નથી.

ફક્ત એનો મન ફાવતો અર્થ ન કરવો જોઈએ.

સ્વતંત્રતાનો અર્થ છે.

'સ્વ'ને નિયંત્રિત કરવાની શક્તિ.

બીજાના કાબુની જરૂર ન રહે

અને પોતે પોતાને કાબુમાં રાખે

એ સ્વતંત્રતા.

**આપણી પરંપરાની નારી**

**ખરા અર્થમાં સ્વતંત્ર હતી.**

**કારણ કે એ પોતાની મર્યાદાઓને**

**બરાબર સમજતી હતી.**

અને એ રેખાઓને ઓળંગવાનો

વિચાર સુદ્ધા કરતી ન હતી.

બેટા,

લગામ ઘોડાને હોય છે,

ગધેડાને નહીં.

પ્રકૃતિમાં જે જે શ્રેષ્ઠ પ્રજાતિઓ છે.

તેઓ પોતપોતાની ખાસ મર્યાદાઓને પાળે છે.

હલકી જાતિનું ઢોર

કોઈના ખેતરની વાડ તોડીને અંદર ઘૂસી જાય

અને પાકને નુકશાન કરીને ચરવા લાગે.

જ્યારે ખાનદાન જાતિનું પશુ

પોતાની મર્યાદાને સમજીને અનુશાસનમાં રહે છે.

ગોવાળિયાઓ અને ખેડૂતોના

આ રોજના અનુભવની વાત છે.

હવે

**આપણી ખાનદાનીનું જતન કરવું**

**કે એને ફગાવી દેવી**

**એ આપણે નક્કી કરવાનું છે.**

My dear,

પ્રકૃતિના દરેક તત્ત્વ

ત્યાં સુધી કે ચંદ્ર, સૂર્ય અને તારા પણ

કોઈ ને કોઈ 'નિયમ' મુજબ ચાલે છે.

નિયમ વિનાનું જીવન

એ જીવન નથી.

બેટા,

ક્રિકેટ, ફૂટબોલ, પકડાપકડી વગેરે

કોઈ પણ રમતમાં

ચોક્કસ નિયમો હોય છે.

જેમનું પાલન કર્યા વગર તે તે રમત રમવી

અશક્ય બની જાય છે.

**જો રમતમાં પણ નિયમની જરૂર હોય.**

**તો જીવનની શું વાત કરવી ?**

મારી વ્હાલી,

**આજની દુનિયા જેને Freedom કહે છે.**

**એ સ્ત્રી કે પુરુષ**

**બંને માટે જોખમી છે.**

એમાં પણ

સ્ત્રી માટે વધારે જોખમી છે.

**કારણ કે એનામાં રહેલું સહજ સૌન્દર્ય**

**અને એનામાં રહેલી કોમળતા**

**આ બેના કારણે**

**એ કહેવાતી સ્વતંત્રતા એને પીંખી નાખે**

**એવી પૂરે પૂરી શક્યતા છે.**

આપણી સમાજવ્યવસ્થામાં

નારીને ઉત્કૃષ્ટ સમ્માન આપવામાં આવ્યું છે.

અને એની આ પરિસ્થિતિનો વિચાર કરીને જ

એની સુરક્ષા સહજ થઈ જાય

એવી ગોઠવણ કરવામાં આવી છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે -

**पिता रक्षति कौमारे,** કૌમાર્યમાં પિતા રક્ષા કરે,

**भर्ता रक्षति यौवने ।** પતિ યૌવનમાં રક્ષા કરે,

**रक्षन्ति स्थाविरे पुत्रा,** અને પુત્ર ઘડપણમાં રક્ષા કરે.

**न स्त्री स्वातन्त्र्यमर्हति ॥** સ્ત્રી માટે સ્વતંત્રતા ઉચિત નથી.

**॥ १-३ ॥**

ભારતની આ સજ્જડ સ્ત્રી-સુરક્ષાથી

વંચિત થઈને

આજે અમેરિકા જેવા દેશોની સ્ત્રીઓ

બધી જ રીતે ત્રાહિમામ પોકારી ગઈ છે.

કૌમાર્યમાં એનું છત્ર બની રહેનાર પિતા નથી.

યૌવનમાં એની પડખે ઊભા રહેનાર પતિનો પત્તો નથી

ને એનું ઘડપણ આવે

એ પહેલા તો એનો દીકરો

ક્યારનો ય અલગ થઈ ગયો હોય છે.

સાવ જ અલગ.

બધી રીતે અલગ.

**મારી વ્હાલી,**

**પરંપરાના હાર્દને સમજ્યા વિના**

**લાભ-નુકશાનનો વિચાર કર્યા વિના**

**રેલીઓ કાઢવી, સ્વતંત્રતાના નારા લગાડવા**

**અને મનુસ્મૃતિની નકલો બાળવી**

**એ ખૂબ જ સહેલું છે.**

**અઘરું અને કઠિન તો છે**

**પરંપરાને ફગાવવાના પરિણામોનો સામનો કરવો.**

આજે લાખો નારીઓ

આ કઠિનાઈને ભોગવી રહી છે.

બેટા,

પરંપરાએ એવું કહ્યું જ નથી

કે નારીએ પિતા વગેરેના પગ નીચે કચડાતા રહેવું

કે એમના ગુલામ રહેવું.

જેને થોડું પણ સંસ્કૃત આવડતું હોય

એ સમજી શકશે

કે આ શ્લોક દ્વારા એમ જ કહેવાયું છે કે

જુદી જુદી વય-અવસ્થામાં

સ્ત્રીનું રક્ષણ કરવાની સંપૂર્ણ જવાબદારી

એના પિતા, પતિ અને પુત્રની છે.

કારણ કે

સ્ત્રીપ્રકૃતિ સ્વયં સ્વસુરક્ષા કરી શકે એ શક્ય નથી.

એની સ્વતંત્રતા - એનું એકલા હોવું, છુટ્ટા હોવું, સુરક્ષા વિના હોવું,

નિયમ વિના - મર્યાદા વિના હોવું

એ અત્યંત જોખમી હોવાથી

ઉચિત નથી.

**न स्त्रीः स्वातन्त्र्यमर्हति ।**

**વાસ્તવિકતા સૂરજ જેવી સ્પષ્ટ છે.**

**ટનબંધ ધૂળ ઉડાડી દો**

**તો ય**

**સૂરજ એ સૂરજ જ છે.**

**વાસ્તવિકતા એ વાસ્તવિકતા જ છે.**

Western culture ના અંધ-અનુસરણમાં

આ વાસ્તવિકતાની ઉપેક્ષા કરવી

એ પોતાની જાતે જ

પોતાના પગ ઉપર કુહાડો મારવા જેવું છે.

બેટા,

કૂતરાને મારતા પહેલા

એને હડકાયો જાહેર કરવો પડે છે.

એ રીતે

ભારતીય મૂળભૂત સંસ્કૃતિને ખતમ કરવા માટે

એના એવા દોષોના ઢંઢેરા પીટાયા

જે હકીકતમાં એમાં હતા જ નહીં.

**ભારતીય સંસ્કૃતિએ**

**નારીને જે ખરા અર્થનું ગૌરવ આપ્યું છે,**

**એક સુરક્ષાસભર જીવન જીવવાની**

**જે વ્યવસ્થા આપી છે,**

**એની આખી દુનિયામાં જોડ મળે તેમ નથી.**

મારી વહાલી,

જો આપણી પરંપરા

નારીને થોડી પણ તિરસ્કારદષ્ટિથી

કે હીનદષ્ટિથી જોતી હોત

તો નારી માટે જે જબરદસ્ત ગૌરવપ્રદ વિધાનો
આપણી પરંપરામાં જોવા મળે છે,
તે ન જ મળતા હોત.
પરંપરાના વિરોધક તત્ત્વોને ખબર નહીં હોય.
કે આ જ મનુસ્મૃતિએ
નારી-સમ્માનની કેવી ઉદાત્ત ગરિમા દાખવી છે !

જેમ કે-

| | |
|---|---|
| **यत्र नार्यस्तु पूज्यन्ते** | જ્યાં નારીનું સમ્માન થાય છે |
| **रमन्ते तत्र देवता : ।** | ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. |
| **यत्रैतास्तु न पूज्यन्ते** | જ્યાં નારીનું સમ્માન નથી થતું |
| **सर्वास्तत्राफलाः क्रिया ॥ ३-५६॥** | ત્યાં બધી ક્રિયાઓ નિષ્ફળ થાય છે. |
| | |
| **शोचन्ति जामयो यत्र** | જ્યાં કન્યાઓ શોક કરે છે |
| **विनश्यत्याशु तत्कुलम् ।** | તે કુળ જલ્દીથી વિનાશ પામે છે. |
| **न शोचन्ति तु यत्रैता** | જ્યાં કન્યાઓ શોક નથી કરતી |
| **वर्धते तद्धि सर्वदा ॥ ३-५७ ॥** | તે કુળ હંમેશા વૃદ્ધિ પામે છે. |
| | |
| **जामयो यानि गेहानि** | જે ઘરમાં કન્યાનું સમ્માન નથી થતું. |
| **शपन्त्यप्रतिपूजिताः ।** | તેથી કન્યાઓ જે ઘરને શાપ આપે છે. |
| **तानि कृत्याहतानीव** | તે ઘરને |
| **विनश्यन्ति समन्ततः ॥ ३-५९ ॥** | જાણે રાક્ષસી ભરખી ગઈ હોય, |
| | તેમ તે ઘર બધી રીતે નાશ પામે છે. |
| | |
| **तस्मादेताः सदा पूज्या** | માટે જે મનુષ્યોને સમૃદ્ધિની ઈચ્છા હોય, |
| **भूषणाच्छादनाशनैः ।** | તેમણે સત્કારોમાં અને ઉત્સવોમાં |
| **भूतिकामैर्नरैर्नित्यं,** | આભૂષણ, વસ્ત્ર અને ભોજન આપવા દ્વારા |
| **सत्कारेषूत्सवेषु च ॥ ३-५९ ॥** | હંમેશા નારીનું સમ્માન કરવું જોઈએ. |

મહાભારતના ઉદ્યોગપર્વમાં કહ્યું છે -

| | |
|---|---|
| **पूजनीया महाभागाः** | સ્ત્રીઓ પૂજનીય છે. મહાભાગ્યવાન છે. |
| **पुण्याश्च गृहदीप्तयः ।** | પવિત્ર છે. ઘરનો પ્રકાશ છે. |
| **स्त्रियः श्रियो गृहस्योक्ता-** | સ્વયં ઘરની લક્ષ્મી છે. |
| **स्तस्माद् रक्ष्या विशेषतः ॥ ३-५९ ॥** | માટે તેમનું ખાસ રક્ષણ કરવું જોઈએ. |

સ્કંદપુરાણના બ્રહ્મખંડમાં કહ્યું છે -

| | |
|---|---|
| **भार्या मूलं गृहस्थस्य** | પત્ની એ ગૃહસ્થનું મૂળ છે. |
| **भार्या मूलं सुखस्य च ।** | પત્ની એ સુખનું મૂળ છે. |

મારી વહાલી,

**गृहिणी गृहमुच्यते**

આવું કહીને આપણી પરંપરાએ

પરિવારમાં સર્વોચ્ચ સ્થાન નારીને આપ્યું છે.

રાધાકૃષ્ણ...સીતારામ...ઉમામહેશ...

લક્ષ્મીનારાયણ...અર્ધનારીશ્વર...

આ શબ્દોમાં સાગર કરતાંય વધુ ઊંડું

નારીસમ્માન સમાયેલું છે.

**'નારી તું નારાયણી'**

જેવું વાક્ય હોય

કે

**'જે કર ઝુલાવે પારણું**

**તે જગત પર શાસન કરે.'**

- આવી કાવ્યપંક્તિ હોય,

આપણી પરંપરાએ નારીને

પૂર્ણ આદરની દૃષ્ટિએ જોઈ છે.

**ફક્ત**

**નારીની સુરક્ષાની દૃષ્ટિએ**

**એની શરીરસંરચના અને સ્વભાવની દૃષ્ટિએ**

**પરંપરાએ એના સુખી જીવન માટે જરૂરી**

**જે મર્યાદાઓનો ઉપહાર આપ્યો**

**એને બંધન કે જુલમમાં ખતવી**

**પરંપરાને જ ખતમ કરી દેવાનો પ્રયાસ**

**એ વાસ્તવમાં**

**નારીને જ ખતમ કરી દેવાનો પ્રયાસ છે.**

મારી વ્હાલી,

કમ સે કમ તારી બાબતમાં

આ પ્રયાસને કદી સફળ થવા ન દેતી.

Let real freedom make you happy.

Love you very much.

•

# EQUALITY

સમાનતા.

સમોવડિયાપણું.

સમકક્ષતા.

જ્યારે આ શબ્દોને

સ્ત્રી-પુરુષની તુલનામાં પ્રયોજવામાં આવે,

ત્યારે આ શબ્દો

ખૂબ જટિલ બની જાય છે.

જટિલ એટલા માટે

કે આ શબ્દોની ઉપરછલ્લી આકર્ષકતા

ભલભલા માણસોને ભૂલાવામાં નાખી દે છે.

My dear,

Most of girls of your age

have a same question -

ભાઈ રાતના સાડા અગિયાર વાગ્યા સુધી ઘરે ન આવે,

તો ય એને મમ્મી-પપ્પા કાંઈ કહેતા નથી.

અને મને

ફક્ત સાડા આઠ-નવ થઈ જાય

તો ય કહેવામાં કાંઈ બાકી રાખતા નથી.

આવો પક્ષપાત શા માટે ?

અમારા બંને માટે સમાન નિયમ કેમ નહીં ?

Here is your answer my daughter,

**સમાન નિયમ**

**ત્યારે લાગુ કરી શકાય.**

**જ્યારે બે વ્યક્તિ સમાન હોય.**

ઊંટ અને માછલી

– આ બંને વ્યક્તિ અલગ છે.

સમાન નથી.

તો એ બંને માટેના નિયમ

સમાન ન જ હોઈ શકે.

ઊંટની Lifestyle

જો માછલી પર ઠોકવામાં આવે.

તો માછલીએ તરફડીને મરી જવું પડે.

My daughter,

શરીરમાં પગ પણ છે

અને આંખ પણ છે.

બંનેનું પોતપોતાનું કાર્યક્ષેત્ર છે.

પોતપોતાની ખૂબીઓ છે.

પોતપોતાનું સ્થાન છે.

એ બેમાંથી એકેયનું મહત્ત્વ ઓછું નથી.

અમુક ક્ષેત્રમાં એવું લાગે

કે પુરુષ પ્રધાન છે.

પણ એ શોષણ નથી.

વ્યવસ્થા છે.

જે સ્ત્રીના પોતાના ભલા માટે જ છે.

**પોપટ જો મોરના પીંછા ભેરવે**

**ને મોરને જો મરચાં ખાવાનો શોખ થાય**

**તો એ બંનેએ દુઃખી જ થવું પડે.**

મારી વ્હાલી,

સ્ત્રી-પુરુષની સમાનતાની વાત કરનારા જ

હકીકતમાં સ્ત્રીનું અપમાન કરી રહ્યા છે.

સમાનતાની તેમની પરિભાષા આ જ હોય છે.

કે સ્ત્રી એ પુરુષની સમકક્ષ બને.

આ પરિભાષામાં જ
એવો છૂપો સ્વીકાર છે
કે પુરુષ એ સ્ત્રી કરતા મહાન છે.
Can you understand my dear ?
તો સમાનતા માટે જેમ જેમ
પ્રયાસો કરવામાં આવે
તેમ તેમ
વાત પાછી ત્યાં જ આવીને ઊભી રહે છે.
ખરું તત્ત્વ તો એ જ છે
કે જુદા જુદા ગુણધર્મો ધરાવતી વ્યક્તિઓ વચ્ચે
સમાન કાર્યક્ષેત્ર અને સમાન જીવનશૈલીનો આગ્રહ
એ જ બહુ મોટી ભૂલ છે.
ક્યારેક આવી સમકક્ષ થવાની સ્પર્ધા
અપ્રાકૃતિક ધોરણે હલકાઈની હરિફાઈ બની જાય છે.
**આજે હજારો કોલેજ કન્યાઓ**
**પોતાને છોકરાની સમકક્ષ દેખાડવા માટે**
**ધૂમ્રપાન અને મદ્યપાન સુધીની**
**નીચી ભૂમિકાએ પહોંચી ગઈ છે.**
‘પુરુષવેષ’ પહેરવાનો રોગ
આજે ખૂબ જ વ્યાપક બનતો જાય છે.
તેના મૂળમાં પણ આ જ વાયરસ કામ કરે છે.
**સમકક્ષતાના ભ્રમનું આ પુષ્ટિકરણ છે.**
હકીકતમાં
કોઈ પુરુષ સ્ત્રીનો વેષ પહેરે
એના જેવું આ અજુગતું છે.
બેટા,

કોઈ પુરુષને બંગડી પહેરાવવામાં આવે
તો એ જેમ એનું અપમાન કર્યું ગણાય,
એમ જો સ્ત્રીને પણ
પુરુષ યોગ્ય વસ્તુ કે કાર્ય આપવામાં
તેનું અપમાન કર્યું ગણાય
તો જ ખરા અર્થમાં સમાનતા આવી કહેવાય.
સ્ત્રી હોય કે પુરુષ
દરેકની પોતપોતાની ભૂમિકા છે.
**પુરુષની જેમ બાઈક ચલાવીને**
**ઑફિસે જઈને રૂપિયા રળી લાવે**
**એ સ્ત્રી મહાન**
**આવી અવધારણા Indirectly**
**પુરુષને જ મહાન ચિતરી રહી છે.**
આજે
જ્યારે કોઈ નારીને પ્રશ્ન કરવામાં આવે,
કે "તમે શું કરો છો ?"
ત્યારે એ નારી પ્રશ્નકારના આશયને બરાબર સમજે છે
કે એમનો પ્રશ્ન વ્યવસાયિક દિશાનો છે.
અને જો એ નારી
કોઈ વ્યવસાય નહીં કરતી હોય.
તો એ થોડી નાનમ સાથે જવાબ આપશે -
"કાંઈ નહીં."
તો શું હકીકતમાં એ નારી કાંઈ નથી કરતી ?
પરિવારમાં એનું મહાન યોગદાન નથી ?
સંતાનોનું સાત્ત્વિક ઘડતર કરવું
એ સર્વોચ્ચ રાષ્ટ્રસેવા નથી ?

અને આ પરમ કર્તવ્યને છોડીને
નારી બીજાનો Role ભજવવા જાય,
તો જ એણે કાંઈક કર્યું કહેવાય ?
આંધળે બેરું કુટાય
એ આનું નામ.
બીજાનો Role કરવા જવામાં
પ્રત્યક્ષ કે પરોક્ષ
અસરો કે આડઅસરો
ભોગવવી જ પડતી હોય છે.
એક નારી જ્યારે 50ની Speed પર
Bike ચલાવીને ક્યાંક પહોંચી જાય છે.
ત્યારે
એનું Balance બરાબર રહ્યું,
એણે Turns બરાબર લીધાં,
એણે કોઈને અડફેટમાં ન લીધાં,
એનો Accident ન થયો,
એ પડી ન ગઈ,
આટલું થયું
એનો અર્થ એ નથી
કે એ બરાબર પહોંચી ગઈ.
બરાબર પહોંચી ગઈ
એવું ત્યારે કહી શકાય.
જ્યારે એને કોઈ જ નુકશાન ન થાય.
એ રીતે એ પહોંચી ગઈ હોય.
પણ હકીકત એવી નથી.
રસ્તા પરથી આ રીતે સડસડાટ

Full speed માં નીકળી જવું.

એને પ્રાગલ્ભ્ય કહેવાય.

એ એક પ્રકારનું પુરુષાતન છે.

**નારી આવું પુરુષાતન બતાવે**

**એમાં પુરુષનું કાંઈ ઓછું નથી થઈ જતું.**

**પણ નારીના પોતાનામાં**

**અમુક વિજાતીય ગુણધર્મો ભળે છે.**

**જે એના પોતાના ગુણધર્મોને ખલેલ પહોંચાડે છે.**

પરિણામ ?

શારીરિક અને માનસિક પરિવર્તનો,

દાંપત્યજીવનની સમસ્યાઓ

અને પારિવારિક પ્રશ્નો.

This is just one example my daughter,

આવી તો સેંકડો બાબતો છે.

હજારો સમસ્યાઓ છે.

જેમનું મૂળ 'સમકક્ષતા'ની વિભાવનામાં છે.

મારી વ્હાલી,

આ એક માનસિક હીનતાની અભિવ્યક્તિ છે.

જેને લઈને આજની નારીએ

તદ્દન ખોટી દિશાની દોટ લગાવી છે.

આ અવૈજ્ઞાનિક દોટમાં

એણે મેળવવાનું કશું જ નથી

અને ગુમાવવાનું ઘણું ઘણું છે.

સામાજિક દૃષ્ટિએ પણ

આ અતંદુરસ્ત અભિગમ છે.

આ દુઃખનો માર્ગ છે બેટા,

**સુખી થવું હોય**
**તો એનો એ જ ઉપાય છે**
**કે તમે જે છો,**
**તે પૂર્ણ બનો.**
**તમારામાં કોઈની ભેળસેળ ન કરો.**
**પુરુષ પૂર્ણ પુરુષ બને,**
**સ્ત્રી પૂર્ણ સ્ત્રી બને,**
**એને ખરા અર્થની સમાનતા કહી શકાય,**
**બાકી**
**ભ્રમણા સિવાય બીજું કશું નથી.**
મારી વ્હાલી,
સ્વસ્થ પારિવારિક જીવનમાં
સ્ત્રી અને પુરુષ
એક-બીજાના પ્રતિસ્પર્ધી નથી
પણ એક-બીજાના પૂરક છે.
બંને એક-બીજા વિના અધુરાં છે.
Always remember this truth my daughter,
Love you very much.

•

# PARENTING

છગન Market માંથી મોટું Box લઈ આવ્યો.

દીકરાને બોલાવ્યો

અને Box ખોલીને કહ્યું.

“જો આ હું નવો રોબોટ લાવ્યો છું.

હવે ખ્યાલ રાખજે.

જો તું ખોટું બોલીશ ને,

તો આ રોબોટ તને લાફો મારી દેશે.”

દીકરો બોલી ઊઠ્યો,

“પપ્પા, તમે ખોટું નથી બોલતાં ?”

છગને મક્કમતાથી જવાબ આપ્યો,

“તારી ઉંમરે તો ખોટું ન’તો જ બોલતો.”

રોબોટે ધાડ દઈને છગનને લાફો લગાવી દીધો.

This happens my dear !

**દરેક માતા-પિતાની એક ઇચ્છા હોય છે.**

**કે એમનું સંતાન સર્વશ્રેષ્ઠ બને.**

**સર્વગુણસંપન્ન બને.**

**એનામાં એક પણ અપલક્ષણ ન હોય.**

**એ જીવનમાં ખૂબ આગળ વધે.**

પણ આ ઇચ્છા

સંતાનને કોઈ International schoolમાં

Admit કરાવી દેવાથી જ

પૂરી થઈ જતી નથી.

મારી લાડલી,

સંતાનોમાં સારા સંસ્કારો સિંચવા માટે

જાતે જોડાવું પડે છે
અને ઘણી રીતે જોડાવું પડે છે.
શ્રેષ્ઠ સંતાન પામવા માટે
સ્વયં શ્રેષ્ઠ બનવું જરૂરી છે.
જે માતા-પિતાના પોતાના જીવનમાં
સંસ્કારોની સુવાસ ન હોય,
તેઓ પોતાના વર્તન દ્વારા
સંતાનોને કુટેવોનું જ શિક્ષણ આપતા હોય છે.
પરિણામે સંતાનોનું અને તેમનું પોતાનું ભાવિ
દુઃખમય બની જતું હોય છે.
જે મા
પોતે જ શેમલેસ ડ્રેસ પહેરતી હોય,
શોપિંગ અને બ્યુટીપાર્લરની શોખીન હોય,
ટી.વી.અને મોબાઈલની બંધાણી હોય,
સહનશીલતા, વિનય, વિવેક
વગેરે સદ્ગુણોની બાબતમાં દરિદ્ર હોય,
તેણે
સંતાન પાસેથી કોઈ જ આશા રાખવાનો
કોઈ જ અર્થ નથી.
મારી વ્હાલી,
**પહેલા નંબરની વાત એ છે**
**કે મા-બાપનું પોતાનું જીવન અત્યંત સાત્ત્વિક હોવું જોઈએ.**
**જે કાંઈ પણ અસત્ છે.**
**ખરાબ-ગદું છે.**
**તેનો તેમના જીવનમાં ઓછાયો પણ**
**ન જ હોવો જોઈએ.**

**Number 2**

તેમણે સંતાનોના સંસ્કરણ માટે

પૂરતો સમય આપવો જોઈએ.

આજે માતા-પિતા

પોતાના યૌવનના સમયમાં

સુખ-ભોગમાં અને પૈસા કમાવવામાં વ્યસ્ત હોવાથી

સંતાનોને સમય આપી શકતા નથી.

પરિણામે

જ્યારે ઢળતી ઉંમરે

તેમને સંતાનોની જરૂર અનુભવાય,

ત્યારે સંતાનો તેમના હાથમાંથી

નીકળી ગયા હોય છે.

એમના સંતાનોની પણ આ જ કથા હશે.

ફક્ત થોડી વધુ કરુણ.

**આ એક વિષચક્ર છે બેટા,**

**આપણે ઈચ્છીએ**

**તો એને તોડી શકીએ છીએ.**

આપણે ત્યાં

એક ગીત Famous છે.

**ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહીં,**

**અગણિત છે ઉપકાર એમના એહ વિસરશો નહીં.**

બે દિવસ પહેલાં

એના જેવું એક બીજું ગીત મારા જોવામાં આવ્યું હતું.

**ભૂલો ભલે બીજું બધું સંતાનોને ભૂલશો નહીં,**

**અગણિત છે ફરજો આપણી એ કદી વિસરશો નહીં.**

જે મા-બાપ

સંતાનને સારી વાર્તા કહેવાને બદલે
ચોકલેટ-આઈસ્ક્રીમ આપી દે છે.
તેમને ભવિષ્યમાં
આદરને બદલે ઉપેક્ષા મળે છે.
**રડતા બાળકને**
**પ્રેમ અને હૂંફ આપવાને બદલે**
**ટી.વી. સામે બેસાડી દેવો**
**કે એના હાથમાં મોબાઈલ પકડાવી દેવો**
**એ સાચા મા-બાપનું લક્ષણ નથી.**
**આવું સંતાન**
**છતે મા-બાપે અનાથ જેવું હોય છે.**
ભવિષ્યમાં એ મા-બાપની સેવા કરે
એવી શક્યતા નહીંવત્ છે.
કારણ કે ખરા અર્થમાં
એણે મા-બાપનો અનુભવ જ કર્યો નથી.
**ટી.વી., મોબાઈલ, આયા, નોકર, બેબીસીટર,**
**સ્કુલ ટિચર, ક્લાસ ટિચર, ટ્યુશન ટિચર**
**- આ બધાં કદી પણ**
**માતા-પિતાનું સ્થાન ન લઈ શકે.**
જમાનાના ઝેરથી
સંતાન પૂરે-પૂરું બચી જાય,
એના સંસ્કારોનું જતન થાય
અને
એનું માવજતભર્યું ઘડતર થાય
એવા પ્રયાસો કરવા
એ માતા-પિતાનું પરમ કર્તવ્ય છે.

આ કર્તવ્યનું પાલન જાતે જ થઈ શકે છે.
સાચા મા-બાપ એ છે
જેઓ સંતાનને જીવનનાં ઉચ્ચ ધ્યેયની દિશામાં દોરી જાય.
દીકરો દુન્યવી ડિગ્રી લઈ લે,
અઢળક પૈસામાં આળોટે
કે નાની-મોટી પ્રસિદ્ધિ મેળવી લે,
એનાથી રાજીના રેડ થનારા
માતા-પિતાઓની સમજ અધુરી હોય છે.
ઘણા ડિગ્રીધરો બેકાર રખડે છે,
ઘણા શ્રીમંતો આપઘાત કરે છે
અને ઘણી પ્રસિદ્ધ વિભૂતિઓ
અંગત જીવનમાં ખૂબ દુઃખી હોય છે.
મા-બાપે દેવું કરીને
લોહી-પાણી એક કરીને
જે સંતાનોને ભણાવ્યા હોય,
તે જ સંતાનો
જયારે તેમનું અપમાન કરી બેસે
ત્યારે તેમને પગ તળેથી ધરતી સરકતી લાગે છે.
**આજના મોટા ભાગના ઘરોની**
**એવી સ્થિતિ છે,**
**કે મા-બાપો સંતાનોને ભણાવી ગણાવીને**
**એટલા લાયક (?) બનાવી દે છે.**
**કે પછી તેમને મા-બાપ જ નાલાયક લાગે છે.**
This is my point my dear,
કે **દુનિયા જેને શિક્ષણ સમજે છે,**
**એ પૂરતું નથી જ,**

**એટલા માત્રથી સંતોષ માનવા જેવું નથી જ,**
**ખરું શિક્ષણ તો તારે જાતે આપવાનું છે.**
**એ છે સંસ્કારોનું શિક્ષણ,**
**સંસ્કૃતિનું શિક્ષણ,**
**નૈતિક શિક્ષણ**
**અને જીવનસૂત્રોનું શિક્ષણ.**
મારી વ્હાલી,
તારું પોતાનું જીવન
એના માટે એક ઉચ્ચ શિક્ષણ હશે
અને આ બધાં શિક્ષણો
એ શિક્ષણને સજ્જડ બનાવશે.

કેટલાંક વાલીઓ એવા હોય છે
જેઓ મોહવશ થઈને
સંતાનનો દરેક શબ્દ ઝીલી લેતા હોય છે.
તેઓ સંતાનોને
પરિપક્વતાને બદલે
બેજવાબદારીનું શિક્ષણ આપે છે.
Art of parentingના સંદર્ભમાં
ચાણક્યનીતિમાં એક સચોટ શ્લોક છે -
**लालयेत् पञ्च वर्षाणि, दश वर्षाणि ताडयेत् ।**
**प्राप्ते च षोडशे वर्षे, पुत्रं मित्रमिवाचरेत् ॥**
પાંચ વર્ષ સુધી
પુત્રનું લાલન કરવું - એને લાડ લડાવવા
બીજા દશ વર્ષના ગાળામાં
પુત્રને સાચું શિક્ષણ આપવું,

ને એનું ઘડતર કરતાં કરતાં જરૂર પડે

તો એને માર પણ મારવો.

અને જ્યારે દીકરાને સોળમું વર્ષ બેસે

ત્યારે એની સાથે

એક મિત્ર જેવો વ્યવહાર કરવો.

My dear,

ખરા સમયે જેઓ ગાડી ચૂકી ગયા હોય

તેમને આખી જિંદગી

રડવાનું અને પસ્તાવો કરવાનું જ

બાકી રહે છે

**પાંચ વર્ષથી ઉપરના સંતાનને**

**લાડ લડાવવા**

**અને**

**એને સંસ્કારશિક્ષણ આપવામાં ઉપેક્ષા કરવી**

**એ એક જાતની આત્મહત્યા**

**કરવા બરાબર છે**

**અને કરાવવા બરાબર છે.**

ચાણક્ય કહે છે –

**लालनाद् बहवो दोषा - स्ताडनाद् बहवो गुणाः ।**

**तस्मात् पुत्रं च शिष्यं च, ताडयेन्न तु लालयेत् ॥**

લાડ લડાવવાથી ઘણાં નુકશાનો થાય છે

અને

માર મારવાથી ઘણાં લાભો થાય છે.

માટે પુત્રને અને શિષ્યને

માર મારવો

પણ લાડ ન લડાવવાં.

મારી લાડલી,
એક વાર કેટલાક ટિચર્સ સાથે
મારી મિટિંગ થઈ હતી,
એમણે કહ્યું કે
આપણે ત્યાં એવી કહેવત હતી -
**સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમ ધમ.**
પણ
હવે એવો કાયદો છે
કે અમે કોઈ છોકરાને
ફક્ત એક ટપલી મારીએ,
તો ય અમને જેલની સજા થઈ શકે.
તો પછી અમને ય શું પડી છે ?
છોકરાઓને ભણવું હોય તો ભણે
ને ન ભણવું હોય
તો કાંઈ નહીં.''
Understood my daughter ?
પછી
**માસ્તર મારે ય નહીં**
**ને ભણાવે ય નહીં**
એવો ઘાટ ઘડાય.
બેટા,
કડવી દવા મા પાય,
બાકી બધા ચણાના ઝાડ પર ચડાવે.
જો મા પણ મીઠી થવા જશે
સારી લાગવા જશે
સારું લગાડવા જશે

ને મોહવશ થઈને
જરૂરી સંસ્કારસિંચનની ઉપેક્ષા કરશે,
તો ખરા અર્થમાં
એ સંતાનની દુશ્મન જ બનશે.
**माता शत्रुः पिता वैरी, येन बालो न पाठितः ।**
**न शोभते सभामध्ये, हंसमध्ये बको यथा ॥**
**તે માતા શત્રુ છે**
**અને તે પિતા વેરી છે,**
**જેમણે બાળકને સાચું શિક્ષણ નથી આપ્યું.**
**જેમ હંસના ટોળામાં કાગડો ન શોભે**
**તેમ તે બાળક**
**સભામાં શોભતો નથી.**
**બેટા,**
**આપણે શ્રીમંત હોઈએ**
**તો બાળકને શ્રીમંતાઈનો અણસાર**
**ન આવવો જોઈએ.**
**શ્રીમંત સંતાનો ઘણી વાર**
**ખૂબ જ ઉચ્છૃંખલ, બેખબર,**
**ઔચિત્યના અપાલક,**
**જાતીય વાસનાથી પીડિત,**
**લબાડ અને મવાલી જેવા થઈ જતા હોય છે.**
મહંમદ બેગડાની એક બેગમ હતી - સરાઈ.
એનો દીકરો આબાજાન
વધારે પડતા લાડકોડમાં વંઠી ગયો હતો.
એક વાર એણે એક ખેડૂતની દીકરી પર જુલમ કર્યો.
ખેડૂત રાજદરબારમાં આવ્યો.

ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

બધી વાત કરી.

મહંમદ બેગડાએ આબાજાનને બોલાવ્યો.

સરાઈને પણ બોલાવી.

ભરસભામાં એને ઝેરનો પ્યાલો પી જવાની સજા ફરમાવી.

**સરાઈએ પોતાના હાથે એને ઝેરનો પ્યાલો પીવડાવવો**

**એવો આદેશ કર્યો.**

**કારણ કે ખોટા લાડ કરીને દીકરાને**

**એણે જ બગાડી દીધો હતો.**

બેટા,

દીકરો રૂપિયામાં આળોટે

એવા સપનાં જોનારા મા-બાપોને ખબર નથી,

કે જાપાનમાં નાની ઉંમરે

શ્રીમંત થઈ જનારા સંતાનોને

તેમના મા-બાપ હવે જોવા ય ગમતા નથી.

નાની નાની વાતે તેઓ મા-બાપનું અપમાન કરે છે.

આ સ્થિતિમાં મા-બાપને સખત આઘાત લાગે છે

જેના પરિણામે

આજે જાપાનમાં મોટી સંખ્યામાં

હારાકીરી (આપઘાત) કરવામાં આવે છે.

**મારી વ્હાલી,**

**અતિ લાડ અને અતિ ધાક બંને ખરાબ છે.**

**ધરાઈને સ્નેહ ન મળે તો દીકરી ભાગી જાય છે**

**અને દીકરો દારૂ અને ડ્રગ્સના રવાડે ચડી જાય છે.**

**કુંભાર જ્યારે માટલું બનાવે**

**ત્યારે ઉપરથી ચોટ લગાડે છે**

**ને એ ચોટથી માટલું તૂટી ન જાય**
**એ માટે અંદર હાથ રાખે છે.**
**ઘડતરનું આ સાયન્સ**
**દરેક પેરન્ટ્સને આવડતું હોવું જોઈએ.**

કેટલીક વાર પેરન્ટ્સ
પોતાના બીજા કારણોના ગુસ્સાને
બાળકો પર ઠાલવતા હોય છે.
જેમાં તેમને અસભ્ય શબ્દો સંભળાવવાથી માંડીને
તેમની મારપીટ સુદ્ધા કરવામાં આવે છે.
Because they are soft target.
આપણી સંસ્કૃતિમાં
આને ખૂબ જ અધમ કૃત્ય ગણવામાં આવ્યું છે.
જે જે soft હોય
એમને તો વિશેષ વાત્સલ્ય આપવાનું હોય,
એમની તો વિશેષ સેવા કરવાની હોય,
એની બદલે
એમની Softnessનો misuse કરવો
એ તો ખૂબ જ શરમજનક કામ છે.
હિતશિક્ષા છત્રીશીમાં કહ્યું છે -
**બાર વરસ બાળક સુરપડિમા, એ બે સરિખા કહીજે જી,**
**ભક્તિ કરે સુખ લીલા પામે, ખેદ કરે દુઃખ લહીએ જી.**
બાર વર્ષ સુધીની ઉંમરનું બાળક
અને દેવની પ્રતિમા
એ બંનેને સમાન ગણવા.
જે એની સેવા કરે તેને સુખ સમૃદ્ધિ મળે છે

અને જે એને દુઃખ આપે એ દુઃખી થાય છે.
પુત્રના ઘડતર માટે એને શિક્ષા કરવી એ જુદી વાત છે
અને આ એનાથી જુદી વાત છે.

મારી વ્હાલી,
મેં એવી મમ્માઓ જોઈ છે.
જેમને શોખ છે
સંતાનોને સ્વિમિંગ શીખવવાનો,
સ્કેટીંગ અને આઈસ-સ્કેટીંગ શીખવવાનો,
ડાન્સિગ અને ડ્રાઈવિંગ શીખવવાનો,
પણ Life-car ને કેમ Drive કરવી,
એ શિક્ષણ આપવાની
એમને કોઈ જ પડી હોતી નથી.
બાળકો ભયંકર જિદ્દી હોય,
નાની વાતમાં ખૂબ ગુસ્સે થઈ જનારા હોય,
ખાવા-પીવામાં બેહદ નખરાબાજ હોય,
બધું જ Top-classનું વાપરવા માટે ટેવાયેલા હોય,
કોઈ જાતનું કશું સહન કરવા તૈયાર ન હોય
ને કોઈનું કાંઈ સાંભળી શકે તેમ ન હોય,
આ સ્થિતિ પેદા કરવામાં
માતા-પિતાનો ઘણો મોટો ફાળો હોય છે.
**દીકરાને રેગ્યુલર**
**રેસ્ટોરન્ટમાં કે આઈસ્ક્રીમ પાર્લરમાં લઈ જતી**
**કે ઘરે ય આચડ-કૂચડ બનાવીને**
**Force કરી કરીને ખવડાવતી**
**મમ્માને ખબર નથી**

**કે એ બાળકના**

**શારીરિક અને માનસિક આરોગ્યને**

**ધક્કો પહોંચાડી રહી છે**

આજે ખબર નહીં પડે

પણ જ્યારે દીકરાને

પચ્ચીશ વર્ષે B.P. Problem થશે.

ત્રીશ વર્ષે ડાયાબિટિશ થશે.

પાંત્રીશ વર્ષે Cheast pain થશે.

અને બેતાલીશ વર્ષે

એક જ એટેકમાં ભુક્કો બોલાઈ જશે.

ત્યારે એ બધી રેસિપીઓની

original cost ચૂકવવી પડશે.

આ ચૂકવણી ફક્ત દીકરાએ નહીં,

આખા ઘરે કરવી પડશે.

**બેટા,**

**બાળપણમાં પડેલી ખોટી ટેવો**

**આખા જીવનને**

**ખેદાન મેદાન કરી મુકતી હોય છે.**

માતા-પિતા તરફથી સંતાનોને

સંપત્તિ કે સગવડો ન મળે

તો હજી કદાચ ચાલે,

પણ સદ્ગુણો ન મળે

એ તો હરગીઝ ન ચાલે.

સંકલ્પશક્તિ, નિર્ણયશક્તિ, વિચારશક્તિ,

શાંતતા, સહનશીલતા, ઉદારતા,

વિનય, વિવેક, સંતોષ, સરળતા,

ત્યાગશીલતા, શ્રમશીલતા, સ્વાવલંબિતા,
સંયમ, કરુણા, પવિત્રતા, પ્રામાણિકતા
આ બધાં સદ્‌ગુણો
બાળકના જીવનની ખરી સંપત્તિ બની રહે છે.
**જીવનમાં જેટલી જરૂર**
**ખોરાક, પાણી અને હવાની છે**
**એટલી જ જરૂર સદ્‌ગુણોની છે.**
My dear,
સૌ પ્રથમ તારા પોતાના જીવનમાં
આ સદ્‌ગુણોને
જીવંત બનાવવા માટે પ્રયાસ કર
અને પછી
તારા સંતાનમાં એ સદ્‌ગુણો ઉતરે
એ માટે
તારી બધી જ શક્તિ લગાડી દે જે.
સાચી મા
**સંતાનના ફક્ત શરીરનો જ નહીં**
**મન અને આત્માનો પણ વિચાર કરે છે.**
**એની સગવડોનો જ નહીં.**
**એના સદ્‌ગુણોનો પણ વિચાર કરે છે.**
**એના વર્તમાનનો જ નહીં**
**એના ભવિષ્યનો પણ વિચાર કરે છે.**
મારી વ્હાલી,
આ રીતે જ સંતાનો પણ સુખી થઈ શકે
અને
માતા-પિતા પણ સુખી થઈ શકે.

નહીં તો
બંને પક્ષે દુઃખી થવું નિશ્ચિત છે.
I know my daughter,
આજનું મિડીયા...આજનો એટ્મોસફિયર
બધું જ આ સદ્ગુણોનું વિરોધી છે.
આજના માતા-પિતાઓ માટે
આ પરિસ્થિતિમાં સંતાનોનું સાત્ત્વિક ઘડતર કરવું
એ એક મોટી ચેલેન્જ છે.
આ કામ અઘરું જરૂર છે.
પણ અશક્ય તો નથી જ.
જો માતા-પિતાની પ્રબળ ઇચ્છા હોય તો
આજે પણ તપોવન સંસ્કાર ધામ જેવી
કેટલીક સંસ્થાઓ
આ કાર્યને સરળતાથી કરી રહી છે.
જેમાં પોતાના સંતાનને એડમિટ કરવા માટે
સેંકડો માતા-પિતાઓ પડાપડી કરે છે.
આજે માતા-પિતાઓ પાસે
બે જ વિકલ્પ છે.
યા યોગ્ય ચકાસણી કરીને
સારી સંસ્કારદાયક સંસ્થામાં
સંતાનને એડમિટ કરી દેવો
ને યા
ઘરે જ એવી સંસ્થાનું વાતાવરણ
ઊભું કરી દેવું.
સંતાનને અને પોતાને બચાવવા માટે
આ બે સિવાય
ત્રીજો કોઈ જ વિકલ્પ નથી.

મારી વ્હાલી,

વિશ્વના કેટલાય મહાપુરુષોએ કહ્યું છે -

**‘All that I am,**

**My mother made me.**

**I hope,**

તારું સંતાન પણ

એના વ્યક્તિત્વથી પ્રભાવિત થનારાઓ સમક્ષ

આ જ ખુલાસો કરશે.

એ ક્ષણે તારી આંખોમાંથી

આનંદના અશ્રુઓ વહેતા હશે

ને

મારી છાતી ગજગજ ફૂલતી હશે.

**wish you all the best.**

●

# FEEDING

એક લેખક - દિનકરભાઈ જોષી.
એમણે એક સરસ જાત-અનુભવ લખ્યો છે.
સૌરાષ્ટ્રના એક નાના ગામમાં
એક ઘરે એ મહેમાન તરીકે ગયા હતા.
મોટું સંયુક્ત કુટુંબ હતું.
કુટુંબના વડા સાથે દિનકરભાઈ
વાત કરી રહ્યા હતા.
પરિવારની એક બાળકી ત્યાં આવી
અને પૂછ્યું -
"દાદા, રસોઈ થઈ ગઈ છે.
મમ્મી પૂછે છે કે ભાણું માંડી દઈએ ?"
દાદાએ સમ્મતિ આપી.
પહેલા માત્ર પુરુષોની પંગત બેઠી.
પરિવારની સ્ત્રીઓ પીરસવા લાગી.
દિનકરભાઈએ જોયું
**કે જમતા જમતા જે વસ્તુ ખૂટે**
**એ વસ્તુ માંગવી પડતી ન હતી.**
'હવે બસ'
એમ કહી શકાય,
પણ
કઢી લાવો, શાક લાવો
આવું કાંઈ કહેવાની જરૂર જ નહીં.
દિનકરભાઈએ જીવનમાં એક અપૂર્વ અનુભવ કર્યો.
પુરુષોની પંગત જમી રહી
એટલે પછી સ્ત્રીઓ જમવા બેઠી.
૯૦ વર્ષના એ કુટુંબના વડીલને

દિનકભાઈએ આનું રહસ્ય પૂછ્યું.

એમણે કહ્યું,

"આ પદ્ધતિના ચાર ફાયદા છે.

(૧) પીરસાતી થાળીઓને બદલે પોતાના ભાણામાં ધ્યાન રહે.

(૨) રસોઈ બનાવનારનો આનંદ કુટુંબીજનોને હોંશે હોંશે ખાતા જોવાનો હોય.

(૩) તમે માંગીને મેળવો એના કરતા માંગ્યા વિના જ તમારી જરૂરિયાત સમજી કોઈ પીરસે એ બેમાં ઘણું અંતર છે.

(૪) સંયુક્ત પરિવારમાં જુદી જુદી વહુઓ સાથે જ જમવા બેસે એટલે મનમાં વારો-તારો ન રહે.

મારા પિતાજીએ મને આ વાત સમજાવેલ જેને હું પોતાના અનુભવથી બરાબર સમજી શક્યો છું."

**મારી વ્હાલી,**

**પોતાના હાથે બનાવેલી રસોઈ સ્વજનોને પીરસવાનો**

**ને તેમને જમતા જોઈને અપૂર્વ આત્મસંતોષ અનુભવવાનો**

**જે આનંદ છે**

**તેને નારી જ સમજી શકે છે.**

હિતશિક્ષા છત્રીશીમાં

સ્ત્રીને સંબોધીને કહ્યું છે -

**સહુને જમાડી જમીએજી.**

બેટા,

એવી સ્ત્રી

સરળતાથી સહુનો પ્રેમ જીતે છે.

પોતે વહેલા જમી લેનાર સ્ત્રી

વધુ જમે છે તેવું નથી.

એ સોનું-રૂપું ખાય છે તેવું પણ નથી.
પણ એવી સ્ત્રીની છાપ
ખાઉધરી તરીકેની પડે છે.
એવી સ્ત્રી
બીજાને અરુચિ જન્માવે છે.
**બધાને જમાડીને જમતી સ્ત્રી**
**ભૂખી રહે છે તેવું નથી.**
**ઉલ્ટુ બધાને જમાડ્યાનો આત્મસંતોષ**
**અને પ્રસન્નતા**
**એના ભોજનને અમૃતભોજન બનાવી દે છે.**
સદ્‌ભાવના અને પ્રેમ સાથે
સ્વજનો માટે રસોઈ કરતી નારી,
વાત્સલ્યપૂર્વક
સ્વજનોને રસોઈ પીરસતી નારી
અને બધાને જમાડીને
ઊંડા આત્મસંતોષપૂર્વક સ્વયં ભોજન કરતી નારી
એ આપણી સંસ્કૃતિની અનેરી અસ્મિતા છે.
ફ્રીઝમાંથી રસોઈ કાઢીને
જાતે ગરમ કરીને
કુટુંબના એક એક સભ્ય
પોતપોતાની રીતે ખાઈ લે
આવી સેલ્ફ સર્વિસ...
આવું ભાવનાશૂન્ય ભોજન...
આવો શુષ્ક વ્યવહાર....
આવું c grade નું પોષણ
આ બધી પશ્ચિમી દેશોની વિડંબના છે.

**ત્યાંની નારીને**

**લોટ બાંધવાથી માંડીને પીરસવા સુધીની**

**ઝંઝટ મટી ગઈ છે**

**પણ બીજી બાજુ**

**તેનું આખું જીવન ઝંઝટ બની ગયું છે.**

દશથી બાર કલાક સુધી

ઘર બહાર રહેવું

અને સતત કંટાળાજનક કામ કરવું

કોઈ બોસની વેઠ કરવી

અને ટ્રાન્સપોર્ટેશનની હાડમારીઓ ભોગવવી,

આ બધી ઝંઝટ જ એનું જીવન છે.

એની સામે

**कार्येषु मन्त्री** - ખાસ કામ વખતે મન્ત્રી

**भोज्येषु माता** - જમાડતી વખતે માતા

**शयनेषु रम्भा** - શયનખંડમાં રંભા

આ આપણી સંસ્કૃતિની નારી શું ખોટી ?

આધુનિકતાની લ્હાયમાં

લાખો સ્ત્રીઓ જ્યારે ઘરની ચિંતા સાથે

ઑફિસના કામમાં પરોવાયેલી હોય છે,

ત્યારે આપણી આ ઘરની રાણી

જમણથી પરવારીને

ફુલ પંખા નીચે આરામ ફરમાવતી હોય છે.

મારી વ્હાલી,

વાસી, બહારનું, જેવું-તેવું અને નોકરોના હાથનું ખાઈને

પરિવાર માંદો પડે

એટલે એની દવાઓના ખર્ચા કરવા

અને આ ખર્ચાઓને પહોંચી વળવા
રસોડું રેઢું મુકીને કમાવા જવું,
આવી કરુણતા
તારી કથા ન બની જાય.
એ જોવાની જવાબદારી તારી છે.
**My dear**
**kitchen is not a duty,**
**But a power**
**જેના દ્વારા નારી બધાના મન જીતીને**
**જીવનભર રાજ કરે છે.**
Enjoy it my daughter,
Love you very much.

•

# MIS-UNDERSTANDING

બેટા,

આપણે ત્યાં એક ગેરસમજ

બહુ જ વ્યાપક છે

કે પુરુષ સ્ત્રી પર ખૂબ જ જુલમ કરે છે.

એને શારીરિક અને માનસિક ત્રાસ આપે છે.

પતિના પગ નીચે કચડાતા રહેવું

એ જ પત્નીનું જીવન છે.

આ ગેરસમજથી

સ્ત્રીઓમાં એવી માનસગ્રંથિ બંધાવા લાગે છે.

કે પુરુષો એમના દુશ્મન જ છે.

આ માનસગ્રંથિ નકારાત્મક દષ્ટિને જન્મ આપે છે.

પરિણામે ગૃહક્લેશથી માંડીને

ગૃહભંગ સુધીની વેદનાઓને સહન કરવી પડે છે.

Do you know my dear,

What's the truth here ?

Let's listen to the National Crime bearo.

**2007ના એના Report મુજબ**

**પત્નીની સતામણીથી 57,593 પુરુષોએ**

**આત્મહત્યા કરી હતી.**

**જ્યારે પુરુષના અત્યાચારનો ભોગ બનેલી**

**30,064 પરિણીત સ્ત્રીઓએ**

**આત્મહત્યા કરી હતી.**

નેશનલ ક્રાઈમ રેકર્ડ્સ બ્યુરોએ

1650 શહેરી પુરુષોનું online સર્વેક્ષણ કર્યું.

તેમનામાંથી 98% પુરુષો

પત્ની દ્વારા આચરવામાં આવતી

હિંસાના ભોગ બન્યા હતાં.
દહેજ ધારા અને ઘરેલું હિંસા ધારાનો દુરુપયોગ કરીને
સંખ્યાબંધ સ્ત્રીઓ પુરુષને હેરાન કરે છે.
સેવ ઇન્ડિયા ફેમિલી ફાઉન્ડેશનના કાઉન્સેલર
જણાવે છે કે
તેમની સંસ્થા પર
ઘરેલું હિંસાના ભોગ બનેલા પુરુષોના
વાર્ષિક એક લાખ ફોન આવે છે.

એક સંસ્થા છે - સ્વાન્ચેતન.
દર વર્ષે પત્નીની સતામણીનો ભોગ બનેલા
૩૫૦ પુરુષોનું
તેઓ કાઉન્સેલિંગ કરે છે.
**તેમાં કેટલાક કિસ્સાઓમાં**
**પત્નીઓ તેમના પતિઓને**
**ગંભીર શારીરિક ઈજાઓ પહોંચાડતી હોય**
**એવું જોવા મળ્યું છે.**

સુપ્રીમ કોર્ટના એક ધારાશાસ્ત્રી છે.
આર.પી.ચગ.
એમની એક સંસ્થા છે - ક્રાઇમ અગેઇન્સ્ટ મેન.
આ સંસ્થામાં પત્નીપીડિત ૪૦,૦૦૦ પુરુષ સભ્યો છે.
આ સંસ્થા જણાવે છે કે
**આર્થિક ગરજ વિનાની સ્ત્રી**
**કોઈ વાતે પતિ કે પરિવારજનોની**
**પરવા કરતી નથી.**

પત્નીઓ જે જુલમ કરે છે,
તેનું મોટું કારણ પૈસા છે.
પત્નીની વસ્ત્ર અને આભૂષણની માંગ
પતિ પૂરી ન કરી શકે
એટલે ઝગડો થાય છે.
પત્નીની ઈચ્છા એવી હોય છે
કે પતિ એમના માતા-પિતા કે ભાઈ-બહેનોને
આર્થિક સહાય ન કરે.
આવી અનુચિત ઈચ્છા પણ
ઘણી વાર અત્યાચારમાં પરિણમે છે.
મારી વ્હાલી.
હવે તું જ કહે,
**પુરુષ સ્ત્રી પર અત્યાચાર કરે છે**
**આવી એકાંગી માન્યતા**
**એ ગેરસમજ નહીં તો બીજું શું છે ?**

છગન એકવાર ક્રિકેટરનો ડ્રેસ પહેરીને
કોઈ સ્ટેડિયમ પર પહોંચી ગયો.
ત્યાંના લોકોને ગેરસમજ થઈ.
એમણે છગનને બેટિંગ કરવા આપી.
સામે ફાસ્ટ બોલર હતો.
લાંબો રન-અપ લઈને
એણે ગજબનાક બોલિંગ કરી.
**છગન જેવો બેટ્સમેન હતો**
**એવી એણે બેટિંગ કરી.**
**બોલ સજ્જડ રીતે**

**એના માથામાં વાગી ગયો.**
સિઝન બોલ હતો.
જોરદાર માર વાગ્યો હતો.
બધાં ભેગા થઈ ગયા.
છગન તો
એવો ને એવો સ્વસ્થ ઊભો હતો.
બધાંના આશ્ચર્યનો પાર ન રહ્યો.
એમણે છગનને પૂછ્યું,
"તમે વગર હેલ્મેટે આવો માર
શી રીતે સહન કરી શક્યાં ?"
છગને જવાબ આપ્યો.
**"આનું શ્રેય**
**મારી પત્નીના વેલણને જાય છે."**

બેટા,
વેલણ-કથા ઘણી દર્દનાક છે.
અહીં જે આંકડાઓ કહ્યા,
તે તો ઘણા ઓછાં છે.
**ઘરેલું હિંસાની ફરિયાદ કરવી**
**એ સ્ત્રી માટે જેટલી સરળ છે.**
**એટલી જ પુરુષ માટે કઠિન છે.**
કેટલાંય પુરુષો
જોરૂ કા ગુલામ બનીને
મૂંગે મોઢે સહન કરે છે.
પણ પુરુષત્વનું ગૌરવ ન હણાય
તેથી બહાર કહેતા નથી.

વાત

સ્ત્રીઓ પર દોષારોપણ કરવાની નથી.

પણ

માત્ર ખોટી ગેરસમજોને કારણે

પરંપરાગત મૂલ્યોની અવગણના કરીને

પતિને નકારાત્મક દષ્ટિથી જ જોઈને

પારિવારિક સુખો પર કાયમી પૂર્ણવિરામ ન મુકાઈ જાય,

તેની વાત છે.

ગુનેગાર કોણ ?

પુરુષ કે સ્ત્રી ?

આના જવાબમાં હું તો એક જ વાત કહીશ,

કે દોષો ગુનેગાર છે.

દોષોને કારણે જ બધી ઉપાધિઓ થાય છે.

**જો દરેક માણસ**

**પ્રામાણિકપણે ગુણોને મેળવવાનો**

**પ્રયત્ન કરવા લાગે**

**તો પછી**

**આ ધરતી જ સ્વર્ગ બની જાય.**

Try for it my dear,

wish you all the best.

•

# LAW

છગને એક વાર
મગનને ફોન કર્યો...
“કોર્ટમાં તમારો કેસ ચાલતો હતો.
એનું શું થયું ?
તમને બંને ભાઈઓને તમારા પપ્પાની મિલકત
સરખે ભાગે મળી ગઈ ?”
મગને ઠંડા અવાજે જવાબ આપ્યો.
“હા,
અમારા બંનેના વકીલોને સરખે ભાગે મળી ગઈ.”

This is the law of the law my daughter,
કોર્ટ, પોલિસ, હેલ્પલાઈન
આ બધાનું Result
Almost નિરાશાજનક હોય છે.
ખાસ કરીને
**જ્યારે પોતાના સ્વજનની જ ફરિયાદ કરવાની હોય,**
**ત્યારે તમે જીતો કે હારો**
**બે ય રીતે તમારે સહન જ કરવાનું આવે છે.**
For example
Domestic Violence Prevention Act દ્વારા
પત્ની, માતા, બહેન કે દીકરી વગેરે
ફરિયાદ નોંધાવી શકે છે.
તેમાં પુરુષ દોષિત પુરવાર થાય
તો એને ૧ વર્ષ સુધીની સજા
અને ૨૦, ૦૦૦ રૂ. નો દંડ થાય છે.

આમાં કદાચ સ્ત્રી જીતી જાય,

તો ઘરની કમાનારી વ્યક્તિ

એક વર્ષ સુધી જેલમાં રહે

તેની સજા

આખા ઘરે ભોગવવાની રહે.

ઘરમાં સ્ત્રી-સભ્યોની સુરક્ષા વગેરેના પ્રશ્નો ઊભા થાય

તે જુદા.

વાત આટલેથી પતતી નથી.

**જેલમાંથી પાછા આવ્યા પછી**

**પોતાને જેલમાં મોકલનાર અને દંડ કરાવનાર સ્ત્રી સાથે**

**એ પુરુષનો વ્યવહાર કેવો હશે ?**

**એ સ્ત્રીનું ભવિષ્ય કેવું હશે ?**

Can you imagine my daughter ?

આ તો જીત પછીની વાત છે,

બાકી તો

**કાયદાના આશરે દીકરીને ન્યાય અપાવવા જતા**

**કોઈ પણ બાપને**

**આંખે પાણી આવી જાય છે.**

પહેલા તો

કાયદાના દુરુપયોગના નામે

પોલિસ સ્ટેશનથી જ

કેસ રફે-દફે થતો જોવા મળતો હોય છે.

ક્યારેક ફરિયાદ વધુ મજબૂત હોય,

તો વકીલો આડા અવળા વળાંકે ચડાવી દે છે.

લાંબા સમયે કેસ ચાલે

ત્યારે કેટલું તો ભૂલી જવાયું હોય છે.

સામો વકીલ આડા-અવળા પ્રશ્નો પૂછીને ડખા નાખતો હોય.

બધું તત્ક્ષણ યાદ ન આવે એ સ્વાભાવિક છે.

Examમાં 95% લાવનાર Bright studentને પણ

૫ વર્ષ પછી કેટલું યાદ હોય છે ?

ન્યાયિક નિર્ણયો પુરાવા-સાક્ષી આધારિત હોય છે,

જેમનો આવી બાબતોમાં

મોટા ભાગે અભાવ હોય છે.

**છેવટે**

**અંગ્રેજ પ્રથા મુજબ શંકાનો લાભ આપીને**

**આરોપીને છોડી મુકાય છે.**

**ત્યાં સુધીમાં કોર્ટના ધક્કા ખાઈ ખાઈને**

**ફરિયાદી થાકી ગયો હોય છે.**

મારી વ્હાલી,

સરકારનો આશય સારો હોવા છતાં

કાયદાની ગૂંચો એને સફળ થવા દેતી નથી.

ફેમિલી કોર્ટોમાં નિકાલ થયા વિનાના

કેટલાય કેસો પડતર હોય છે.

**આ રીતે**

**જીત કે હાર**

**બંને બાજુ નારીએ અને આખા પરિવારે**

**સહન જ કરવાનું હોય**

**એમાં Lawનો કોઈ જ અર્થ રહેતો નથી.**

બેટા,

આપણી પરંપરાની સામાજિક વ્યવસ્થા

એ સાચો રસ્તો છે.

તેના અનુસાર સૌથી અસરકારક કામ

હાલમાં કેટલાંક પંચો કરી રહ્યા છે.

જેવો માણસ - જેવો ગુનો

એને લક્ષમાં લઈને પંચ નિર્ણય કરે છે.

આ તો Just આનુષંગિક વાત છે,

બાકી

એક ગુણસંપન્ન નારીને

કોર્ટ કે પંચનું કોઈ જ કામ પડતું નથી.

**My dear,**

**Original wifehood છે, તો કોર્ટની કોઈ જરૂર નથી.**

**અને જો એ નથી. તો કોર્ટનો કોઈ ફાયદો નથી.**

**દુનિયાભરના**

**કાયદા, કોર્ટ, પોલિસ ને હેલ્પલાઈન્સ એક બાજુ છે.**

**ને બીજી બાજુ છે**

**pure and real wife-hood.**

Let it be your protection,

Let it be your pleasure.

&

Let it be your peace.

Have an ever happy life my daughter,

Love you very much.

•

# CRUELTY

મારી વ્હાલી,

આ વાત છે દુનિયાની સૌથી નીચ ક્રૂરતાની,

જેમાં એક માતા

એક કસાઈ કરતાં પણ વધુ ક્રૂર બને છે.

અને પોતાની કૂખમાં રહેલા

નિર્દોષ અને માસૂમ સંતાનની

કરપીણ હત્યા કરાવી દે છે.

**My daughter,**

**આ માત્ર સંતાનની હત્યા નથી,**

**આ માનવતાની હત્યા છે,**

**માતૃત્વની હત્યા છે.**

મારી તને હાર્દિક વિનંતિ છે બેટા,

કદી પણ આ પાપથી

તારા જીવનને અભડાવતી નહીં.

આ વિષયમાં

તારી સાથે વધુ કોઈ વાત નહીં કરી શકું.

પણ કેટલીક વસ્તુઓ એવી છે.

જેની તને જાણ હોવી ખૂબ જ જરૂરી છે.

એ માટે આ સાથે **2 Articles** મુક્યા છે.

શાંતિથી એને વાંચજે.

## ચાલો એબોર્શન કેન્દ્રમાં

ગર્ભપાતની કેટલીક વૈજ્ઞાનિક માન્ય / અન્ય સ્વીકૃત ડૉક્ટરી પદ્ધતિઓ જે આજે ભારતમાં પ્રચલિત છે, તે જોઈએ. મન જરા મક્કમ કરો અને પછી ચાલો એબોર્શન કેન્દ્રમાં.

**ડી. એન્ડ. સી. ઑપરેશન :** દાક્તરી સાધનો વડે સગર્ભા સ્ત્રીના ગર્ભાશયનું મુખ પહોળું કરવામાં આવે છે. પછી એ સાધન વચ્ચેથી એક ચપ્પુ અથવા કાતર જેવું

હથિયાર અંદર નાખીને જીવતા બાળકને તે વડે વીંધી નાખવામાં આવે છે. ગર્ભમાં તરફડતું બાળક લોહીલુહાણ થઈ, અસહ્ય વેદના ભોગવી મૃત્યુને શરણ થાય છે. પછી એક ચમચી જેવા સાધનની મદદથી બાળકના ટુકડેટુકડા બહાર કાઢવામાં આવે છે. ખીમો થઈ ગયેલું મગજ, લોહી દદડતાં આંતરડાં, બહાર નીકળી પડેલી આંખો, દુનિયામાં જેણે પહેલો શ્વાસ નથી લીધો તેવા ફેફસાં, ધબકતું નાનકડું હૃદય, હાથ-પગ બધું જલ્દી જલ્દી બાલદીમાં ડૉક્ટરે ફેંકી દેવું પડે છે. કેમકે બહાર ગર્ભપાત માટેના ઉમેદવાર બહેનોની લાંબી લાઈન હોય છે. એટલે ડૉક્ટરે આ બધું જલ્દી જલ્દી પતાવવું પડે છે, તેથી ઘણી વખત બાળકને અંદર તરફડીને મરી જવા માટે પૂરતો સમય પણ અપાતો નથી. અંધારામાં તીર મારવા જેવું આ ઑપરેશન છે. હથિયાર ગર્ભમાંહેના બાળકના માથામાં, છાતીમાં, પેટમાં કે હૃદયમાં ન વાગતાં હાથ, પગ કે સાથળમાં ઘોંચાય તો બાળક જલ્દી મરતું નથી. ૭૦, ૮૦ કે ૯૦ વર્ષ જીવવા માટે કુદરતે જે છોડ તૈયાર કર્યો હોય છે, તેની જિજિવિષા ખૂબ પ્રબળ હોય છે. તેથી ઉતાવળે ગર્ભમાંથી બહાર કાઢીને બાલદીમાં ફેંકી દીધેલાં ધબકતાં હૃદય જોઈને ડૉક્ટરો, નર્સો અને સ્વીપરો સુદ્ધાં બીજી બાજુ આંખો ફેરવી લે છે.

આ હથિયાર ક્યારેક ઉતાવળમાં અને ક્યારેક અનભ્યસ્ત હાથે ગર્ભાશયને પણ નુકશાન કરી દે છે. તેવા કિસ્સામાં લાંબા સમય સુધી લોહી વહે છે, અંદર ચાંદુ પડે છે, કાયમનું પ્રદર થાય છે. જાતીય આવેગો ઠંડા પડી જાય છે, પરિણામે દામ્પત્યજીવન ખારું બને છે અને ક્યારેક તો એવી સ્ત્રી ફરી કદી માતા બની શકતી નથી.

● **ચૂસણ પદ્ધતિ :** ગર્ભાશયમાં એક પોલી નળીનો છેડો દાખલ કરવામાં આવે. એ નળી સાથે એક પંપ બેસાડેલો હોય છે અને નળીને બીજે છેડે મોટી બૉટલ જોડેલી હોય છે. નળીનો એક છેડો ગર્ભાશયમાં બરાબર ગોઠવ્યા પછી પંપને ઉઘાડ-વાસ કરવાથી ગર્ભમાંહેનું જીવતું બાળક ગર્ભમાંથી પછડાય છે. કસાઈઓ બકરાને એક ઝાટકે હલાલ કરે છે. જ્યારે આ પદ્ધતિમાં ક્યારેક બાળકનાં જુદાં જુદાં અંગો નળીમાં ખેંચાઈ આવે છે. ડોળા ફાટીને બહાર આવી જાય છે, સક્શનને લીધે પેઢું, છાતી, પેટ, મગજનાં પોલાણોમાં આવેલા અવયવો ફાટીને વેરવિખેર થઈને બહાર આવે છે અને જો કોઈ જીવ વધુ ગઠીલો અને બળિયો હોય તો આખેઆખો જીવતો સાંગોપાંગ બહાર આવે ત્યારે છેવટે બંધ બૉટલમાં જોરથી પછડાઈને તેના ભુક્કા બોલી જાય છે. કેટલીક વાર સુધી બાળક એ બૉટલમાં તરફડતું રહે છે અને પછી શ્વાસ રુંધાતાં તે ઠંડું પડી જાય છે. આ પદ્ધતિમાં ક્યારેક આખું ગર્ભાશય બહાર ખેંચાઈ આવે છે. તેવી સ્ત્રીઓને જિંદગીભર અનેક તકલીફો થાય છે. કમ્મરનો દુઃખાવો તો કાયમી જ બની

જાય છે. પછીનું ગર્ભાધાન ઉથલો મારે છે અને રક્તસ્રાવને કારણે સ્ત્રી નંખાઈ જાય છે.

● **હિસ્ટરોટોમી (નાનું સીઝેરિયન) :** પેઢુંને ચીરી, સગર્ભા સ્ત્રીનાં આંતરડા બહાર કાઢી, ગર્ભાશયને ખોલી, જીવતું બાળક બહાર કાઢવામાં આવે છે. પછી તેને બાલદીમાં ફેંકી દેવું પડે છે. હાથ પગ હલાવતું, હવાતિયાં મારતું, રડતું, બાળક બાલદીમાં જ મરી જાય છે. તેમાં પણ કેટલાક જબરા જીવો કલાકો સુધી મરવાની ના પાડે છે અને ઓપરેશન થીએટરમાં બીજો કેસ તુરત જ દાખલ કરવાનો હોય છે, તેથી બાલદીમાં જીવતા બાળકને તીક્ષ્ણ હથિયાર વડે વીંધી નાંખવામાં આવે છે અથવા મોટા ફટકાથી તેનો કચ્ચરઘાણ કાઢી નાખવામાં આવે છે. જો કાતિલ ખૂનીઓ, ડાકુઓ, મારાઓ અને આદતના નર-હત્યારાઓ આવાં બે-ચાર ઑપરેશનો જોઈ લે તો કદાચ તેઓ પોતાનો ધંધો છોડીને સાધુ બની જાય અથવા આવું કામ કરનારાઓનું ખૂન કરી બેસે.

● **ઝેરી ક્ષારવાળી પદ્ધતિ :** એક લાંબો સોયો ગર્ભાશયમાં ભોંકવામાં આવે છે, તેમાં પીચકારી વડે ક્ષારનું દ્રાવણ છોડવામાં આવે છે. ચારે તરફના દ્રાવણથી ઘેરાયેલું બાળક થોડો ક્ષાર ગળી જતાં જોતજોતામાં બાળકને ગર્ભાશયમાં હેડકી ઉપડે છે. ઝેર ખાધું હોય એવા માણસની જેમ તે ગર્ભાશયમાં આમળાવા-ખેંચાવા લાગે છે. ક્ષારની દાહક અસરથી તેની ચામડી કાળી પડી ડાય છે. અંતે ગૂંગળાઈને બાળક ગર્ભમાં મરી જાય છે. પછી તેને બહાર કાઢી લેવામાં આવે છે. ઘણી વાર ઉતાવળમાં કાઢવામાં આવે તો બાળક થોડું જીવતું હોય છે. આ વખતે તેની ચામડી વાદળી હોય છે. બહાર તે થોડી જ વારમાં મૃત્યુ પામે છે. આવા ગર્ભપાતમાં જો બાળક જોડિયું હોય તો એક મરેલું અવતરે ને બીજું જીવતું આવે, પરંતુ તેને પણ ટૂંક સમયમાં જ અન્ય ઘાતકી રીત વડે મરણને શરણ કરવામાં આવે છે.

● **નિકાલની આગવી રીતો :** એક ઑપરેશનમાં ૭ માસનું બાળક જીવતું નીકળ્યું. પોતાને આ દુનિયામાં જીવવાનો અધિકાર છે એમ વ્યક્ત કરવા માટે તે જોરશોરથી રડવા લાગ્યું. ડૉક્ટરે તેને મહેતરને આપી દેવા માટે આયાને સોપ્યું. જીવતા બાળકને દાટી દેવા માટે મહેતરે અસ્વીકાર કર્યો. આયા અને મહેતર વચ્ચે ઝઘડો થયો. અંતે આયાએ બાળકને ભોંયતળિયે પછાડ્યું. થોડીવાર તરફડીને તે મૃત્યુ પામ્યું. તે પછી મહેતરે તેના માસૂમ શબનો સ્વીકાર કર્યો. આયા (મોટીવેટર) ને દસ રૂપિયા મળ્યા, ડૉક્ટરને તથા તેના મદદનીશને પાંચ રૂપિયા મળ્યા, નર્સને એક રૂપિયો મળ્યો અને પોતાના જ બાળકની હત્યારી માતાને પૂરા એકસો રૂપિયા મળ્યા. (૧૯૭૨થી ભારત સરકાર પુરસ્કાર આપે છે.) ગર્ભપાતના કિસ્સામાં કેટલીક

કન્યાઓ અને માતાઓ અજ્ઞાનવશ કે જાણી જોઈને ખોટી માહિતી આપે છે અને તે કહે છે તે કરતાં બાળક વધુ પરિપક્વ નીકળે છે. કેટલાક કેસોમાં બાળક મરવાની ના પાડે છે અને કોઈ દયાળુ આત્મા તેને દત્તક પણ લઈ લે છે.

એક વખત એક પરિપક્વ ગર્ભનું મસ્તક જ ચૂસણ પદ્ધતિમાં અલગ થઈ ગયું અને બાકીનું ધડ શ્વાસ લેવા અર્ધા કલાક સુધી હવાતિયાં મારી રહ્યું.

દિવસને અંતે ઑપરેશન થિએટરના તમામ માનવ એંઠવાડથી ઉભરાતી બાલદીઓમાં મૃત્યુ પામેલાં અને ટળવળતાં મનુ-સંતાનો હોય છે. જેમને દાટી દેવામાં આવે છે અથવા ભઠ્ઠીમાં નાંખીને બાળી નાખવામાં આવે છે. જેથી સામાન્ય નાગરિકોની નજરે આ લીલા કદી ચઢતી નથી.

આ દેશમાં મરઘીનું ઈંડું, માંસાહાર પાપ ગણાય છે. અહીં લોકો કબૂતરને ચણ નાંખે છે, કીડીઓનાં દર પર કીડીઆરું પૂરે છે, માછલીઓને તલના લાડુ ખવરાવે છે અને સર્પ સુદ્ધાંને દૂધ પાય છે. જે બકરીના ગર્ભમાં બચ્ચું હોય તે બકરીની કતલ કરવાની ‘દીન’ મનાઈ ફરમાવે છે. લોકો પોતાના સગર્ભ પશુઓને કસાઈખાને વેચતાં નથી. પ્રયોગશાળાઓના પ્રયોગ માટે વાંદરાઓની વિદેશોમાં નિકાસ થતી હતી તે લોકોના આગ્રહથી આ સરકારે બંધ કરવી પડી છે. હવે કબૂતરોની નિકાસબંધી થવાની છે. અહીં મોરને મારવો ગુનો છે. સિંહ-વાઘ-ચિત્તાના શિકારની મનાઈ ફરમાવવામાં આવી છે. ઘરડી, લૂલી, લંગડી, પાંખડી ગાયો માટે અનેક પાંજરાપોળો આ દેશમાં સુખી દાતાઓ ચલાવે છે. ગોવંશની કતલ બંધ કરાવવા દેશના આચાર્યો, સંતો અને મહંતો ઉપવાસ પર ઉતરે છે, ત્યારે ગાંધીના આ દેશમાં માનવવંશની ક્રૂરતાપૂર્વક કતલ કરવા માટે સરકાર પ્રોત્સાહન આપે છે, જાહેરાતો આપે છે, આંકડા જાહેર કરે છે, તે બદલ ગૌરવ અનુભવે છે અને આ ખૂની કાવતરામાં સામેલ આખી મિશનરીને બિરદાવે છે.

● **પ્રચાર-જાળ :** ‘બોલે તેનાં બોર વેચાય’ એવી જાહેરાતોના આ જમાનામાં સરકાર લોકોને ફસાવવા માટે લોભામણાં સૂત્રો ચીતરે છે — ‘પ્રસૂતિનિવારણ એ સ્ત્રીનો અધિકાર છે.’ આ સૂત્ર વાંચીને કોઈ બિનઅનુભવી મહિલા કુટુંબ કલ્યાણ કેન્દ્રની મુલાકાતે જાય તો તેમને ગર્ભપાતની સલાહ આપવામાં આવે છે, સલાહ આપનાર પોતે અથવા તેની સાંકળમાંહેનો કોઈ બીજો માણસ હોય છે, જે મોટી સંખ્યામાં મહિલાઓને ગર્ભપાત માટે તૈયાર કરવામાં પાવરધા હોય છે. તેઓ સગર્ભા સ્ત્રીઓને અનેક રીતે સમજાવે છે કે તમને બાળકની હમણાં જરૂર નથી. તમારું યૌવન, તમારું સૌંદર્ય, તમારી દેહયષ્ટિ તમારે અકબંધ રાખવી હોય તો ગર્ભપાત કરાવી નાખો. તમારે નોકરી કરવી છે, તમારે પતિને કંપની આપવી છે, તમારે

વિદેશ જવું છે, તમારે મોજમજા કરવી છે, બાળક તેમાં બાધક બનશે. પાંચ-દશ વર્ષ થોભી જાવ. હમણાં ગર્ભપાત કરાવી નાખો. એબોર્શન હવે કાયદાની દૃષ્ટિએ માન્ય છે. તેમાં કંઈ વાંધો આવતો નથી, તકલીફ થતી નથી. ઉપરથી રૂપિયા મળે છે. નોકરી કરતાં હો તો ચાલુ પગારે રજા મળે છે. એ..યને ઘેર સૂઈ, આરામ કરો, સરકારી પૈસે શીરો ખાઈ, તાજામાજા થઈને ફુલફટાક થઈને ફરી શકો છો. એક વાર ભૂલ કરી, તેવી બીજી વાર ન થવા દેજો, પરંતુ આ વખતે તો નિકાલ કરાવી જ નાખો ! તેમ છતાં ધર્મભીરુ ભારતીય સ્ત્રી હજારો વર્ષના સંસ્કારોના બળે ગર્ભપાતનું પાપ કરતાં ખચકાય ત્યારે તેને સમજાવવામાં આવે છે કે – ‘હજુ તો શરૂઆત જ છે. તેમાં હજુ જીવ નથી. એ તો માંસનો લોચો જ હોય છે. તેને કાઢી નાખવામાં કશું પાપ જેવું નથી, ખાસ દર્દ થતું નથી. અઠવાડિયામાં ઊભાં થઈ જશો. કોઈને ખબરે નહીં પડે.

અને ભોળી સ્ત્રીઓ આ પ્રચારજાળમાં ભરમાઈ જાય છે. તેમને ખબર નથી કે ત્રીજે મહિને તો બાળક પેટમાં ફરકવા માંડે છે અને જીવ તો ગર્ભાધાન વખતે જ તેમાં દાખલ થઈ જાય છે. મૈથુન વખતે જ પુરુષવીર્યના શુક્રાણુ અને સ્ત્રીબીજના મિલન વખતથી જ જીવન ધબકતું હોય છે. જીવ જ જીવને જન્મ આપી શકે. મૃત પદાર્થમાંથી કદી જીવન ન સંભવે. વસ્તી ઘટાડવા માટેની આ નીચ અને ખૂની ચાલ છે. જેમાં જીવનનો ઇન્કાર કરવા માટે જુઠ્ઠાણું ફેલાવવામાં આવે છે, એ જુઠ્ઠાણાની જનક સ્વયં સરકાર છે, દરેકને કામ, રોજી-રોટી આપવાને અશક્ત એવી સરકાર જુઠ્ઠા પ્રચાર દ્વારા માનવીનાં કતલખાનાં ચલાવે, એ દેશમાં દુષ્કાળ પડે, ધરતીકંપો થાય, આગ લાગે, મોંઘવારી વધે, મનુષ્યો ચારિત્રભ્રષ્ટ થાય અને છેવટે યાદવાસ્થળીથી એ દેશનું સત્યાનાશ નીકળી જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?

ગર્ભમાં જીવનું અસ્તિત્વ શરૂઆતથી જ હોય છે - જન્મ વિના ડૅવલપમેંટ સંભવિત જ નથી.

● **કાયદો અને કુદરતી ન્યાય :** સરકારી અને ખાનગી દવાખાનાઓનાં લફરાક બારણાંઓ પાછળ આવાં માનવ-કતલખાનાં કાયદાને આધારે આજે ચાલી રહ્યાં છે. ડૉક્ટરો, મદદનીશ, નર્સો, સ્વીપરો, મોટીવેટરો અને સંતતિ નિયમન વિભાગના કર્મચારીઓ પોતાના વળતર માટે, ભૌતિક સમૃદ્ધિની ભૂખ ભાગવા માટે વધુને વધુ મહિલાઓને ગર્ભપાત કરાવવા આ કતલખાનાઓમાં હારબંધ લાવી રહ્યા છે. આરોગ્ય મંત્રી જે આંકડા બોલ્યા છે તે તો દવાખાનાઓના છે. અંધારી ગલીઓમાં સુયાણીઓ અને ઊંટવૈદ્યોના હાથે જે ભ્રૂણહત્યા અને સાથેસાથે સગર્ભા માતાોનાં છાને ખૂણે મોત થતાં હશે તેના આંકડા તો કોઈને કદી મળે તેમ નથી.

કુંવારી માતાઓ લોકલાજે ગર્ભપાત કરાવે છે તેના કરતાં ઘણી મોટી સંખ્યામાં પરિણીત માતાઓ કાયદાને આધારે છડેચોક પોતાનાં બાળકોની હત્યા કરે છે. બાળકો નહોતાં જોઈતાં તો લગ્ન શા માટે કર્યા ? મોજ માણવા જ લગ્ન કર્યા હોય તો સંયમ કેમ ન રાખ્યો ? ભૂલ થઈ જ ગઈ હોય તો ભોગવતાં કેમ નથી ? ગર્ભાશયમાંથી અકાળે કાઢીને દાટી દેવાતાં બાળકો જો માબાપ સામે કોર્ટમાં જઈ શકતાં હોત તો ! તેઓને સરકારી વકીલની સહાય મળતી હોત તો ! આપણાં જ મા-બાપે એ રીતે આપણો નિકાલ કરી નાખ્યો હોત તો !

● **સમસ્યા :** વણજોઈતાં બાળકોનો સમયસર નિકાલ કરવાને રાષ્ટ્રીય સેવા માનનારાઓ એવી દલીલ કરે છે કે અનિચ્છનીય બાળકને જીવવાની ફરજ પાડવા કરતાં મારી નાખવું સારું. આ દલીલને આગળ ચલાવીએ તો અનિચ્છનીય પત્નીઓને જે લોકો બાળી નાંખે છે એ પણ એક દિવસ રાષ્ટ્રસેવક લેખાશે, પછી આંધળાં, લૂલાં, લંગડા, બાડાં, બોબડાં, મંદ-બુદ્ધિવાળાં બાળકો અને બોજારૂપ બનેલા વૃદ્ધોને પણ વધતી જનસંખ્યા રોકવાને બહાને ઝેરનું ઈન્જેકશન દઈને મારી નાખવા માટે કાયદો કરી શકીશું. લોકશાહીમાં બહુમતીને ફાવતું આવે તેને કાયદો બનાવતાં કોઈ રોકી શકે છે ? સત્તાસ્થાને બેસનારાઓને પણ બહુમતીના મત મેળવવા પડે છે ને ? બહુમતી સમાજ બીડી-ભાંગ પીએ તો નિયમાનુસાર કલ્યાણ રાજ્યમાં એ શિષ્ટાચાર ગણાય.

ગર્ભપાત કરીને આપણે કેટલા રામ, કૃષ્ણ, બુદ્ધ અને અન્ય મહાન્ વિભૂતિઓને ધરતી પર આવતાં પહેલાં જ મારી નાખીએ છીએ. આ દયાહીન કાયદો સરેઆમ બાળહત્યા જ છે. દુનિયાના અનેક દેશોમાં ફાંસીની સજા રદ થઈ છે. ખૂનીઓને પણ ફાંસી આપવામાં આવતી નથી. કારણ કે જીવ લેવાનો મનુષ્યને હક્ક જ નથી. ગર્ભપાત એ ફાંસીની સજા કરતાં વધારે ક્રૂર આચરણ છે. ફાંસી જેને આપવામાં આવે છે તેનું તત્કાલ મૃત્યુ થાય છે, જ્યારે ગર્ભપાતમાં બાળકો કલાકો સુધી તરફડીને મરે છે. ફાંસીમાં ઓછી પીડા છે, ગર્ભપાતમાં જીવને ભયંકર યંત્રણા થાય છે. ફાંસી ગંભીર ગુનાની સજા રૂપે આપવામાં આવે છે, જ્યારે ગર્ભપાતમાં બાળકનો કશો ગુનો હોતો નથી. અન્યની સલામતી માટે ગુનેગારને ફાંસી અપાય છે, જ્યારે પોતાના મોજશોખ, શરીરસુખ અને તરંગ ખાતર આ લોકશાહી સમાજ પોતાનાં સંતાનોની ગર્ભમાં હત્યા કરે છે. ફાંસીની સજા ખમનારાઓએ તો થોડાં વર્ષ પૃથ્વી પર વીતાવ્યાં હોય છે, જ્યારે ગર્ભમાંહેના બાળકે તો હજુ ધરતી પર શ્વાસ પણ લીધો હોતો નથી. ગૅસ ચેમ્બરમાં હજારો યહૂદીઓને મારી નાખનાર હિટલરને દુનિયા જઘન્ય અપરાધી ગણતી હોય તો પોતાનાં સંતાનોને મોતને ઘાટ ઉતારનારાં દંપતી નિર્દોષ કેવી રીતે લેખાય ?

૧૯૮૦ના વર્ષે જ આપણે બાળવર્ષ ઉજવ્યું. એ વર્ષમાં જ આપણે કેટલાં બાળકોની હત્યા કરી એ આંકડા આરોગ્યમંત્રી જણાવે તો આપણા બાળપ્રેમ અને જીવદયાનો સાચો આંક જાણવા મળે.

આ દુનિયામાં ત્રણ વ્યક્તિઓએ ગર્ભપાત સામે પોતાનો અવાજ બુલંદ કર્યો છે. સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી અને ખ્રિસ્તી ધર્મના વડા નામદાર પોપ. અન્ય કેટલાકે મારી જેમ પોતાના વિચારો પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો હશે. પરંતુ ભૌતિકવાદી નગારખાનામાં અમારી તૂતી કોણ સાંભળે ? ઈશ્વરીય ન્યાય જેવી કોઈ વસ્તુ હશે તો ત્યાં અમારો વિરોધ જરૂર નોંધાશે.

યાદ રાખો. ગર્ભાધાન વખતે જ વ્યક્તિની ઊંચાઈ, બુદ્ધિનો આંક (I. Q) ચાલવાની ઢબ, આંગળાંના નિશાન, લોહીનું ગ્રુપ અને મોટા ભાગની વિશેષતાઓ નક્કી થઈ જાય છે. ગર્ભમાંહેનું બાળક સંપૂર્ણ વ્યક્તિત્વ ધરાવે છે. પછીની ઉંમરમાં માત્ર તેનો ઉઘાડ જ થાય છે. જો ગર્ભપાત કાયદેસર ગણાય તો દુનિયામાં ચોરી, ખૂન, બળાત્કાર પણ આગળ જતાં કાયદેસર થશે. મારે એની તલવાર એ જંગલનો કાયદો છે. સભ્ય સમાજ તેને સ્વીકારે તો જંગાલિયત જીવનના હર ક્ષેત્રે ઝડપભેર પ્રવેશી જશે. દાકતરોના પિતા હિપોક્રેટિકની સોગંદવિધિમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. — 'હું ડૉક્ટર બન્યો છું જીવન બચાવવા માટે, જીવનનો નાશ કરવા માટે નહિ.' અને આજના ડૉક્ટરો નાશવંત જીવનના સુખચેન માટે પોતાની પ્રતિજ્ઞા તોડીને હજારો જીવોના નાશ કરે છે. સરકારી સમર્થન સાથે કળિયુગના અંતિમ ચરણની આ બલિહારી છે. થઈ શકે માત્ર એટલું જ કે જેમનો આત્મા ન સ્વીકારે તેવા સજ્જન આ દોટાદોડમાં ન જોડાય.

**(જનસત્તા પરિવાર પૂર્તિમાંથી સાભાર)**

## ધ સાઈલેન્ટ સ્ક્રીમ

### ગર્ભ બોલ્યો; ઓ મા ! મરી ગયો !

(સમકાલીન ૧૭ જૂન' ૮૫માંથી એક હૃદયવિદારક લેખ અહીં પ્રસ્તુત કર્યો છે. તમારા મગજને થોડો આરામ આપીને પછી આગળ વધો.)

સન્ડે ઓબ્ઝર્વરના ગઈકાલના અંકમાં ધીરેન ભગતે એબોર્શનને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકતી ધ સાઈલેન્ટ સ્ક્રીમ નામની ડોક્યુમેન્ટરી ફિલ્મની કરેલી નુકતેચીની સમાજની અને શાસકોની આંખો ઉઘાડનારી બની રહેવી જોઈએ. ગર્ભપાત ૭૦ રૂપિયામાં એવી અસંખ્ય જાહેરખબરો આપણે ઉપનગરોની લોકલ ટ્રેનોમાં અગણ્ય વખત જોઈએ

છીએ. શહેરોના શિક્ષિતોએ ફેમિલી પ્લાનીંગને અપનાવી લીધું છે. દેશમાં વસતિવધારો ખાળવો જરૂરી છે એટલે આપણા શાસકોએ કુટુંબનિયોજન અને એબોર્શન પ્રત્યે અતિશય ઉદાર વલણ દાખવ્યું છે. ટી.વી. કે અખબારો દ્વારા આપણાં બાળકો રોજ નિરોધની જાહેરખબરો વાંચે છે. હકીકતમાં વસતિ વધી તેમ પારિવારિક આવક અને રાષ્ટ્રીય આવક વધી જ છે. એ બધાં ભૂલી જાય છે અને આર્ય પ્રજાનો વિનાશ કરવાના આ ષડ્યંત્રમાં બધાં ફસાઈ જાય છે.

સરળ, સલામત અને સોંઘું એબોર્શન કરી અને તમને બે કલાકમાં ઘેર મોકલી આપીશું, એવી જાહેરખબરો સત્તાવાર કલીનિકો કરે છે. બિનસત્તાવાર કલીનિકો પાર વિનાનાં છે. એવો પ્રચાર થાય છે કે એબોર્શન તો બચ્ચાંના ખેલ છે. એક નાનકડા નાજુક સકશન પંપ (નળીમાંથી હવા કાઢી નાખીને તે દ્વારા કોઈ ચીજને ચૂસી કે ખેંચી લેવાનું કાર્ય કરતું સાધન) દ્વારા ભ્રૂણ કે નાના કાચા ગર્ભને ઘડીના છઠ્ઠા ભાગમાં ડૉક્ટર ખેંચી લે છે, જાણે માથામાં જૂ વીણી લીધી. કશી વાઢકાપ નહિ. આવી વાતો, નાના બાળકને પટાવવામાં આવે એ રીતે, વહેતી મૂકાઈ છે, ત્યારે આ વિષયમાં ધીરેન ભગતે ન્યુયોર્કના ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટર બર્નાર્ડ નેથેનસનની દસ્તાવેજી ફિલ્મ ધ સાઈલેન્ટ સ્ક્રીમ (મૂંગી ચીસ કે શાંત કોલાહલ)નું કરેલું વર્ણન સૌને વિચારતા કરી મૂકે એવું છે.

એબોર્શન એ શું હત્યા છે ? એવો બુનિયાદી પ્રશ્ન ભગતે ઉપસ્થિત કર્યો છે. ધીરેન ભગતને ડૉ. નેથેનસને પૅરિસમાં હમણાં કહ્યું કે, સાઈલેન્ટ સ્કીમ નામની આ ફિલ્મ હું ભારતમાં બતાવવા તૈયાર છું. અલ્ટ્રાસાઉન્ડ ટેક્નીક વડે નેથેનસને આ ફિલ્મમાં બાર સપ્તાહનો ગર્ભ એબોર્શન વખતે કેવી રીતે વર્તે છે તેની સ્પષ્ટ, વિઝ્યુઅલ રજુઆત કરી છે. અમેરિકા અને યુરોપમાં આ ફિલ્મ જોનારાઓએ એબોર્શનના કાયદાઓ બદલવાની ઝુંબેશ શરૂ કરી છે.

અત્યાર સુધી તબીબીશાસ્ત્ર ૧૬ સપ્તાહના ભ્રૂણને કાકડા કે તલ કે મસા કે નખ કરતાં ભિન્ન ગણતું ન હતું. તેનામાં સાચ્ચા માણસનો સાચ્ચો જીવ છે એવું ધ સાઈલેન્ટ સ્ક્રીમ ફિલ્મે પૂરવાર કર્યું છે. દર્શકોએ ટી.વી.ઉપર જોયું કે એબોર્શન પૂર્વેનો ૧૬ સપ્તાહનો ભ્રૂણ પૂર્ણપણે માણસ છે. ડૉક્ટરો તબીબી સાધનોની મદદથી બાળકની ફરતા આવરણને પંક્ચર કરે છે, તેઓ ગર્ભના ટુકડા કરી નાખે છે. ખોપરીવાળું મોટું માથું ઘણીવાર સમસ્યા ઉભી કરે છે. તબીબો ભ્રૂણના તરતા માથાને ફોરસેપની મદદથી જોરથી દાબીને તોડી નાંખે છે અને છેવટે એના મગજમાં કૂણાં હાડકાની કટકીઓ કરીને સકશન પંપ દ્વારા તેને શોષીને ચૂસીને બહાર કાઢી લે છે.

જેમનો પગ કુંડાળામાં પડી ગયો હોય એવી લાખો અપરિણીત તરુણીઓ માટે આનો વિકલ્પ નથી હોતો. ડૉક્ટર નેથેનસનની ફિલ્મની પરાકાષ્ઠા તો ત્યારે આવે છે જ્યારે પેલું કાચું બાળક કે પેલો ભ્રૂણ તેની હત્યા કરવા તેની નજીક આવતા તબીબી સાધન પ્રત્યે પોતાના નાજુક પ્રત્યાઘાત (રિએક્શન) વ્યક્ત કરે છે. જગદીશચંદ્ર બોઝે કહ્યું હતું-પાંદડાં તોડશો મા, તેનામાં જીવ છે. જગદીશચંદ્રે ધ સાઈલેન્ટ સ્ક્રીમ જોઈ હોત તો કદાચ તેઓ બેહોશ થઈ જાત.

સક્શન પંપ ભ્રૂણની નજીક જાય છે ત્યારે બાળકના હૃદયના ધબકારા મિનિટે ૧૪૦ હોય છે, જેવો પંપ તેની વધારે નજીક જાય છે ત્યારે કાચા બાળકના હૃદયના ધબકારા વધીને મિનિટે ૨૦૦ થઈ જાય છે. તે બાપડું સમજે છે કે મારી ઉપર જીવલેણ આક્રમણ થઈ રહ્યું છે. તેનો જીવનદીપ ઓલવવા આવતા સાધનથી બચવા તે થોડુંક પાછું હટી જાય છે. તેની આજુબાજુની નાળ અને તેનું આવરણ તબીબી સાધનથી છિદ્રવાળું બને તે પછી તેને ઝપટમાં લેવામાં અને ચૂંથવામાં, તોડવામાં આવે છે.

બાળકના માથાથી તેના ધડને ઝાટકા સાથે છૂટું કરવામાં આવે છે ત્યારે તે વેદનાથી મોઢું ખોલે છે. આ છે સાઈલેન્ટ સ્ક્રીમ (મૂંગી ચીસ). માથું તોડતી વખતે એનેસ્થિશિયા આપનાર વ્યક્તિ તબીબને કહે છે, હવે બાકી રહ્યું છે આ નંબર વન ! પછી ફોરસેપથી દબાવીને કડક માથાને તોડી કે વિસર્જિત કરી નાખવામાં આવે છે.

એક જીવતા, રક્ષણવિહોણા (ડિફેન્સલેસ) ટચૂકડા માનવીની હત્યા કરનારને પીનલ કોડની ૩૦૨મી કલમ નીચે મર્ડર માટે પકડવામાં આવતો નથી ! રોનાલ્ડ રેગનને ધ સાઈલેન્ટ સ્ક્રીમ ગમી અને તેમણે દરેક કોંગ્રેસમેનને (અમેરિકન સંસદ સભ્યને) એ ફિલ્મ જોવાની ભલામણ કરી હતી. રેગન એબોર્શનનો કાયદો બદલવા આતુર હતા.

બ્રિટનમાં કેટલાક તબીબોએ કહ્યું છે કે આ ફિલ્મ અતિશયોક્તિ કરે છે, તેમાં સ્પેશ્યલ ઈફેક્ટસ છે. તેમાં વિકૃતિઓ છે. પણ જ્યારે ફિલ્મનિર્માતા તેમને પૂછે છે કે ભાઈ, આમાં કઈ ટેકનિકલ ક્ષતિ છે ? ત્યારે પેલા વાંધાવચકા કાઢનાર માણસ કાંઈ બોલી શકતો નથી, કારણ કે ધ સાઈલેન્ટ સ્ક્રીમ એક સાચી ફિલ્મ છે.

સત્ય હંમેશા કલ્પના કરતાં, વાર્તા કરતાં વધુ ચોંકાવનારું હોય છે. ભારતમાં સંસદસભ્યો ધ સાઈલેન્ટ સ્ક્રીમ જોઈ લે, તે પછી એબોર્શનને મંજૂરી આપતો કાયદો રદબાતલ કરવો સહેલો થઈ પડશે. એબોર્શન એ હત્યા કહેવાય એવી જોગવાઈ પીનલ કોડમાં સામેલ થઈ જાય, એ દિવસ માનવતાના મહોત્સવ જેવો થઈ જશે.

બેટા,

For more intormation

I suggest you some books.

(૧) ચિત્કાર

(૨) ઘેર ઘેર પ્રોબ્લેમ

(૩) બહના તુમ પવિત્ર રહના

(૪) ગર્ભમાં કમકમાટીભરી હત્યા.

I know my daughter

આવું હિચકારું કામ

તું કદી કરી જ ન શકે.

છતાં

કોઈ અણસમજમાં કે કોઈ ગેરસમજમાં

ભૂલથી પણ

તારાથી આવું ખતરનાક પાપ ન થઈ જાય

એ માટે જ આ વાત કરી છે.

**તારાથી બને**

**તો તારી પરિચિત સ્ત્રીઓમાં-સહેલીઓમાં**

**તું આ જ્ઞાનનો પ્રસાર કરજે**

**અને આ હત્યાકાંડને અટકાવવામાં**

**તારું પણ યોગદાન આપજે.**

**Wish you all the best.**

•

# FOURTH BIRTH

બેટા,

પંખીનું એક નામ છે દ્વિજ.

**द्विः जायते इति द्विजः ।**

**બે વાર જન્મ લે તે દ્વિજ.**

પહેલી વાર ઈંડા રૂપે.

બીજી વાર બચ્ચા રૂપે.

બ્રાહ્મણને પણ દ્વિજ કહેવાય છે.

પહેલો જન્મ માતા આપે.

બીજો જન્મ ગુરુ આપે.

**I'M Talking about a woman.**

**એના ચાર જન્મો હોય છે.**

**પહેલો - જ્યારે એ બાળકી રૂપે જન્મે.**

**બીજો - જ્યારે એ પરણે = પત્ની રૂપે જન્મે.**

**ત્રીજો - જ્યારે એ માતા બને = મા રૂપે જન્મે.**

**ચોથો - જ્યારે એનો પુત્ર પરણે = સાસુ રૂપે જન્મે.**

**અહીં વાત છે 4th birthની.**

My dear,

કદાચ

તું તારા સાસુમાં

કેટલીક વસ્તુ માર્ક કરીશ.

જેમાં સુધારો જરૂરી હોય.

એ એમની વાણી હોઈ શકે.

એ એમનું વર્તન કે વલણ હોઈ શકે.

એ સુધારાઓને

તું જાગૃતિપૂર્વક તારા પોતાનામાં Apply કરજે.

**આપણે આ દુનિયામાં**

**ફક્ત એક જ વ્યક્તિને સુધારી શકીએ છીએ.**

**જે આપણે પોતે છીએ.**

બીજાના વર્તન કે વાણી સાથે

આપણી જાતને set ન કરી લેવી

અને બીજાને સુધારવાની પ્રવૃત્તિ કરવા જવું

એ ખોટી દિશાનો પ્રયાસ છે.

In other words

એ wrong number પરની વાતો છે.

જેનો કોઈ જ અર્થ નથી.

My dear,

સાચી દિશાનો પ્રયાસ એક જ છે

પોતાને પૂર્ણ બનાવવાનો પ્રયાસ.

તારા 4th birthમાં પૂર્ણતા કઈ રીતે આવે

એની આ વાત છે.

એક ઘરમાં પુત્રવધૂની વીંટી ખોવાઈ ગઈ.

ઘણી શોધી, પણ ન મળી.

પુત્રવધૂ ખૂબ જ ટેન્શનમાં આવી ગઈ.

બીજા દિવસે Bed-roomની ચાદર પરથી

એ વીંટી મળી ગઈ

ને એને હા..શ થઈ ગયું.

**ત્રીજા દિવસે**

**એક અકલ્પિત ઘટના બની.**

**કબાટમાં કપડાંઓ વચ્ચેથી**

**બરાબર એવી જ બીજી વીંટી મળી આવી.**

બંને વીંટી એકદમ સરખી.

વહુ ઘરના સભ્યોને એ બતાવે છે

ને કહે છે

'આ કેવો ચમત્કાર થઈ ગયો !'

સાસુ પણ કહે છે -

'ખરેખર ચમત્કાર કહેવાય.'

સાંજે ફોનની ઘંટડી વાગી.

વહુએ ફોન ઉપાડ્યો.

સામેથી અવાજ આવ્યો.

"નીલાબહેન છે ?"

"ના, કેમ ? શું કામ હતું ?"

"કાલે એમણે ૭૦ હજારની વીંટી ખરીદી,

તેના પેમેન્ટમાં

૫૦૦ની એક નોટ વધારે આવી ગઈ છે.

લઈ જાય."

સાસુ દેરાસરથી આવ્યા

ને વહુ એમના ખોળામાં માથું રાખી

ધ્રુસકે ધ્રુસકે રડી પડી...

"મમ્મી, તમે મારા માટે....સિત્તેર હજારની...."

સાસુએ પ્રેમથી કહ્યું,

**"એમાં કંઈ જ નથી બેટા.**

**એ સિત્તેર હજારથી તો**

**આ ઘરમાં સિત્તેર વર્ષ સુધી દિવાળી થવાની છે.**

**કરોડોથી પણ જેની કિંમત ન થાય**
**એવી મારી દીકરી ચિંતામાં હોય**
**એની સામે સિત્તેર હજારની શું કિંમત છે ?''**

My dear,
ફરી એ કવિતા યાદ આવે છે.
**રૂપિયા આના પાઈનો તું છોડ સરવાળો હવે,**
**આ તો પ્રેમનો વેપાર છે હંમેશા ખોટ કરશે.**
આ એક જરૂરી ખોટ છે,
એ ન હોય
તો બીજી હજારો ખોટ માણસને ઘેરી વળે છે.
આજે પણ એવી પુત્રવધૂ છે.
જેના પતિ ધંધાના કામે
છ મહિના સુધી વિદેશમાં રહે છે.
પત્નીને સાથે આવવા માટે આગ્રહ કરે છે.
પણ એનો એક જ જવાબ છે.
**''જ્યાં સુધી બા છે,**
**ત્યાં સુધી એમની સેવા માટે**
**હું અહીં જ રહીશ.''**

મારી વ્હાલી,
વહુની વિશેષતા આમાં ચોક્કસ છે.
પણ એની સાથે સાથે
સાસુની પણ વિશેષતા છે.
**સાસુ જો ખરા હૃદયથી વહુને દીકરી સમજે.**

**તો વહુ પણ**

**એમને ખરા હૃદયથી મમ્મી સમજવાની જ.**

**એક ઘરને સ્વર્ગ બની જવા માટે**

**આથી વધુ**

**બીજી કઈ અપેક્ષા હોઈ શકે ?**

I have full faith on you,

તું આ અપેક્ષાને પૂરી કરીશ જ.

Love you very much.

●

# GOOD-BYE

મારી વ્હાલી,

દિશાઓને  કંઠે ડુમો બાઝે

ને હવાની આંખમાં ઝળઝળિયા આવી જાય

એવો અવસર છે

દીકરીની વિદાય.

દીકરીની વિદાયે

પિતાનું પુરુષત્વ માતૃત્વને પ્રાપ્ત કરે છે.

**દીકરાને પરણાવતા**

**બાપ વધુ જુવાન બને છે.**

**પણ દીકરીને પરણાવતા**

**એ અચાનક જ ઘરડો થઈ જાય છે.**

**પ્રત્યેક પિતાની આ પરીક્ષા હોય છે.**

આ અવસરે

પિતાની છાતીએ ઝીલેલા દીકરીના આંસુમાં

ઝાકળબિન્દુ જેવી અખિલાઈ હોય છે

અને

દીકરીના પાલવ પર પડેલ

પિતાનું એક આંસુ

ઝુરતા વાત્સલ્યનો અભિષેક હોય છે.

પ્રભુને કદી પ્રાર્થના નહીં કરનાર એક પિતાએ

રોજ પ્રાર્થના કરવાની શરૂ કરી હતી...

**"પ્રભુ, આ દુનિયાના સર્વે પુરુષોને**

**તું સારા બનાવજે**

**કારણ કે એમાંથી કોઈક**

**મારી દીકરીનો પતિ થવાનો છે,**

આ દુનિયાની સર્વ સ્ત્રીઓને

તું સારી બનાવજે

કારણ કે એમાંથી કોઈક

મારી દીકરીના સાસુ અને નણંદ થવાના છે.

**પ્રભુ,**

**જરૂર પડે**

**તો તું આખી દુનિયાનું પુનર્નિર્માણ કરજે.**

**પણ**

**મારી દીકરીને દુઃખ ન પડે**

**એનું ધ્યાન રાખજે.''**

મારી વ્હાલી,

આ એવો અવસર હોય છે.

જ્યારે પિતાનું રોમ રોમ બોલતું હોય છે.

**બેટા, તારી પાનીથી ઝરજો કુમકુમ રંગ**

**તારા બન્ને હોઠ પર રહેજો હાસ્ય અભંગ**

**બેટા, તું અમ બાગનો મઘમઘતો છે છોડ**

**જગજનની પૂરી રહો તારા સઘળા કોડ**

**(હસમુખભાઈ મઢીવાળા)**

બસ બેટા,

ભાવુકતાની આ ભરતીને

બહુ લંબાવવી નથી.

હું તો તને એટલું જ કહેવા માંગતો હતો.

કે એક પિતા માટે 'પુત્રી' શું હોય છે ?

ને એ પિતા

પોતાના કાળજાના આ ટુકડાને
જ્યારે વિદાય આપે
ત્યારે કેવી કેવી ઉપયોગી શીખ આપતા હોય છે.
આપણા લાખો વર્ષના ઈતિહાસમાં
દીકરી - વિદાયની જેટલી ઘટનાઓ બની
એમાંથી કેટલીક ઘટનાઓના
કેટલાંક ખાસ ઉદ્‌ગારો
અહીં તારા માટે પ્રસ્તુત છે.
યાદ રાખજે બેટા,
એક પ્રેમાળ હૈયું છેલ્લે છેલ્લે
પોતાના પ્રેમપાત્રને
પોતાના ઊંડા જ્ઞાન અને લાંબા અનુભવનો
નિચોડ આપતું હોય
એ તારા માટે પણ ખૂબ ખૂબ ઉપયોગી છે.

**નૃપ રાણી બેટીને ભાખે હિત-શિખામણ સારજી**
**સસરા સાસુનો વિનય કરજો, દેવ સમો ભરથારજી**
**દેવ-ગુરુની ભક્તિ કરજો, પાળજો વ્રત-નિયમજી**
રાજા અને રાણી દીકરીને સાર (cream) હિત-શિખામણ આપે છે
કે સસરા અને સાસુનો વિનય કરજો.
પતિને દેવ સમાન ગણજો.
ભગવાન અને ગુરુની ભક્તિ કરજો.
અને વ્રત-નિયમનું પાલન કરજો

**– શ્રીચંદ્રકેવલિ રાસ**

x x x x x x x

**પતિ આણાએ રહેજો રે, લજ્જા નિર્વહેજો રે**
**સાસુ-સસરાની સેવા કરજો પરે રે**
**રાએ માની તે રાણી રે બહેન સરખી જાણી રે**
**નણંદી દેરાણીનાં મન સાચવો રે**
**ગુરુ વિનય કરજો રે, સમતામાં રહેજો રે**
**દાનગુણે દીપાવજો, અમ કુલ વંશને**
**એમ કહી નિજ બેટી રે, હઈડાભર ભેટી રે,**
**થઈ છેટી વલ્યાં નિજઘર આંસુ ભર્યા રે.**

**બેટા,**

**તમે પતિની આજ્ઞાને અનુસાર રહેજો.**

**લજ્જા ગુણને બરાબર સાચવી રાખજો.**

સાસુ-સસરાની સેવા સારી રીતે કરજો.

રાજાને જે ગમી તે રાણી.

તમે એની ઈર્ષ્યા ન કરતાં, પણ એને તમારી બહેન સમાન માનજો.

(આ વાત બહુપત્નીત્વના કાળની છે.)

**નણંદ અને દેરાણીના મનનો ખ્યાલ રાખજો.**

વડીલોનો વિનય કરજો.

સમતામાં રહેજો.

દાનગુણથી-ઉદારતાથી આપણા કુળ-વંશને દીપાવજો.

આમ કહીને રાજા-રાણીએ પોતાની દીકરીને છાતી સરસી ચાંપી.

દીકરીએ વિદાય લીધી

અને તેઓ આંસુ ભરેલી આંખે રાજમહેલમાં પાછા ફર્યા.

**– ધમ્મિલકુમાર રાસ**

—— x —— x —— x —— x —— x —— x —— x ——

- **शुश्रूषस्व गुरून् कुरु प्रियसखी - वृत्तिं सपत्नीजने,**
  **भर्तुर्विप्रकृताऽपि रोषणतया, मा स्म प्रतीपं गमः ।**
  **भूयिष्ठं भव दक्षिणा परिजने, भोगेष्वनुत्सेकिनी,**
  **यान्त्येवं गृहिणीपदं युवतयो, वामा कुलस्याधय : ॥**

શકુંતલાને વિદાય આપતા

કણ્વ ઋષિ કહે છે -

વડીલોની સેવા કરજો

શોક્યની પ્રિય સખી બનીને રહેજો.

પતિથી ક્યારેક નારાજ થાય

તો પણ ગુસ્સાથી એમનું કાંઈ પ્રતિકૂળ ન કરતી.

એમનો વિરોધ ન કરતી.

પરિવાર પ્રત્યે ખૂબ સ્નેહાળ બનજે

સુખભોગમાં પાગલ ન બનતી.

**બેટા,**

**આ રીતે જ યુવતીઓ ગૃહિણી બને છે.**

**આનાથી વિપરીત હોય**

**એ તો ઘરની આધિઓ (Diseases) જ બને છે.**

**— અભિજ્ઞાન શાકુંતલ (મહાકવિ કાલિદાસ)**

_____ x _____ x _____ x _____ x _____ x _____ x _____ x _____

**तत्प्रसादेऽप्यनुत्सेकः तदन्यैरप्रजल्पनम् ।**

**परवेश्मन्ययानं चा - लङ्कृतिर्योषितामियम् ॥**

શ્રીષેણ રાજા

પોતાની દીકરી કનકવતી રાજકુમારીને

વિદાય આપતા કહે છે -

બેટા,

પતિ તારા પર ખુશ હોય.

તો પણ તું અભિમાન ન કરતી.

**પતિ સિવાયના પુરુષો સાથે વાતો ન કરતી.**

અને

બીજાના ઘરે નહીં જતી.

બેટા,

આ ત્રણ ગુણો અલંકારો છે

જે નારીને ખરા અર્થમાં શણગારે છે.

**– ધમ્મિલચરિત્ર**

———— x ———— x ———— x ———— x ———— x ———— x ————

**कुलद्वयोचितं कर्म विधेयं दुहितः सदा ॥**

**मधुरं वचनं लोके, सर्वप्रीतिकरं स्मृतम् ।**

**तस्मात् कटूक्तिर्न क्वापि, गदितव्या कदाचन ॥**

**पितृवच्छ्वशुरो मान्यः, श्वश्रूर्मातृवदन्वहम् ।**

**माननीया ननान्द्राद्याः, सत्कार्याः स्वजनास्तथा ॥**

મારી દીકરી,

તું હંમેશા એવું જ કામ કરજે

જે તારા પિયરકુળ અને સાસરાકુળને ઉચિત હોય.

દુનિયામાં બધાં લોકોને

મધુરવચન આનંદ આપે છે.

માટે તું કદી ય ક્યાંય

કડવું વચન ન બોલતી.

બેટા,

**સસરાને હંમેશા પિતાની જેમ**

**અને સાસુને હંમેશા માતાની જેમ માનજે.**

**નણંદ વગેરેનું સમ્માન કરજે**

**અને સ્વજનોનો સત્કાર કરજે.**

**– શ્રીચન્દ્રકેવલિચરિત્ર**

———— x ———— x ———— x ———— x ———— x ———— x ———— x ————

**जंपेज्ज पियं विणयं करेज्ज वज्जेज्ज पुत्ति ! परनिंदं ।**

**वसणे वि मा विमुंचसु देहच्छाय व्व नियनाहं ॥**

મારી દીકરી,

તું પ્રિય વચન બોલજે,

વિનય કરજે,

બીજાની નિંદા કદી ન કરતી.

**ગમે તેવી આપત્તિના સમયમાં પણ**

**તારા પતિનો ત્યાગ ન કરતી.**

હંમેશા એમનો પડછાયો બનીને

એમની સાથે જ રહેજે.

**– સિરિચંદરાયચરિયં**

———— x ———— x ———— x ———— x ———— x ———— x ———— x ————

**पगइचउराए वच्छे ! जइ वि न ते सिक्खणिज्जमिह किंचि ।**

**तह वि हु अवच्चनेहो, बला वि मुहरीकरेइ ममं ॥**

**वच्छे ! सरीरकिच्चे पइणो पाणीयभोयणप्पमुहे ।**

**अवमन्नियपहुभावा सयमेव सया जइज्जासु ॥**

**मा कइया वि हु मज्जसु, पियएण वियारिया वच्छे ! ।**

**पइपणएण सुन्ना, महिलाओ धुवं विणस्संति ॥**

**लोयठिइमेत्तं चिय विभूसणं कणयरयणमईएहिं ।**

**सीलालंकारो च्चिय पसाहणं कुलपसूयाणं ॥**

અનંગસિંહ રાજા પોતાની દીકરી
રત્નવતી રાજકુમારીને વિદાય આપતા કહે છે -
મારી દીકરી,
તું પોતે જ
નૈસર્ગિક રીતે કુશળ છે.
માટે
જો કે મારે તને કંઈ શીખવવાનું ન હોય.
છતાં પણ સંતાન તરીકે તારા પરનો મારો સ્નેહ
મને પરાણે બોલાવડાવે છે.
બેટા,
**પતિની જે કાંઈ પણ સેવા હોય...**
**એમને પાણી આપવું, જમાડવું વગેરે.**
**આ બધામાં તું પોતે જ જોડાજે.**
આ બધું કરવામાં
તારા રાણીપણાનો વિચાર બિલકુલ ન કરતી.
પતિ તને સમ્માન આપે
એનાથી કદી તું અક્કડ ન થતી.
કારણ કે
એનાથી પતિનો પ્રેમ ઓછો થઈ જાય છે
અને એથી
સ્ત્રીઓ નક્કી નાશ પામે છે.
બેટા,
સોનાના કે રત્નના આભૂષણો
એ તો કહેવા પૂરતા જ આભૂષણો છે.
બાકી

**ખાનદાન નારીઓનું ખરું આભૂષણ તો**

**શીલ જ છે.**

એનાથી જ તેઓ શોભે છે.

**– નેમિચરિત્ર**

---

બેટા,

જાપાનમાં જ્યારે દીકરીના લગ્ન થાય,

ત્યારે એ દિવસે

પિતા પોતાની દીકરીને ૧૧ શીખ આપે છે -

૧. "આજે લગ્ન પછી તું મારી પુત્રી નહિ રહે. આજ સુધી તું જે પ્રકારે મારી અને તારી માતાની આજ્ઞા પાળતી રહી છે, તે જ પ્રમાણે હવે તું તારા સસરા અને સાસુની આજ્ઞાનું પાલન કરજે.

૨. લગ્ન પછી માત્ર એક પતિ તારો સ્વામી થશે. તેની સાથે હંમેશાં નમ્રતા અને મોટું મન રાખજે. પોતાના પતિની આજ્ઞાનું અક્ષરશ : પાલન કરવું એ સ્ત્રીઓનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

૩. તારા સાસરિયામાં હંમેશાં વિનય અને સહનશીલતા રાખજે અને કાર્યકુશળ બનજે.

૪. તેમની સાથે અણબનાવ ન કરીશ, નહિ તો પતિનો પ્રેમ ખોઈશ.

૫. કદી ક્રોધ ન કરીશ. પતિ કંઈ અયોગ્ય કરે ત્યારૈ મૌન રાખજે અને પછી પતિ શાંત થાય ત્યારે નમ્રતાથી તેમને ખરી હકકીત સમજાવજે.

૬. બહુ વાતો ન કરીશ, જુઠું ન બોલીશ અને પડોશીની નિંદા ન કરીશ.

૭. હાથ જોનાર જોષી વગેરેને તારા ભાગ્યની હકીકત ન પૂછીશ.

૮. તારું ગૃહકાર્ય કરકસરથી ચલાવજે અને સાવધાનીપૂર્વક બધી વ્યવસ્થા કરજે.

૯. તારા પિતાની ઉચ્ચ પદવી અથવા ગૃહસ્થાઈનો ફાંકો ન રાખીશ. પતિ સમક્ષ તારા પિતાની ધનાઢ્યતાના (શ્રીમંતાઈના) વખાણ ન કરીશ.

૧૦. તું યુવાન હોઈને પણ યુવતીઓની ટોળીમાં નહિ બેસતાં વૃદ્ધો પાસે જ બેસવાની ટેવ રાખજે.

૧૧. હંમેશાં સ્વચ્છતા અને લજ્જા જળવાય એવાં કપડાં પહેરજે. બહુ ભપકાદાર રંગના અને ફેશનવાળાં કપડાં ન પહેરીશ.

મારી વ્હાલી,
**એક દીકરા માટે**
**મરતાં બાપનું વચન જેટલું મૂલ્યવાન છે**
**એટલું જ મૂલ્યવાન**
**એક દીકરી માટે**
**પિતાએ વિદાય વખતે કહેલું વચન છે.**
ઘટના ભલે જુદી છે.
પાત્રો ભલે અલગ છે.
પણ જો તું સમજી શકે
તો આ આપણી જ વાત છે.
ટકટક કદાચ દુનિયામાં હશે.
માતા-પિતાના તો ટાંકણા હોય છે.
કચકચ કદાચ બીજે હશે.
માતા-પિતાની તો કોતરણી હોય છે.
હિટલર કોઈ બીજો હશે.
માતા-પિતા તો હંમેશા **હિતકર** જ હોય છે.
**अमृतादप्यधिका शिक्षा मातुर्पितुर्गुरुजनस्य ।**
માતા, પિતા અને ગુરુ
આ ત્રણની શીખ
અમૃત કરતા પણ ચડિયાતી હોય છે.
મારી વ્હાલી,
તને Good-bye કહેતા
મારો જીવ ચાલતો નથી.

એક પિતા માટે આ Bye કદી Good હોતી નથી.

But,

જો તારી Life good હશે,

જો તું સુખી હોઈશ,

તો તારું સુખ

મારો જીવનભરનો સંતોષ બની જશે.

મને ખાતરી છે બેટા,

તારા જીવનમાં જો આ જ્ઞાન જીવંત બનશે

તો તું 100% સુખી થઈશ થઈશ ને થઈશ જ.

પરિસ્થિતિ

કદાચ ગમે તેવી હશે.

પણ તું સુખી જ હોઈશ.

That's what I want.

My dear,

**એક પિતાને એની દીકરી પાસેથી**

**બીજી કઈ અપેક્ષા હોઈ શકે ?**

**સિવાય એનું સુખ.**

દીકરી સુખી

તો પિતા પરમ સુખી.

**Please follow this real knoledge my daughter,**

**Be happy in your life.**

**with a warm love**

**your pasents**

— — — — — — —
— — — — — — —

# Usefull books for your daughter

- ❋ હૈયાની વાત
- ❋ હૃદયની વ્યથા
- ❋ ઝેર જ્યારે નીતરી જાય છે
- ❋ લખી રાખો આરસની તકતી પર
- ❋ કુટમ્બે સ્નેહભાવ
- ❋ ઓ જીજામૈયા જલ્દી શિવાજીના દર્શન દો
- ❋ સીતાજીના પગલે પગલે
- ❋ રામાયણમ્ the path of the pleasure
- ❋ સફળ થવું છે ?
- ❋ જો જે અમૃતકુંભ ઢોળાય ના
- ❋ અમેરિકા જતા પહેલા
- ❋ રાતે ખાતા પહેલા
- ❋ તમે સગાઈ કરો તે પહેલા
- ❋ ચિત્કાર
- ❋ બેનડી તું સંસ્કૃતિના રસ્તે પાછી ફર
- ❋ ઘેર ઘેર પ્રોબ્લેમ

# Thanks to

| | |
|---|---|
| કન્યા પધરાવો સાવધાન | શિવદાન ગઢવી |
| વ્હાલી આસ્થા | કાજલ ઓઝા |
| વ્હાલી દીકરીને | જયવતી કાજી |
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી |
| દીકરી વ્હાલનો દરિયો | વિનોદ પંડ્યા, કાંતિ પટેલ |
| દીકરી એટલે તુલસી ક્યારો | દિનકર જોષી |
| દીકરી | હિતેન આનંદપરા |
| કરિયાવર | દિલિપ ભટ્ટ |
| દીકરી એટલે દીકરી | કાન્તિ પટેલ |
| સ્ત્રીઓ માટે કર્તવ્યબોધ | જયદયાલ ગૌયન્દકા |

## ● લર્ન એન્ડ અર્ન ●

આજે જે ઘર-ઘરની અસહ્ય જરૂરીયાત છે. એ શિક્ષણ ટ્યુશન/કલાસ દ્વારા આપવા માટે ઘેર બેઠા ફ્રીમાં  શીખો અને મહિનાના લાખ રૂપિયા સુધી કમાઓ. શીખવા માટે ફ્રી ઈ-બુક - લવ યુ ડોટર મેળવવા માટે  **Email : ahoshrut.bs@gmail.com**

શીખ્યા બાદ કરવાની જાહેરાત...


આ છે તમારી દીકરીનું
જીવનભરનું સુખ
અને તમારી જીવનભરની
હાશ

**Contact :**

**Date :**

**Time :**

**Place :**




સ્કૂલ, કોલેજ, ટ્યુશન ક્લાસ કે મીડિયા જે કદી નહીં આપી શકે પણ તમારી દીકરી માટે જે ખૂબ ખૂબ જરૂરી છે એવો લાઈફ કોર્સ.

જેઓ દેશ / સમાજ / ધર્મ માટે કાંઈક સારું કરવા માંગે છે. તેવા બહેનોએ/નારી ઉત્કર્ષની સંસ્થાઓએ/મહિલા મંડળોએ સો કામ મૂકીને સૌ પ્રથમ આ કામ કરવા જેવું છે. નારી બચશે, તો દેશ, સમાજ અને ધર્મ બધું જ બચી જશે.

જો આપ ઈચ્છતા હો કે તમારી લાડલી સાસરામાં સ્થિર અને સુખી થાય, એનું જીવન સ્વર્ગ બને, અને એના માતા-પિતા તરીકે છાતી ગજ ગજ ફૂલે તો તમારા માટે આ સ્વર્ણિમઅવસર છે. અને છેલ્લો અવસર છે. ચૂકશો તો પેટ ભરીને પસ્તાશો.....

# PRIYAM'S - *the joy of the reading*

**Books for the General Public**

| | | |
|---|---|---|
| ૧. | **દિવાળી ઉજવો તે પહેલા** (ગુજ.-હિંદી) | - ઉત્સવની કમ્પ્લીટ ગાઈડ લાઈન |
| ૨. | **રાતે ખાતા પહેલા** (ગુજ.-અંગ્રેજી) | - ડિનરની આરપાર |
| ૩. | **અમેરિકા જતા પહેલા** | - ૫૮ પોઈન્ટ્સ ઓફ વ્યૂથી અમેરિકા |
| ૪. | **રામાયણમ્** | - સુખી જીવનની શૈલી |
| ૫. | **માનવતા** | - કોમેડી અને ટ્રેજેડી |
| ૬. | **સફળ થવું છે ?** | - સફળ જીવનની સફળ ચાવી |
| ૭. | **હેપી અખાત્રીજ** | - અક્ષયતૃતીયાનું સિક્રેટ |
| ૮. | **હેપી હોળી** | - હોળીના રંગોની ભીતરમાં |
| ૯. | **હેપી ઉત્તરાયણ** (ગુજ.-અંગ્રેજી) | - 'કાપ્યો છે'નું પોસ્ટમોર્ટમ |
| ૧૦. | **સંસ્કાર ABCD** (ગુજ.-અંગ્રેજી-હિંદી) | - સંતાનનું સ્વર્ણિમ ભવિષ્ય |
| ૧૧. | **હેપી રામનવમી** | - શ્રીરામજન્મની સાચી ઉજવણી |
| ૧૨. | **સ્માર્ટ ફુડ** (ગુજ.-હિંદી) | - વૈજ્ઞાનિક અને ધાર્મિક દષ્ટિએ ભોજન |
| ૧૩. | **સત્ય** | - મહાપુરુષોની દૃષ્ટિમાં સત્ય |
| ૧૪. | **પ્રામાણિકતા** | - ગ્રંથોની ગોદમાં પ્રામાણિકતા |
| ૧૫. | **ચમત્કારોની દિલધડક દાસ્તાન** | - સાયન્ટિફિક રિલિજીયન |
| ૧૬. | **આર્ષ વિશ્વ** (ગુજ.-હિંદી) | - ઋષિઓની અમર વાણી |
| ૧૭. | **કરુણા** | - સર્વ ધર્મોનું આભૂષણ |
| ૧૮. | **લવ યુ ડોટર** (ગુજ.-હિંદી) | - દીકરી માટે ઓલ ઈન વન લાઈફકોર્સ |

## HEART TO HEART

## S E R I E S

ફ્રી ઈ-બુક માટે

ahoshrut.bs@gmail.com

## Books for the Jains

| | | |
|---|---|---|
| ૧. | **આદિનાથને વંદન અમારા** | - ભક્તિથી મુક્તિ-કમ્પ્લીટ ગાઈડ |
| ૨. | **ઓર ન ચાહું રે કંત** | - ધ ડિવાઈન લવ |
| ૩. | **ચત્તારિ સરણં પવજ્જામિ** | - પરમને સંપૂર્ણ શરણ |
| ૪. | **ભગવતીસૂત્ર સંવેદના** | - શિષ્યત્વનું સૌન્દર્ય |
| ૫. | **શ્રાવકનું સૌન્દર્ય ૧,૨** | - ધ રીયલ બ્યુટી-પાર્લર |
| ૬. | **નવપદ સંવેદના** | - ધારાવાહી પ્રવચનો |
| ૭. | **પ્રસન્નતાની પરબ** | - જ્ઞાનનો લિક્વિડ ફ્લો |
| ૮. | **બુજ્ઝિજ્જ તિઉટ્ટિજ્જા** | - અઢાર પાપસ્થાનક |
| ૯. | **વેદનાના શિખરે** | - સાક્ષાત્ નરક |
| ૧૦. | **Sun n Fun** | - બાળશિબિર-પ્રવચનધારા (ગુજરાતી) |
| ૧૧. | **ગુરુ અમૃત કી ખાન** | - સદ્ગુરુના સાન્નિધ્યની પળો |
| ૧૨. | **ધ મેજિક વિધીન** | - પ્રતિક્રમણની જાદુઈ પ્રક્રિયા |
| ૧૩. | **સવિ જીવ કરું શાસનરસી** | - પ્રયાસ અને પરિણામ |
| ૧૪. | **આગમ-અસ્મિતા** | - ૪૫ આગમ અહોભાવયાત્રા |
| ૧૫. | **વર્ષીતપની રહસ્યયાત્રા** | - પ્રભુના ૧૩ પ્રકારના વર્ષીતપ |
| ૧૬. | **નારી in Jainism** (હિંદી) | - જિનશાસનમાં 'સ્ત્રી'નું ગૌરવ |
| ૧૭. | **Jainism in my Eye** | - વર્લ્ડ-સેલિબ્રિટીસની દૃષ્ટિમાં જૈનીઝમ |
| ૧૮. | **God મહાવીર in my Eye** | - વર્લ્ડ-સેલિબ્રિટીસની દૃષ્ટિમાં મહાવીર |
| ૧૯. | **પાલીતાણા આવો ત્યારે** (ગુ.+હિં.) | - એક કમ્પ્લીટ યાત્રા ગાઈડ |
| ૨૦. | **આગમની આછી ઝલક** | - ૪૫ આગમ - ટૂંક પરિચય |
| ૨૧. | **ટેસ્ટ જૈનીઝમ** | - જૈનીઝમની સિમ્પલ ટેક્સ્ટ બુક |
| ૨૨. | **જૈનીઝમ** (ગુજ.+હિંદી) | - શોર્ટ એન્ડ સ્વીટ જૈનીઝમ |
| ૨૩. | **એ અહીં જ છે** | - પ્રભુનો સાક્ષાત્ અહેસાસ |
| ૨૪. | **આપના માટેની ભવિષ્યવાણી** | - નો યોર ફ્યુચર ડેફિનેટલી |
| ૨૫. | **વરઘોડામાં જતાં પહેલાં** | - સામૈયું - વરઘોડો ગાઈડ લાઈન |
| ૨૬. | **દાન આપતાં પહેલાં** | - જ્યાં રૂપિયો ઉગી નીકળશે |
| ૨૭. | **ભણતા પહેલાં** | - જ્ઞાન પ્રાપ્તિની સોળ યોગ્યતાઓ |
| ૨૮. | **વિલંબ કરતાં પહેલાં** | - સુકૃત-સાફલ્યની પગદંડી |
| ૨૯. | **સગાઈ કરતાં પહેલાં** (ગુજ.+હિંદી) | - કમ્પ્લીટ એન્ગેજમેન્ટ - ગાઈડ |
| ૩૦. | **પ્રેઝન્ટ ફિલોસોફી** | - આગમના દર્પણમાં નવા દર્શનો |
| ૩૧. | **પ્રભુ વીરની વાણી** | - સર્વ શાસ્ત્રોનો સાર |
| ૩૨. | **આગમ અમૃત શ્રેણી** | - ૨૪ પોકેટ બુક્સમાં આગમ સુધા |
| ૩૩. | **આજ્ઞાયોગ** | - મોક્ષમાર્ગનું પરમ રહસ્ય |
| ૩૪. | **આ છે સંસાર** | - પૂરો પર્દાફાશ (ગુ.+હિં.) |
| ૩૫. | **સંયમ કબ હી મિલે ?** (ગુ.+હિં.) | - મુમુક્ષુના હૈયાની વાત માતા-પિતાના હૈયાને |

૩૬. **અપ્પહિયં કાયવ્વં** - દીક્ષા માટે શાસ્ત્રીય માર્ગદર્શન (હિંદી)
૩૭. **ડિલે ઈસ ડેન્જરસ** - અભી નહીં તો કભી નહીં (ગુ.+હિં.)
૩૮. **જીરાવલીયમ્** - જીરાવલાની અદ્ભુત કથા (હિંદી)
૩૯. **બ્રહ્મ Easy** - બ્રહ્મચર્ય - માર્ગદર્શન
૪૦. **ઈમોશન્સ** - હૃદયની વાત
૪૧. **સમાધાનની અંજલિ** - શ્રમણાદિ દ્વારા પૂછાયેલ પ્રશ્નોના ઉત્તરો
૪૨. **સ્ટાર સ્ટોરી** - બાળ-વાર્તા
૪૩. **આચારની અંજલિ** - આચારપુરુષ સૂરિ પ્રેમના ગુણગાન
૪૪. **અધ્યાત્મની અંજલિ** - અધ્યાત્મસાર આધારિત પ્રવચનોની ઝલક
૪૫. **ધ્યાનયોગ** - પંદર પ્રેક્ટિકલ મેડિટેશન્સ
૪૬. **સ્વપ્ન જિનશાસન** - સ્વર્ણિમ સ્વપ્નોનું વિશ્વ
૪૭. **આત્માની અંતર્યાત્રા** - ઈન ધ સર્ચ ઓફ ધ સેલ્ફ
૪૮. **સદા મગન મેં રહના** - સાચા સુખનું સાચું સરનામું
૪૯. **અનુભૂતિગીતા** - મસ્તીનો મસ્ત મહોત્સવ
૫૦. **હેપી પર્યુષણ** - પરિચય અને પરિણતિ
૫૧. **સમતા** - જીવન્મુક્તિની અનુભૂતિ
૫૨. **સુખોપનિષદ્** - સુખનું સાચું રહસ્ય (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.)
૫૩. **સામ્યોપનિષદ્** - સમતાના સંગે
૫૪. **ધર્મોપનિષદ્** - સર્વ ધર્મોનું રહસ્ય (સં.-હિંદી-અંગ્રે.)
૫૫. **પૂર્ણોપનિષદ્** - પૂર્ણતાની પગથારે (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.)
૫૬. **મગ્નોપનિષદ્** - મગ્નતાની મસ્તીએ (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.)
૫૭. **વીરોપનિષદ્** - વીરતાની વાટડીએ (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.)
૫૮. **આઈ આઈ રે અંજશલાકા** - સ્ટેજ પ્રોગ્રામ રનિંગ સ્ક્રીપ્ટ
૫૯. **ત્રિપદીશતકમ્** - સો પ્રવચનો-સમરી
૬૦. **સંદર્ભસંચય** - વીણેલા મોતીઓ
૬૧. **આનંદઘનની આત્માનુભૂતિ** - આધ્યાત્મિક પદોની ભીતરી યાત્રા (૧ થી ૪૧)
૬૨. **ફીલિંગ્સ** - જિનશાસન માટેની અંતરની ઉર્મિઓ
૬૩. **ઉપમિતિની અંજલિ** - પ્રવચન-ઝલક
૬૪. **સંતાનોને ગુમાવતા પહેલા** - એજ્યુકેશન ગાઈડ
૬૫. **વિનય** - ઉત્તરાધ્યયન-પ્રવચન-ઝલક
૬૬. **અંતરની અંજલિ** - વિવિધ વિષયક અંતરની વાતો
૬૭. **લાઈફ કોર્સ** - પ્રેકટીકલ એજ્યુકેશન
૬૮. **સ્પીરિચ્યુઅલ કોર્સ** - સાત્ત્વિક એજ્યુકેશન
૬૯. **સંયમીની અંજલિ** - દીક્ષોત્સવ પ્રવચનો
૭૦. **Let me say** (ગુજ.) - અગનવર્ષા

**HEART TO HEART**
**S E R I E S**

ફ્રી ઈ-બુક માટે
ahoshrut.bs@gmail.com

# PRIYAM'S - Common List

## આગમ-ટીકા સાહિત્ય

આગમ ઉપનિષદ્ શ્રેણિ ૧-૨૪ (સંસ્કૃત સાર સંચય)

| | | |
|---|---|---|
| અંગચૂલિકા-૧,૨ | મરણવિભક્તિપ્રકીર્ણક-૧ | મહાપ્રત્યાખ્યાનપ્રકીર્ણક |
| ઋષિભાષિત-૧,૨ | ચન્દ્રાવેધ્યકપ્રકીર્ણક | વર્ગચૂલિકા |

## અન્ય ટીકા સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| ઉપદેશરત્નકોષ | દુઃષમગંડિકા | વાદોપનિષદ્ | જીવદયાપ્રકરણ |
| નાનાચિત્તપ્રકરણ | વેદોપનિષદ્ | જ્ઞાનપંચકવિવરણ | પ્રાર્થનોપનિષદ્ |
| શિક્ષોપનિષદ્ | તત્ત્વોપનિષદ્ | લોકતત્ત્વનિર્ણય | સ્તવોપનિષદ્ |

## આધ્યાત્મિક સંસ્કૃત સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| અવધૂતગીતા | ઈષ્ટોપદેશ | મોક્ષોપનિષદ્ | અષ્ટાવક્રગીતા |
| ઉપનિષત્ સર્વસ્વમ્ | મોહોપનિષદ્ | આત્માવબોધ | જ્ઞાનસાર ઉપહાર |
| વિમુક્ત્યુપનિષદ્ | આનંદોપનિષદ્ | મહોપનિષદ્ | સદ્બોધચન્દ્રોદય |
| સમાધિતંત્ર | સમાધિસુધા | | |

## સંસ્કૃત અનુવાદ સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| તરંગલોલા સમાસ | ધ્યાનોપનિષદ્ | પંચસૂત્રોપનિષદ્ | વિચારબિન્દુ |

## ગુજરાતી અનુવાદ સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| અસ્પૃશદ્ગતિવાદ | ગૌતમાષ્ટક | ધર્મોપનિષદ્ | આગમપ્રતિપક્ષનિરાકરણ |
| દાનાદિપ્રકરણ | પૂર્ણોપનિષદ્ | કર્મસિદ્ધિ | દેવધર્મપરીક્ષા |
| મગ્નોપનિષદ્ | દેશનાશતક | શંખેશ્વરસ્તોત્ર | મોહરાજ પરાજય ૧,૨ |
| સંબોધસપ્તતિ ૧,૨ | સ્તોત્રોપનિષદ્ | હિંસાષ્ટક | હિતશિક્ષાછત્રીશી |
| વિશેષશતક | | | |

## અલંકાર + છંદ સાહિત્ય

છંદોડલંકારનિરૂપણમ્

## નૂતન કાવ્ય સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| જીરાવલીયમ્ | પ્રેમમંદિરમ્ | ભુવનભાનવીયમ્ | દેશનોપનિષદ્ |
| સિદ્ધાન્તમહોદધિ | સમતાસાગર | પરમપ્રતિષ્ઠા | |

## દાર્શનિક અનુવાદ સાહિત્ય

| | |
|---|---|
| આત્મતત્ત્વવિવેક | સર્વદર્શનસંગ્રહ ૧,૨ |

## નૂતન પ્રકરણ સાહિત્ય

આચારોપનિષદ્ યોગોપનિષદ્ પ્રથમોપનિષદ્ આશાતનોપનિષદ્
શમોપનિષદ્ શ્રુતમહાપૂજનમ્ પ્રવચનપ્રસૂપનિષદ્ શ્રામણ્યોપનિષદ્
સમયસાર બ્રહ્મોપનિષદ્ સંજ્ઞોપનિષદ્

## નૂતન વાર્ત્તિક સાહિત્ય

ભુવનભાનવીયવાર્તિક યોગબિંદુશ્લોકવાર્તિક દાનવિંશિકા પંચસૂત્રવાર્તિક

## સંયમજીવનોપયોગી સાહિત્ય

પ્રવ્રજ્યાવિધાન હિતોપનિષદ્ ચોમાસું કરતા પહેલા બ્રહ્મ Easy
ભર્તૃહરિનિર્વેદ સામ્યોપનિષદ્ શ્રમણ અભ્યાસ ક્રમ સત્ત્વોપનિષદ્
સુખોપનિષદ્ સમતા શ્રામણ્યસંવાદ સૂક્તોપનિષદ્

## સ્ટેજ પ્રોગ્રામ સાહિત્ય

આઈ આઈ રે અંજનશલાકા જીવનલક્ષ્ય - લાઈવ શાલિભદ્ર - લાઈવ

## સાર સંચય સાહિત્ય

કરુણા દિ રાઈટ ડાયટ પ્રામાણિકતા સત્ય
સ્માર્ટ ફુડ ઉપદેશપદોપનિષદ્ સ્વાધ્યાયયાત્રા

## હિંદી બાળ સાહિત્ય

એન્જોય જૈનીઝમ લાઈફ સ્ટાઈલ ડાયમંડ ડાયરી સ્ટોરી સ્ટોરી

## આધ્યાત્મિક (ગુજરાતી) સાહિત્ય

અનુભૂતિગીતા આગમ અમૃત શ્રેણિ (૧-૨૪) આજ્ઞાયોગ
આનંદઘનની આત્માનુભૂતિ (પદ ૧ થી ૪૧) આત્માની અંતર્યાત્રા ધ્યાનયોગ
પરમોપનિષદ્ વીરોપનિષદ્
સદા મગન મેં રહના

## પ્રવચન સાહિત્ય

આદિનાથને વંદન અમારા નવપદ સંવેદના ઓર ન ચાહું રે કંત
ચત્તારિ સરણં પવજ્જામિ પ્રસન્નતાની પરબ માનવતા
બુજ્ઝિજ્જ ત્તિઉટ્ટેજ્જા ભગવતીસૂત્ર સંવેદના વેદનાના શિખરે
શ્રાવકનું સૌન્દર્ય ૧,૨ સંસ્કાર ABCD (ગુજ.+હિં.+અં.)
વર્ષીતપની રહસ્યયાત્રા સફળ થવું છે ? સંતાનોને ગુમાવતાં પહેલાં

| | | | |
|---|---|---|---|
| ફીલિંગ્સ | ઈમોશન્સ | વિનય | રામાયણમ્ |
| માર્ગાનુસારિતા-૧ | ત્રિપદીશતકમ્-૧,૨ | નવપદ પ્રદક્ષિણા | સંદર્ભસમૂહ |
| સંદર્ભસંચય | સંદર્ભસંદોહ | સંદર્ભસંગ્રહ | સંદર્ભસંકલન |
| સંદર્ભસાગર | સંદર્ભસિન્ધુ | આર્ષ વિશ્વ | **आर्ष विश्व** |
| Sun n Fun | Let me say | સ્વપ્ન જિનશાસન | સંયમની અંજલિ |
| ઉપમિતિની અંજલિ | આચારની અંજલિ | અંતરની અંજલિ | અધ્યાત્મની અંજલિ |

## પ્રકીર્ણ સાહિત્ય

| | | |
|---|---|---|
| ચમત્કારોની દિલધડક દાસ્તાન | **नारी** In Jainisim | દિવાળી ઉજવો તે પહેલા |
| Jainism In my eye | ગુરુ અમૃત કી ખાન | રાતે ખાતા પહેલા |
| **दिवाली मनाने से पहले** | **पालीताना आओ तब** | પાલીતાણા આવો ત્યારે |
| God મહાવીર In my eye | ધ મેજિક વિધીન | અમેરિકા જતા પહેલા |
| સવિ જીવ કરું શાસન રસી | હેપી અખાત્રીજ | હેપી ઉત્તરાયણ |
| આગમની આછી ઝલક | હેપી રામનવમી | હેપી હોલી |
| એ અહીં જ છે | હેપી પર્યુષણ | જૈનીઝમ **जैनीज़म** |
| આપના માટેની ભવિષ્યવાણી | વરઘોડામાં જતા પહેલાં | ટેસ્ટ જૈનીઝમ |
| આગમ અસ્મિતા | પ્રેઝન્ટ ફિલોસોફી | પ્રભુ વીરની વાણી |
| લવ યુ ડોટર (ગુ. હિ.) | દાન આપતા પહેલાં | આજ્ઞાયોગ |
| સ્પીરિચ્યુઅલ કોર્સ | સ્ટાર સ્ટોરી | સમાધાનની અંજલિ |
| બોટિકોપનિષદ્ | લાઈફ કોર્સ | સાહિત્ય વિશ્વમાં સ્વાગત |

## મુમુક્ષુ સાહિત્ય

| | | |
|---|---|---|
| આ છે સંસાર | સંયમ કબ હી મિલે ? | **अप्पहियं कायव्वं** |
| **यह है संसार** | **संयम कब ही मिले ?** | ડિલે ઈસ ડેન્જરસ |
| **डिले इस डेन्जरस** | વિલંબ કરતા પહેલાં | ભણતાં પહેલાં |

## ભક્તિ સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| અર્હન્નામસહસ્રસમુચ્ચય | જીરાવલા જુહારીએ | ઉપાસનોપનિષદ્ | સ્તવના |

## પેમ્ફલેટ સાહિત્ય

**जैन धर्म और भगवान महावीर** The art of the parenting

Do you know / **क्यां आप जानते है** / શું તમે જાણો છો ?

Jainism's Social output

Jainism વિશ્વની બધી સમસ્યાઓનું સમાધાન

ગુરુ પ્રેમ


PACIFIC NORTHWEST
સ્વદ્રવ્ય નિર્મિત શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
NORTHEAST
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય
સ્વદ્રવ્ય નિર્મિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય
પ્લેટીનમ હાઈટ્સ - શાહીબાગ - અમદાવાદ